

હમ ભી અફસર થે

· લેખક ·

સુરેન્દ્રપ્રસાદ અંબાલાલ ત્રિપાઠી

●

: મુખ્ય વિક્રેતા :

જીવન સાહિત્ય મંદિર

૪૦૪, કાલબાદેવી રોડ : મુંબઈ. ૨

ગાંધીરોડ : : અમદાવાદ

: પ્રથમાવૃત્તિ :

સંવત ૨૦૦૪ : ઇ. સ. ૧૯૪૮

કિંમત

અઢી રૂપિયા

પ્રકાશક :
જે. એ. ત્રિપાઠીની કું વતી
જયકૃષ્ણ અંબાલાલ ત્રિપાઠી
દલાલ બિલ્ડીંગ, કપાસીઆ
બજાર : અમદાવાદ

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ :
અમદાવાદ.



યદિ નિશદિ પ્રાણ પાથરૂં સુપુણ્ય-ચરણે તવ
અહા ન ઋણ થાય લેશ, તદપિ સમર્પું તુંને
કૃતિ મુજ, સ્વીકારશો અયિ સુનમ્ર-હેતાળ મા.

સુરેન્દ્ર.

પરમપૂજ્ય ગં. સ્વ. માતુશ્રી

અતિલક્ષ્મીબાને !

નિવારૂં ઋણુ કેમ મા ? ખુબ હતાં સબળાં, ત્હોય તેં,
અરે ! વિજન વાટમાં, પ્રલયઘોર આંધીમહીં
અખૂટ ધરી હામ, હૈયું કરી વજ્રશું, એકલાં
ઝઝૂમી જીવને, દીધી જીવનદૃષ્ટિ હું – પંગુને.

સુરેન્દ્ર

અનુક્રમ

નિવેદન

આ સંગ્રહની વાર્તાઓ ઇ. સ. ૧૯૩૪ થી ૧૯૪૮ ના ગાળામાં લખાયેલી અને મારી સીધી સહી સાથે પ્રગટ થયેલી વાર્તાઓમાંની કેટલીક છે. આમાંની સૌથી છેલ્લી વાર્તા "દુર્વાસના" પ્રજાબંધુ ૧૯૩૫ માં અને સંગ્રહની નામદાત્રી "હમ ભી અફસર હૈ" જાન્યુઆરી ૧૯૪૮ ના ઊર્મિમાં, "નીતા" ૧૯૩૮ ના ગુજરાતી પંચમાં, "નન્દી" અને "એક અનુભવ" ૧૯૩૮—૩૯ ના પ્રજાબંધુ-ગુજરાત સમાચારના દીપોત્સવી અંકોમાં, "મહાશય" અને "મીસ બાનાજી" ૧૯૪૧ ના યુવક અને સ્ત્રીજીવનમાં અને બાકીની સાતે ૧૯૩૯ થી ૪૧ સુધીના ઊર્મિના અંકોમાં પ્રસિદ્ધિ પામી છે. આમાંથી "નીતા" એ Dora Sigerson Shorter ની Pricilia નું રૂપાંતર માત્ર છે જ્યારે બાકીની તેર વાર્તાઓ મૌલિક છે. એટલે "નીતા" પુરતો એની મૂળ લેખિકાનો હું ઋણી છું. તેમજ ઉપર જણાવેલા માસિક-અઠવાડિકના તંત્રીઓનો પણ આભારી છું.

સાથોસાથ એવો અને એટલો જ આભારી મારા વાર્તાલેખન-કાળમાં "ઊર્મિ" ના તંત્રીમંડળમાં વણથાક અને તનતોડ કાર્ય કરતા શ્રી. મોહનલાલ મહેતા, અને ખાસ તો, સ્વ. હરજીવન સોમૈયાનો પણ છું. એમના હેતપ્રેમને વશ થઈ ને આગ્રહથી ખેંચાઈ અવારનવાર "ઊર્મિ" માં વાર્તાઓ અને રેખાચિત્રો લખવા હું પ્રેરાએલો. સ્વ. સોમૈયાના એ અદમ્ય-ઉત્સાહભર્યા આગ્રહને વશ થયા વિના આમાંની કેટલીક વાર્તાઓ હું લખી શક્યો ન હોત.

એક બીજી વાત! આમાંની કેટલીક વાર્તાઓ કે જેમાંની ઘણીક રેખાચિત્રાત્મક છે તે-અને "સાંદિપની" નાં રેખાચિત્રો લગભગ એક જ અરસામાં "ઊર્મિ" માં પ્રગટ થતાં એટલે સાહિત્યના અખાડામાં શ્રી. અરાલવાળા અને હું વાર્તા-રેખાચિત્રોના કલાવિધાનની કસરત ઘણીયેવાર સાથે રહી કરતા. પરિણામે જે કૃતિઓ પ્રગટ થઈ

એમાં કલાવિધાનની કોઈ જ ખામી નથી રહી, એમ તો હું કહી શકું એમ છું જ નહિ પરંતુ એ બધાને અંતે હું જે કંઈ લખી શક્યો છું તે અવિશુદ્ધ વાર્તા હો કે રેખાચિત્ર અથવા રેખાચિત્રાત્મક વાર્તા, તેનું આલેખન કાર્યપણ વ્યક્તિ તરફ સ્તુતિનિંદાથી પ્રેરાઈને નહિ પરંતુ કેવળ સાહિત્યને ખાતર, માત્ર રંજનક્ષમ બનાવવાના ઉદ્દેશથી જ થયેલું છે એટલું જ મારે કહેવાનું છે અને સાહિત્યરસિકો તેને એ જ અર્થમાં ચકાસશે એવી આશા છે.

પ્રો. રાવળ સાહેબનો તો હું બે રીતે આભારી છું—એક તો વિદ્યાર્થીઆલમમાં અતિપ્રિય એવા આ પ્રાધ્યાપકની કૉલેજજીવનના મારા અભ્યાસકાળ દરમ્યાન મારા તરફ દાખવેલી એમની માયા-મમતાને લીધે અને એથીયે વિશેષ તો ભારે કામના બોજામાંથી પણ આજ આ વાર્તાઓ પર "આ વાર્તાઓ" લખીને મારા પ્રત્યેનો એમનો પ્રેમ એમણે દ્વિગુણિત કર્યો છે એથી કરીને.

આ સંગ્રહની છપાઈને અંગેની વ્યવહારૂ મુશ્કેલીઓમાંથી મને બચાવી લેનાર મારા મિત્ર શ્રી. રમણિક કિ. મહેતાની અતિમમત્વભરી મહેનતને તો માત્ર સ્મરીને જ વિરમવું રહ્યું!

માસિકોની ફાઈલોમાં દટાઈને પડેલી મારી આ વાર્તાઓને પ્રકાશનનો પ્રકાશ દેખાડનાર જે. એ. ત્રિપાઠી એન્ડ કું.ના સંચાલક શ્રી. જયકૃષ્ણ અંબાલાલ ત્રિપાઠીનો આભાર માનીને હું એક પ્રકારનો ઊંડો સંતોષ અનુભવું છું.

અને અંતમાં, સંગ્રહનાં રૂપરંગ અને મુદ્રણની સફાઈમાં અંગત ધ્યાન આપનાર અને વેચાણનો વ્યવહારૂ ભાર ઉપાડી લેનાર જીવન સાહિત્ય મંદિરના ઉત્સાહી સંચાલકો શ્રી કાન્તિલાલ પરીખ તેમજ ભાઈ નવનીતલાલ પરીખને પણ હું કેમ ભૂલું?

સાળવીની પોળ,
જમાલપુર—અમદાવાદ.
અખાત્રીજ: સંવત્ ૨૦૦૪
તા. ૧૧—૫—૧૯૪૮

સુરેન્દ્રપ્રસાદ અંબાલાલ
ત્રિપાઠી

આ વાર્તાઓ

કૉલેજના અભ્યાસકાળમાં આદરેલી અને ત્યારપછીના વ્યવસાયી જીવનમાં ચાલુ રાખેલી લેખનપ્રવૃત્તિના ફળરૂપ આ ચૌદ વાર્તાઓનો પ્રથમ સંગ્રહ લઈને ગુજરાત આગળ રજૂ થતા આ જુવાન લેખક ગુજરાતે સત્કારવા યોગ્ય છે એમ આ વાર્તાઓના વાંચનારાઓને લાગ્યા વિના નહિ રહે. જેનું રૂપાન્તર કરતાં ભાષાન્તર ઠીક થાત એ પરદેશી 'નીતા' સિવાયની તેરે મૌલિક વાર્તાઓ સુવાચ્ય છે અને લેખકની જુદી જુદી આશાસ્પદ શક્તિઓનો પરિચય કરાવી રહે છે.

સંગ્રહની ઘણી વાર્તાઓ પાત્રનામી છે. એ વાર્તાઓ બહુધા રેખાચિત્રો જેવી હોવાની છાપ પાડે છે. 'કાળિયો' ને 'મહાશય' તો ચોકખાં રેખાચિત્રો છે. છતાં એમાં લેખક રસ જમાવી જાણે છે. એથી આગળ જઈ રેખાચિત્રની વાર્તા બનાવતાં પણ એમને સારું આવડે છે. 'રૂખીબા' જેવી વાર્તા એ બતાવી આપે છે. પ્રથમ તો રેખાચિત્રનો ઢંગ દાખવતી એ વાર્તામાં રૂખીબાની મધુ પરની મમતા અને મધુની સ્વારથિયા વૃત્તિને સ્ફુટ કરી આપતો રૂખીબાની માંદગીનો પ્રસંગ યોજીને લેખકે એ કાર્ય બજાવ્યું છે. 'નવા પ્રોફેસર' માં નટખટ વિદ્યાર્થી અને તેના ટીખળનો ભોગ બનતો નવો પ્રોફેસર એ બેનાં રેખાચિત્રો સાથે પ્રસંગચિત્ર પણ ભેળવેલ છે. આ રેખાચિત્રોને સફળ બનાવનાર બે વાનાં, દુનિયા ને માનવીઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ અને આવા કાળિયા ને મહાશય જેવા જુદા જુદા માનવનમૂનાઓનો તેમની ટેવો ને વૃત્તિઓ સાથે પૂરો પરિચય કરાવી શકનાર ચપળ, સફાઇદાર ને આછી વિનોદલહરો

ફરકાવતી ભાષા, લેખક પાસે સારા પ્રમાણમાં છે. આવી વાર્તાઓમાં વર્ણ્ય પાત્રોનું વૃત્તિનિરૂપણ કરવું ઘટે તેટલું લેખકે સારું કર્યું છે.

પણ પાત્રોના વૃત્તિનિરૂપણ માટે વધુ અવકાશ લેખકને મળ્યો છે 'ને છતાં યે હું નહોતી' તથા 'મીસ બાનાજી' જેવી વાર્તાઓમાં, જેનો લાભ લેખકે લીધો છે અને એથી તો એ વાર્તાઓ વૃત્તિનિરૂપણની કે મનોવિશ્લેષણની વાર્તાઓ બની છે. એમાંની આગલીમાં પરસ્પરનું આકર્ષણ ઘટી ન જાય માટે ચાહીને દૂર રહેવા જતાં નાયિકાએ વહોરેલો પ્રણયભંગ અને બીજીમાં પ્રૌઢ કુમારિકા રહેલી મિસ બાનાજીના અંતરમાં પોતાની એ દશા પોતે જ સરજેલી હોવાથી ઉપજતી આત્મચીડ વીગતે નિરૂપાયાં છે. એ બન્ને વાર્તાની નાયિકાઓના જીવનની કરુણતાને એ મિષે લેખક ઠીક સ્પર્શી શક્યા છે. લેખકને વૃત્તિવિશ્લેષણની સારી એવી તક વિલક્ષણ ગાંડપણનો કિસ્સો રજૂ કરતી વાર્તા 'કનુમામા' માં હતી. એમાં સામાને વિશ્વાસમાં લઇ તેને આશિષ આપવાને બહાને તેને મુક્કો લગાવી દેવાનો કનુમામાએ આરંભેલો જે પ્રયોગ વર્ણવાયો છે તેનો એના હૃદયતંત્રને હચમચાવી દેનાર વિશ્વાસઘાતના અનુભવ સાથે સંબંધ જોડવા ને તેના ગાંડપણનું કારણ માનસશાસ્ત્રીય પૃથક્કરણ કરીને રજૂ કરવા પર લેખકે એટલું ધ્યાન આપ્યું નથી જેટલું કનુમામાની ચેષ્ટાઓના વર્ણન પર આપ્યું છે. છતાં 'કનુમામા'ની ભાણાભાઇ માટેની અપવાદભૂત વત્સલતાનું નિરૂપણ અને ગાંડાની હરિફતાલમાંનું તેમનું છેવટનું કરુણ ચિત્ર એ વાર્તાને સંગ્રહની એક સારી કરુણ વાર્તા બનાવે છે. સંગ્રહની નામદાત્રી 'હમ ભી અફસર થે' એ વાર્તાને આ બધીની જોડે ભેળવીએ તો એમ કહી શકાય એમ છે ખરું કે આ સંગ્રહની માનવચિત્તમાં જરા ઊંડે જવા મથનારી વાર્તાઓ જીવનની કરુણગંભીર બાજુ પર આંગળી મૂકે છે, જેમ રેખાચિત્રાત્મક વાતો જીવનની પ્રફુલ્લ અને હળવી બાજુ પ્રત્યે નજર દોરે છે.

લેખકને રેખાચિત્રી પાત્રનિરૂપણ વધુ ફાવે છે એમ કહું

તેનો અર્થ એ નથી કે પ્રસંગનિરૂપણ એમને ફાવતું નથી. 'એક અનુભવ,' 'કલ્પનાનું નહિ,' 'નવા પ્રોફેસર,' 'માસ્તર બાપા' 'હમ ભી અફસર થે' જેવી વાર્તાઓ પ્રસંગનિરૂપણની વાર્તાઓ છે અને લેખકને એ પણ ફાવી છે.

વાર્તાની લખાવટમાં લેખકને કથનશૈલી બહુ ફાવતી હોય એમ લાગે છે. વાર્તાનાં વસ્તુ, પાત્રો ને રસમાં જે વૈવિધ્ય તે દેખાડી શકે છે તેવું વૈવિધ્ય વાર્તાનિરૂપણ પરત્વે તે દેખાડતા નથી. 'નવા પ્રોફેસર,' 'રૂપીઆ,' 'કનુમામા,' 'નન્દી' અને 'એક અનુભવ' જેવી વાર્તાઓમાં લેખક વૃત્તાંતનિવેદક કે વાર્તાના કહેનાર બન્યા છે. એમાં 'કનુમામા' જેવી વાર્તામાં નાનીબેન રમુના પાત્રને સૂચિત રાખી સંસ્કૃત ભાણની માફક તેની સાથેનો સૂચિત સંવાદ વચમાં ચમકાવી આ કથનશૈલીની એકવિધતા લેખકે ટાળી છે. 'ને છતાં યે હું નહોતી'માં એકવિધતા ટાળી છે વાર્તાની નાયિકાના મોંમાં આખી વાત મૂકીને. 'હમ ભી અફસર થે' માં થોડી મુખ્ય પાત્રના અને થોડી પોતાના શબ્દોમાં લેખકે વાર્તા કહી છે. પોતાની સ્મરણપોથી કે અનુભવભંડારમાંથી ભૂતકાળમાં બનેલી કોઈ વાત લેખક કે વાર્તાનું પાત્ર કહેતું હોય એવો ઘાટ આમ ઘણી વાર્તાઓમાં થાય છે. લેખક નેપથ્યમાં જ ઊભા હોય અને તેનાં પાત્રો દ્વારા જ આખો પ્રસંગ જાણે નજર સમક્ષ ભજવાતો હોય એવો અનુભવ કરાવે એવા પ્રત્યક્ષ નિરૂપણ તરફ લેખકે હવે વળવા જેવું છે. કથનશૈલીથી વાર્તાઓના વાર્તારસમાં કંઈ ખામી આવી નથી. વાર્તાઓની લખાવટમાં એક ધ્યાન ખેંચનારી બાબત આ હતી માટે જ એનો ઉલ્લેખ કર્યો છે.

ધ્યાન ખેંચનારી વાત આ વાર્તાસંગ્રહને માટે એ પણ છે કે એમાંની વાર્તાઓ જેટલી લેખકના અનુભવ અને નિરીક્ષણમાંથી આવી છે તેટલી એમની કલ્પનાથી સરજાઈ નથી. 'કનુમામા' નો ભાણા-

ભાઈ (એ તો ચોક્ખો સુરુભાઈ પણ કહેવાયો છે), 'માસ્તર બાપા ' નો વીસ દિવસનો બાળક પુત્ર, અને ' કલ્પનાનું નર્ક ' નો સર્જેન લેખક પોતે જ છે. ' નવા પ્રોફેસર ' ના બનાવના સાક્ષી પણ પોતાના કૉલેજજીવનમાં લેખક બન્યા જ હોવા જોઈએ. ' એક અનુભવ ' માં ભાવનગર-પાલિતાણાનાં જોવાલાયક સ્થળોનું, 'નન્દી' માં પ્રયાગનું, અને ' દુર્વાસના ' માં હરદ્વાર બાજુના પ્રદેશનું વર્ણન પણ લેખકે પોતે કરેલા પ્રવાસોનો એમાં ઉપયોગ કરી લીધો છે એ બતાવે છે. એ જ રીતે ' કાળિયો ' ને ' મહાશય ' ના નાયકોનાં મૂળ બિંબો પણ લેખકના અનુભવ અને અવલોકનના ક્ષેત્રના હોય તો નવાઈ નહિ. લેખકના અનુભવ અને અવલોકનના સીમાપ્રદેશમાં ઘણી વાર્તાઓનો જન્મ થયો છે તેને લેખકની એક મર્યાદા ગણીએ એના કરતાં એમણે વાર્તાલેખનકાળ સુધીમાં જે કંઈ જોયું-જાણ્યું--અનુભવ્યું તેનો સાહિત્યપ્રીત્યર્થ ઉપયોગ કરી જાણતાં ને તેની વાર્તાઓ બનાવતાં એમને આવડ્યું છે એમ કહીએ તો ? એક વાત છે: આવી વાર્તાઓને લેખકના તે કાળનાં વૃત્તિવલણો ને જીવન-દર્શનની મર્યાદા વળગે છે ખરી. દાખલા તરીકે, ' નવા પ્રોફેસર 'માં તોફાનીને શિક્ષા થઈ તેથી પ્રોફેસરને માટે વર્ગમાં ભયંકર ખુન્નસ ને તિરસ્કાર વ્યાપી ગયાની વાત અને ' કલ્પનાનું નર્ક ' માંનું એગ્રિકલ્ચરલ કૉલેજના ગર્જેનના બે દિવસના અનુભવનું થયું છે તેવું નિરૂપણ વિદ્યાર્થી ત્રિપાઠીના ચિત્ત પર એ બનાવોના થએલા પ્રત્યાઘાતનું ચિત્ર છે. આજના ત્રિપાઠી કંઈક જુદું કહે.

વાર્તાઓને લેખકના અનુભવ-અવલોકનની મર્યાદા છે એમ આગળ કહ્યું. પણ જીવનનું એમનું દર્શન, વાર્તાસંગ્રહને સમગ્રપણે અવલોકો તો, મર્યાદિત નથી એ પણ જણાયા વિના નહિ રહે. કૉલેજના જુવાનિયા ને પ્રોફેસરો, રૂખીબા જેવી બઈ પેઢીની પ્રતિ-નિધિ જાજરમાન ખખડધજ ડોશી ને આ પેઢીની મિસ બાનાજી

જેવી અપરિણીત પ્રૌઢા, જીવનસંગ્રામનો વિજયી સૈનિક કાળિયો ને કુટુંબવત્સલ સેવામૂર્તિ માસ્તરબાપા, પ્રિયતમાની બેવફાઈની વેદનાને હૈયામાં ભારીને બેઠેલો પઠાણ અને એવા જ કોઈ આઘાતે ગાંડો બનેલો કનુભાઈ—આ સૌના આલેખકને જીવન જોતાં ને આલેખતાં આવડ્યું છે એ ચોક્કસ. વાર્તાઓમાં બનાવોની અને પાત્રમાનસની બાબતમાં અવાસ્તવિકતા કે અસ્વાભાવિકતા બહુ જ ઓછી વાર જોવા મળે છે એ પણ એમની જમા બાજુમાં જ ગણાવાય. અવાસ્તવિકતા કોઈને 'દુર્વાસના' માં લાગે તો તેનો જવાબ એ છે કે વાસનાએ મૃત્યુ પછી જેને પ્રેત સરજ્યાં છે એવાંઓની પ્રેત–વાર્તા લખવાનો પ્રયોગ જ લેખકને કરવો હતો. એના કરતાં 'નન્દી' ની વાતમાંનો એનો પતિ નન્દી એક રાત્રે થોડું માય–બજાવે ને પોતાની સંગીતરસિકતા વ્યક્ત કરે ત્યાં એને ગૃહત્યાગની શિક્ષા ફરમાવે એ આખી વાર્તાને મહત્ત્વનો ધક્કો મારતો પ્રસંગ અપ્રતીતિકર કે અસ્વાભાવિક લાગે છે. નન્દીના પતિ પર થોડું વધુ ધ્યાન આપી તેના આ કાર્યને તેનાં વિચારવલણો ને વર્તનને સુસંગત બનાવી શકાત.

લેખકને ભાષાની બાબતમાં જરાય મુસ્કેલી નડી નથી. રેખાચિત્રોને સફળ કૃતિઓ બનાવનારી તેમની ભાષા આ સંગ્રહની બીજી બધી વાર્તાઓમાં પણ એવો જ નોંધપાત્ર ફાળો આપે છે એ વાંચનાર જોઈ શકશે. 'હમ ભી અફસર થે' ને 'નન્દી' જેવી વાર્તાઓમાં લેખકને હિંદુસ્તાનીનો પ્રયોગ-એ વાર્તાઓએ માગ્યો છે માટે–કરવો પડ્યો છે, ત્યાં એ સારો કર્યો છે. 'માસ્તર બાપા'માં પ્લેગના દિવસોનું અને 'દુર્વાસના'માં પ્રેતસૃષ્ટિનું વાતાવરણ ભાષાબળે લેખક સારું ખડું કરી શક્યા છે. 'દુર્વાસના'માં હરદ્વાર અને લક્ષ્મણઝૂલા વચ્ચેના પ્રદેશના પ્રાકૃતિક સૌન્દર્યનું વર્ણન પણ મજાનું કર્યું છે. હળવા ને ગંભીર ભાવોના નિરૂપણ વેળા તેમજ પાત્રોચિત ભાષાથી

અમકતા સંવાદોમાં પણ એમની ભાષાએ સારું કામ આપ્યું છે. શબ્દોની થોડી કરકસર લેખકે શીખવાની જરૂર છે એટલું બહુ બહુ તો લાગે છે. પણ કોઈ પણ સાહિત્યકારનો પ્રારંભકાળ ભાષાનો થોડોક મોહ તો બતાવે જ.

લેખક હવે તો વધુ અનુભવસમૃદ્ધ થવાને પંથે છે. જીવનમાં જે ક્ષેત્રમાં એમની જીવનદેવતા એમને ખેંચી ગયેલ છે તે વાર્તાઓ માટે એમને ઘણો ખોરાક પૂરો પાડશે. એમની પાસે ઝાલ્યો ન રહે એવો સાહિત્યપ્રેમ છે, ભાષા છે, સંવેદનશીલ હૃદય છે અને દુનિયા અને માનવીઓને જોવાની નજર પણ છે. એટલે એમની બીજી વાર્તાઓ માટે વાંચનારાઓએ તૈયાર રહેવું પડવાનું. એમની એ આગામી વાર્તાઓ એમણે આ વાર્તાઓમાં બતાવેલી શક્તિઓને વધુ વિકસિત સ્વરૂપમાં દેખાડનારી, કલાવિધાનની દૃષ્ટિએ વધુ સુંદર અને જીવનનિરૂપણની દૃષ્ટિએ વધુ પકવ હશે એવી આશા રાખવાનો હક આ વાર્તાઓ પોતે જ આપણને આપે છે.

અમદાવાદ

અનંતરાય મ. રાવળ

હમ ભી અફસર થે

નવા પ્રોફેસર

એ દિવસનાં એનાં પરાક્રમ.....! તોબા ! એનામાં તો ભણવામાં છ એટલે ઉધમાતનું જોર બહુ. ભણવાથી કંટાળીને તોફાન કરનારા તો ઘણા હશે પણ એના જેવો ખુરાંટ તો કોઈ જ નહિ હોય. વખત—કવખત કંઈ જુવેજ નહિને.—પછી ભલેને સારામાં સારૂં લેક્ચર હોય ! જરાક તક મળી કે કંઈ બોલ્યો જ સમજો. અને દરરોજ એના તોફાનના એક અંગ રૂપે જ્યારે એ ‘ મેઇડન સ્પીચ’ (પ્રથમ ભાષણ) કરે ત્યારે તો એ કમાલ કરી નાંખે. અભ્યાસને લગતા પ્રશ્નના જવાબમાં એક નાનામાં નાનું વાક્ય બોલતાં પણ જેને સાત-પાંચ થાય, એની જીભ તોફાનની બાબતમાં આટલી બધી છૂટી શી રીતે થતી હશે એ તો મને હજી ય સમજાતું નથી. અને તેમાં ય જો કોઈ નવોસવો પ્રોફેસર હાથ ચઢી ગયો તો ખેર નથી પ્રોફેસરની કે એના પંજામાંથી છૂટી શકે. શારીરિક પ્રતિભા, વાણીની છટા, વિષયની ગહનતા, હાસ્યનો ભંડાર ને કટાક્ષોની પરંપરા એ બધું ય ભલેને એની પાસે હોય, પણ એને તો......પત્થર પર પાણી. નવા પ્રોફેસરના ભાષણને લાગ શોધીને હાસ્યાસ્પદ ન બનાવે તો તો પછી એ ઉસ્તાદ શાનો ?

તે દિવસે એ નવાસવા જ આવેલા,—બીજા સત્રની શરૂઆતમાં જ. ઉનાળાની રજા હોત તો જુદી વાત. પણ આ તો હતી દિવાળીની. તમે ભલે ન માનો, પણ આનંદ અને ઉત્સવના પ્રસંગો તમને અમુક

અંશે ઉદ્ધત બનાવે છે એ ચોક્કસ. દિવાળીના ઉત્સવદિનોએ અમારામાં, હા, હા, મારામાં પણ—અમારા બધાયમાં કૈંક આળસ, કૈંક ઉદ્ધતાઇ ને કૈંક મસ્તીનું સિંચન કર્યું હતું. તેમાં ય વળી સત્રની શરૂઆત ને... પ્રોફેસરની બદલી. અમારી મસ્તીને એક સરસ ઝોક મળી ગયો.

કોણ જાણે કેમ પણ દુનિયામાં અમુક માણસો પ્રત્યે આપણને અકારણ તિરસ્કાર હોય છે. આતો વ્યક્તિગત વાત થઇ. પરંતુ ઘણી-વાર અમુક માણસો ભેગા થઈને કોઈ એક જ વ્યક્તિ તરફ અકારણ તિરસ્કાર કેળવે છે. અને વિદ્યાર્થીઓની સંસ્થા આ બીજા વર્ગમાં આવે છે.

તે દિવસે પહેલવહેલો જ્યારે એમણે વર્ગમાં પગ મૂકયો ત્યારે એમના પ્રથમ મુખદર્શને અમારા મનમાં કોઇ એવી અસર, કોઈ એવી લાગણી પ્રગટ થઇ કે જેનું પરિણામ માત્ર તિરસ્કારમાં જ આવે. લાંબું તીણું નાક ને અધમીંચી આંખો, ઉભું હોબેલ માથું ને ઝીણી ઝીણી મૂછો, ફુટબોલ—ફુલ્યા ગાલ વચ્ચે સંતાઇ જતા હોઠ ને તંગ-તંગ કપડાંમાંથી ઉપસી આવતું પેટ એ બધું જોયું ન જોયું ત્યાં તો પાછળથી એ બોલી ઊઠ્યો-" અરે વાહરે દિક્ષિત વાહ ! વાહ હાર્ડી સાંબ વાહ! "

હું ચોક્કસ કહું છું કે સ્વપ્ને ય જેટલી ફીલ્મો તમે નહિ જોઇ હોય એથી યે ત્રણ ગણી ફીલ્મો એની સગી આંખે એણે જોઈ છે. અને લોરેલ-હાર્ડી કે ઘોરી—દિક્ષિતના નામથી તો અમે પણ અજાણ નહોતા જ. અને પ્રોફેસર પણ કંઈ આફ્રિકાના જંગલમાંથી થોડા જ આવ્યા હતા કે ઘોરી-દિક્ષિત કે લોરેલ-હાર્ડીને એ ન ઓળખે ! એટલે હજી તો એ વ્યાસપીઠ પાસે પહોંચ્યા પણ નહોતા ત્યાં વર્ગ આખો હસી ઊઠ્યો.

એ દિવસનો અમારો હાસ્યધ્વનિ બિચારા એ પ્રોફેસરને તો 'ભૂત રડે ભેંકાર ' જેવો જ લાગ્યો હશે. અને વિદ્યાર્થીઓ પણ

વિફરે ત્યારે એમનામાં ને ભૂતાવળમાં ઝાઝો ફેર રહેતો નથી—સિવાય કે એ બધા સ્થૂળ દેહધારી હોય છે જ્યારે ભૂતાવળ કદાચ એમનું જ —કદાચ સૃષ્ટિ સમસ્તનું—અમૂર્ત સ્વરૂપ હોય છે.

પાંચેક મિનિટને અંતે અમારું હાસ્ય શમ્યું ને એમની વાગ્ધારા છૂટી. કૈંક ગોળીના પાણી પીને રીઢા થયેલા માણસની જેમ "તમને મળતાં ખૂબ આનંદ થાય છે, ખૂબ ખુશી થાઉં છું" એવું એવું કંઈ જ ન કહેતાં એમણે તો ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું કે અમારા કોઈ પણ જાતના તોફાનથી એ જરા પણ ડરનાર નહોતા તેમજ આજ પછી આવું તોફાન એ કદી પણ સહન કરે તેમ નહોતા.

અને એમની સહનશક્તિનું માપ કાઢવા મથતો હોય તેમ—"તમારા જેવા તો મેં કૈંક જોઈ નાંખ્યા છે—અરે! ઘોળીને પી ગયો છું." એમ પૂરું એ બોલી રહે તે પહેલાં તો પાછળથી "રણછોડ... રા...યજી...જે......" નો પ્રચંડ ધ્વનિ વર્ગના ખૂણે ખૂણે ગાજી રહ્યો. અને ચબરાક પ્રોફેસરની અધમીંચી આંખો તરત જ રણછોડજીના એ ભક્તને શોધવા ઘૂમી રહી અને પ્રોફેસર વિફર્યા છે એમ જાણી છોકરાઓમાં પણ તત્ક્ષણ શાંતિ છવાઈ ગઈ. પરંતુ મિનિટ-અધી મિનિટની એ શાંતિએ પ્રોફેસરની સંશોધક તરીકેની નિષ્ફળતા પુરવાર કરી આપી. એટલે ફરી પાછો ઘોંઘાટ મચી રહ્યો. એ તો ન જ પકડાયો. અને પકડાય એવો હતો પણ ક્યાં? ત્યારે રણછોડજીના ભક્તો પણ રસ્તે રખડતાં ઠીંકરાં થોડાં જ છે કે જેની તેની અડફેટે અથડાય! ફરી પાછો ઘોંઘાટ મચી રહ્યો. પ્રોફેસરની મુંઝવણનો પાર ન રહ્યો. શું કરવું એ વિચારમાં હજી તો એ ઊભા હતા ત્યાં તો વળી પાછો એ બોલી ઊઠ્યો—"ક્યોં જી! કીસકો ખોજતે હો? મજનૂકી લયલા યા લયલાકા મજનૂ?" અને વળી પાછો નફ્ફટ હાસ્યનો ધ્વનિ બીજી વાર વર્ગને ખૂણે ખૂણે ફરી વળ્યો.

હવે તો એમનો મિજાજ જરા યે કાબુમાં રહે તેમ નહોતું. પરંતુ પહેલે જ દહાડે નામ કાઢવાની એમની વૃત્તિ ન હોવાથી ઝડપથી

મુખમુદ્રા બદલતાં જ્યારે એક આખું—ધીરૂં હાસ્ય એમણે કર્યું ત્યારે તો એ એવા બની ગયા! બરાબર પા કલાક સુધી આખા વર્ગે પછી તો હસ્યા કર્યું—બસ હસ્યા જ કર્યું, હસ્યા જ કર્યું. પ્રસંગ વગરનું હાસ્ય—અકારણ હાસ્ય—આટલો સમય ટકી જ કેમ શકે એના જ વિચારમાં એ તો મૂઢ જેવા ઊભા રહ્યા. વર્ષોના પરિચયને પરિણામે જે હાસ્ય મનુષ્ય કરી શકે છે એવું જ કોઈ હાસ્ય કરીને વિદ્યાર્થીઓને જીતી લેવાને ઇરાદે જે હાસ્ય એમણે કર્યું... એનો આવો ભયંકર, આવો નફ્ફટ—આવો ભાવહીન—પડઘો પડશે એવું તો એમણે નહોતું જ ધાર્યું. અને એ તો પ્રત્યેક પ્રોફેસર જાણે છે કે, જેમ મનુષ્ય, તેમ વિદ્યાર્થીઓ પણ બે જ રીતે વશ થાય. કાં ડરથી, કાં પ્રેમથી. પરંતુ દુર્ભાગ્ય તો એ છે કે કોઈ પ્રોફેસર માત્ર ડરથી જ અમને વશ કરવા પ્રયત્ન કરે છે તો કોઈક વળી માત્ર પ્રેમથી અમને જીતી લેવા મથે છે. ખરૂં જોતાં તો એ બન્ને ભૂલ કરે છે. બેહદ ધાક એ તિરસ્કાર ઉપજાવે છે, તો અનહદ પ્રેમથી મનુષ્ય માથે ચઢી વાગે છે. અને માટે જ ધાક અને પ્રેમની નીતિ પ્રોફેસરોને વારાફરતી અજમાવવી પડે છે.

અમારા નવા પ્રોફેસરે પણ જોયું કે ધાકધમકીને છોકરાઓ નમતું આપે એવા નથી. ત્યારે એમણે એક મીઠું—સૌમ્ય—શાંત હાસ્ય કર્યું. પરંતુ કૃત્રિમ હાસ્ય કદી અછતું રહેતું નથી. અને વિદ્યાર્થીઓ એથી રીઝાતા નથી. એટલે અમારી મસ્તીને તો ઉલટો વેગ મળ્યો. એક પછી એક દરેક વિદ્યાર્થી રંગમાં આવવા લાગ્યો ને તરેહતરેહનાં વાક્યો બોલી, પ્રોફેસરને ભોગે મજા માણતા, વર્ગના રંજનસમારંભમાં પોતાનો ફાળો આપવા લાગ્યો.

પણ હવે તો પ્રોફેસરને લાગ્યું કે મર્યાદા આવી ગઈ એટલે એમની આંખો ચાર થઈ,—ને વિદ્યાર્થીઓએ પણ માઝા મૂકી. તેમાં ય વળી વાતાવરણ સહેજ અનુકૂળ થતાં તરત જ એ તો બોલી ઊઠ્યો:

“ રે હું મારા બો ! ડોળા હું કાઢો ડોળા ?” પ્રોફેસરે ભાંગ્યુંતૂટ્યું સાંભળ્યું ને એમણે ડોળા કાઢવા ઉપરાંત મુઠ્ઠીઓ વાળી. બસ ! એને તો એ જ જોઈતું હતું. પાટલી પર સહેજ મોં નમાવી, આગળ બેઠેલા વિદ્યાર્થીની પીઠનું ઓઠું લઈને, કોઈ લશ્કરના સેનાપતિની અદાથી, જોરથી એ તાડુકી ઊઠ્યો—

“ હો.........શ્યાર. ......—શૂટ્ જવાબ ! ” ને વળી પાછું એ હાસ્ય બાજી ઊઠ્યું.

ચોતરફ દારૂગોળા વરસતા હોય ને માણસ જેમ ભયથી —બીકથી—ત્રાસથી કંપી ઊઠે, તેમ પ્રોફેસર પણ ખરેખર ધૂંધવાતા—ફૂંફવાતા કોઈ વણમાગી સહાયની આશામાં ઊભા રહ્યા. ચકરવકર ફરતી એમની આંખોમાં કોઈ અકથ્ય વિહ્વળતા ભરી હતી. ધરતી માગ દે તો સમાઈ જવાની વૃત્તિ એમને થઈ હશે કે કેમ એ તો એ જાણે; પરંતુ ક્યારે પોણો કલાક પતી જાય ને ક્યારે ઘંટ વાગે એવી વૃત્તિ તો એમને જરૂર થઈ હશે. એક અખાડિયનની અદાથી મુઠ્ઠી વાળેલો હાથ......એમણે આંચકાભેર અદ્ધર ઊંચક્યો —પણ આ કોઈ કુસ્તી-દંગલનું મેદાન કે અખાડો નથી એવું અભિજ્ઞાન થતાં તરત જ એ હાથ એમણે ટેબલ પર પટક્યો. પ્રોફેસરની રહીસહી સહનશક્તિના છેલ્લા દમથી ભરેલી એ મુઠ્ઠીના ધડાકામાં માત્ર એમની નિરાશાની ‘ હાય ’ જ વ્યક્ત થતી હતી. ને છતાંય ચગડોળે ચઢેલા વિદ્યાર્થીઓ જરા યે રોકાય તેમ નહોતા. બીજાને ભોગે મળતો આનંદ કોને ન ગમે ? અને તેમાંય વળી પ્રોફેસરની રેવડી દાણાદાણ થતી હોય ત્યારે તો શાણામાં શાણો વિદ્યાર્થી પણ એ આનંદ લૂંટે છે.

હવે તો અમને માત્ર એક જ આશા હતી. અને તે એ કે થોડી જ વારમાં મુઠ્ઠીના ધડાકા જેવો એક મોટો બરાડો પ્રોફેસર પાડી ઊઠશે—ને કદાચ લોબીમાં રખડતા પાંચ—પચીસ નાત-

બહારિયાઓને કે નફ્ફરા દાદાઓને એકઠા કરી મૂકશે. પરંતુ માણસ ઇચ્છે એ બધું જ ઈશ્વર પાર પાડવા દેતો નથી એ તહોમતનામું કાંઈ સાવ ખોટું તો નથી જ. પ્રોફેસરનો બરાડો સાંભળવાને બદલે પિરિયડ પૂરો થવાનો ઘંટ જ અમે સાંભળ્યો...જાણે પ્રોફેસરનો જ પડઘો! અને અમારા ભાવભર્યા 'આવજો' 'આવજો!' ના ઉચ્ચારને ઝડપથી એક કાનથી બીજે કાન કરતાં એક નાનો શો ઠેકડો મારીને જ્યારે એ વર્ગમાંથી બહાર સરકી ગયા ત્યારે બે-ચાર પૃથક્કરણકારોએ સમજાવ્યું કે પ્રોફેસરના એ નાનાશા કૂદકામાં બે વસ્તુઓ સમાઈ હતી—ખીસકોલીનું ચાપલ્ય ને સસલાનો વેગ.

બસ થઈ રહ્યું. નવા પ્રોફેસરની કિંમત અમે આંકી ચૂક્યા હતા. સરકાર તરફથી એકસો ને ત્રીસ અંકાયા છતાં અમારે મન તો એમની કશી જ કિંમત નહોતી.

બીજે દિવસે જુઓ તો અમારો આખો વર્ગ ચિક્કાર ભરાઇ ગયો હતો. નવા પ્રોફેસરનો પિરિયડ બરાબર પહેલો જ—સવા અગિયારનો—હોવાથી રોજના મોડા આવનારાઓ, ઘેર બેસી રહેનારાઓ ને બીજા વર્ગના રખડુઓ, એ બધા ય આજે અમારા વર્ગમાં વખતસર ચુપકીથી ભરાઇ બેઠા હતા. ઘંટ વાગ્યો ને પ્રોફેસર આવ્યા. પણ આ શું? વર્ગમાં પેસતાં જ આ 'તડડ તડ તડ' ના અવાજ કેવા? વ્યાસપીઠ પર પહોંચ્યા તો ત્યાં પણ 'તડડ તડ તડ તડ' ના અવાજ સંભળાયા. એક ડગલું આગળ ભર્યું ને તડડ તડ તડ, તડ તડડ તડ તડ' ના અવાજ સાથે એક મોટું તડતડિયું ઊડતું ઊડતું આવીને એમના કોટના ખિસ્સામાં ભરાઇ ગયું. દિવાળીમાં ખરીદેલા તડતડિયાંના અનામત જથ્થાનો કોકે યથાર્થ ઉપયોગ કર્યો હતો. અને એ પણ એવી રીતે કે એની આ શીઘ્રબુદ્ધિ માટે આપણને માન ઉપજ્યા વિના રહે જ નહિ. ને બીજાં કેટલાં તડતડિયાં હજી પડયાં છે એ જોવા પ્રોફેસરે વ્યાસપીઠ પર આંખો ફેરવી.

પરંતુ વેરનારે એટલા ઝીણા ટુકડા કરીને એ વેર્યા હતાં કે પ્રોફેસર એની ગણતરી જ ન કરી શકે. ગઈ કાલે એ સંશોધક તરીકે નિષ્ફળ નીવડ્યા હતા. આજે ફરીવાર સંશોધક ને ગણતરી કરનાર તરીકે એ નિરાશ થયા. અને તેમાં ય વળી નીચા નમીને જોવાય કે હાથથી વીણી લેવાય તેમ તો હતું જ નહિ, કારણ કે એમાં તો પ્રોફેસર તરીકે એમની પદવીને લાંછન લાગવાનો સંપૂર્ણ સંભવ હતો. એટલે બૂટ ઘસીને ફોડવાને ઇરાદે કે બધાં તડતડિયાંને વ્યાસપીઠની નીચે નાંખી દેવાને ઇરાદે વ્યાસપીઠના એક છેડાથી બીજા છેડા સુધી પગ ઘસીને એ બધા ટુકડાઓ નીચે નાંખવાનો પ્રયત્ન જ્યારે એમણે કર્યો ત્યારે ' તડડ તડ તડ, તડ તડડ તડડ ' નું સુંદર સંગીત ગુંજી ઊઠયું અને અમને તો હસવાનું મળ્યું.

પરંતુ અમારી હાહા–હીહી કે ખાખા–ખીખી વૃત્તિ પર મૂંગો તિરસ્કાર વ્યક્ત કરતું એક હાસ્ય કરીને કોઈપણ જાતની આડીઅવળી વાતે ચડ્યા વિના સીધેસીધા ૧૮૫૭ નો બળવો, મહારાણીનો ઢંઢેરો, કાનપુરની કતલ ને અંગ્રેજોના અત્યાચારો વગેરા વગેરા પર વ્યાખ્યાન આપવું એમણે શરૂ કરી દીધું. અમારો ઘોંઘાટ તો હજી શમ્યો જ નહોતો; છતાં એ તો એમના નિશ્ચયમાં મક્કમ હતા ને રીતસર શાંતિપૂર્વક બોલ્યે જતા હતા. હસવા પરથી ધીરે ધીરે અમે અભ્યાસ તરફ વળ્યા ને શાંતિ છવાતી ગઇ. પરંતુ છેક છેલ્લી પળે, જ્યારે વર્ગનો ઘોંઘાટ શમી જવાની તૈયારીમાં હતો ત્યારે–વર્ગના છેલ્લા બારણેથી ઘોડાના હણહણાટને મળતા હાસ્યધ્વનિ સાથે એ અંદર દાખલ થયો. એ એટલે ના સમજ્યા ? પેલો નામચીન તોફાની. કુતરાંને માટે ભસવું એ જો ચેપી રોગ મનાય છે તો મનુષ્યના હાસ્યનું પણ એમ જ છે. એટલે અમે પણ—આખો વર્ગ—એના હાસ્યથી હસી ઊઠયા. એક ઘડીક તો...પ્રોફેસરના હોઠ પણ મલકીને અમારા હાસ્યનો પડઘો પાડી રહ્યા. પણ બીજી જ પળે આવું અમર્યાદ હાસ્ય ઉપજાવવાનું કારણ પ્રોફેસરે પેલાને પૂછ્યું.

" અરે શું સાહેબ ! આમ તો જુઓ ! એંઅ્, પેલાના હિહાર ! કેળાની છાલ પર પગ પડ્યો ને એવો લપસ્યો ! સર્ર્ર્ સર્, એંઅ્, સર્ર્ર્ સર્ ! અને... અને શરીર તો જુઓ ! તમારામાં ને એમાં એંઅ છે ફેર ? "

એક કુશળ અભિનેતાની છટાથી સુંદર અભિનય સાથે એણે જવાબ આપ્યો ને અમે એની નિડરતા પર મુગ્ધ બન્યા. અને જ્યારે પ્રોફેસરની સરખામણી પેલા લપસનાર સાથે એણે કરી, ત્યારે તો વિદ્યાર્થીનીઓ સુદ્ધાં, અમે બધાં હસી ઊઠયાં. ગઈ કાલના અનુભવે હાસ્ય તો એટલું સામાન્ય થઈ ગયું હતું કે પ્રોફેસરની જરા સરખી નબળાઈ, ન્હાની સરખી ભૂલ, સહેજ માત્ર હાસી, નજીવો ઉચ્ચારણદોષ, કે બોલવામાં જરા ગલ્લાંતલ્લાં થતાં કે તરત જ અમે બધા હસી ઉઠતા. આમ પેલાના નિવેદનથી ને અમારા હસવાથી પોતાની હાંસી થઈ છે એની ખાતરી થતાં જ ક્રોધથી લાલચોળ—આકળવિકળ થયેલી લુખ્ખી આંખે એને પકડવાનો એમણે પ્રયત્ન કર્યો:—અને વર્ગના ખૂણેખૂણામાંથી એ જ વખતે એકી સામટા 'પકડો પકડો, ' નહિ,' 'નહિ,' ' જવા દો,' ' કાઢી મૂકો,' ' દંડ કરો,' ના એટલા બધા અવાજ ઊઠયા કે કયો અવાજ ક્યાંથી આવે છે, એ શોધવાનું જ મુશ્કેલ બની ગયુ ! ને કોને પકડવો ને કોને નહિ એના જ વિચારમાં પ્રોફેસર ગૂંચવાઇને ઉભા રહ્યા.

એવામાં ઓચિંતાં બે કુતરાં લડતાં લડતાં આવીને એકદમ બાસપીઠ તળે ભરાઇ ગયાં, ને સામસામે ઘુરકિયાં કરવા લાગ્યાં. અત્રે એ કહેવાની ખાસ જરુર છે કે વિદ્યાર્થીઓ ઉપરાંત રખડતાં કુતરાં પણ ઠીક ઠીક પ્રમાણમાં અમારી કૅાલેજમાં હાજરી આપે છે, જો કે એ બધાં હોય છે તો કૅાલેજ–હોસ્ટેલનાં જ; પણ રખડતાં કુતરામાં ને એમનામાં કાંઈ ફેર થોડો જ હોય છે ? એટલે અમે તો 'હડે' 'હડે'ની બૂમો પાડવા લાગ્યા. ને અમારામાંનો એક તો ઉઠીને એમને કાઢવા પણ ગયો. પણ પેલાં તો ઉલટાં વધારે ઘૂરકવા લાગ્યાં. આખરે ન છૂટકે અમારી

સલાહથી પ્રોફેસરે પઠાણને બોલાવ્યો ને એની મદદથી એક તીણી ચીસ પડાવીને બન્ને કુતરાંને 'વર્ગ બહાર' થવાની ફરજ પાડી.

સાતેક મિનિટની એ અરાજકતા પછી કૈંક શાંતિ સ્થપાઈ ને અમે ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા. પરંતુ પેલો તોફાની! એનાં પરાક્રમ કૈં ઓર હતાં. અને તરકીબ પણ કેટલી! પાએક કલાક બાદ, કૈંક લખવા માટે પ્રોફેસર જરા પાટીયા તરફ વળ્યા ને 'ધડ' લઈને એક બાફેલો બટાકો બરાબર એમના હાથ પર વાગે એમ એણે નિશાન તાક્યું. પ્રોફેસરની આંગળી ચમચમી ઉઠી, બટાકો ભાંગીને ટુકડા થયા ને પાટીયા પર રૂપિયા જેવું એક સફેદ ચાંદું પડી ગયું.

તરત જ પ્રોફેસર વર્ગ તરફ વળ્યા અને તાકી તાકીને ગુન્હેગારને શોધવા લાગ્યા. પણ એ તો એવો શાંત–સૌમ્ય—ભાવહીન થઈને બેઠો હતો, કે તોફાન કરવા છતાં પણ જાણે નિર્દોષ હોય એમ ઘડીક અમને પણ—કે જેણે એને ખરેખર બટાકો ફેંકતાં જોયો હતો, તેમને પણ લાગ્યા વિના રહ્યું નહિ. એ એક ખૂબી છે કે જે લોકો બહુ જ તોફાની હોય છે એ લોકો ગમે તેવા સંજોગોમાં પણ સ્થિતપ્રજ્ઞ રહી શકે છે. બધા જ્યારે ખડખડ હસે છે ત્યારે એમનો તો મૂછનો તાતણો કે હોઠનો ખૂણો ય કદી હાલતો નથી. પરંતુ બધા જ કાંઈ સ્થિતપ્રજ્ઞ હોતા નથી એટલે અમે તો દિલ મૂકીને હસી પડ્યા. ને કમનસીબે મારી જોડેનો જ વિદ્યાર્થી પેલાના તોફાનનો ભોગ થઈ પડ્યો. કોણ જાણે કેમ પણ એના મોં પર અમુક ભાવ પ્રોફેસરે પારખ્યા ને એને જ ખરો ગુન્હેગાર ગણીને બિચારાનું નામ ને નંબર લખી લીધા. અને ખરો ગુન્હેગાર એ હતો કે નહિ એ વિચારવાનો સમય પણ ક્યાં હતો? પ્રોફેસર તો માત્ર ગમે તેને પકડીને શિક્ષા કરવા જ માગતા હતા. એને પકડ્યો ને વર્ગનો ખૂણેખૂણો 'નિર્દોષ' 'નિર્દોષ' પોકારી ઊઠ્યો. પણ પ્રોફેસર એમ જરા ય માને તેમ નહોતા. એમણે તો પેલાને પોતાનો ગુન્હે-

કબૂલ કરવા જણાવ્યું—ને જો તેમ નહિ કરે તો ભારેમાં ભારે દંડ કરવામાં આવશે એમ પણ સાફ સમજાવી દીધું. પેલો તો બિચારો રડું રડું થઇ ગયો. પગ ધ્રૂજતા હતા છતાં ગુન્હો કબૂલ્યા વિના બેસી જવાય તેમ હતું નહિ. હવે શું? પેલાને શિક્ષા થવાની એ વિચારે અમે દિલગીર હતા. ને ખરો તોફાની પકડાય એમ અમે ઇચ્છતા નહોતા.

પરંતુ કાંઇપણ અવનવું બને તે પહેલાં તો પેલો ઉસ્તાદ તોફાની પાટલી પર ઊભો થયો ને નીચેના શબ્દો બોલતાં બોલતાં ઝડપથી બહાર ચાલ્યો ગયો.

" ભલા માણસ! નિર્દોષને શું પકડો છો ! ખરો ગુન્હેગાર તો હું છું. એંઅ ! એટલી યે ગમ ન પડી ?"

અને એમ કહેતાં હસતો હસતો જ્યાં એ બહાર નીકળ્યો ત્યાં બાપ રે! બારણુમાં જ પ્રિન્સિપાલ ઉભા હતા. હવે ? પોતે કાંઇ પણ બચાવમાં કહે તે પહેલાં તો, " બહુ હસતાં આવડે છે નહિ ? જરા રડતાં પણ શીખી લો !" એમ કહેતાં'કને પ્રિન્સિપાલે તો એની બોચી પકડીને બરાબર બે અમચમાવી દીધા. જાતે યુરોપિયન હોવાથી કડીતોડ શિસ્તપાલનમાં એ માનતા હતા. પોતાની કારકિર્દી દરમિયાન કોઇ પણ વર્ગમાં જરાપણ તોફાન ન જ થવું જોઇએ એ એમની દૃઢ માન્યતા હતી. પરંતુ બઇ કાલના તોફાનની વાત ક્યારની યે એમના કાને પહોંચી ગઇ હતી. અને એક ભયંકર ધરતીકંપ થયો હોય એવો આઘાત લાગ્યો હતો. અમારી એ વૃત્તિને બહેકવા દીધી તો પોતાના શિસ્તપાલનનું સત્યાનાશ વળી જશે, એ વિચારે પ્રિન્સિપાલ અમારા વર્ગમાં આજે પ્રોફેસર દાખલ થયા ત્યારના જ અમને ખબર ન પડે તેમ વર્ગને છેડે આવેલા દાદરમાં સંતાઇને ઊભા ઊભા, અમારાં પરાક્રમ પર ચાંપતી દેખરેખ રાખતા હતા. આજના બધાં તોફાનની

એમને પૂરતી ખબર હોય તેમ એક હાથે મજબૂતીથી પેલાનું કાંડું પકડી એકદમ એ અંદર વર્ગમાં ધસી આવ્યા ને બીજા ત્રણ-ચાર તોફાનીઓને — કે જેમને બૂમો મારતા એમણે જોયા હશે એમને —દફતર સાથે ઉપર આવવા કહ્યું. અને પેલાને તો બોચી ઝાલીને બે ચમચમાવી દીધી એટલી શિક્ષા જાણે અધૂરી હોય તેમ ધક્કા મારતા મારતા પ્રિન્સિપાલ ઉપર લઈ ગયા—ઑફિસમાં. એને તો ધરતી માગ આપે તો સમાઈ જવા જેવું જ થઈ ગયું. આખા વર્ગના દેખતાં—ને તે ય છોકરીઓની સામે—ઉમર લાયક છોકરાને માર પડે, ત્યારે નફ્ફટમાં નફ્ફટ છોકરાને પણ ફરી કદી ય કલાસને મોં બતાવવાનું મન ન થાય. ને તેમાં ય આ તો એવો કે હજાર હજાર તોફાન કર્યાં છતાં જે કદી ય નહોતો પકડાયો, કે નહોતો જેણે માર ખાધો. આજે એની આબરુના કાંકરા થઈ ચૂક્યા હતા. વર્ગના દેખતાં થયેલું આ હડહડતું અપમાન એટલું ભયંકર હતું કે કદી યે કોઈની સામે ઉંચું મોં કરીને એ બોલી શકે એવું રહ્યું'તું જ ક્યાં?

પિરિયડ પૂરો થયો પણ પેલા ન આવ્યા. પ્રિન્સિપાલની રૂમમાં તો એ નહોતા જ. લાયબ્રેરીમાં કે બીજે ક્યાંય પણ એ નહોતા. અમે ધાર્યું કે એ લોકો ઘેર ગયા હશે. કાલે એ આવશે કે નહિ? અમારે મન તો એ એક કોયડો હતો. અને તેમાં ય પેલો તો શું મોં લઈને આવશે? ને આવશે તો કેવો લાગશે? શાંત, દીન, હીન, હતગૌરવ, નિર્માલ્ય, તિરસ્કૃત, દયાપાત્ર.

એ દહાડે છેલ્લો પિરિયડ એ જ પ્રોફેસરનો હતો. આખા વર્ગે સંપ કરીને એ પિરિયડ ભર્યો નહિ. પરંતુ અમારી એ હડતાળનું પરિણામ તો કાંઈક જુદું જ આવવાનું હતું.

બીજે દિવસે જ્યારે અમે કૉલેજમાં ગયા ત્યારે નોટિસબોર્ડમાં એક ભયંકર નોટિસ સૌનું ધ્યાન ખેંચી રહી હતી. બોલ્ડ ટાઈપમાં છપાયેલી ને લાલ શાહીથી અંડરલાઈન થયેલી એ નોટિસમાં દરેક

તોફાનીને સાત સાત રૂપિયા દંડ ને દસ દિવસ સુધી વર્ગમાં દાખલ ન થવાનું ફરમાન હતું,—જ્યારે પેલાને...એને એક વર્ષ સુધી રસ્ટીકેટ ને દસ રૂપિયા દંડ ભરવાનું ફરમાન થઇ ચૂક્યું હતું.

બસ થઇ રહ્યું ! ત્યાર પછી અમારો આખો વર્ગ તદ્દન શાંત બની ગયો. હડતાળ પાડવાનું જોર અમારામાં રહ્યું ન હતું. ને વિરોધનો સૂર કાઢવાની અમારી જીગર નહોતી. ને છતાં અમારા બધાયના મનમાં તો નવા પ્રોફેસર માટે ભયંકર ખુન્નસ ને ભયંકર તિરસ્કાર વ્યાપી ગયાં હતાં.

ને છતાં યે હું નહોતી—

"એમ તો એને ઘણાએ જોયો હશે,–કદાચ તમે ય. પણ મારી આંખે કાંઈ થોડો જ જોયો છે! જેમ તમને એ મળે છે તેમ મને યે મળે છે, અને તમે જે સ્વરૂપમાં એને જુઓ છો એ જ સ્વરૂપમાં હું પણ એને જોવા પામું છું. પણ બીજાઓની જેમ એનાં રૂપગુણે મને કદી યે આકર્ષી નથી, અને તેમ છતાં ય એના વ્યક્તિત્વનો કોઈ એવો અંશ–કોઈ એવું સ્વરૂપ –મને પ્રથમથી જ કેવું ખેંચી રહ્યું છે...તમને હું કેમ કરીને એ સમજાવું?

"પહેલવહેલો મેં જ્યારે એને જોયો ત્યારે મારી ઉમર આખી દસની. જો કે આમ તો છેક નાનપણથી જ મેં એને જોયેલો, પરંતુ એ વખતે જીવનની તો શું પરંતુ જીવનને થોડું થોડું ય સમજાવી નહિ તો યે સમજી શકવાનો દાવો કરનારાઓના સામાન્ય સંવાદમાં યે કશી ગતાગમ પડતી નહિ, એટલે મારા જીવનમાં પ્રવેશવા છતાં મારા જીવનમાં એ બિલકુલ નહોતો પ્રવેશી શકયો. અને કદાચ પ્રવેશ્યો હોય તો ય હું એ જોઈ શકી ન હતી. પરંતુ બારથી સોળ વર્ષની વયમાં દુનિયાની કોઈ પણ બાળાનો વિકાસ જેટલો ઝડપી હોય છે એટલો ઝડપી વિકાસ તો એની જિંદગીમાં કયારે ય નહિ થતો હોય.

"સાખપાડોશીનાં અમે છોકરાં–ને વળી એક જ શાળામાં ભણવાનું. એ વખતે તો અમે નાનાં હતાં, ને વળી સતયુગમાં જીવતાં

એટલે બાળમંદિરમાં સાથે ભણવાની કોઈ જ હરકત ન હતી. આમ ને આમ અમે અંગ્રેજી ચોથી સુધી પહોંચ્યા. પરંતુ ત્યાર પછી અમારાં માબાપે અમને જુદી જુદી શાળાઓમાં ભણાવવાનું જ ઇષ્ટ ધાર્યું. મારાથી એ માત્ર એક ધોરણ આગળ હોવા છતાં પણ આજ સુધી છુટ્ટીના સમય દરમિયાન મળવાનો તેમજ નિશાળે સાથે જવા આવવાની મજા માણવાનો લહાવ કાંઈ ઓછો ન હતો. પરંતુ હવે તો એ ક્રમ માત્ર ભૂતકાળની યાદ બની જવાનો હતો—ને આવતી કાલથી મારા ને એના પંથમાં બાર બાર ગાઉનાં છેટાં પડવાનાં હતાં. પાંચમા ધોરણથી થયેલો આ ફેરફાર ક્યા વિપ્લવની તૈયારી માટે હતો એ તો મને ત્યારે ન સમજાયું—ને સમજવાની દરકાર પણ કોને હતી ? પરંતુ એક વખતે ભીંતના કાનનો લાભ લઈને મેં એ જાણી લીધું કે આ બધું કાવત્રું તો માત્ર એના ને મારા હૃદયમાં પરસ્પર અતિપરિચયની અવજ્ઞા ન ઊપજે એ માટે રચાયું હતું. એ વખતે જો કે હું અંગ્રેજી છટ્ઠા ધોરણમાં હતી ને ધ્વનિવિષયક ભૌતિકશાસ્ત્રના નિયમો તો હજી હમણાં જ ભણી હતી, છતાં ભીંતને પણ કાન હોય છે એ વાતનું અભિજ્ઞાન તો મને ક્યારનું યે થયેલું—ને અજાણતાં જ એક દિવસ એનો લાભ મેં લઈ લીધો. ક્વચિત ક્વચિત ભેટી જતા તાવના દિવસો બાદ કરતાં સામાન્ય રીતે તો મારો અભ્યાસખંડ જ રાત્રે શયનખંડ બની રહેતો. ને એની બાજુમાં જ બાપુજીનો ખંડ હતો. એક રાત્રે અચાનક પાણી પીવા ઊઠી તો બાજુના ખંડમાં કંઈક ગરબડ થતી સંભળાઈ, અને ઉદ્દેશરહિત સાહજિકતા તરત જ મને બારણા પર ખેંચી ગઈ. કાન માંડીને સાંભળ્યું તો મારો જ ઉલ્લેખ થતો હતો. તદ્દન ધીર—ગંભીર રીતે બાપુજી બાને સમજાવી રહ્યા હતા. ટૂંકામાં અમે બન્ને જુદાં ભણીએ એ જ ઇષ્ટ છે એમ બાપુજીના કહેવાનો ધ્વનિ હતો. ઉપરાંત સાથે ભણવાથી એકબીજાની સ્પર્ધા કરવાનું ને એકમેકનાં છીંડાં શોધવાનું જ મન થાય, પરસ્પરનું આકર્ષણ ઘટી જાય એમ એમનું માનવું હતું; પરંતુ બા

બીજો જ પક્ષ રજૂ કરતી લાગી. બાપુજીને ઠપકો દેતાં એણે તો કહ્યું કે પુરુષજાત કંઇ ઓછી ચંચળ નથી હોતી. એને તો પ્રત્યેક ગુલાબમાં નવું રૂપ ને નવી સૌરભ જણાય છે, ને તેમાં ય વળી સહેજસાજ હૈયે વસેલું પુષ્પ જો પાસે ન હોય તો બીજાં પુષ્પને હૈયું ભાંગી નાંખતાં વાર લાગતી નથી.

" આવું આવું તો (ઉપર જે શબ્દો વાપર્યા છે તે મારા છે) કોણ જાણે કેટલું યે બાએ કહ્યું હશે, પરંતુ બીજું કંઇ ન સાંભળતાં હું પણ કોણ જાણે કેમ એ બધા વિચારો મને ઝટપટ પચી ગયા હોય ને જાણે વાતનો મર્મ સમજી હોઉં તેમ ઓસહજ શરમ ને સંકોચથી તરત જ શાંત–નીરવ–શીઘ્ર પગલે હું પલંગ તરફ ચાલી ગઇ. ઊંઘવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો ને પડયે પડયે છત તરફ મીટ માંડી રહી, પરંતુ એ દિવસે ઊંઘ પર બેચેનીનો ઉપર હાથ હોય એમ ઊંઘ ન આવી. તરત જ મેં પાસું બદલ્યું. ને...ને... સામે કબાટના દર્પણમાં હોલવાઇ જતા દીપકની છેલ્લી પ્રકાશરેખા જેવું નાઇટ–લેમ્પનું નાજુક પ્રતિબિંબ દેખાયું. એનાં આછાં આછાં તેજકિરણોમાં એક નાનું હસું હસું કરતું નિર્દોષ મુખ મને દેખાયું—જાણે બાળપુષ્પધન્વા. પણ ના. એ તો માત્ર છબી હતી,—એની: અમે નાનાં હતાં ત્યારે બાપુજીએ પાડેલી. અને સાથે જ મારી પણ હતી. બન્નેની છબી પરસ્પરના સાંનિધ્યમાં કેવી શોભતી હતી ! ને એમાંથી ઊઠતા પડઘા પણ કેવા મીઠા લાગતા હતા ! ને આ તો વળી છબીને યે છબી. પ્રતિબિંબ વળી છબીનું, ને છબી વળી...એની. નજરની સામે છતાં દૂર ને દૂર. વિચાર તો થયો, એક વાર ઊઠીને એને જાણે પકડી લઉં ! પણ એ તો અહીં હતો જ કયાં ? મારી મુર્ખાઇ પર તરત જ હું હસી. પ્રતિબિંબ તે કાંઇ પકડાય ! સાથોસાથ એ જ ઘડીએ—કોણ જાણે કેમ—આવો જ વિચાર મને આવ્યો—" આ પ્રતિબિંબ નથી પકડાતું તો એ...એ પકડાશે ? " ને એના જ જવાબનો પડઘો પાડતા હોય તેમ બાના શબ્દો સાંભર્યા—"હૈયે વસેલું પુષ્પ પાસે ન

હોત તો બીજા પુષ્પને એ હૈયું ભાંગી નાંખતાં... " છેવટના શબ્દો હું ન બોલી શકી. એકદમ દીવો બંધ કરી, કાન પર બન્ને હાથ દબાવી આંખો બંધ કરીને મેં પાસું ફેરવી લીધું.

" બીજે દિવસે સવારે હું ઊઠી ત્યારે એક ભયંકર નિશ્ચય સાથે ઊઠી–ગમે તે ભોગે એનાથી દૂર રહેવું ને છતાં એની સતત ચોકી કરવી એવા સુલતાની નિશ્ચય સાથે હું ઊઠી હતી. મારી ગેર-હાજરીમાં કયું ફૂલ એને ઝૂંટવી જાય છે એ જ મારે તો જોવું હતું. બસ, એ જ દિવસથી એને મળવાના પ્રસંગો ખૂબ જ સિફતથી મેં ઓછા કરી નાંખ્યા. હું જાતે તો એને મળતી જ નહિ—ને એ જો મળવા આવે તો સ્ત્રીચરિત્રનાં નવ લાખ લક્ષણોમાંથી ગમે તે એકની મદદ લઇ એ મુલાકાત હું ટૂંકાવી દેતી. ને તેમ છતાં ય એ મને દિવસમાં નહિ નહિ તો ય એકાદ વાર મળી જાય એમ તો હું જરૂર ઇચ્છતી.

" એ પછી થોડા જ સમયમાં એની મેટ્રિકની પરીક્ષા શરૂ થવાની હતી એટલે આપોઆપ અમારૂં મળવાનું ઓછું થઇ ગયું. ઘેર તો રાત ને દિવસ બસ ચોટલી બાંધીને એ વાંચ વાંચ કરતો હતો. જો કે વાસ્તવમાં એને ચોટલી હતી જ નહિ—ને શાળામાં ફોર્મની પરીક્ષાની તૈયારી હોઇ ઘણી વાર છુટ્ટીને સમયે પણ માસ્તર એમને પોપટિયું જ્ઞાન પઢાવ્યે રાખતા હોઈ છુટ્ટીમાં એ મને મળી શકતો નહિ. આમ હોવાથી કુદરતી રીતે જ અમારું મળવાનું ઓછું થઇ ગયું. છતાં રોજ સાંજે એકાદ બહાના હેઠળ અમે બન્ને એકબીજાને મળી લેતાં. ને તો ય–દિવસમાં એકાદ વાર મળવાની ઇચ્છા છતાં–માત્ર એને ચીઢવવા પૂરતું જ એ વખતે હું એને એ ટકોર કર્યા વિના રહી નહોતી શકતી કે, " કૈં ભાન છે ! પરીક્ષા તો હાથવેંત છે ને ભાઈ જુઓ બહીં તડાકા મારે છે ! આમ મઝલ લગ્નકાર્યે પાસ નહિ થવાય." તો વળી કદીક એમ પણ

કહેતી કે, " આટઆટલું વાંચ્યે તો છોકરીઓ યે પાસ થાય. ગોખણિયા તો ગોખણપટ્ટી જ કરે ને!"

" પરંતુ આમ કહેવાનું પરિણામ મારે માટે તો ખરેખર બેનસીબ જ આવ્યું. અલબત્ત એને મારે માટે સ્નેહ તો હતો જ—જેટલો મને એના પર હતો—છતાં એક છોકરી જેવી છોકરી એના અભ્યાસક્રમમાં દખલ કે ટીકા કરે એ એને નાપસંદ હોવાથી કે પછી પોતે નાપાસ થાય તો હું એની સાથે થઈ જાઉં એ દહેશતથી થોડા જ દિવસમાં મને મળવાનું એણે બંધ કરી દીધું. ને હું પણ કાંઇ કમ નહોતી. પ્રેમના સુલતાની સ્વભાવે મને દઢનિશ્ચયી બનાવી હતી, ને રૂપની મદિરાએ મને અહંકારની સીમા આપી હતીઃ રૂપ ને નિશ્ચય પર મુસ્તાક બનેલી મેં એની જરા પણ નોંધ ન લીધી ને એમ જ એની પરીક્ષા પસાર થઈ ગઇ.

" એ પછી તો વેકેશન પડયું—ને એ તો ગયો મુંબઈની સફરે. હું પણ એમ કરી શકતી હતી. પરંતુ હવે તો હું મેટ્રિકમાં આવી હતી. ને એમાં પહેલે જ ધડાકે સફળ ન થાઉં તો...તો એનું દિલ ગુમાવી બેસું એવા સ્વકલ્પિત ભયે વેકેશનનો પૂરેપૂરો ઉપયોગ મેં વાંચવામાં જ કર્યો.

" એ તો હજી મુંબઈ હતો ને પરિણામ આવ્યું. એનું નામ સેન્ટરમાં સૌને મોખરે હતું. મારી ખુશાલીનો તો પાર નહોતો, ને ઇર્ષ્યા યે કાંઇ ઓછી નહોતી. મને લાગ્યું કે મનુષ્યને દુઃખનો વેગ હલકો કરવાની જેટલી જરૂર છે એટલી જ જરૂર આનંદની ઊર્મિ શમાવવાની પણ છે. આનંદને મેં ગંભીરતામાં પલટાવી નાંખ્યો. મને પાનો ચડી ચૂકયો હતો. એ જ સ્થાન—બસ એનું જ સ્થાન આવતે વર્ષે મારે પ્રાપ્ત કરવું હતું.

" ઇર્ષ્યા ને અભિમાનથી પ્રેરાઇ અભિનંદનનો પત્ર પણ એને મેં ન લખ્યો. બીજે દિવસે જ્યારે એ ઘેર આવ્યો—મુંબઈથી—ત્યારે

સામે પગલે એને મળવા ન જ જવું એવો મારો નિશ્ચય હતો. કારણ કે નાહી ધોઇને એ મને જરૂર મળવા આવશે એવી દૃઢ આશા મને હતી. પરંતુ જે વ્યક્તિમાં મનુષ્યને વધુમાં વધુ વિશ્વાસ હોય એ જ વ્યક્તિ એને ક્યારે દગો દેશે એ કોણ કહી શકે? આખો ય દિવસ એની રાહ જોતાં હું ઘેર બેસી રહી, ને એ તો ન આવ્યો તે ન જ આવ્યો. સદીઓના સ્નેહ ઊલટ્યા હોય તેમ એને મળવા આવનારાઓની કતાર દિવસભર ચાલુ જ રહી. સ્નેહના ઢંભ નીચે ઊભરાયેલું એ માનવકીડિયારું તો મારા પૂર્વજન્મના વૈરીઓની ગરજ સારતું હતું; પરંતુ મારાથી એ લોકોને ન તો રોકી શકાય એમ હતું કે ન તો મારી એવી ઇચ્છા પણ હતી. મારી ઇચ્છા તો આટઆટલા મળનારાઓમાંથી પણ સમય મેળવી એ મને ઘડી બે ઘડી મળી જાય એ જ માત્ર હતી.

" નિરાશાના અવતારસમો એ દિવસ એમ જ ચાલ્યો ગયો —જાણે ઊગ્યો જ ન હોય—ને મારે મન તો એ ખરેખર નહોતો જ ઊગ્યો. બીજે દિવસે સવારે નોકર સાથે એની ચિઠ્ઠી આવી. પહેલાં તો એ જ ચિઠ્ઠી વાંચ્યા વિના એ જ નોકર સાથે પાછી મોકલાવું એમ થઇ ગયું; પરંતુ કોઇ ન સમજાય એવા આકર્ષણે ખેંચાઇ તરત જ એ ચિઠ્ઠી મેં લીધી ને વાંચી: જેને તમે સ્ત્રીસહજ નમ્રતા કહો, માનવહૃદયની કુતૂહલવૃત્તિ કહો, મુત્સદ્દીગીરી કુનેહ કહો કે હારેલા હૃદયની લાચારી કહો—એને મળવું ન મળવું એ પ્રશ્ન બાજુએ મૂકી હાલ તુરત તો એ ચિઠ્ઠી મેં વાંચી લીધી. પરંતુ જે સંતોષ ચિઠ્ઠી મળતાં થયો હતો એ સંતોષ ચિઠ્ઠી વાચતાં જ છિન્નવિચ્છિન્ન થઈ જશે એમ તો મેં સ્વપ્નેય નહોતું ધાર્યું. મને મળવા એ ન આવ્યો એ માટેનો પશ્ચાત્તાપ તો એમાં ન હતો, પરંતુ હું એને ન મળી એ માટેનો ઠપકો જ એમાં ભર્યો હતો એટલે મને તો એ હાડોહાડ લાગી ગયું—જેમ કોઈ પણ સ્વમાન ધરાવતી સ્ત્રીને એ લાગે, અને મેં પણ ચિઠ્ઠીનો જવાબ ચિઠ્ઠીથી જ આપવાનું નક્કી કર્યું. શાંત ગંભીર

શબ્દોમાં જાણે તાર કર્યો હોય તેમ મેં માત્ર એટલું જ લખ્યું, "ચિઠ્ઠી લખવા બદલ આભાર. પાસ થવા બદલ અભિનંદન."

"પરંતુ પાસ થયાના અભિમાનમાં કે ઊભરાતા આનંદની આંધીમાં મારા શબ્દોનું ઊંડાણ એને જણાયું નહિ ને હું કોઇ ભારે કામમાં હોઇશ ધારી મને મળવા આવવાનું એને યોગ્ય લાગ્યું નહિ.

"ત્રણેક દિવસ પછી એને જ્યારે ખબર પડી કે હું માત્ર પરીક્ષામાં પહેલી આવવા માટે બસ વાંચ્યા જ કરતી હતી ત્યારે એ મને મળવા આવ્યા વિના રહી ન શક્યો. થોડી વાર આડી-અવળી વાતો કર્યા બાદ "મારી હરીફાઈ કરવી છે કે શું?" એમ જ્યારે એણે કહ્યું ત્યારે મેં સાફ-સાફ જણાવી દીધું કે "એવું તે શું તમે કર્યું છે કે હરીફાઇ કરવી પડે?" ત્યારે એના મુખ પર નાખુ-શીના જે ભાવો ફરી વળ્યા ને એના હૃદયને જે ધ્રાસકો લાગ્યો તે જોવાની મને જરા યે દરકાર નહોતી. પરંતુ એ એક જ ઘા મને એના હૃદયથી દૂર લઇ જશે એની મને શું ખબર? મને મળ્યા વિના ન જ રહી શકે એટલો કાબૂ એના મન પર મેળવી ચૂકી છું એ વિચાર મારે માટે કાંઇ ઓછો ગર્વનો ન હતો.

"બસ એ જ દિવસથી અમારા વિચ્છેદનાં બીજ રોપાઇ ચૂક્યાં હતાં—મારે જ હાથે, ને તે ય અજાણતાં.

"કોલેજને હજી સાત સાત દિવસની વાર હતી ને નિશાળો શરૂ થઈ ગઈ. મેટ્રિકનું વર્ષ ને પહેલા આવવાની લાલચ; એટલે આડુંઅવળું મન દોરવાનું ભાગ્યે જ મન થાય. પરંતુ વાતાવરણ એકદમ બદલાતું હતું. પ્રસંગ એક પછી એક પલટાતા હતા એ તો કોલેજમાં દાખલ થયો એટલે ત્રણ સાડાત્રણે ઘેર આવી જાય ને પ્રીવિયસનું વર્ષ એટલે કોલેજની પરીક્ષા–યુનિવર્સિટીના બાપને તો લાગે કે વળગે!

"આમ સાડાપાંચ–છ વાગે હું ઘેર આવું ત્યાં સુધી એને એકલું જ રહેવાનું. અને એક દિવસનું હોય તો ઠીક, પણ આ તો

રોજનું લાગ્યું. એ ય કંટાળે નહિ તો કરે શું ? ને હું તો નિશાળેથી ઘેર આવી કે ભોજનપટ્ટી ને ભોજનપટ્ટી પછી તરત જ વાંચવાનું, એટલે જ્યારે જ્યારે એ મને મળવા આવતો ને બહુ ન વાંચવાનો ઉપદેશ આપતો ત્યારે તદ્દન શિષ્ટ શબ્દોમાં હું એમ જ કહેતી કે, 'બહુ બહુ વાંચ્યા છતાં કંઈ જ વાંચ્યા વિના હું તો પાસ થઈ ગયો અને તે ય પહેલે નંબરે એમ કહેવું અલબત્ત છે તો ઠીક, પણ વાક્ચાપલ્યનું એ દંભી કૌશલ્ય હજી મને મળ્યું નથી ને મળે એવી ઇચ્છા પણ નથી."

"પરંતુ વારંવાર ઉચ્ચારાયેલા ને સલામત લાગતા આ શબ્દોની ભયંકર અસર એક દિવસે એના માનસ પર થઈ, ને બીજે જ દિવસે એના જ વર્ગની એક વિદ્યાર્થિની એને ઘેર આવેલી મેં જોઈ. ઘડીના છઠ્ઠા ભાગમાં મેં એને ઓળખી લીધી : એ જ કે જેની ઓળખ એને મુંબઈમાં થઈ હતી—રૂપવાન નહિ તો ય મારા કરતાં જે ગુણવાન હતી, મૅટ્રિકમાં સેન્ટરમાં ત્રીજી આવનાર, અમારી જ ન્યાતની, ને મારી ફોઇનાં જ પાડોશમાં રહેતી.

"આમ તો મને એની કાંઇ જ બીક ન હતી. પરંતુ એનાં પુનિત પગલાં રોજ–બ–રોજ એને ત્યાં થવા લાગ્યાં ત્યારે વાતાવરણ ખરેખર બદલાતું જાય છે એ હું પામી ગઈ મારે હવે બે વસ્તુનો સામનો કરવાનો થયો : પરીક્ષામાં પાસ થવાનો ને એને ખોવાઇ જતો અટકાવવાનો. પરંતુ નિશાળેથી હું આવું તે પહેલાં તો ખાસ્સા બે–અઢી કલાક એને–એમને–મળે. અને બે કલાકમાં તો ઉખાડનાર પૃથ્વીનાં પડ પણ ઉખાડી નાંખે. મારા આવતાં પહેલાં તો એ ચાલી ગઈ હોય. ઠપકો પણ કોને દેવો ? કઈ રીતે ? કયે આધારે ? શા કારણે ?

"મારે માટે માત્ર બે જ રસ્તા હતા. કાં તો અત્યંત ચીવટથી પરીક્ષામાં રહેલો ક્રમ લાવવાનો. કાં તો વહેલાં ઘેર જઇ એની ચોકી કરવાનો વારાફરતી બન્ને માર્ગ અખત્યાર કરવાનો મં નિર્ણય

કર્યો. નિશાળેથી ઘણી વાર હું ચાર–સાડાચારે ઘેર નાસી આવતી ને અગાસીમાં બેઠી બેઠી વાંચ્યા કરતી. ને એ બન્ને જાગ્યાં સાથે દેખાય તો કૈં ને કૈં કહેવાનું મન થઈ જતું, પરંતુ કોણ જાણે કેમ એક હૂંનો પણ ઉચ્ચાર હું કરી નહોતી શકતી. કયા અધિકારથી હું એ કરી શકું ?

અંતરનો અગ્નિ આમ અંતરમાં જ ધૂંધવાયા કરતો હતો. વાંચવામાં પણ મને એના જ વિચાર આવ્યા કરતા હતા, 'એ આવી તો નહિ હોય ? ઘરમાં તો નહિ હોય ? ચાલી તો નહિ જાય ?' એવા એવા વિચારો ભૂતાવળથી જેમ મને ઘેરી લેતા ને એને જોવા –જતી જોવા–હું અગાસીમાં ને અગાસીમાં જ બેસી રહેતી. આખરે એ ન દેખાય તો નિરાશ થતી ને દેખાય તો......તો માત્ર અંતરમાં ને અંતરમાં આટલો જ ઠપકો દેતી, " તું...... તું ય ભૂંડી આવી જ કે ?"

" નદીના પૂરસમા દિવસો વહેતા હતા. અને મારા નિશ્ચયનાં વહેણ પણ રોજરોજ બદલાતાં હતાં. એક સવારે ખૂબ વાંચવાનો નિશ્ચય કરતી તો બીજી સવારે એની ચોકી જ કર્યા કરતી. પરીક્ષાને અને એને–બન્નેને ગુમાવવાની ખાતરી છતાં હું બન્નેને સાચવતી હતી અને બન્નેને સાચવવાની ખાતરી છતાં હું બન્નેને ગુમાવતી હતી. વાંચનની મહેનતમાં ને એને સાચવવાની ચિંતામાં મારા ચિત્તની ચંચળતા અને મુખ પરની મૃદુતા નાશ પામતાં હતાં.

" એનું પરિણામ આવ્યું ને મારી પરીક્ષા શરૂ થઈ. એ તો આ વખતે પણ પહેલો આવ્યો હતો. ને ગેલી છોકરી વળી બીજી આવી હતી.

" સંપૂર્ણ શ્રદ્ધા સાથે હું પરીક્ષામાં બેઠી. પરંતુ મારું મન બે ભાગમાં વહેંચાઈ ગયું હતું, ને બન્ને દિશામાં હું અર્ધે પંથે જ પહોંચી હતી. પરિણામ આવ્યું ત્યારે પરાણે પાસ કરેલા વધારાના વિદ્યાર્થીઓમાં મારું નામ છપાયું હતું. એના કરતાં તો નાપાસ

થવું બહેતર હતું. સો સો મણ શાહી મારા મોં પર ઢળી ચૂકી હતી. આશાઓના તૂટતા તાર સાથે એ સાંજે હું સોફા ઉપર બેઠી બેઠી સામે કબાટના આયનામાં જોઇ રહી હતી. ઘેર હોવા છતાં આજે મને એ મળવા પણ ન આવ્યો. ક્યા ઉત્સાહથી-શું મોં લઈને એ આવે? ને હું પણ શું મોં લઈને એનો સત્કાર કરું? અમે બન્ને એક બીજાં માટે નહોતાં જ નિર્માયાં એ નક્કી થઈ ચૂક્યું હતું. શરમથી-દુઃખથી, ઇર્ષ્યાથી ભગ્નાશ બનેલી હું બાવરી બની એટલી એકલી મૂંઝાતી હતી. કેટલી યે વાર અગાસીમાં જા-આવ કરીને બારી પાસે ઉભી રહ્યા બાદ છેવટે હું પલંગ પર પડી.

"પલંગ પર પડી — ને ઉપર મરતા માણસ જેવા નાઈટ-લેમ્પના તેજ તરફ નજર માંડી. તેજ પરથી દીવા તરફ દૃષ્ટિ ફેંકી. સામે જ આયનામાં એનું પ્રતિબિંબ જોયું. પ્રતિબિંબ પાસે છબીનું પ્રતિબિંબ, નીચે પલંગમાં મારું પ્રતિબિંબ, ને મારા પ્રતિબિંબ સામે હું — જડ — નિશ્ચેષ્ટ — અચેતન, મૂર્તિ જેવી મૂઢ, મૃત્યુ જેવી અગમ્ય ને પ્રેત જેવી ભયંકર. એક વાર મારી જાતને મેં જોઈ લીધી. પછી આયનામાં દેખાતું પ્રતિબિંબ જોયું. ઉપર એની ને મારી છબીઓનાં પ્રતિબિંબ જોયાં — ને વળી પાછી મારી જાતને મેં જોઈ લીધી. બન્ને વચ્ચે કેટલો તફાવત હતો! આંખમાં આંસુ સાથે મને શોધવાનો મેં પ્રયત્ન કર્યો. હું ક્યાં હતી? આયનામાં પણ નહોતી? જોરપૂર્વક મેં આયનામાં જોયું ને આજે પહેલી જ વાર વાર મને લાગ્યું કે હતી તો હું—ને છતાં ય હું નહોતી.

રૂખીબા

"રૂખીબા ! ઓ રૂખીબા !"

એ જ જુગજૂનો અવાજ. હું તો ભાઈશા'બ એ બોલનાર અને એ અવાજ–બંનેથી એવો તો કંટાળ્યો છું ? સૂરજ ઊગ્યા વિના રે' તો એ સાદ પાડયા વના 'રે. ભલા એ તો કાંઈ રીત છે ? હા, એકવાર બોલે તો જાણે ધૂળ નાંખી, પરંતુ રૂખીબા ય મૂવાં એવાં... બે ત્રણ વાર બોલાવે તો માંડ એકવાર બોલે પણ એમાં એમનો ય શો દોષ ?–કાને જરા ઓછું સાંભળે એટલે બીજો ઉપાયે શો ? અને બોલે ત્યારે પાછું એવું કે......પૂછીએ કે "રૂખીબા, ખાધું ?" તો કે' "એ હોં, નાયાં." એ તો છાતીનો બધો યે શ્વાસ રોકીને મોટામાં મોટા અવાજે પ્રશ્ન થાય ત્યારે જ રૂખીબા ખરો ઉત્તર આપે.

એક વખતે બહારથી ધૂવાંપૂંવાં થતો ઘેર આવ્યો ત્યારે રૂખીબા બારણામાં જ ઊભેલાં. બીજું કોઈ હોય તો તો સાધારણ રીતે ધીરે અવાજે કહી દઉં કે "જરા જવા દેજો ને !" એટલે રસ્તો મળી જાય; પણ આ તો રૂખીબા ! પડઘમના અવાજે કહીએ કે "રૂખીબા– એ રૂખીબા ! જવા દોને જરા !" ત્યારે માંડ સાંભળે, અને કદાચ અધ-કચરું સંભળાય તો વળી સામો પ્રશ્ન કરે "હેં ?" એટલે ફરી પાછી મેઘગર્જના કરવી જ પડે. અને જો બોલ્યા નહિ તો તો ભોગ મળ્યા જ સમજી લો: એમને મન તો એ બહેરાં એટલે આખું જગત

બહેરું. તે મોટે સાદે પૂછે "હેં! શું કો' છો ભાઈ!" અને તરત જ એક ફિક્કું–નિર્બળ હાસ્ય! તમારે બોલ્યા વિના છૂટકો જ નહિને! અને આમ બે ત્રણ વાર મોટેથી બોલો એટલે માત્ર સામે ઘેર રહેનાર નહિ, પરંતુ પાંચમા ઘરના પાડોશીને ય ખબર પડે કે ફલાણા ભાઈ આવી પહોંચ્યા.

અને ખરું કહું? મને તો એ જરા યે પસંદ નથી......શરમાળપણું એ ભલે હૃદયની દુર્બળતા ગણાય, પણ એ શું? એ વગરજોઈતો ઢંઢેરો? હાં તે, તે દિવસની જ વાત કરું. બજારમાં એક વેપારી જોડે જરાક જામી ગયેલી એટલે ક્રોધાવેશમાં તો ખરો જ, ને વળી શરમાળ સ્વભાવ–ઉતાવળે બોલવાની બાબતમાં હોં!–બાકી આમ તો ભલભલા રૂસ્તમને ય જોઈ લઉં તો?–ને ડોશી મૂવાં સાંભળે નહિ. એટલે મેં તો વટમાં ને વટમાં રોફથી હાથને ઈશારે ડોશીને બારણા વચ્ચેથી ખસી જવા સૂચના કરી. પણ રૂખીબા તો...વટ ને કટ તો એમને હિસાબમાં જ નહિ. ને ઈશારા બિશારાને એ ન ઓળખે–જાણે આધુનિક વિજ્ઞાનની એક શોધ ન હોય તેમ. અને ઈશારાના પ્રકારે કાંઈ થોડા છે? એમના જમાનામાં કોણ જાણે કેવા યે ઈશારા પ્રચલિત હશે! કોને ખબર!

એટલે એ તો ઊભાં–નિશ્ચલ અને નિડર અને મારો મિજાજ ગયો. નો'તું બોલવું છતાં મારાથી મોટેથી બોલાઈ જવાયું–'રૂખીબા! એ રૂખીબા! જવા દો ને!"

સામેથી જવાબ આવ્યો—"હં...અ આયા'સ્તો" અને એક અધકચરું હાસ્ય.

ઓ ભગવાન! આ ડોશીને તે શું કહેવું? હવે તો મારો મિજાજ ખરેખર ગયો–હાથથી ગયો. જોરથી હું તાડુકી ઊઠ્યો—"ડોશી! એ ડોશી! રસ્તો તો મૂકો!"

ફરી પાછું એ હાસ્ય! અને નાનો શો જવાબ "હું જોણું છું! હાઅ...હમણાં જ જોયું."

ઓ તારું ભલું થાય તારું ! આ ડોશીએ વળી શું જાણ્યું ! વેપારી જોડે ભીડેલી એ ? ભારે તિરસ્કારથી મેં પૂછ્યું—"શું કપાળ જાણ્યું તમે ?"

" હા અ...કીરપા પંડ્યા મરી જ્યા એ ના ? મણિ હમણાં જ કહી જઈ. "

મરોરે મૂવાં ! ક્યા કીરપારામ ને કઈ મણિ ? કહું છું કંઈ ને સાંભળે છે કંઈ ! કીરપારામ મરી ગયા એમાં ભાઈ મારે શી નિસ્બત ? અને હું તો એવો હસી પડ્યો ! જોયું ? ઓડનું ચોડ વેતરી બેસતાં વાર લાગે ? આ એ અમારાં રૂખીબા.

' રૂખીબા ! એ રૂખીબા !' જ્યારે જ્યારે એ અવાજ સાંભળું છું ને કૈં કૈં વિચારો આવે છે. એંસી વરસની ઉમર થઈ તો ય શરીર જુવો તો લક્કાબેન્ડ જેવું, ઘસારાનું જરા ય નિશાન નહિ ને ! કરચલી તો ભાઈ હોય, પણ કેડો જુવો તો ટટ્ટાર ને ટટ્ટાર—વાંકા વળીને ચાલવાનું જ નહિ. આંખો જુવો તો ય એવી. અંધારામાં યે જતો વીંછી રૂખીબાની નજરમાંથી ચૂક્યો તો ચૂક્યો. ફાનસ સળગાવવાની તો બાધા. કોઈ દહાડો સળગાવવું પડે તો ને ? ચાંદનીનું અજવાળું જ સોય પરોવવા માટે બસ થઈ પડે તો. એક શરદ-પૂર્ણિમાને દહાડે ચાંદનીના અજવાળામાં પચીસ વાર સોય પરોવેલી પચીસ વાર ! રૂખીબાએ, માનશો ? આ એ એમની આંખો.

અને હાથપગ જુવો તો ય...કરચલી—અંકિત, છતાં ય સ્નાયુઓ જુવો તો જાણે પહેલવાન જેવા અને જો કે એમની પાછળ છોકરાંની જરા સરખી યે ફોજ મૂકી જવાનાં નથી તો ય વાર—તહેવારે ઘર એવું...વાળીઝૂડીને સાફ કરે કે ન પૂછો વાત. મને તો થાય કે ' અરેરે ! આ ડોશીએ કોઇ...! થાકે ય નથી લાગતો ! કોણ જાણે કયા ગણા માટે આટઆટલી જહેમત ઉડાવે છે ! ' હજી તો આસો મહિનો શરુ યે...થયો નહોતો ત્યાં તો દિવાળીની તૈયારીઓ એમણે કરવા માંડી.

રૂખીબાના સંપર્કમાં આવ્યા બાદ તો આ અમારી પહેલી જ દિવાળી હતી. ભાડે રહેવા છતાં ય ઘર તો એવું સાફસૂફ કરી નાખ્યું કે છીંક આવ્યા વિના રહે જ નહિ ને ! કોકને ત્યાંથી થોડોક ચૂનો માંગી લાવ્યાં ને અંદર પાણી રેડી ઘોળવા મંડી ગયાં. કૂચડા-બૂચ-ડાની એમને જરૂર નહિ. જૂની સારવણી હોય તો ય ચાલે. પણ એ જૂની સારવણી ચૂનાવાળી કરે તો કાલે કચરો શેણે વાળે ? એટલે એ તો પલાળેલો ચૂનો હાથમાં લઈ ભીંતે લપેડવા મંડી ગયાં અને ચીંપણની ઓકળીઓની જેમ ભીંત પર પણ સફેદ ઓકળીઓનું અવનવું ચિત્રામણ દોરી કાઢ્યું. મેં કહ્યું કે, "મરો મૂવાં ! આ શીદને હાથે કરો છો ? ક્યાંક ટાંકી પડશે તો રાંધતાં રે'શો !" પણ રૂખીબા સાંભળે તો ને ? અને એ ટાંકી બાંકી પડે એ બીજાને. આજ દિન સુધી તો એમના હાથે આવી રીતે કદી યે ટાંકી પડી હોય એવું કોઈના જાણવામાં નથી. કોણ જાણે કેવી યે દવા કરતાં હશે !

પણ હવે રૂખીબાને લીંપવાની ચિંતા પેઠી. ધોળવાનું પત્યું એટલે લીંપવાનું જ યાદ આવે ને ? પોળના નાકે રબારીને ત્યાં જઈ છાણની ખબર કાઢી આવ્યાં પણ ન મળવાથી છેવટે ચાર-પાંચ પોળો ફરીને ટોપલીક છાણ ભેગું કરી લાવ્યાં. માટીનો પૈસો તો ખરચ્યા વગર છૂટકો નહિ, એટલે મને-કમને એક પૈસો ફેંકી દઈ-અને એ પૈસો ફેંકી દેતાં જે વિરહવ્યથા એમણે અનુભવી છે એ તો ભલભલા...કંજૂસને ય ટપી જાય એવી હોં !—તે, એ પૈસાની માટી ખરીદી, ગાર ચોળી તૈયાર કરી, ને પછી જોઈ લો રૂખીબાનું ઘર. લીંપેલી જમીન અને ધોળેલી ભીંતો. આંખો અંજાય નહિ તો ય રૂખીબાને હાથે ઘર ઝળાંઝળાં થઈ રહ્યું.

અને પાપડ ને વડી ને સુંવાળી ને મઠિયાં ને ધારી ને ઘૂઘરા ને કંઈ કંઈ પંદર દિવસમાં તો ખાસ્સું છ મહિના ચાલે એટલું પકવાન રૂખીબાએ તૈયાર કરી નાખ્યું. ઘરમાં ગેંદરડાએ દોડાદોડ ન કરી ત્યાં સુધી

રૂખીબા થાક્યાં જ નહિ ને. હજી તો એમને સેવો કરવાની હોંશ હતી. સેવો કર્યા વિના રૂખીબાને ઝંપ ન વળે તો. ઘરડાં ઘરડાં તોય ખાવાનો ચસકો તો એવો! સેવો વણવાનું ભારે જોર! પાંચ છ ગોદડાં તેવડાં ચોવડાં વાળી એક ખારસું ત્રણેક ફૂટ ઊંચું સિંહાસન રૂખીબાએ બનાવ્યું ને એક ફાટલી ગોદડીનો લપેટો કરી ભીંતે ટેકવી જાણે ગાદી તકિયે પોઢયાં હોય તેમ—પણ ટટ્ટાર હોં! ટટ્ટાર-ટટ્ટાર બેઠાં, ત્યારે મને તો સહેજે એમ લાગ્યું કે ઘોડેસ્વાર વળી શું વધારે સારી રીતે બેસતો હશે? અને સાથે સાથે રૂખીબા એ રૂખીબા નહિ પણ રૂખાકાકા જો હોત તો કેટલી ઝડપથી ઘોડેસ્વારી શીખી લેત એવો વિચાર પણ આવ્યા વિના રહ્યો નહિ.

પછી તો એમણે સેવો વણવી શરૂ કરી. રમુની રજા જોઈને બરાબર રવિવારનો લાગ એમણે સાધ્યો. અને રૂખીબા...! ઘરડાં ઘરડાં તોય પ્રતિભા એવી કે બોલાવે એટલે ગયા વિના ચાલે જ નહિ. તેમણે તો તરત રમુને બોલાવી વણમાગી તાલીમ આપવી શરૂ કરી.

અને પાકશાસ્ત્રીની ઢબે એમની ઘરડી-આમઠી ભાષામાં સેવો ચાળવા બેઠેલી નાની રમુને જ્યારે એ હુકમ કરવા લાગ્યાં ત્યારે તો એમણે હદ કરી નાંખી. " અલી એય..." થી શરૂઆત કરી સેવો ચાળવા બેઠેલી રમુને—મારી નાની બેનને કહ્યું કે, " જો 'લી, આ વેલો ચમ તૂટી જ્યો? ઇમ ખેંચીયે નઈ હો! હરવે હરવે આવતી જાય ઇમ ચારતાં જઈએ, અને....આ ગૂંચણું ચમ વાળી દીધું તે? ઈમ એક ઠેકાણે ઢગલો કરીએ? આમ જો એંઅ...તગડા તગડા પાડતાં જઈએં! કોકવાર તગડા પાડીએં, કોકવાર છગડા પાડીયેં. ને એંઅ...આ ગાંઠીયા આવે છે ના, તી હાથ વતી સુધારતાં જઈએ હાચ્યાં " આમ એમની વાગ્ધારા છૂટી તે ક્યાં સુધી? રમુ સાંભળતાં થાકી પણ એ કહેતાં થાકે તો ને? એને તો આંખ આડા કાન કરી નઘરોળ થઈ સાંભળી રહ્યે જ છૂટકો. કારણ કે રમુ સારી પેઠે

જાણતી હતી કે જો સામો જવાબ આપ્યો તો બે ત્રણ વાર રૂખીબા સાથે માથા ફોડી કરવા તૈયાર રહેવું જ પડશે—ને તો જ રૂખીબા જંપશે. અને તે ય બોલવાનું કે ઈશારો કરવાનું કે ડોકું ધુણાવવાનું મૂકી દો ત્યારે જ. અમારા બધા ય કરતાં રૂખીબાની ટેવની એને વધુ પિછાન, એટલે રૂખીબાની વાત નીકળતાં રમુ ઘણી યે વાર કહેતી કે, " તમે જરા સરખો પણ હોઠ ફફડાવવાનો લોભ જો રાખ્યો તો નક્કી સમજવું કે રૂખીબાનું પારાયણ ચાલવાનું. પછી છો ને તમે શું કહેવા માગો છો એની એમને ખબર ન હોય! તમારા હોઠ ફફડે એટલું જ એમને તો બસ છે.

આમ ઠાકોરજીના અન્નકૂટની બધી સામગ્રી તૈયાર કર્યા બાદ છેલ્લે છેલ્લે રૂખીબાએ પાપડ વણવા શરૂ કર્યા. એમાં એ પાપડ કરતાં કરતાં પાપડ જો સ્વાદિષ્ટ બનાવવા હોય તો મગ—અડદના ભેગા કરવા કે જુદા, મરી કાળાં નાખવા કે ધોળાં, મરચાં નાંખવાં એ સારું કે ખરાબ, એ બધી વિવાદાસ્પદ બાબતો સ્પષ્ટ કર્યા બાદ લોટ ઝીણામાં ઝીણો, આંખમાં આંજે એવો દળાવો જોઈએ, ચોખ્ખા પાપડ માટે દૂધ નહિ પણ કેળના પાણીનો ઉપયોગ થવો જોઈએ, પીઠું રીતસર—બરાબર રીતસર ઝુડાવું જોઈએ, ગુલ્લાં રૂપિયાઆરથી વધુ ન જ હોવાં જોઈએ. વેલણના ઉપયોગથી કૂતરાના કાન જેવી આકૃતિઓનું સર્જન ન જ થવું જોઈએ. કિનાર જાડી પાતળી નહિ પણ સરખી, સુરેખ ને ગોળ હોવી જોઈએ, અને એ બધાં ય કરતાં થાળી પરથી ઉખાડતાં પાપડની કિનાર જરા યે તૂટવી ન જોઈએ. એવું એવું તો બધું કેટલુંક; અને ત્યારબાદ શેકેલો પાપડ એમ ને એમ નહિ ખાતાં ઉપર ઘી ચોપડીને ખાવો જોઈએ એ બધી વાતોમાં પાપડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય પાસે બેઠેલાં વણનારને—અને ખાસ કરીને તો રમુને—આ જન્મે તો શું, ત્રણ ત્રણ જન્મે ય ન ભુલાય એવી રીતે સમજાવી દીધું. અને એમની ભાષાનો પ્રવાહ પણ એવો! લોકો કહેતાં કે યોગ્ય શબ્દોની શોધ માટે ભાષણકર્તાને જેમ ફાંફાં

મારવાં પડે છે તેમ રૂખીબાને તો કદી યે ફાંફાં નથી મારવાં પડતાં એ તો મને એ દિવસના અનુભવે જ સમજાયું.

આમ રમુ અને રમુ જેવાં બીજાં કેટલાક શિખાઉ લોકોને પાઠ આપતાં આપતાં જ્યારે બધું કામ પતી ગયું ત્યારે છેલ્લે રૂખીબાની નજર કટાઈ ગયેલાં વાસણ પર પડી. બીજે રવિવારે જમી પરવારીને વાસણનો ઢગલો કરી બારણામાં બેઠાં ને અહીંતહીંથી છાશ ને જૂની આંબલી ને લીંબુ ને નાળિયેરની છાલ લઈ આવ્યાં. પણ માટી વિના શું કરે? એટલાં બધાં વાસણ માંજવા તે કોણ મફત માટી આપે? એટલે ન છૂટકે રૂખીબા તો માટી ખરીદવા ગયાં, અને એ માટી લેવા જતાં ઊભે રસ્તે "મુવા નખોદિયા મણ-શીપાલીવાળા"થી માંડીને છેલ્લાં કેટલાંક વર્ષથી મ્યુનિસિપાલિટીએ પોળમાં પથ્થર જડવાથી લોકોને કેવી કેવી અગવડ પડે છે તેનું ધ્યાન કરતા કરતા મ્યુનિસિપાલિટીના સ્થાપક અને સંચાલકો પર નનામી ગાળોનો વરસાદ વરસાવતાં વરસાવતાં રૂખીબા તેમની સાત પેઢી સુધી—ભૂલ્યો, ગઈ સાત પેઢી અને આવતી સાત પેઢી એમ ચૌદ પેઢી સુધી—પહોંચી ગયાં. અને એ માટીનો ટોપલો માથે મૂકી ધ્રૂજતી ડોકે ઘર તરફ પાછા ફરતાં ગઈ સાત પેઢીથી તેમના પૂર્વજો વાંઝિયા કેમ ન રહ્યા, અને ઓછામાં ઓછી આવતી સાત પેઢી સુધી તેમનો નિર્વંશ કેમ ન જાય એનો ગૂઢ ઉકેલ શોધવા મથતાં હોય એવાં—કોઈથી યે અછાનાં ન રહે એવાં રૂખીબાને બડબડતા હોઠે ડગલાં ભરતાં દીઠેલાં એ તો હજી ય યાદ છે.

પણ એના કરતાં ય એક બીજો પ્રસંગ મને બરાબર યાદ છે, સાવ એજ કહું.

એક દિવસ પોષ સુદ અગિયારસ હતી—ને ભૂલભૂલમાં હું વહેલો ઊઠ્યો. એલારામ મૂકેલો ચારનો—પણ કોઈકે અડપલું કરીને બે પર મૂકી દીધેલો. ઉઠીને અગાશીમાંથી ચોકમાં નીચે જોઉં તો રૂખીબા

કંઈક પોટકું બાંધવાની તૈયારી કરી રહેલાં. આટલી મોડી રાતે શું કરતાં હશે! મનને થયું કે લાવ પૂછું. પણ એક વાર પૂછું તો તો ભોગ જ મળે ને? રૂખીબાની પ્રશ્નપરંપરા છૂટે ને આડોશીપાડોશી સૌને જગાડી મૂકે. એટલે મન મારીને હું તો બેઠો અને મૂંગો મૂંગો તે શું કરે છે એ જ જોવા લાગ્યો. ભાંગેલા કાચવાળું ફૂટલું દર્પણ, એકાદ કાંસકી, કંકુની શીશી, બેએક પંચિયાં ને એક નાનું ચાદરું લઈને એ તો રીતસરની એક પોટલી બાંધી, હાથમાં એક જૂની પુરાણી છત્રી લઈ 'બંમભોળા'નું નામ લઈને નીકળ્યાં. ક્યાં જતાં હશે એ? અનુમાન કરવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ. "ગમે ત્યાં જાય, મારે શું" એમ માની હું બેઠો.

બપોરે કૉલેજે ગયો પણ ભણવામાં યે રૂખીબાના વિચારો ઘોળાવા લાગ્યા. ઘેર આવ્યો ત્યારે જાણ્યું કે રૂખીબા તો નિયમ મુજબ એકાદશી હોવાથી નદીને આરે બેસવા ગયેલાં તે તાવ લઈને આવ્યાં છે. પરોઢના બે વાગે ગયેલાં તે બપોરે બે વાગે આવેલાં અને તે ય ટાઢીની ઋતુમાં. પછી શરદી ન લાગે તો બીજું થાયે શું? 'હત્તમારી! એ બશેર દાણાનો લોભ ન રાખ્યો હોત તો? તો આ દશા થાત? ઘરડાં થયાં તો ય શું લોભ? શું લોભ? રોજ નહિ પણ દર અગિયારસે રૂખીબા નદીને આરે બેસવા જવાનાં એ ચોક્કસ. માણસ જેમ ઘરડું થાય તેમ આટલો બધો લોભ શાથી વધતો હશે? બીજાનું આપણું તો જાય. પણ ભલાં! આપણે તો જોવું જોઈએ ને કે આ હવે ઉંમર થઈ, ને વળી ટાઢના દા'ડામાં ક્યાંક શરદી લાગશે તો! ઘરડા ખોખામાં તો જરાક સરખો પવન પેઠો એટલે બસ! આવા આવા તો કૈંક વિચારો મને રૂખીબાને જોતાં જ આવ્યા અને શમી ગયા. ચોપડીઓ રમુને સોંપી હું તો રૂખીબાના ઓરડામાં ગયો તો સગડી ધીખે એમ રૂખીબાનું શરીર ધીખતું હતું. ઘડીકના તાવે એમનો ધાંટો યે કેવો નરમ બનાવી દીધો હતો! ધીરે અવાજે એ કંઈક બબડયાં–

" ભઈ! કોણ? રમુ?"

"ના, હું વિનુ!" મેં કહ્યું—કાન પાસે મોં લઈ જઈને–ધીરે અવાજે. અને આસ્તેથી મારી તરફ નજર ફેરવી એ બોલ્યાં—

"એ તો જરા તાવ છ તી હમણાં ઊતરી જશે. મને કાંયે નથી થવાનું હોં બા!" એમ કહી પેટ ઉપરથી પછેડી જરા ઉપર ખેંચી મોં–માથું ઢાંકી એ તો નિરાંતે સૂતાં. કાંબળી યે હોય તો ઓઢેને? મને થયું કે લાવ કાંબળી ને રગ મંગાવી ઓઢાડું. વાંચવા બેઠેલી રમુને ઉઠાડી તેની પાસે કામળી ને રગ મંગાવીને ઓઢાડયાં તો તરત એ તો બેઠાં થઇને કહે, 'એ ના, ના. નથ્થ જોઇતું મારે. જરા શરદી સ તી હમણાં ઊતરી જશે."

"ત્યારે ઉકાળો પીશો?" રમુએ પૂછ્યું. પણ એની યે 'ના.'

"ના પીઓ ને ના ઓઢો તો પડી રો'ને છાનામાનાં. અમારા બાપનું શું જશે?" કહી ચિઢાયેલી રમુ તો છણકતી છણકતી કાંબળો ને રગ લઈ ઉપર ગઈ. પણ 'ના જી, ગરીબ બિચારી ડોશી! ક્યાંક લથડી જશે તો!' એમ વિચારીને મેં તો રૂખીબાને ફરીથી સમજાવ્યાં, પણ એ તો માને જ નહિ ને. 'મટી જશે, ઉતરી જશે. કાંય નઇ થાય.' ઇતિ ઈતિ એમણે તો શરૂ કરી દીધું અને તાવલાં તાવલાં તો ય બરાબર વીસ મિનિટ સુધી—આવો મંદવાડ તો એમને કેટલી ય વાર આવેલો, અને વળી એથી યે ભયંકર મંદવાડ એમને ભેટેલો, ને તો ય વગર ઉપચારે કેવો મટી ગયેલો એ બધી ભૂતકાળની વાત જ્યારે એમણે કરવા માંડી ત્યારે હું તો દિંગ થઇ ગયો.

એ રાત તો જો કે એમ ને એમ પસાર થઈ, તો ય આખી રાત ડોશીને શું થશે એના જ વિચારો મને આ૦ ।.. પણ બીજે દિવસે સવારે જુઓ તો રૂખીબા તો રીતસર નાહી ધોઇને મંદિરે જવા તૈયાર થયેલાં. ઓત્તમારી! આ...હાડકામાં તે આટલું જોર

ક્યાં ભર્યું હશે? હું તો વિચારમાં જ પડી ગયો. ન ઓઢણું, ન ઉકાળો, ન દવા, ન દારૂ; સેવા ચાકરી, ઉપચાર, કશાંની જરૂર જ નહિ! પછી કોઈને અદેખાઈ આવ્યા વિના રહે? કોઈની નજરે નથી લાગતી! ડોશી યે ખરાં તો!

પણ હાં, એક વાત કહી દઉં. આટલી ઉંમરે પણ ડોશી રાંધવા જતાં હતાં એ કહેવાનું તો ભૂલી જ ગયો, નહિ? છેલ્લાં વીસ વર્ષથી માંડવીની પોળના એક શિવમંદિરમાં એક શેઠિયાને મહાદેવજીનો થાળ અને એક સ્વામીજી-સાધુમહારાજ હોં!–સ્વામીજીને જમાડવાનો નિયમ હોવાથી રૂપિયા દસના પગારે રૂખીબા રાંધવા રહેલાં. હા, હા, રૂખીબાને પણ જમવાનું તો ત્યાં જ. પગાર તો જુદો–'રોકડો, કોરોમોરો કલદાર રૂપિયા દસનો.' આ ડોશીના જ શબ્દો કહ્યા હોં!

ઘણીવાર હું ડોશીને કહેતો કે "રૂખીબા! હવે આ રાંધવાનું મૂકી દો. ક્યાંક આંખો ખોશો આંખો!" તો કહેશે, 'ના, ભા...! ઈ ને પગતાપે તો ઊજળાં છયેં. અને મારે શાં મોતી પરોવવાં છ હવે! મહિને દા'ડે બત્રીસ ફૂદડીવાળા રોકડા કોરામોરા કલદાર રૂપિયા દહ આવે સ તી કાંઈ કડવા નથ કરવા તો? હાંઅ ...આ એ બત્રીસ ફૂદડીવાળાના લાભમાં ડોશી તો ઊપડ્યાં ને ગયાં મંદિરે. સાંજે ઘેર આવ્યાં ત્યારે કપડાં તો લથર પથર લઈ ગયેલાં. કો'ક કપાતરે રસ્તે જતાં ડોશી પર એંઠવાડનું પાણી રેડ્યું હશે તે રૂખીબા તો રડતાં કકળતાં ઘેર આવેલાં. ઠંડા પાણીની ટાઢ કરતાં ય ખરી તો રૂખીબાને એંઠવાડની ટાઢ ચઢી હતી. 'મારી ભરામણુની દેઈ વટાળી. ઈનું જડામૂળ જાય ઈનું તે." બસ એ જ શબ્દો અને આંખમાં જુવો તો બોરબોર આંસુ. પરાણે પરાણે ઊનું પાણી મૂકી નવડાવી રમુએ એમને કપડાં બદલાવ્યાં, ને તો ય આંસુ તો માય નહિ. એ દિવસે ઘેર આવીને બાળક પણ જેટલી છૂટથી ન રડે એટલી છૂટથી

રૂખીબા પોકેપોકે રોયાં અને એમ રડતાં રડતાં કંઇક ભાનમાં, કંઇક બેભાનીમાં એ બારણામાં જ ઢળી પડ્યાં.

તરત જ મેં અને રમુએ એમને ઓશરીમાં લઈ જઇ સુવાડ્યાં ને ઉકાળો પાયો તો ય ક્રોધ અને ટાઢથી એમનું શરીર થરથર ધ્રૂજતું હતું. હજી તો કાલની વાત ભુલાઈ નથી ત્યાં આજે ફરીવાર રૂખીબા શરદીનો ભોગ થઈ પડ્યાં. કલાકમાં તો એમની સ્થિતિ એવી ગંભીર બની ગઈ—હું, રમુ, બા, આડોશી, પાડોશી, અને પોળનાં કેટલાંક લોકો ભેગાં થઇ ગયાં. બા તો કેટકેટલાં દેવદેવીઓનું શરણુ શોધવા લાગી—તુળજા, ને ભેરવ, ને હનુમાન ને અંબા, ને કંઈ. અમે જ્યાં રહેતાં હોઇએ ત્યાં—એ મકાનમાં—અમારી હયાતીમાં કોઈનું મરણુ ન થાય એ બાની મોટામાં મોટી આકાંક્ષા. એમનું ચાલે તો માત્ર પૃથ્વીનું જ નહિ પણ સ્વર્ગનું પણ—કદાચ બ્રહ્માંડનું યે- દાન કરી મરતા માણસને મૃત્યુ પાસેથી એ છોડાવી લાવે. એટલે બાએ તો કંઇ કંઈ બાધાઓ રાખી. પણ પથ્થર પર પાણી. દેવ દેવી કંઇ લાલચુ થોડાં છે! પાસે બેઠેલાં ઘણાંને લાગ્યું કે રૂખીબા હવે ઘડીતડીમાં ઊપડ્યાં સમજો. અને બધાં રૂખીબાનું ભવિષ્ય ભાખવા મંડી પડ્યાં. પણ એ તે કાંઈ રીત છે? ન લેવા ન દેવા ને લાગણીના બહાના હેઠળ આ ઢોંગી કોલાહલ શા માટે? હવા આવવા દેવાને બદલે આ તો ઊલટું ગભરાવી નાંખવાની વાત થઇ. આખરે જેમ તેમ સમજાવી બધાંને કાઢ્યાં. એ રાત તો એમ ને એમ જ ગઈ. બીજો દિવસ પણ આરંયો ગયો. આજે રૂખીબાની તબિયત વધુ લથડી હતી—ને તો ય આજે મંદિરમાં જવાનો લોભ રૂખીબાએ રાખેલો. બાએ જો બે એક છણકા ન કર્યા હોત તો એ ગયા વિના રહેત પણ નહિ.

રાત્રે નવ-દશના સુમારે અચાનક રૂખીબાએ મને કહ્યું "ભઈ! વિનુ!'

મેં કહ્યું, "હાં રૂખીબા ! શું કરો છો ?" રૂખીબાની ગંભીર હાલત જોઇને બાએ તો કાલથી જ નીચે સૂવાનું રાખ્યું હતું ને હું પણ 'હમણાં જાઉં છું,' 'હમણાં જાઉં છું' કરતો નીચે જ બેઠો હતો. હું તેમની નજીક ગયો ને તે બોલ્યાં:

'જો ભા ! આપરી મધુ છે ના, (મધુ એમની ભત્રીજી થાય) ઈને જરા તાર કરો કની ક હમણોં ને હમણોં જ આવઅ !"

મધુ રહે વડોદરે. તરફ જ તાર–ઑફિસ પર જઈ એક અર્જન્ટ ટેલિગ્રામ મધુને સરનામે મેં કરી નાખ્યો. પાછો આવ્યો ત્યારે ડોશી છાનું છાનું કંઇક બબડતાં હતાં–કંઈક બોલવા મૂંઝાતાં હતાં એ સ્પષ્ટ જણાતું હતું. જીંજરનો પ્યાલો પાતાં પાતાં મેં પૂછ્યું; "રૂખીબા ! કેમ મૂંઝાઓ છો ? બોલોને !"

પણ રૂખીબા બોલે તો ને ? આંખને ઈશારે પોળનાં પાંચ માણસોને ભેગાં કરવાની સૂચના કરી ને હું ચાર–પાંચને બોલાવી લાવ્યો. એટલે એમણે કહેવા માંડયું–" જુગો ભા ! ભગવાનના ઘરનું આયું છ તી મિથ્યા નથી થાવાનું. ઈની આગળ તો દવા ને દારૂ હૌ નકામનું : પણ ભા...આ પેટી છે ના, ઈમાં એક કાળી હાલ્લીમાં કણુચીની અંદર લૂગડે વીંટીને પાન હો રૂપિયાની નોટો મૂકી છ, તી મારી મધુ આવઅ્ ઈને આલજો, ને કે'જો ક મારો દા'ડોપાણી કર્યા પછી જે અવઅ્ ઈ ઈનું. કૂંચીની ખબેર તો ઈને છ હાચ્ અાટલું ભા, મારી મધુને ના દો' ?" અને અમારો જવાબ હકારામાં હશે એમ માનીને રૂખીબાએ આંખો મીંચી દીધી:

* * *

સવારના સાડાપાંચ વાગ્યા હતા. ટાઢની ધ્રુજારી નહિ તો ય રૂખીબાને તાવ તો હજી ય નહોતો ઉતર્યો તેવામાં મધુ આવી પહોંચી –રાત્રે સાડા અગિયારે તાર મળ્યો એવી જ ત્રણની ગાડીમાં બેસી છના મેલમાં બિચારી મધુ એનાં જસુ, રસિક, ચપી સાથે આવી પહોંચી. સામાન બાજુએ મૂકી રૂખીબાને જોવા ગઇ પણ હજી હમણાં જ

માંડ આંખ મળી હોવાથી મારી બાએ રૂખીબાને ન જગાડવાનો ઇશારો કરી એને રોકી અને પછી આગલા ખંડમાં આવી બધી વાતથી એને વાકેફ કરી. અને......રૂખીબાના ગળામાં કૂંચીઓની દોરી છે કે નહિ એની જ્યારે એણે ખાતરી કરી ત્યારે જ અમને ખબર પડી કે પેટી ઉઘાડવાની કૂંચીઓ તો રૂખીબાના ગળામાં જ લટકતી હતી.

પણ રૂખીબા જશે–ખરેખર જશે–એ વિચારે મધુ જ્યારે મૂંઝાતી હતી તેવામાં રૂખીબા પાસે જઈ "રૂખીબા! રૂખીબા!" કહીને ડોશીને ઉઠાડવાનો પ્રયત્ન કરવા છતાં પણ ડોશી ન જાગ્યાં એટલે જસુ એકાએક રડી પડયો ને રૂખીબાની આંખ ઊઘડી ગઈ. એક પળમાં જ એમના જસુને ઓળખી લેતાં એ બોલ્યાં–'જસુ! મારા બાપ તું ક્યાંથી!" અને એકદમ પથારીમાં બેઠાં થઈ મધુને જ શોધતાં હોય તેમ મધુ તરફ જોઇને કહ્યું–'મધુ! બેટા આઇ ભા!"

અને પથારીમાંથી ઊઠીને ધીરે ધીરે એ તો ઓશરીમાં આવ્યાં –ને મધુને ખૂબ ભેટયાં. ને પછી તો જસુ ને ચંપી ને રસિકને એવાં તો રમાડવા મંડી ગયાં! પણ ત્યાં તો એ થાકયાં સ્તો; અને હાંફતી છાતીએ જસુને દાબી પાછા સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે તો નહિ જેવો જ તાવ રહ્યો હતો. જાણે કદી...માંદાં જ નથી પડયાં. અમને તો રૂખીબા સાજાં થશે એ વિચારે કંઇક ટાઢક વળી.–ખાસ કરીને તો મારી બાને. અને મધુ પણ...વડોદરા જેવું શહેર, અને સારા ઘરની વહુ: પછી વિવેકબુદ્ધિ હોય જ ને? 'ખરાં સગાં તો તમે.' 'મારાથી શું થવાનું હતું?' 'ડમલે દૂર એ દસકે દૂર.' એવું એવું કહી જરાક ગળગળી થઈ અમારા બધાંનો એ ઉપકાર માનવા લાગી. પણ મધુ જ્યારે એકલી પડતી ત્યારે એના મુખ પર એ શેની રેખાઓ પડતી હતી? શું વિચારતી હશે એ......છાનોમાનો હું એ જોતો, પણ મને કંઈ સમજાતું નહિ.

બપોર સુધીમાં તો રૂખીબાને સારું થઇ ગયું હતું, અને હવે કોઈની સેવાચાકરીની એમને ખાસ જરૂર નથી એમ લાગવાથી એમણે મધુને જવાની રજા આપી એટલે મધુએ ચારની ગાડીમાં જવાનું નક્કી કર્યું. હું તો હજી એમ વિચારતો હતો કે ' ત્યારે એ આવી શું...? ને વળી ચાલી શું ?' ત્યાં તો ત્રણ વાગ્યા એટલે બાએ મને ગાડી કરી લાવવા કહ્યું ને હું ગાડી કરી લાવ્યો. પછી કહે કે 'પોળ સુધી મૂકી આવો ! મારી બાએ તે...પારકી પંચાત બહુ. મનને કહ્યું ' ચાલ જીવ !' ને મધુને—એના પરિવાર સાથે—પોળ સુધી હું વળાવવા ગયો. ગાડી ચાલતાં જ જસુ મધુને ફરિયાદ કરતો સંભળાયો.

" બા ! તું કેતી ' તી ને કે રૂખીબા તો હવે મરી જવાનાં ને તને ખૂબ પૈસા આલવાનાં, ને પછી એમાંથી તું મને સાયકલ ને તોપી ને કોત લાઈ આલવાની......એ બધું કાં ગયું ?"

ને ઉપડતી ગાડીમાંથી આવો જ અસ્પષ્ટ અવાજ મેં સાંભળ્યો.

" છાનો રહે મુવા ! એવું ના બોલીએ. "

ને પછી વધુ ધીરેથી—" જોતો નથી, પેલા મામા હજી પોળે ઊભા છે તે ?—...આજે નહિ તો કાલે મરશે. "

ને ઘર તરફ ડગલાં ભરતાં ભરતાં મધુ શા વિચાર કરતી હતી એ જાણે મને સમજાતું હોય તેમ હું મનમાં બોલી ઊઠ્યો—" જોયું? આ એ અમારાં રૂખીબા ને એ એમની મધુ !"

અને એમ વિચારતો વિચારતો ઘેર આવ્યો ત્યારે તો છીંકણીના તડાકા લેતાં રૂખીબા બારણાંમાં જ બેઠેલાં.

કનુમામા

માનવજીવનનો સનાતન વૈરી એ ગાંડપણ, રમુ! નિરંકુશ હર્ષ કે શોકનું જ એ પરિણામ. અને રમુ! મૂર્છાની ભયંકર તંદ્રા કરતાં ય એ જાગૃત અભાન જેટલું માદક એટલું જ ઘાતક છે એમ તને જ નથી લાગતું શું?

આ આપણા જ કનુમામાનો દાખલો લે ને!...યૌવનનો ઉંબર તો એમણે જોયો ય નહોતો. છે...તને દલીલ કરવાની બહુ જ ખરાબ ટેવ છે હોં! ના, ના, ના. યૌવનનો ઉંબર તો એમણે નહોતો જ જોયો, માનીશ? ત્રીસ વર્ષની ભરજુવાનીમાં મરી ગયા છતાં ય એ તો એમ જ કહેવાય. બાર વર્ષનું એ ગાંડપણ! યુવાનીના પ્રભાતે જ ગાંડપણનો ભેટો થાય એને યુવાનીની શી ખબર! ભલેને એ પચાસ વર્ષ જીવે તો ય શું! અને ગાંડા માણસને પોતાની અવસ્થાનું ભાન જ ક્યાં હોય છે! અને તું જાણે છે રમુ! ગાંડો માણસ તો ગાંડપણ પછીની અવસ્થા ભોગવતો જ નથી. ચોક્કસ, તું નહિ માને. યૌવનમાં ચસકે તેને ઘડપણ ન હોય, પણ બાળપણમાં ચસકે તેને તો યુવાની યે ન હોય ને ઘડપણે ન હોય. મેં કહ્યું ને, કે પછી ભલે એ પચાસ વર્ષ જીવે તો ય શું? પણ તું નહિ માને.

પણ હું શું ખોટું કહું છું? તું જ કહેને રમુ! કનુમામા તને કેટલા સાંભરી આવે છે; હેં! અઢાર વર્ષની ઉમરે એ ગાંડા

થયા ત્યારે તું તો જનમી યે નહોતી. તને એની શી ખબર ? એ તો હાલ તું પંદર વર્ષની છે પણ કનુમામા મરી ગયા ત્યારે તો તારી ઉમર આખી આઠ કે ? અને બાર વર્ષની થઇ તો ય તું તો જાણે નાની નાદાન બાળકી ! ઘોડિયામાં હીંચતી ન હોય ! તારી નાદાનીની તે શી વાત કરું ! 'મોટાભાઇ ! ઓ મોટાભાઈ ! તે કનુમામા કેમ મરી ગયા, હેં ?' એમ પૂછનાર એ તું જ ને ? પણ તું નહિ માને.

અને મેં કહ્યું કે, 'કનુમામા તો ગાંડા હતા' ત્યારે તને કેટલું આશ્ચર્ય થયેલું ? અને પછી તો તું રોજ પૂછતી 'મોટાભાઈ ! ઓ મોટાભાઇ ! મને બતાવો ને, ગાંડપણ કેવુંક હોય ?' અને કો'ક વાર એમ પણ પૂછતી કે, 'ત્યારે મારાથી ગાંડા ન થવાય ?' ત્યારે પેલાં જમનામા શું કહેતાં યાદ છે ? "બમ્મા મારા બેટાને ! ગાંડાં થાય નહિ તારાં દુશ્મન !" છે યાદ ? ક્યાંથી હોય ? તું તો એ ય નહિ માને. હેં !...હા...જો એ જ જમના મા અને કનુમામા બા......ર ને સાત ઓગણી, ને ઓગણી ને એક; હાં, વીસ વર્ષ પર એ બંને અમદાવાદમાં જમાલપુર રહેતાં......જમાલપુર ! શું સમજી ? અરે ભૂલ્યો; સુધામામી યે સાથે જ હતાં ને ? હાં, હાં, ત્રણેય ત્યાં રહેતાં.

પોળનું નામ તો ભાઈ હું ય ભૂલી ગયો છું. પણ જમાલપુર રહેતાં એટલું જાણું. એ વખતે તેમની બાજુમાં મનુ મુકાદમ રહેતો. કનુમામાની જ મિલનો. અને......એ તો કાપડ ખાતાનો મુકાદમ હતો ને ? હા ! એટલે કનુમામાનો ઉપરી પણ એ જ રતો ! અંઅ— તને વચ્ચે બોલવાની બહુ જ ખરાબ ટેવ પડી છે. 'કેમ, એ તે કાંઇ પ્રશ્ન છે ? મનુ જ કેમ અને કનુ નહિ એ તો મિલવાળા જાણે. આવડત નહિ, બીજું શું વળી ! ઓ તો બહેન ! બધે ય એવું. દુનિયામાં તો સૌ કોઇ આવડતને પૂજે. પણ તું નહિ માને.

ના, પણ ઉપરી હોવા છતાં ય કનુમામાને મનુ સાથે બને સારું. એવો મેળ કે પોળમાં ને મિલમાં મનુકનુની જોડી પંકાય. રોજ

સાંજે બંને જણા પોળને નાકે પેલા પશાની દુકાને પાન ખાવા જાય. મૂઓ એ પશો ને મૂઆં એ પાન. લોકો કહે છે કે એમાં જ એક દહાડો કનુમામાને મનુએ કૈંક ખવાડી દીધું. સાચુંખોટું તો ભગવાન જાણે અંઅ્......'કેમ' એ તે કાંઈ ખબર છે? અને જાણું છું એ તને કે'વાય એમ નથી. વળી પાછું, 'કેમ?' એકવાર તો કહ્યું કે દુનિયામાં ઘણી એવી વાતો છે જે કહેવી હોય છતાંય ભાઈબહેન એકબીજાને કહી શકતાં નથી. લેને કહી જ દઉં! કનુમામા ઘેર હોય કે ન હોય તોય રજાને દહાડે તો આખો દિવસ કનુમામાને ઘેર મનુ પડ્યો ને પાથર્યો જ રહેતો. અને આડે દહાડેય કાંઈ ઓછો આવતો એમ નહિ. રોજના એક બે કલાક તો ખરા જ. અને જમના મા તો મૂવાં દેખે નહિ; એટલે આંધળું માણસ તો ઊંઘતું હોય તોય શું અને જાગતું હોય તોય શું? છતાં યે ડોશીને એ મનુ વિષે કે દા'ડાની શંકા ગયેલી. કનુમામાને ખબર પણ કરેલી. વઢેલાં યે ખરાં. પણ કનુમામા તો કંઈ માને જ નહિ ને! આંખળા-ભીંત કરી નાખેલા આંધળાભીંત. પણ તું એ નહિ સમજે. મિલમાં જનારો તો એવો ઉસ્તાદ હોય...! અને પાછો મુકાદમ ખરોને? કનુમામાની હાજરીમાં તો એવો કાલો ડમરો થઈને બેસી રહે કે ભલભલાં યે એનાં પગલાં ન વરતી શકે.

એક દહાડો મિલમાંથી આવ્યા પછી ખાઈ કરીને બંને જણા પાન ખાવા ગયા. એ આવ્યા તે આવ્યા. પછી એમણે પાનવાળાની દુકાન કે મિલનું મોઢું જોયું નથી. આમ ત્યારે કંઈ નહિ, અને આમ ત્યારે ખાવાને વખતે ખાય નહિ. મિલમાં જાય નહિ અને સાંજને વખતે ફરવા નીકળી પડે તે આવે રાત્રે દસ વાગે. કોઈ વખત તો બાર ને એક પણ થઇ જાય.

પણ આ તો શરૂઆતમાં. વર્ષેક થયું અને ભાઈનાં તોફાન તો વધતાં ચાલ્યાં. રોજ સવારે ઊઠીને પહેલાં તો જે ઘરમાં હોય તેના

માથામાં વિચિત્ર રીતે એક એવો ધબ્બો મારે કે ન પૂછો વાત. ઓછામાં ઓછો પા કલાક તો એનો ઝણઝણાટ ચાલુ રહે. પણ એ ય શરૂઆતમાં હોં. જો, કહ્યું નહિ કે વચ્ચે ન બોલાય? શરૂઆત એટલે ધબ્બો મારવાની ટેવની શરૂઆત; ગાંડપણની નહિ. ગાંડપણ તો ત્યારે એક વર્ષનું જૂનું થઇ ગયું હતું.

અને જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ એમણે તો નવા નવા નુસખા અજમાવવા માંડયા. ધબ્બો મારવાની ટેવથી તો હવે તેમનાથી કોઇ જ અજાણ્યું નહોતું. પણ ગાંડા માણસોની બુદ્ધિમાં ય કોઇ અજબ પારો ભર્યો હોય છે. ડાહ્યા માણસની બુદ્ધિને ય તે ઘણીવાર એવી થાપ આપે છે કે ઘડીભર મનમાં થઇ જાય કે સાળું આ પણ ખરું.

પહેલાં તો કોઇ મળે તેને આશીર્વાદ આપવાને મિષે હાથ ઉપાડે ને ઘડીક માથે ફેરવે. અને પછી નજર ચુકાવી ઓચિંતાનો એક એવો ધબ્બો મારે કે કલાક સુધી તો બિચારું ઊંચી આંખ ન કરી શકે, ઊંચી આંખ. પણ તું નહિ માને! અને ખબર છે રમુ! એથી યે વધીને નાનાં બાળકનાં ઓવારણાં લેવાને બહાને જ્યારે એ બાળકોને ય છોડતા નહિ—ધબ્બો મારવામાંથી—ત્યારથી તો બિચારાં છોકરાં પણ તેમનો પડછાયો તજી ગયાં હતાં. પણ તેથી શું? એમને કાંઈ શિકારની ખોટ થોડી જ હતી? રોજ ને રોજ કોઈ હરિનો લાલ મળી જ રે'! નાનું નહિ તો મોટું, ને મોટું નહિ તો નાનું. એક વખત નજરે પડવું જોઈએ. અને કનુમામાની નજરમાંથી કોઇ બચ્યું છે કે બચે? મોટો રૂસ્તમ હોય તો ય શું?

અને પછી તો એમણે હદ કરી. આ તારી સુલાભાભીને ય રોજ વખત બે વખતે એક બે ધબ્બા તો અચૂક મારી જાય. એકલી એને જ એવું નહિ, પેલી નર્મદા, શોભા, પેલી......હેં! હા, તું ય

ખરી. જોને, તું જ કેવી નાસી ગયેલી ? અને તારી ભાભી તો,–બિચારીનું શરીર જ ક્યાં સારું છે ? પણ ભાઇશા'બ ! એ ય એવી જક્કી છે ! એક વખત ટપલી લગાવવા દે તો શો વાંધો ? પણ એ તો બારણાં વાસીને એવી ઘરમાં ભરાઈ રે' ! અને...પછી તો કનુમામા પણ બસ બારણાંમાં જ અડ્ડો લગાવી ઊભા રે' !...પછી ભલેને સાંજ પડે તો ય શું ? ખાધું ન હોય તો શું ? અને પછી તો જોવાની એવી મજા આવે ? એને તો જાણે આખા દિવસની સજા માર્યા જેવું જ થઇ જાય. હું બહાર આવીને કહું કે, “ કનુમામા ! તમે જરા ઘેર જાવને, હમણાં મોકલું છું ” તો કહેશે, “ ના, પણ એ જરાક બહાર આવી જાય એટલે બસ. હું મામોજી થઈને એને આશીર્વાદ ન આપું ? આશીર્વાદ દઈને હું તરત ચાલ્યો જઈશ. ” ઘણું ઘણું સમજાવ્યા છતાં ય એ તો ન માને અને એ ય ન માને ! બંને એવાં અડિયલ ! અને વળી એ તો એમના કરતાં ચાર ચંદરવા ચઢે એવી. ગમે તેવું જરૂરનું કામ હોય છતાં ય કનુમામા હોય તો બહાર ન આવે તે ન જ આવે. જવા દેને વાત. આજ–કાલની સ્ત્રીઓ બધી યે એવી પણ તું એ નહિ માને.

પણ એક દિવસે તો પરાણે પરાણે એને હું મનાવી લાવ્યો. કારણ કે સાંજના ચારથી તે સવારના નવ સુધી કનુમામા તો આખી રાત અહાલેક જગાવતા બારણાંમાં જ બેઠા હતા. અને ઘર બહાર નીકળ્યા વિના તે કંઇ ચાલે ? પરાણે પરાણે એ બહાર આવી અને કનુમામાએ ઘણા દિવસની એમની ઇચ્છા સંતોષી. હા, હા, ટપલી લગાવવાનીસ્તો, બીજી શી વળી !

પણ આશ્ચર્યની વાત તો એ છે કે માત્ર એક ધીરી ટપલી લગાવીને કનુમામા તો વગર કહે સીધે સીધા પાછા ચાલ્યા ગયા. તને નવાઇ લાગે છે, નહિ ? સુલાને ય નવાઈ લાગી'તી હો ? તે દિવસથી એની બીક જતી રહી. અને પછી તો રોજ સવારે કનુમામા આવે

ને એના ઘૂમટો તાણેલા માથે એક આછી ધીરી ટપલી હળવે હાથે લગાવી જાય.

પણ પછી તો એ નવાં નવાં કૌતુક કરવા લાગ્યા. આછી ધીરી ટપલી તો ધીરે ધીરે વધીને રીતસરનો એક ભયંકર ધબ્બો બની ગઈ. અને તદુપરાંત પગ દબાવવાની એક નવી તરકીબ એમના ભેજામાં ફૂટી નીકળી. પણ યુવાન સ્ત્રી–પુરુષ કે બાળકોના પગ દબાવવા એ તેમને મન હરામ હતું. માત્ર ઘરડાં ખોખાંઓના પગ દબાવવાનો જ ઈજારો એમણે તો રાખવા માંડયો. કોઈ ડોસાને “ કાકા લાવો તમારા પગ દબાવું ! ” કે ડોસીને, “ મા, પગ બહુ દુ:ખે છે, નહિ ? લાવો જરા દબાવી આપું !” એમ કહેતાકને... સામાના જવાબની રાહ જોયા વિના જ એ તો પગ દબાવવા મંડી જાય. પણ પરિણામે એ લોકોની લુખ્ખી ગાળો કે દુર્બળ ધક્કો જ એમને મળતો, કારણ કે પગ દબાવવાની એવી કળા એમને સાધ્ય હતી કે સામાના પગના ગોટલા ઊતરવાને બદલે ઊલટા વધારે જ ચઢે. અને પછી તો એ ડોશીમાનો દો'ક દીકરો કે એ કાકાનો કોક ભત્રીજો કનુમામાની બરાબર ખબર લઈ નાંખે. અને તો ય કનુમામા તો રોજ એના એ. પછી પોણો મણ માર ખાધો હોય તો ય શું ? ને મણના પાંત્રીસ શેર થયા હોય તો ય શું ?

પણ એક વખત સામો થયો એ તો જાણે મર્યો જ સમજો, મારથી ગમે તેટલા અધમૂઆ થયા હોય છતાં ય લાગ આવ્યે એક એવો ધબ્બો પેલાને લગાવી દે કે એ તો બિચારો જિંદગીની ખો ભૂલી જાય; અને કનુમામાનો ધબ્બો એટલે શું ! સિંહનો પંજો જોઈ લો, સિંહનો.

પણ રમુ ! લોક લોક ને મેલે પોક. આપણે તે કાંઈ એમના અન્નદાતા હતા કે કનુમામાનો માર વિના વિરોધે તેઓ સહી લે ? અં'અ, આપણે એટલે કનુમામા, આપણે નહિ. હા, હા, તું ને હું નહિ, લે, હવે છે કાંઈ ? તને શબ્દો પકડી લેવાની એવી ખોટી ટેવ

પડી છે : હાં, તે...લોકો તો પછી છૂટે હાથે, હાથ આવે તે લગાવી દેવાનું ચૂકતા નહિ અને કનુમામા ય મૂઆ એવા કે જેમ વધુ માર પડે તેમ એમને વધુ ગમ્મત આવે. ગાંડાઓમાં આટલું બધું જોર કોણ જાણે ક્યાંથી આવતું હશે એ તો મને ય સમજાતું નથી. અને પછી તો કનુમામા ય આખા ગામમાં બસ એવા ઘૂમે કે ...વીફરેલો સાંઢ પણ એના કરતાં સારો. દેન છે કોઇની કે તેમને પકડી શકે ? પણ એક સુધામામી ને બીજો હું—અમને દેખે કે તરત શાંત પડી જાય. શાથી, એ તો ભગવાન જાણે. કનુમામા જાણે. પણ ભાઈ મને તો હજી ય સમજાતું નથી. અને હા મને કે સુધામામીને કદી એક ટપલી ય પણ એમણે લગાવી નથી. સાચે જ. હા, પણ તું ન માને એટલે શું ? હું કાંઈ ખોટું કહું છું ? મને એ ય નથી સમજાતું કે આમ વાતવાતમાં તને અવિશ્વાસ કેમ આવે છે વારુ ? આમ ડગલે ને પગલે તને જો વિશ્વાસ ન રહે તો લેને, વાત જ પડતી મૂકું. હા, તો એમ ડાહી થઇ જાય તો ?

ખરેખર, મને કે સુધામામીને તો એક ટપલી ય એમણે કદી લગાવી નથી. લોકો કેટલી યે વાર કહેતા કે, " અલ્યા કનુ ! આ બધાંને માર છ ને આ સુરુને કેમ મારતો નથી ! " તો કહેશે, " સુરુ-ભાઈ તો ભાણાભાઇ થાય. ભાણાને મારીએ તો પાપ ન લાગે ? " તો વળી કોઈ પૂછે; ત્યારે સુધાને કેમ મારતો નથી ?" તો કહે કે; " એનો બિચારીનો શો વાંક ? એને માથે ઓછું દુઃખ છે ? માર્યા વિના એ તો મરેલા જેવી જ છે ને ?" અને આવું સરસ ભાન હોવા છતાં કનુમામા કેમ ચસકી ગયા એ તો ઘડીભર કોઇને ય સમ-જાતું નહિ. લોકો ભલે એ ગાંડપણનું કારણ સુધામામીને માને, પણ મને તો એમ જરા ય લાગતું નથી, ને લાગ્યું યે નથી. હા, મનુનું ચારિત્ર્ય કદાચ દુર્બળ હશે...પણ કનુમામા ગાંડા થયા બાદ મેં તો એમને મનુ સાથે ખુલ્લે મોંએ વાત કરતાં કદી યે સાંભળ્યા નથી. અને ખાતરી વિના એમના માટે એવો વિચાર કરવાનું પાપ મારાથી

થાય જ કેમ ? અને લોકો તો બહેન ! આમે બોલે ને તેમે ય બોલે, જગતની જીભ તે કાંઈ ઝલાય ?

પણ એક દિવસ તો કનુમામા બરાબર માથું રંગીને ઘેર આવ્યા. કોકની જોડે ભયંકર યુદ્ધ થયેલું બીજું શું વળી ? માથામાંથી લોહી તો ધડધડ વહે જ જતું' તું. ઘેર આવીને એ તો પડ્યા. જોતજોતામાં બધાં સગાંવહાલાં ભેગાં થયાં. મોટામામા, દેવામામા, છનાકાકા—બધા જ અને મોટામામા તે કંઈ માણસ છે ? એમણે તો ઉપરથી એમને મારવા લીધા. બધાં કહે " અરે, અરે, એને શું કરવા મારો છો ? એને ભાન હોય તો આવું કરે ખરો ?

છતાં એમણે તો એવા માર્યા કે સાચે જ કનુમામા બેભાન થઇ ગયા. ઘણા ઘણા ઉપચારને અંતે બે કલાકે એમની મૂર્ચ્છા વળી. સંબંધીની ખરી કસોટી તો આવે વખતે જ હોય. દુશ્મનને પણ દયા આવે એવી એ સ્થિતિ હતી. રમુ ! પણ મૂર્ચ્છામાં સગાંએ ગાંડપણમાં વૈરી બને છે એ તો મેં ત્યારે જ જાણ્યું—જ્યારે એમને હાથેપગે મોટામામાએ બેડીઓ નાંખી. પણ એમાં મોટામામા ય શું કરે? કારણ કે મૂર્ચ્છા વળી કે તરત જ કનુમામા ક્યાંક બહાર ગયેલા તે વળી પાછા વાગેલા પર જ વગાડીને આવ્યા. અને પછી તો મોટામામાનો મિજાજ હાથ રહે કે? એમણે તો પછી એવા માર્યા, એવા માર્યા...કસાઈ યે એટલો નિર્દય ન હોય. એ જ દિવસે કનુમામા ફરી બેભાન થયા. તો ય મોટામામા તો ઢસરડીને છેક ત્રીજા ઓરડામાં તેમને નાખી આવ્યા. તાળું મારી, કૂંચી ખીસ્સામાં મે'લી ચાલતા થયા. હવે એમની શી દશા? એ મૂર્ચ્છા વળશે કે કેમ ? અને વળશે તો ક્યારે વળશે? એમ વિચારતાં સૌ ઓસરીમાં બેઠાં હતાં. અને મૂર્ચ્છા વળતાં પોતાને ઓરડામાં પૂરેલો જોઈને શું કરશે એનું ય શું કહેવાય? અને કૂંચી વિના બધાં કરે પણ શું?

ત્રણેક કલાક તો બધાં બાહુકની જેમ બેસી રહ્યાં. એવામાં ઓચિંતાનું ઓરડાનું બારણું ચણિયારામાંથી ઊતરતું બધાંએ જોયું

અને ઘડીભર તો બધાં એવાં ગભરાઈ ગયાં! હવે એ શું કરશે એ વિચારે બધાંના જીવ ઊંચા થઇ ગયા. પણ ત્યાં તો મોટામામા આવ્યા સ્તો. અને ઘડીક બધાનો જીવ હેઠો બેઠો. પણ હવે મોટામામા શું કરશે એ વિચારે ફરી પાછા બધા મૂંઝાઇ ગયા. અને મોટામામા પણ આજ તો રાક્ષસ બન્યા હતા. બજારમાંથી લુહારને ત્યાં જઈ હાથપગની મજબૂત બેડીઓ હાલ ને હાલ ઘડાવી લાવ્યા, અને દેવામામા ને છનાકાકાની મદદથી કનુમામાને પહેરાવવા લાગ્યા. એક બાજુ આ ત્રણ રાક્ષસો અને બીજી બાજુ મોટો ભીમ! એકલા હોવા છતાં ય કનુમામાએ બેડી પહેરતાં પહેરતાં ત્રણને ત્રાહી પોકરાવી. બહાર નીકળીને ફરી પાછું ઓરડાનું બારણું ચઢાવી કનુમામાને એમણે અંદર પૂર્યા.

હવે તો માત્ર ખપપૂરતો જ ઓરડો ઉઘાડવામાં આવતો, બાકીનો બધો વખત બંધ. અને બેડીઓ પણ ખાવાપૂરતી જ ખોલવામાં આવતી. પણ હમેશા છૂટો ફરનાર માણસ તે બેડી અને ઓરડામાં પુરાઈ રહે ખરો કે? બીજે દિવસે બપોરે જુઓ તો હાથપગની બેડી તો શું પણ ઓરડાનું જાળિયું તોડી કનુમામા ક્યાંક નાસી ગયેલા. હા, હા, જાળિયું-માનીશ? પણ તું નહિ માને-તે રાતના બે વાગ્યા સુધી આવ્યા જ નહિ. અહીં તો બધાએ શોધાશોધ કરી મૂકી. કોઈના જીવમાં જીવ ન મળે. સવારે જોયું તો ખડકીનું બારણું ઉતારીને ભાઇ તો ખારસા ચોકમાં પડયા હતા.

હવે તો ભાઇ અમે યે કનુમામાથી કંટાળી ગયા હતા. પછી તો મોટામામા ડબલ બેડી કરાવી લાવ્યા અને બેડી ને સાંકળમાં તેમના હાથ ને પગ જકડી લીધા. પણ તે દિવસથી કનુમામાએ તો અપવાસ કરવા માંડયા. ચાર ચાર દિવસ થયા કંઇ ખાય જ નહિને! કોઈનું ય કહ્યું ન માને. સુધામામીનું ય નહિ. અને સુધામામી તો ભાગ્યે જ એમની પાસે જતી. એમની પાસે તો શું કોઇની ય પાસે નહિ.બોલતી પણ ન છૂટકે જ. આખો દિવસ ઘરનું કામકાજ અને કામ

ન હોય ત્યારે બસ સૂમસામ એક બાજુ બેસી રહે. એના પેટમાં કેવી અગન બળતી હતી એની કોઇને શું ખબર રમુ! એના અંતરની વેદના જાણે એવું કોણ હતું? એના જીવનની પ્રત્યેક પળે જીવન ઉચ્છેદના છેહ દેવાતા હતા. એના દેહના રૂંવેરૂંવે કાંટા ભોંકાતા હતા. પરણ્યા પહેલાં ભાઇને ઘેર તો સુખી નહોતી, પણ પરણીને સાસરે ય શું સુખ જોયું? બે વર્ષમાં તો કનુમામા ગાંડા થઇ ગયા. તેના સુખદુઃખની વાતે ય કરે પણ કોને? જેને કહી શકે એને એના જ સુખનું ભાન ન હોય ત્યાં? તું જ કહેને રમુ! કનુમામા જીવતા છતાં એને તો મૂઆ સમાન જ હતાને? માત્ર લોકોની દૃષ્ટિએ નહિ એટલું જ ને? અને એ તો બાર વર્ષ રહ્યા, પણ પચાસ વર્ષ ગાંડા રહ્યા હોત તો ય સુધાની જીંદગીને શું સુખ? અત્યારે વગર જોયે બળે છે ને પેલું નજરે જોઇને બળત એટલું જ ને? અને આજે ય એના હૈયે તો હોળી જ ભડે છે નાં! મરતાં સુધી ય એ ભડકા કાંઇ થોડા જ શમવાના છે? અને મર્યા પછી ય એ ભડકા નહિ બળે એની શી ખાતરી? ચેહના પુણ્યાગ્નિ કરતાં એ ભડકા તો વધુ પ્રબળ છે બહેન! પણ તને એ ન સમજાય.

આખરે હું એમને મનાવવા ગયો. મને કહે કે, “મારા આ બંધ છોડો તો ખાઉં,” મેં તેમ કર્યું. પછી કહે કે “ડોશીના પગ દબાવવા દે તો ખાઉં”—જમનામાના. મેં તેમ પણ કરવા દીધું, મોટામામાની નામરજી છતાં. પછી ચુપકીથી...મોટામામાને એક બે મણનો ધબ્બો લગાવી આવ્યા. પણ તો ય મોટામામા એક અક્ષરે ન બોલ્યા. એ દિવસે તો તે માણસ બન્યા હતા. પણ કનુમામાએ જ્યારે કહ્યું કે, “બસ હવે સુધાને આશીર્વાદ આપીને જમી લઉં.” ત્યારે તો મોટામામાનો મિજાજ હાથ ન રહ્યો. “ન ખાવું હોય તો ભલે લાંઘણ કરીને મરી જાય. હરામખોરને ખાવું નથી ને બધાને હેરાન કરવાં છે, કેમ?’ એમ કહી એમણે તો એક ધક્કો મારી જોરથી કનુમામાને ઓરડામાં ધકેલી દીધા. પણ કનુ-

મામાય ભાઇશ્રી'બ ! તોબા......એમનાથી તો. વળકવળમાં સમજે જ નહિ ને! પણ ભૂલ્યો. એવું સમજતા હોય તો એમને ગાંડા શું કરવા કહેત ? એ તો બમણા વેગથી બહાર આવ્યા અને ફરીથી ઊછળીને એક ધબ્બો મોટામામાને લગાવી દીધો. જો, નહોતું કહ્યું કે જેમ વધુ માર ખાય તેમ એમને વધુ જોર આવતું. એ વખતે જો હું ન હોત તો કોણ જાણે શું યે થઈ બેસત. પણ શાંતિથી મેં મોટામામાને સમજાવી લીધા. પણ હવે સુધાનું કેમ ? એ તો એવી ગભરાઈ ગઇ હતી કે ક્યાંક કશોલું વાગી બેસે ને કળ ચડે ત્યારે ? અને કનુમામા કે' તેને આશીર્વાદ (?) દીધા વિના ખાઉં નહિ. હવે એમાં મારે કરવું શું ? જેમ તેમ કરી સુધાને સમજાવી લાગ્યો તો ખરો. પણ કનુમામાએ તો એવો આશીર્વાદ આપ્યો ! હજી ય એને યાદ છે. પૂછી જોજે ને ! બરાબર ચાર દિવસ સુધી એને તાવ આવેલો. પણ તું નહિ માને.

છેવટે ખાધું તો ખરું—અને તે છેવટનું જ. પછી કદી ય એ ઘરનું અનાજ એમણે ચાખ્યું નથી. સાંજે સુધાને તાવ આવવાની જાણ થતાં જ મોટામામાએ એમને ખાવાનું આપવાનું બંધ કર્યું. બીજે દિવસે સવારે ડબલ બેડી પહેરાવી, કાથીના મજબૂત દોરડે બાંધી અદ્ધર લટકાવી, ઓરડો બંધ કરી, તાળું યે મારી, કૂંચી લઈને એ તો પહોંચ્યા સીધા ગાંડાની ઈસ્પિતાલમાં—તે આવ્યા બપોરે બે વાગે. આવીને તરત જ કનુમામાના બંધ છોડી નાંખ્યા—તો ય એમનો મિજાજ તો ઠેકાણે નહોતો એમ સ્પષ્ટ લાગતું હતું. કલાકેક તેમને છૂટા રે'વા દીધા—એ શું કરે છે તે જોવા. પણ છૂટા રહે એટલે ધબ્બો માર્યા વિના એ બીજું શું કરે ? અને પછી તો મોટામામાએ નિશ્ચય કરી નાખ્યો—જો કે ઘેર આવ્યા ત્યારે ઇસ્પિતાલમાં લઈ જવાનો નિશ્ચય કરીને જ આવ્યા હતા—એ, દેવામામા, ને છનાકાકા ત્રણે મળી એમને મોટર સુધી ઘસડી ગયા. જતાં જતાં મને શું કહેલું, યાદ છે ? "ભાણાભાઇ ! ઓ ભાણાભાઈ ! આ રાક્ષસના

હાથમાંથી છોડાવોને ! મને લઈ જશો હો ! ભાણાભાઈ ! ઓ ભાણા-ભાઈ !" પણ હું શું બોલું ? માત્ર ટગર ટગર સામે જોયા કર્યું એટલું જ. અને મારાથી બીજું થાયે શું ? ગમે તેવા તોય એ તો એમના ભાઇ હતા ને ? અને મોટર ઊપડી ત્યારે તું કેવી રડતી'તી ! યાદ છે ? એ વખતે તું આખી સાત વર્ષની. તું તો ન જ માને તો. પણ જોને અત્યારે ય તારી આંખો કેવી ભરાઈ ગઈ છે ?

એમને મૂકી આવ્યા બાદ અઠવાડિયા પછી જ્યારે આપણે મળવા ગયાં ત્યારે કેવા વહાલથી એમણે તારી પીઠ થાબડી હતી ? અને બધાંની ખબર પણ કેવા ધ્યાન દઇને પૂછતા હતા ? જરી યે લાગતું કે એ ગાંડા હશે ? અને જતાં જતાં તને એક ટપલી લગાવી છતાં મને તો આંગળી સુદ્ધાં નહોતી અડાડી; છે યાદ ? ક્યાંથી હોય ! તું તો કાલે શું ખાધું'તું એ ય ભૂલી ગઈ હોઇશ.

અને પછી તો મારી બદલી મુંબઇ થઇ એટલે દિવાળી પર ઘેર આવ્યો ત્યારે જ આપણે મળવા ગયાં હતાં ને ? તે દિવસે તેમણે શું કહ્યું હતું, યાદ છે ? "ભાણાભાઈ ! આ બંદીખાનેથી છોડાવોને ! અહીં તો પૂરો ભ્રષ્ટાચાર છે. મારું ખોળિયું શીદને અભડાવો છો ?" ત્યારે મેં કહેલું કે, "ડાહ્યા...થઈ જાઓ એટલે લઇ જઇશ." તો કહે કે, "હું તો ડાહ્યો જ છું....મારામાં શું ગાંડપણ છે ? અને ગાંડો હોઉં તો ગ—ગાંડાને ઘેર ન લઈ જવાય ?" અને મેં કહ્યું કે "ના." ત્યારે એમણે કેવો ઊંડો નિશ્વાસ મૂક્યો હતો ?

અને પંદર દિવસ બાદ, જવાને આગલે દિવસે, આપણે મળવા ગયાં ને જાણ્યું કે હવે બીજે દિવસે આપણે ચાલ્યાં જઈશું અને તેમનું કંઈ કર્યું નહિ ત્યારે પેલી મોસંબી ને બરફી ને પૂરી—કશા-યને ન અડતાં એમણે કહ્યું, "ઘણું યે ખાધું ભાણાભાઇ ! હવે તે શું ખાય ?" એ સાંભરે છેને ? તે વખતે મારી આંખમાં કેવાં આંસુ ભરાઈ આવ્યાં હતાં ? અને પછી તો આપણે કેટલીક વાતો

કરી, કેટકેટલા સવાલ પૂછ્યા, છતાં એક અક્ષરે એ બોલ્યા નહિ. અને પછી પેલા કોઇ ભકતકવિની યાદ રહી ગયેલી ટૂંક—'ઘણું ખાધું પીધું, ઘણા ભોગ કીધા, રૂડા રામજીએ, આવી દંડ દીધા.'—એમ બોલતાં બોલતાં એ ખાવાનું જ્યારે એમણે કૂતરાંને નાંખી દીધું ત્યારે તો પેલો જમાદાર પણ ગળગળો થઇ ગયો હતો ને?

અને પછી તરત જ—કૂતરાંને ખવડાવ્યા બાદ—પોતાની ઓરડી તરફ જતાં જતાં, "ત્યારે હવે કનુમામાને મળવા ન આવશો, હોં ભાણાભાઈ!" આવું બોલતા તો તેં પણ એમને સાંભળ્યા જ હતાને?

અને યાદ છે રમુ! બીજે દિવસે સવારમાં ગાડી ઊપડવાના બે કલાક પહેલાં જ કનુમામાના ગત થયાના સમાચાર આપણને મળ્યા ત્યારે બધાંને કેવું આશ્ચર્ય થયેલું!

અને જ્યારે દવાખાનામાં તેમનું શબ લેવા આપણે ગયાં ત્યારે એ વેરાન, નિર્જન ઓરડીમાં કીડીઓથી ઘેરાયેલા કનુમામા —એમનું શબ, મને જાણે કહી રહ્યું હતું, "ભાણાભાઇ! ઓ ભાણા-ભાઈ! આ બંદીખાનેથી છોડાવોને!"

હજીય દર બારશે મને તો કનુમામા એની એ જ આજીજી કરે છે, "ભાણાભાઇ! આ બંદીખાનેથી છોડાવોને! અહીં તો પૂરો ભ્રષ્ટાચાર છે!" પણ હું નહિ માને.

કાળિયો

પોતાના નામને સાર્થ કરનારા તો દુનિયામાં વિરલ જ હોય છે, પરંતુ આભ તૂટે કે પાતાળ ફૂટે તો ય કાળિયાને તો એ કોટિમાં તમારે મૂકવો જ પડશે. ડુંગળીશા ડોળાને નાકની દાંડી સામે જ નહિ પણ ચોતરફ ચકરચકર ફેરવતો, ઉતાવળે પગે ડગલાં નહિ પણ ફલંગો ભરતો. મણથી માંડીને ત્રણ મણ સુધીનો ભર્યોભર્યો કોલસાનો કોથળો પીઠ પર ઉંચકીને રાયપુરને રસ્તે દોટમદોટ દોડયો જતો એકવાર તમે જો એને જુઓ તો પછી બે ખભા પર બે માણસને બેસાડીને ટેકરી ચઢતા બાબરની દંતકથા સાંભળીને તમને જરા યે અચંબો નહિ થાય.

મૂળ તો એ ધાંગધ્રાનો: પણ ધાંગધ્રા માટે એને જરા યે માન નથી. ધાંગધ્રા નામ સામે જ એને ચીડ છે. ગમે તેવા ભૂખડું, જનમ ધરીને જોયેલ પણ ન હોય એવા વતનને વખાણનારા તો દુનિયામાં ઘણા હશે. પણ જે વતને એને જર તો નહિ પણ જમીન ને જોરૂ અપાવ્યાં છે એવા વતનની—પોતાના જ વતનની—મોં ભરીને નિંદા કરનાર જો કોઇ હોય તો—કાળિયો એનું જ્વલંત ઉદાહરણ છે. ધાંગધ્રાનું નામ આવે છે ને એ ઉકળી ઊઠે છે. નોકરીમાં રહેતા પહેલાં શેઠે એના વતનની પૂછપરછ કરી ત્યારે જરા યે સંકોચ વિના ને અસંતોષભર્યા સંતોષથી કાળિયાએ કહેલું કે, "વાત જ પૂછશો મા. કટમકભીલો, નાતજાત, ખેતર પાધર,

બૈરાં છોકરાં ઈ બધું ય ન્યાં રિયું એટલે વતન તો ધાંગધ્રા જ નાં! પણ ઈમ કયો શેઠ મારા કે ઈશ્વરની મેરબાનીથી ધાંગધ્રાએ મને જમીન ને જોરૂ બે જ દીધાં છે; નહિ તો જર, જમીન ને જોરૂ ઈ ત્રણેય કજીઆનાં છોરૂ. ને ધાંગધ્રાએ મને દીધું ય શું? હતું એટલું ય ઝૂંટવી લીધું છે, અને હવે બધું ન્યાં ને ન્યાં મૂકીને અમદાવાદ જેટલે છેટે પેટ ભરવા આવવું પડયું છે."

દેશી રજવાડાની તો વાતો જ જુદી છે. કાળિયાને માથે ધાંગધ્રામાં શું વીત્યું હશે તે તો ખબર નથી, પણ અમદાવાદમાં કાળિયો ત્યારથી મનમાં ધારીને આવ્યો છે કે એક વાર આંહીં પગભર થઈ જાઉં, ઘરને આંહીં બોલાવી લઉં, પછી મરું ત્યાં સુધી ધાંગધ્રા સામું ન જોઉં.

કાળિયાને એવો જ રોષ છે 'દાનવીરો' ઉપર. 'ઈ લખેશ્વરી-ઓને હું ઓળખું છું.' સંભવ છે કે કોઈ પૈસાદારની રહેમ-નજરને લીધે જ કાળિયાને ઘરની ખેતી મૂકી આંહીં અમદાવાદમાં કોલસાની મજૂરી કરવા આવવું પડયું હોય! કોઈની અનુકંપા એ લેતો નથી. માટે જ બે પૈસાનું ચાનું કોડિયું પાઈને એની ઉપર દાનવીર કર્ણની છાપ પાડવા મથતા કેટલાક પુરુષોના પ્રયત્નોને એણે ધૂળમાં મેળવ્યા છે.

આમ પ્રથમ એની વાચાળતા અને પછી ગંઠાયેલા તગડા શરીરથી ત્રેવડું કામ આપવાની એની શક્તિ પર મુગ્ધ થઈને એના શેઠે એને નોકરીમાં 'કાયમ' કર્યો. રાયપુર દરવાજા બહારની કોલસાની દુકાનમાં એ નોકરી જ કરે છે છતાં બારે પહોરે ને બત્રીસે ઘડી એ દુકાનમાં ને દુકાનમાં રહે છે, કેમ કે ધાંગધ્રાથી પૂંજીમાં એ માત્ર હાથ પગ ને હૈયું જ લાવ્યો હતો. એટલે દિવસના બાર કલાક શેઠ કહે એને ત્યાં કોલસા મૂકી આવવાની ફરજિયાત, ને રાત્રે બાર કલાક દુકાન સાચવવાને બહાને દુકાનમાં સૂઈ રહેવાની મરજિયાત

નોકરી કરતો હોઈ ચોવીસે કલાક એ દુકાન પર જ હોય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એમ કરવાની પાછળ એનો હેતુ તો ઘરભાડું બચાવવાનો જ છે. વળી સાંજ પડયે ઉઘરાણીનો બોજ પણ પોતાના માથે ઉઠાવી લઈ કાળિયે એના શેઠને નચિંતપણે ગાદી-તકિયે પગ લંબાવી એમની દુંદને સલામત રાખવાની સગવડ કરી આપી છે. માત્ર અભણ છે—ખાસ તો નામું લખવાની બાબતમાં—બાકી આમ છ ગુજરાતી તો એણે ઉથલાવી નાંખી છે જ—એટલે નછૂટકે નામું લખીને બાકીની બધી જવાબદારી એના શેઠ કાળિયા ઉપર છોડે છે અને કાળિયો એક સેનાપતિની અદાથી એ બધી યે જવાબદારીઓને પહોંચી વળે છે. એ જોઈને એના શેઠ 'ખુશ તબિયત'થી કાળિયાને દર મહિને રૂપિયા બાવીસ પગાર પેટે આપે છે.

પગાર મળ્યો કે કાળિયાનું પહેલું કામ વતનમાં રહેતી પોતાની મા અને નવા પરણેતર પર રૂપિયા દસનો મનીઑર્ડર કરવાનું હોય છે. બાકીના બાર રૂપિયામાંથી કાળિયો પોતાનો નિભાવ કોઈ નિષ્ણાત અર્થશાસ્ત્રીની ઢબે કરે છે.

સાખોસાખ રહેતા અને રમકડાં ને કાજુદ્રાક્ષની ફેરીનો ધંધો કરી ખાતા બોટાદના બે ભાણેજ ખપતા જુવાનો સાથે કાળિયાને ઠીક બને છે, એટલે એમને ત્યાં જ કાળિયાએ પોતાની જમવાની સગવડ કરી લીધી છે. એટલું સારું છે કે એ લોકો કાળિયાની જેમ માત્ર હાથ પગ ને હૈયું નહિ પણ બીજા કેટલાકની જેમ ટોપલીમાં તો ઘરવખરી લાવ્યા જ છે. એટલે ત્રણ જણની ઓછામાં ઓછી જરૂરિયાત-પૂરતાં વાસણોથી ને માત્ર નહિ જેવી અગવડથી કાળિયાની સગવડ ત્યાં થઈ રહે છે. છતાં કાળિયા પાસે એ અગવડની ફરિયાદ એમણે કરી નથી કે વાસણનો ઘસારો કદી માગ્યો નથી. અને માગવા છતાં એક પાઈ પણ કાળિયો એમને પરખાવે એવો નથી એવી ખાતરી તો એમને ગળા સુધી થઈ ચૂકી છે. પરંતુ એનો એમને જરા યે રંજ નથી. કારણ કે વીસ રૂપિયાને ખર્ચે લૉજમાંથી આવતાં

બે ભાણાં ત્રણ પેટ માટે પૂરતાં થઈ રહેવાનો લાભ કાંઈ ઓછો નથી, અને આઠ આનાનો ઘસારો મેળવી પાંચ છ રૂપીયાના ખાડામાં ઊતરવા એ લોકો જરા પણ તૈયાર નથી. એટલે મને-કમને પડયું પાનું નભાવી લેવાની વૃત્તિથી નહિ, પરંતુ સાચા દિલના સહકારથી ને એક મુત્સદ્દીની ચીવટથી એ લોકો કાળિયાને જળોની જેમ વળગી રહ્યા છે. અને કાળિયો પણ દસને બદલે સાતમાં જ પેટ ભરાતું હોઈ એ લોકોને એટલી જ સખત રીતે જુવાની જેમ વળગી રહ્યો છે. કાળિયાની આ કુનેહની કદર કરતાં, કાળિયાના શેઠે એક વાર પ્રશંસાનાં પુષ્પ વેરતાં કાળિયાને જુવાની ઉપમા આપેલી ત્યારે તદ્દન ઠંડે કલેજે શેઠના શબ્દો શેઠની રીતે પાછા આપતા કાળિયાએ કહેલું કે, "શેઠ મારા ! પેટને ખાતર તો જુવા યે થાવું પડે ને જળો યે થાવું પડે. દુનિયામાં પેટ છે ઈ સૌ જુવા જ છે ના ? પણ મૂડીદારોની ચૂસણનીતિ અમ સરખા જુવા કને કદી ય જોવી જાણી છે બાપા ? ઈ તો હાથ મોંને રાખે તો મોં હાથને રાખે. દુનિયા-ગાતરની આ રીત્ય છે. શેઠ મારા "!

'મૂડીદારો' અને 'ચૂસણનીતિ' એ શબ્દોનો અનુભવ તો કાળિયાને જીવનમાં જ થયો હતો, પણ મજૂરપ્રવૃત્તિના ધામ સરખા અમદાવાદે એને એ શબ્દો બોલતાં પણ શિખવાડી દીધું હતું. અમદાવાદમાં મજૂરો શેઠને એ શબ્દો બહુ સારી રીતે કહી શકે છે. કાળિયાને મોઢે એ સાંભળીને શેઠ ચૂપ થઈ ગયા અને પછી એમણે કાળિયા પાસે એ વાત સંભારી નહોતી એ તો આજે ય કાળિયો ગર્વપૂર્વક કહી સંભળાવે છે.

પોતાની ગેરહાજરીમાં કાળિયાને એના શેઠે કુલમુખત્યાર નીમ્યો હોવાથી શેઠની ગાદી પર—જો કે એ ગાદી રૂવેલ નહિ પણ તાપડાની જ બનેલ હોવા છતાં—બપોરના બારથી ચારના ધૂમ તાપના કલાકોમાં કાળિયો પોતાના સ્નાયુબદ્ધ શરીરને આસાનીથી ગોઠવી દે છે, અને ઘડી ભર ક્ષણિક શેઠાઈની મોજ માણી લે છે. શેઠની અવે-

જીમાં કોને ઉધાર આપવું ને કોને નહિ એ એની મુનસફીનો પ્રશ્ન રહે છે. એટલે કાળિયો પણ એ ચાર કલાક દરમિયાન રંગમાં આવીને 'પહેલે લાત, પીછે બાત' નું સૂત્ર અનુસરવા છતાં ક્યારેક **निर्ममो निरहंकार** ' જેવી નિર્ગુણ સ્થિતિ અનુભવતો સ્વેચ્છાપૂર્વક સેંકડે ને ઉધારના સોદા કર્યે જાય છે. પરંતુ ચાર–સાડા ચારે શેઠ આવે કે તરત જ એક નાજુક હાસ્ય સાથે—જાણે શેઠના આવવાની રાહ જોવાની ગંભીર જવાબદારીમાંથી મુક્ત થતો હોય એમ બતાવતો–કાળિયો પોતાની જાતને ગાદી પરથી ઝડપથી ઊંચકી લઇ દુકાનના ઓટલે આવી ઊભો છે. ને એ જ વખતે એના મોં પર ભયંકર તિરસ્કારના આછા તરવરાટની નહિ જેવી છાંટ ચપળતાથી સરી જતી કેટલા ય કલાકાર નિરીક્ષકોએ જોઇ હોવાનું જણાયું છે; પરંતુ એ તિરસ્કાર એના શેઠ પ્રત્યે છે એમ માનવાની ભૂલ કરનારને બેચાર વખતના અનુભવે એ તરત જ સમજાય છે કે કાળિયાનો એ તિરસ્કાર એના શેઠ પ્રત્યે નહિ પરંતુ શેઠની આખી સંસ્થા પ્રત્યે છે, મૂડીદારોની ' ચૂસણનીતિ ' પ્રત્યે છે. અંગત રીતે એના શેઠ પ્રત્યે એને જરા યે તિરસ્કાર નથી. કદાચ શેઠ પ્રત્યેની એની વફાદારી એના વર્ગના નોકરોમાં તો જરૂર ઉચ્ચતમ ગણાય, છતાં જ્યારે જ્યારે એના ઘર–ગામનો એ વિચાર કરે છે ત્યારે પાઇમાંથી પૈસો પેદા કરતા એના વતનના માલેતુજાર વેપારીઓની શાહુકારી...અનીતિ એના શેઠમાં પણ એને પ્રતીત થયા વિના રહેતી નથી. કાપડના વેપારી, રૂના દલાલ, કરિયાણાના ગાંધી કે કોલસાની વખારોના શેઠ બધા જ એને મન તો શરાફ લૂંટારા છે. એક માળાના જ મોતી છે ને છતાં હમણાં હમણાં તો એને પણ એ માળામાં મોતી બની પરોવાઇ જવાનો ચસકો લાગ્યો છે એ એક હકીકત છે.

પેટને ખાતર વેઠ કરતો કાળિયો સત્યનો સાચો ઉપાસક હોવા છતાં સંબંધીઓના ત્રાસે ને કુટુંબીઓના કલહે એને ' થાય તેવા થઇને ગામ વચ્ચે રહેતાં ' શીખવ્યું છે. અહિંસાને અને એને ઝાઝી ઓળખાણ નથી.

એવી એવી ઓળખાણુ માટે એ ઉત્સુક પણુ નથી. 'બળિયાના બે ભાગ' એ એનો જીવનમંત્ર છે. 'ભૂંડાથી ભૂત નાસે' એ લોકવાયકા એણે કંઈક અંશે સાચી પાડી છે, છતાં જ્યારે એ ભૂંડો બને છે ત્યારે સત્યની મર્યાદામાં રહેવાય એટલે અંશે રહીને જ એ ભૂંડો બને છે. ધંધામાં આઠે પહોર જાગતો રહેવા છતાં દુનિયાદારી માટે નિરતિશય બેફિકરાઈ એણે કેળવી છે. અને માટે જ એનું શરીર ભલભલા અખાડિયનને પણુ ઈર્ષા ઉપજાવી શકે છે. ન્યાતજાતનાં અનેક સામાજિક બંધનોનો સામનો કરતાં એને પગે ખૂબ ખૂબ પાણી ઉતર્યું છે. બાપનું બારમું ને પોતાના લગનના જમણવાર ન કરવા માટે એની શક્તિમતિ અનુસાર કાળિયો કૈંકવાર ઉદ્દંડ બન્યો છે, છતાં એમાં તો એને સંપૂર્ણ નિષ્ફળતા જ વરી છે. ને તો ય ચાર ચાર મહિના સુધી આખી ન્યાતમાં ચકચાર મચાવનાર—હાથીના દાંતવાળા મહારથી ન્યાતપટેલો સામે એકલે હાથે ને સર્વ પ્રથમ ઝુઝનાર તરીકે પોતાનું નામ ગણાવતાં એ આખો યે પ્રસંગ આજેય કાળિયો સખેદ સગર્વ કહી સંભળાવે છે.

હિંદુ ધર્મ માટે એને માન હોવા છતાં પોતાના હિન્દુત્વનું ભાન એને નહિ જેવું છે. 'ધરમ-બરમ ઠીક મારા એ! સાચો ધરમ કોણ પાળે છે? હિંદુ યે પાળતો નથી ને મુસલમાને ય પાળતો નથી. સાચો ધરમ પળાતો હોય તો હિંદુ કે મુસલમાન કોઈ જુદા નથી.' વિભિન્ન ધર્મ-પંથના વાડાથી એ પર છે. જગતમાં બે ધર્મ ન હોઈ શકે, ન જ હોવા જોઈએ એ એની માન્યતા છે. એનું ચાલે તો જગત આખા માટે એક ધર્મની-માત્ર એક જ ધર્મની વિશ્વધર્મની હિમાયત કરવા એ ઉત્સુક છે. પરંતુ પોતાની મર્યાદા એ જાણે છે. એનું સાંભળવા કોઈ તૈયાર નથી, ને હોય તો ય પોતે સફળ વક્તા નથી એ દુઃખદ સત્ય એને ક્યારનું યે લાધી ચૂક્યું છે.

એટલે ધર્મની બાબતમાં સમસમીને બેસી રહેતા કાળિયાનું ચિત્ત પહેલેથી જ એના ધંધામાં એકનિષ્ઠ બની શક્યું છે. ચોવીસે

ક્લાકના સર્વાંગ આશ્લેષ પછી અને સાત સાત વર્ષના સતત સહચાર પછી કોલસાની ગમે તે જાત ઓળખી કાઢવામાં આજે તો ભલભલા કોલસાના દલાલોને ય કાળિયો છક્કડ ખવડાવી શકે એમ છે. 'બાવળ' કહીને એ જ કિંમતે 'ધાવડો' પધરાવી દેતાં એને જરા યે મુશ્કેલી નડતી નથી, અને બાવળની સરખામણીમાં 'ધાવડો' જરા યે ઊતરે તેમ ન હોઇ ' ધાવડો ' વાપરનારા બધા જ આંખો મીંચીને 'બાવળ' વાપર્યાનો સંતોષ લઇ શકે છે એ તો એને અનુભવે જ સમજાઈ ગયું છે. વજનમાં ભારે ને ઊંચી જાતનો મજબૂત 'ધાવડો' ક્યારેક એની અડફટે ચઢી જાય છે, ત્યારે 'બાવળ' અને 'ધાવડા' વચ્ચેનો ભેદ કરતાં કાળિયો પણ સહેજ અટવાય છે તો ખરો, છતાં ખરો ' બાવળ' બજારમાં મળતો હશે કે કેમ એ વિષે કાળિયો પણ એટલો જ સાશંક છે—જેટલા બીજા વેપારીઓ છે. કેંક વેપારીઓના અનુભવે અને પોતાના પ્રયત્નોના પરિણામે આજે એટલું તો કાળિયો નક્કી કરી શક્યો છે કે હજાર કામમાં આવતો બાવળ ભાગ્યે જ કોલસાના સ્વરૂપે દર્શન દે છે. એટલે બાવળનો કોઈ જિગરી આશક ક્વચિત બાવળના જ કોલસા મળવાનો આગ્રહ કરે છે ત્યારે કાળિયાનો સત્યનિષ્ઠ સ્વભાવ તરત જ તડ ને ફડ કહી સંભળાવે છે કે " બાવળ–ફાવળની તો વાતુ જ માં કરો, શેઠ મારા ! બાવળ કરતાં યે ચઢે તેવો ના હોય તો ભલે પાછો દઇ જાજો " અને પછી મૂછે વળ દેતાં દેતાં " શે'ર આખામાં ક્યાં યે બાવળ મળે તો તો કાળી મૂછ મુંડાવી દઉં શેઠ મારા ! " એમ પણ કાળિયો સભાન–સગર્વ કહી સંભળાવે છે. કાળિયાનાં એવાં સીધાં ને મર્મભેદક વેણ સાંભળીને બાવળના કોલસાના એવા કેંક આશકોનો મોહ નાશ પામ્યો છે અને સ્મૃતિ લાધી છે.

પરંતુ કોલસાની ઓળખમાં કાળિયો કેવો નિષ્ણાત છે એ તો જ્યારે એના શેઠ કોલસાની ખરીદી કરવા જાય છે ત્યારે જ જણાઇ આવે છે. વેગનનાં વેગનથી ભર્યાં ભર્યાં રહેતાં અસારવાના કોલસાનાં

ગોડાઉનમાં એના શેઠ જેવા કોલસાના ઝવેરીને મન કાળિયાની હાજ-રી તો કસોટીના પત્થર સમાન છે. વેપારીઓ અને દલાલોથી ઘેરાયેલા એ કાળાગેશ વાતાવરણમાં કાળિયો કોઈ અનુભવસિદ્ધ દલાલની છટાથી એક પછી એક કોલસાના વિભિન્ન ઢગલાઓમાંથી એક એક કોલસો ઉપાડે છે. અને પછી તરત જ હલકો ને ભારે એવા ભેદ પરથી ' રાયણ ' અને ' ધાવડો ' અને પોચો ને કડણ એવા ભેદ ઉપરથી ' બોરડી ' અને ' મહુડો' એ શોધી કાઢે છે. આમ છતાં એમાંના શક પડતા કોલસાને બીજા વેપારીઓની જેમ કાળિયો પણ ત્યાં ને ત્યાં જ સળગાવી જુએ છે. અને સળગાવે એટલે 'ખેર'નો તડતડિયો કોલસો ચાડી ખાવાનું ચૂકતો નથી, કે ' સાગ 'નો હલકો કોલસો તરત જ રાખ વળીને બુઝાયા વિના રહેતો નથી. એ વાતનું પ્રત્યક્ષ અભિજ્ઞાન કાળિયો એના શેઠને કરાવી શકે છે. સાથોસાથ રોજની પંદર થેલાની સરેરાશ આવક ગણીને પંદર લારીનો સોદો કરવાની સૂચના પણ એના શેઠને કાળિયો જ કરે છે અને એ રીતે એના શેઠને પખવાડિયાની નિરાંત કરી આપવા ઉપરાંત શેઠની નજર-માં પોતાની ધંધાદારી કુનેહ માટે માન વધારવાનું સદ્ભાગ્ય પણ કાળિયો ત્યાં ને ત્યાંજ મેળવી લે છે.

કાળિયાની દુકાને જનાર પ્રત્યેક ઘરાકને એ ભાન તો હોય છે જ—અને જો ન હોય તો એ સર્વ પ્રથમ થવું જોઈએ છે—કે રોકડ નાણાં વિના કદીએ કાળિયા પાસેથી એ લોકો માલ મેળવી ન શકે. નગદ નાણાંનો ઉધારિયો સોદો કરીને ઘરાકને ત્યાં પાંચ-પાંચ છ-છ ટોપાં કરીને ઘરાકનો ઉંબરો ઘસી નાંખવા કે આંગણાની રેત ઝીણી કરવા એ જરા યે તૈયાર નથી, અને તૈયાર હોય તો એને ફુરસદ પણ નથી. એમ કરતાં જૂની ઘરાકી તૂટી જાય કે નવી ન બંધાય એની એને બીક પણ નથી. આમ છતાં પૈસાની બાબતમાં સગા બાપની પણ પરવા ન રાખનાર બટાકબોલા કાળિયા પાસે મીઠી જબાન છે. અને માટે જ કાળિયાના આવ્યા પછી એની દુકાનના

કાયમી ઘરાકોની નવી સંખ્યા ઠીક ઠીક વધી છે, અને જૂના ઘરાકો ટકી રહ્યા છે એ સત્ય એના શેઠથી ભુલાય એમ નથી. એનું કારણ ભલે એની કુનેહ હોય કે વાચાળતા હોય, કે ઝડપથી કામ કરવાની એની શક્તિ હોય; પરંતુ લોકો કહે છે કે એના જેવો પ્રમાણિક માણસ કોલસાના વેપારમાં તો એમણે કોકને જ જોયો છે. કદાચ ખરું કારણ તો એ છે કે અમુક ઘરાકને અમુક જ કોલસો ગમે છે એવી માનસિક નોંધ કાળિયાએ લગભગ બધા જ ઘરાક માટે કરી રાખી છે, એટલે દરેક ઘરાકને જુદો જુદો પરંતુ વ્યક્તિગત રીતે એકધારો કોલસો આપવામાં આજ સુધી તો એ સંપૂર્ણ સફળ નીવડયો છે. અને એકધારો માલ પહોંચાડવાથી કોઇપણ વેપાર પગભર બને છે. ને વેપારીની પ્રતિષ્ઠા વધે છે એ સત્ય આટલાં વર્ષના અનુભવે કાળિયાને આપમેળે જ સમજાઇ ગયું છે. બાકી નવ-દસ આને મણના કોલસાનું મિશ્રણ બાર-તેર આને વેચતાં કાળિયાને નથી આવડતું એમ તો નથી જ, તેમજ પાણી છાંટીને વજન વધારવામાં કે બે મણ ને આઠ શેર લખીને બે મણમાં બશેર ઓછા આપવામાં, કોલસાનો થેલો ભરતાં ચાલાકીથી વચ્ચે વચ્ચે શેર-બશેર ભુકલી સરકાવી દેવામાં કે ' રાયણ ' ની જગાએ ' મહુડો ' ને 'બોરડીની' જગાએ 'સાગ'નો કોલસો ભરી આપવામાં કાળિયો પાવરધો નથી એમ પણ નહિ. પરંતુ નરાતાળ જૂઠના વેપારમાં ક્યારેક ક્યારેક વેપારીની મર્યાદામાં રહેવાય એટલે અંશે રહીને કાળિયો પોતાની સાચની નાવડી હાંકવાનો પ્રયત્ન કરે છે. કદાચ એટલે જ અમુક માણસો કાળિયાના શેઠની ગેરહાજરીમાં જ કાળિયાની દુકાનેથી ખરીદી કરવાનો આગ્રહ રાખે છે, અને એવા પ્રસંગો એ કાળિયાને મન એના જીવનની ધન્ય પળો છે.

છેલ્લા કેટલાક દિવસથી તો કાળિયો પણ મહિને ચાર રજાઓ ભોગવતો થઇ ગયો છે એ શેઠ સામેની એની મુત્સદ્દીગીરીનો એક અજોડ વિજય ગણી શકાય. પહેલવહેલાં જ્યારે કાળિયાએ પોતાને

રજા મળવાની બાબતમાં ઝુંબેશ ઉઠાવેલી ત્યારે તો એના શેઠે એ માગણી જ હસી કાઢેલી. પરંતુ કાળિયો એથી નિરાશ ન થયો. ગમે ત્યારે પણ વિજય પોતાનો જ છે એવી ખાતરી એને ગળા સુધી હતી એટલે પછીના રવિવારે નિશ્ચયપૂર્વક દુકાન ઉપર એ નજ બેઠો. કાળિયાના જીવનમાં એ પહેલો સત્યાગ્રહ હતો. શેઠના આગ્રહની ઉપરવટ થઈ સામેની હોટેલમાં બસ આખો દિવસ એ તો બેસી જ રહ્યો. બપોર સુધીમાં સાત આઠ ઘરાક આવીને પાછા ગયા પણ હેન છે કોઈની કે કાળિયાની દુકાને મજૂરી કરવા ચઢી શકે? એ દિવસે બપોરે ઘેર ખાવા પણ શેઠ ન જઈ શક્યા. દુંદ પર રોજ સલામતીથી હાથ ફેરવતા શેઠને પોતાના ધંધાની સલામતી આજે પહેલી જ વાર જોખમાતી લાગી.–અને એ પણ એક નમાલા નોકરની નફટાઈને કારણે. આખો દિવસ પાછા જતા ઘરાકોને એ વ્યગ્ર ચિત્તે જોઈ રહ્યા. સાત–સાત વર્ષથી દૂધ પાઈને ઉછેરેલો સાપ આજે પહેલી જ વાર ડસ્યો હતો. કાળિયાનો એ ઝેરી દાંત પાડવો જ જોઈએ એવો નિશ્ચય કરીને સાંજે એના શેઠ ઊઠ્યા.

બીજે દિવસે કાળિયાનો પગાર હતો. કાળિયાના ખિસ્સા પર બાર આનાનો કાપ મૂકાયો. ને તો ય કાળિયાના પેટનું તો પાણી યે ન હાલ્યું કે ન તો કાળિયાને આશ્ચર્ય થયું. ત્રીજે દિવસે સવારે શેઠ આવ્યા કે તરત દુકાનની કૂંચીઓ સોંપી દઈ ને પોતે છૂટો થાય છે, એ સત્ય કાળિયાએ શેઠને સંભળાવી–સમજાવી દીધું. બહુ બહુ તો કાળિયો સહેજ થરડાશે એમ શેઠે માન્યું હતું, પરંતુ કાળિયો આમ છેક જ બગડી બેસશે એમ તો એમણે નહોતું જ ધાર્યું; એટલે એમને તો ખરેખર આશ્ચર્ય થયું. આખી દુકાનનો બધો બોજ પોતાને જ માથે ઉપાડી લઈને ફરતો કાળિયા જેવો કાબેલ નોકર ગુમાવતાં શેઠનું દિલ એક ઘડીક તો સટોરિયાની અસ્વસ્થતા અનુભવી રહ્યું. પરંતુ એમ કાંઈ ચાર દિવસની રજા પણ અપાય ? નોકરનું કહ્યું તે કાંઈ પળાય ? ચાર દિવસમાં તો ચાળીસ થેલાની ખપત ઘટી જાય અને

અમાસની રજા તો મળતી જ હતી તો ! બીજાઓની ઉપરવટ ચાર રજાનો નવો ચીલો તે શી રીતે પડાય ! કાળિયાને ગુમાવવો એ પાલવે તેમ નહોતું, ને રજા આપવામાં ચોકખું નુકશાન હતું. ' એમ મનમાં ગુમાન કરીને કાળિયાને છોડવાનું જ શેઠે વધુ પસંદ કર્યું, પણ એમ કરવામાં શેઠે ભૂલ કરી.

અત્યાર સુધી વફાદાર રહેલો કાળિયો હવે ખરેખર વિફર્યો. ત્રણેક મહિના ઉપર કાળિયાની પડોશમાં જ એક બીજી કોલસાની દુકાન ઊઘડી હતી, અને એના શેઠની નજર ક્યારની યે કાળિયાને પોતાનો કરી લેવા કાળિયા પર ચોંટી હતી. પરંતુ કાળિયો આજ સુધી એના લોભમાં ફસાયો નહોતો. છતાં કાળિયાને રજાની લત લગાડનાર તો એ વેપારી જ હતા. એટલે કાળિયો છૂટો થયો કે તરત જ પેલા શેઠે ઊલટા ત્રણ રૂપીઆ વધારીને કાળિયાને રાખી લીધો. કાળિયાની હાજરી કેટલી અગત્યની હતી એ તો એના જૂના શેઠને ત્યારે જ સમજાયું. દસ દિવસમાં તો કાળિયાએ અધીં ઘરાકી ઉથલાવી નાંખી. પંદર દિવસમાં પેલા શેઠ ત્રાહી ત્રાહી પોકારી ગયા. કાળિયાને પાછો લાવ્યા વિના છૂટકો ન હતો. તરત જ એમણે કાળિયાને પાછો આવી જવા સમજાવ્યો. વફાદાર કાળિયો પાછો આવવા તૈયાર હતો ને આવ્યો પણ ખરો. ' હું તો પહેલો તમારે ત્યાં હતો એટલે તમે બોલાવો તો મારે તમારે ત્યાં જ આવવું જોઈએ' કાળિયાએ કહ્યું ને જૂની દુકાને એ પાછો આવી ગયો—પણ પચીસ રૂપીઆના પગારે ને ચાર દિવસની રજાના હક્ક સાથે જ.

આજે દસેક મહિનાથી કાળિયો એ હક્ક ભોગવી રહ્યો છે. પણ હવે તો કાળિયા પાસે સો-બસોની ગઠડી ભેગી થઈ છે અને શેઠ સાથેના બબ્બે વખતના વિજય પછી એટલી નાની મૂડી પર પણ કાળિયો હવે એક ત્રીજો ને છેક છેલ્લો ભુક્કો લડાવવાની તૈયારી કરી રહયો છે. પોતાના હાથ નીચે એક સારો એવો—છેલ્લો ત્રણ ચાર મહિનાથી એના ધ્યાનમાં છે એવો—સ્વભાવે નાજુક પણ શરીરે

સહ્યકત–નોકર રાખી કાળિયો એના શેઠની સાથે પાંચ આની ભાગમાં વેપાર ખેડવા અધીરો બન્યો છે. એમ થાય કે તરત જ વતનમાં રહેતી મા અને નવી પરણેતરને ઝટપટ અહીં બોલાવી લઇ સુખે દહાડા કાઢવાનો ને શહેરી જીવનનો આસ્વાદ કરવા કરાવવાનો એનો અભખરો છે. “ જુઓ શેઠ, હવે આપણી દુકાન મોટી થઇ એટલે માણસ વધારવો જોઇએ, અને દુકાનનું હિત મારે હૈયે ય છે તો દુકાનમાં મારો ભાગ કેમ નહિ ? પૈસા રોકવાની હું ક્યાં ના પાડું છું ! ”

ત્રણેક દિવસ પર એના શેઠને જ્યારે કાળિયાએ વાત કરી ત્યારે અત્યંત નાજુક હાસ્ય સાથે એના શેઠે માત્ર, “ જોઇશું !” એમ જ કહેલું. કદાચ એ જવાબ ખ્યાઇભર્યો પણ હોય. છતાં કાળિયાને પોતાની નીતિના વિજયમાં વિશ્વાસ છે એટલે કદાચ ફરી શેઠની સામે મોરચા માંડવા પડે તો શું કરવું પડશે એનો વિચાર કર્યા વિના હાલ તુરત તો કાળિયો પોતાની મા અને નવી પરણેતરને અમદાવાદમાં બોલાવી લેવાનો વિચાર કરે છે. ‘ પછી તો ભવમાં ધાંગધા નહિ ખોવું પડે ’ એ વાતનો ફ્રોડો સંતોષ આ વિચાર પાછળ એ અનુભવી રહ્યો છે. એ સાથે એક બીજું ય સ્વપ્ન ફલિત થતું એને દેખાય છે–એ સ્વપ્નું છે, પોતાની પત્નીને લઇ શહેરમાં ફરવા નીકળવાનું. એટલે સ્વપ્નમાં ને સ્વપ્નમાં પોતાની નવી પરણેતરને લઇ અમદાવાદના બજારોમાં આમતેમ ઘૂમતો, કદિક નાટક સીનેમાના પગથીયાં ચઢતો, તો કદિક કાપડવાળાની દુકાનેથી છેલ્લી ઢબની સાડીઓ લેતો, વતનમાં ઉછરેલી પરણેતરને ગામડીયણ રાચીમાંથી ઝડપથી શહેરીમય બનાવતો કલ્પનાની કામચલાઉ મોજ કાળિયો માણી રહ્યો છે. શી તમા છે ! હવે તો પોતે ય શેઠ બન્યો છે.

માસ્તરબાપા

૧૯૧૭ની એ સાલ હતી. દૂર પશ્ચિમમાં યુરોપની રણભૂમિ પર માનવવિનાશનો મહારાસ જામ્યો હતો, જ્યારે દૂર પૂર્વમાં હિંદુસ્તાનના એક નાનકડા ખૂણામાં અહિંસક લડતનું શાંત તાંડવ ખેલાતું હતું. સરકારના મહેસૂલી અન્યાય સામે ધરતીના પુત્રો ધરતીનો પોકાર પાડી રહ્યા હતા. પાંચ પાંચ વર્ષ પછી બંગભંગની ચળવળનો થાક ઉતારીને ફરી પાછું હિંદ સતેજ થતું હતું. ત્રણ ત્રણ વર્ષથી દુનિયા આખી 'મારો' 'મારો'ના પોકાર પાડી રહી હતી. હિંસક ને અહિંસક લડત દુનિયાને ચોતરફથી ઘેરી વળી હતી. અતૃપ્તિ, અશાંતિ, અશ્રદ્ધા, વૈર, વિનાશ ને વચનભંગ–દેશદેશમાં, ઘરઘરમાં, કોમકોમમાં, ભાઈભાઈમાં વધી પડ્યાં હતાં.

માત્ર માનવી જ નહિ પરંતુ કુદરત પણ ત્યારે તો વિફરી હતી. માનવવિનાશના મહારાસમાં પોતાનું પણ સ્થાન છે એ એણે પ્લેગની ભયંકર મહામારીથી બતાવી આપ્યું. ગુજરાતના એક નાનાશા જિલ્લામાં ત્યારે ઓચિંતો પ્લેગ ફાટી નીકળ્યો. દેવશયની એકાદશીથી માંડી વસંતપંચમી સુધી એનું કરાલ તાંડવ ચાલુ જ રહ્યું.

અમદાવાદ અને તેની આસપાસનાં ગામડાં સર્વપ્રથમ તેનું કેંદ્ર બન્યાં, અને છતાં એની નાગચૂડમાંથી છૂટવાનું સદ્ભાગ્ય તો એમને સાથી છેલ્લું જ મળ્યું. ધીરે પણ મક્કમ ગતિથી અવિરત

અને અબાધિત એવી પ્લેગની વિજયકૂચ શરૂ થઇ. જોતજોતામાં અર્ધું અમદાવાદ ખાલી થઈ ગયું. કાળની બીક અસહ્ય હતી. ભર્યાં ભર્યાં ઘર જેમનાં તેમ રહેવા દઇ, 'લેવું હોય તે લે, અને જીવવા દે,' કહેતાં લોકો જીવ લઇને નાસતાં હતાં-દૂર દૂર, જ્યાં પ્લેગની ગંધ સરખી યે ન હોય, જ્યાં પ્લેગનું નામ સરખું યે ન હોય ત્યાં. શહેરના જીવનનો એમને મોહ નહોતો. નોકરી–ચાકરીની એમને દરકાર નહોતી. પંચભૂતના ખોળિયા સિવાય પૈસાની, પ્રતિષ્ઠાની કે પાડોશીની યે કોઈને પડી નહોતી. ઘર છોડતી વખતે 'કાલે શું ખાશું?' એવો વિચાર કોઈ કરતું નહોતું. જીવન–મરણના એ દિવસ હતા. લોકો દૂરદૂરનાં ગામડામાં ચાલ્યા જતા હતા. પરંતુ એમ તો રોગ વધુ ફેલાતો હતો. જીવ બચાવવા ગામડાંમાં જઇ રહેતા લોકો બધા જ કાંઇ ભયમુક્ત નહોતા. એમાંના કેટલા યે પ્લેગનો શિકાર બની ચૂક્યા હતા અને એ લોકો મારફતે જ રોગ ઝડપથી ફેલાતો હતો. છતાં જીવનની આશા દુર્દમ્ય હતી. ગામનાં ગામ ખાલી થતાં હતાં ને ખેતરોમાં ઝૂંપડાં બંધાતાં હતાં.

બ્રાહ્મણ ને શૂદ્રના ત્યાં ભેદ નહોતા. જાતિ અને ધર્મનું ત્યાં અસ્તિત્વ નહોતું. હતો માત્ર એક ધર્મ–જીવનરક્ષણનો. ઘર, ગામ, નાત, જાત, એ બધા ય ભેદ વિસારીને લોકો ઝૂંપડામાં રહેતા હતા અને છતાં એકબીજાથી એટલા જ અસ્પૃશ્ય હતા, કારણ કે કોઈનો પણ ચેપ લાગવાની બીક અસહ્ય હતી.

બરાબર સત્તરની એ સાલ હતી. ત્યારની જ આ વાત છે. અમદાવાદથી ચાર ગાઉ પર પડેલા સરખેજ ગામમાં પણ પ્લેગનાં પગલાં પહોંચી ગયાં હતાં.

શ્રાવણી બળેવની એ રાત હતી. આખું ગામ–ગામના બધા જ પુરુષો–વૃદ્ધો, યુવકો, વૃદ્ધ જુવાનિયાઓ ને જુવાન વૃદ્ધો બધા જ–ગામની ભાગોળે એકત્ર થયા હતા. બધાયનાં મુખ પર મૃત્યુઘેરો વિષાદ

હતો. ચોતરફ નિઃશબ્દ શાંતિ હતી. ટોળામાં ઘોર મૌન ફેલાયું હતું. દરેકની આંખો તેજહીન, શાંત, લુખ્ખી, સ્તબ્ધ જણાતી હતી. ચાંદની માણવા એ લોકો મળ્યા નહોતા. ચાંદની માણવાનો એ અવસર પણ નહોતો. પોતાને જ હાથે–પોતાની જ કાંધ પર ચઢાવી ગામના પાંચ પાંચ જુવાનિયાઓને એ દિવસે શાહવાડીના ભોથાને–સરખેજના સ્મશાનને એ લોકો સોંપી આવ્યા હતા. દરેકની નજર સામે મૃત્યુ ઊભું હતું, એ પાંચ જુવાનનું જ નહિ–આખા ગામનું. વર્ષોજૂના માદરે વતનના વિનાશની કલ્પના અકલ્પ્ય હતી. પ્લેગની મરકીથી ગામને કેમ બચાવવું એ વિચારવા બધા મળ્યા હતા. બધાને બોલવું હતું છતાં કોઈ બોલતું ન હતું.

થોડીવાર પછી પચાસેક વર્ષની પણ શરીરે સશક્ત જણાતી એક વ્યક્તિ દૂરથી આવતી બધાની નજરે પડી. ટોળામાંથી દસબાર અવાજ બોલી ઊઠ્યા:

"બસ......માસ્તરબાપા !" ને—બધી આંખો માસ્તરબાપા તરફ મંડાઈ.

એમના એક હાથમાં કડિયાળી ડાંગ હતી ને બીજા હાથમાં નાનુંશું ઘાસલેટિયા ફાનસ હતું. પંચેન્દ્રિય પરનો એમનો સંયમ અને વિજય ઠીક ઠીક, છતાં પણ રાતને વખતે ફાનસ લઈને જ બહાર નીકળવાની એમને ટેવ હતી એમ કેટલાય જાણકારો કહેતા. અંધારિયાની કે અજવાળિયાની રાત્રે પણ ફાનસ ને ડાંગ લીધા વિના તો ક્યારે ય બહાર ન નીકળે. પગલે પગલે એમના પ્રયાણની નેકી પોકારતા 'ચાંઉ ચાંઉ' કરતા દેશી જોડા એમની સ્થિર ગતિના સૂચક હતા. પોતાને જ હાથે કાંતેલા સૂતરનું જાડું ધોતિયું, કસોવાળા જૂના ડગલા ઉપર લાંબો ઢીંચણ સુધીનો કોટ ને માથે પાઘડી–એ એમનો હમેશનો પોશાક હતો.

વગર અણુસારે એમને બેસવાની જગા થઇ ગઈને વિના

અવાજે એમણે પોતાનું સ્થાન લીધું. આછેરી ઝણઝણાટી ને નજેવા ચેતનના ક્ષણિક સ્પર્શનો સભાન અનુભવ બધાને થાય તે પહેલાં તો વળી પાછા બધા જડવત્ બની ગયા. પ્લેગની હાકે બધામની જીભ સિવાઈ ગઈ હતી અને માસ્તરબાપા પણ–પ્રચંડ કાયા ને અજોડ પ્રતિભા પણ–આજે જાણે હીનસત્ત્વ બની હતી; ને તો ય એમની હાજરી જ બધામાં ચેતન પ્રેરવા માટે બસ હતી. એ અને એમના જેવા ત્યાં મળેલા વૃદ્ધો જ ગામનું ગાડું ઘાંચમાંથી કાઢી કઢાવી શકે તેમ હતા.

પાએક કલાકના મૃત્યુઘેરા સૂનકાર પછી માસ્તરબાપાની યોજના રજૂ થઈ.

ત્યાં મળેલા પચીસેક જુવાનિયાઓને ચારચારની છ ટુકડીમાં વહેંચી નાખવામાં આવ્યા. દરેક ટુકડીએ ગામનો એક એક 'વાસ' સંભાળવાનો. પોતાના વાસ પૂરતી વણલેખી જવાબદારી પ્રત્યેક ટુકડીએ સમજી લેવાની. અકસ્માત થતાં બીજા 'વાસ'ની ટુકડીને તરત જ જાણ કરવાની. એ ટુકડી સ્મશાને જાય એટલે બીજી ટુકડીએ એમના આવતાં પહેલાં પ્લેગનો ઉંદર પકડીને ઉકરડે નાંખી આવવાનો. ને ઉંદર પડ્યો હોય એ જગા ગ્યાસતેલ છાંટી બાળી મૂકવાની. ફિનાઇલ છાંટવાની કાળજી, ઘરની સાફસૂફી ને મરનારનાં સગાંઓને આશ્વાસન આપી મૃત્યુશોકો શમાવવાની ફરજ પણ એ ટુકડીની જ. આમ છતાં એક સામટા એકથી વધારે અકસ્માતો બનવા પામે ત્યારે કોઈ પણ ટુકડીએ કોઇ પણ 'વાસ'ની ટુકડીને મદદ કરવી ને રોજ રાત્રે ગામને પાદરે બધાએ મળવું એ એમની યોજનાનો ઉપસંહાર હતો.

કોઈ પણ જાતની નોંધ વિના, કોઇ પણ લેખિત કાયદા વિના, એક પણ વિરોધ કે સુધારા વિના આખી યે યોજના બધાએ અપનાવી લીધી. નિરાશ હૃદયે આવેલા બધાને શ્રદ્ધાનું નવું બળ જાણે મળી રહ્યું.

બીજા દિવસથી ટુકડીઓ કામે લાગી ગઈ. તારીખ કે તિથિની વાટ જોવા થોભાય એમ નહોતું, એવું કરવાનો ન સમય હતો, ન એ ભોડામાં આવડત હતી.

કોણ જાણે કેમ પણ કુદરત સાથેના દ્વંદ્વયુદ્ધમાં આખરી વિજય તો કુદરતનો જ હોય છે. મૃત્યુ સામે ઝઝૂમવાના માનુષી પ્રયત્નો ગમે તેટલા વીર ને ભવ્ય છતાં કુદરતની અનેકવિધ કુનેહ સામે માનુષી બળ ક્ષુદ્ર ને અલ્પ પુરવાર ન થાય ત્યાં સુધી માણસનો કેડો કુદરત ક્યારે ય ન મૂકે.

'સોળા સરાદિયાં' ને 'નવે નોરતાં'ના એ દિવસો હતા. એ દિવસો આવ્યા ને અષાઢમાં પા પા પગલી કરતો પ્લેગ કાળના મહારાસમાં મૃત્યુતાળીના અવિરત તાલ દઈ ઘૂમી રહ્યો. પ્લેગનું જીવન જો ટૂંકું હોય છે તો એ ભયંકર પણ ખૂબ હોય છે. વંટોળની ઝડપે એ આવે છે ને પ્રલયનાં પદચિહ્ન એ મૂકી જાય છે.

માસ્તરબાપા અને એમના સાથીદારોના અખંડ અને અવિશ્રાંત પ્રયાસો છતાં પ્લેગની વિજયકૂચ તો વધ્યે જ ગઈ. માસ્તરબાપાના મોરચા જો કુદરત સામે હતા તો કુદરત પણ કાંઈ કમ નહોતી. એમના જેવી બેચાર વ્યક્તિના હાર્દિક પ્રયત્નો પણ કુદરતને મન તો ક્ષુદ્ર માત્ર. કુદરતનાં શસ્ત્રો અસંખ્ય ને અજેય હોય છે. પોતાના પ્રચંડ બળને કોઈ ગાંજી જાય એ કુદરતને કેમ પાલવે?

બીજે દિવસે સાબરમતીમાં પૂર આવ્યાની ખબર આવી. ખેતરોમાં ને 'બાઠાં'માં સાબરમતી ઘૂમી રહી હતી. 'શાહવાડીના ભોથા'ની સ્મશાનભૂમિની વચ્ચે સાબરનાં નીર સૂતાં હતાં. પ્લેગના પૂરક તરીકે મેઘનાં મંડાણ થઈ ચૂક્યાં. પાકાં પાન ખરે તેમ માણસ મરતાં હતાં. નદી બન્ને કાંઠે ભરપૂર હતી એટલે ઘણુંખરાં મુડદાં 'ફાટ્યા આરે' જ બાળવાં પડતાં. માસ્તરબાપા ને એમના સાથીદારો ગામના એક એક 'વાસ'માં ઘૂમી રહ્યા હતા.

ગામની ભાગોળને ભેટીને ઊભેલું સરખેજનું સ્ટેશન પણ જોત-જોતાંમાં ગામથી વિખૂટું પડી ગયું. વરસાદની સતત હેલીમાં દખ-ણાદી સીમના 'શકરી' તળાવે ને ઓતરાદી સીમના 'મલકાણી'એ—બન્ને તળાવોએ—માઝા મૂકી. પૂર્વમાં તો 'ભાઠા'ની ભોંયમાં સાબર સૂતી હતી. સાંકડી નેળનો માત્ર એક જ રસ્તો સ્ટેશન સાથેનો વ્યવહાર જાળવી રહ્યો હતો.

એ રસ્તે થઈને સ્ટેશન સામેનાં ખેતરોમાં લોકો ચાલ્યા જતા હતા. જેમની પાસે કંઈ પણ સાધન હતું એ લોકોએ તંબૂ ઠોક્યા હતા, જ્યારે બીજાઓએ ન છૂટકે ઝૂંપડાં બાંધ્યાં હતાં. માસ્તરબાપાના માણસોને હવે બે સ્થાન સંભાળવાનાં થયાં—ગામના લોકો અને 'છાપરાં'ના રહેનારાઓ. શક્ય એટલા બધાને ખસેડ-વાના પ્રયાસમાં એ લોકો રાતદિવસ ઝૂંપડાં બાંધ્યે જ જતા હતા. દશેરાના આગમન પહેલાં ત્રણસોક 'છાપરાં' સ્ટેશન સામેનાં ખેત-રોમાં ઊભાં થઈ ગયાં. દિવસે બધું સૂનકાર ને રાત્રે અખંડ જાગૃતિવાળું "છાપરાં"નું વાતાવરણ ભયંકર ને ઉગ્ર તો હતું જ; પરંતુ એવા પાતાવરણમાં રાતને વખતે દસ–દસ વીસ—વીસના ટોળામાં પથરાયેલ દોઢેક હજાર માનવીઓ 'છાપરાં'ની બહાર ખુલ્લી તાપણીઓ કરીને જોરથી ફૂંકાતા પવનના સુસવાટમાં કંપી ઊઠતા ત્યારે તો એ વાતાવરણ શિવના તાંડવ જેવું રૌદ્ર ને પ્રલયકારી લાગતું. પણ કાળને ય કંપાવે એવું વાતાવરણ તો ત્યારે ખડું થતું, જ્યારે પ્લેગનો ભોગ થયેલ કોઈ કમનસીબ આત્માનું આયખું ખૂટી પડતાં 'શ્રીરામે...ભાઈ રામો' ની કારમી કાળચીસ વાતાવરણના અંગેઅંગને ભરી મૂકતી.

શરદપૂર્ણિમાની એ રાત હતી. માસ્તરબાપા અને એમના સાથીદારોનો ડાયરો ગામની ભાગોળે રાતના આઠેકને શુમારે જામ્યો હતો, પરંતુ દૂધપૌંઆની એ ઉજાણી નહોતી. પ્લેગની નાગચૂડ

દિનપ્રતિદિન વધુ ને વધુ ઘેરી બનતી હતી એ એમની મૂંઝવણનું મુખ્ય કારણ હતું. વરસાદનો ત્રાસ પણ કાંઈ કમ નહોતો. બચાવના ઉપાયો શોધવામાં એ બધા ગૂંથાયા હતા તેવામાં અચાનક ખુશખબર આવ્યા. માસ્તરબાપાને ત્યાં પુત્રજન્મ થયો હતો. પ્લેગના વિષાદઘેરા વાતાવરણ વચ્ચે પણ આનંદની લાગણી ઘડીક બધાનાં વદન પર તરી ઊઠી. પુત્ર-જન્મના હર્ષથી માસ્તરબાપાને ઉત્સાહનું નવું બળ મળી રહ્યું.

બીજા દિવસથી ટાઢ, વરસાદ, પવન ને પ્લેગના ભયંકર ઝંઝાવાત વચ્ચે પણ માસ્તરબાપા ને એમના સાથીદારો પોતાની ફરજ હિંમતથી બજાવ્યે ગયા, ને છતાં પ્લેગની જીત વિનાનો એક પણ દિવસ જતો નહોતો એ કાળની એક કમનસીબ કહાણી હતી.

અને તેમાં ય છેલ્લા પંદર દિવસે તો હદ કરી હતી. અમદાવાદથી લોકોનાં ટોળાં ને ટોળાં સરખેજમાં આશરો લેવા આવી રહ્યાં હતાં. પાંચસો-સાતસોની એ સંખ્યાને સમાવવી એ કાંઈ સહેલ નહોતું. પરિણામ સ્પષ્ટ હતું. એ સાતસોકમાંના ત્રીસ અને ગામના વીસ માનવીઓને તો મૃત્યુએ વીણી લીધા હતા. છેલ્લા અઠવાડિયાનો એ હિસાબ હતો, પ્લેગનો એ ફાલ હતો.

અંકુશ ને બચાવના અનેક દાવ છતાં પ્લેગ તો વીફર્યે જ જતો હતો. બજારમાં, વાસમાં, ચૌટામાં, શેરીમાં, છાપરાંમાં ને ભાગોળમાં બધે જ સ્મશાનઘેરી શાંતિ હતી. ક્યાં યે જો ચેતના હતી તો એ 'શાહવાડીના ભોથા'માં ને 'ફતેહવાડીના આરા'માં, 'જાસપરનાં ભોથા'માં ને 'ધોબી આરો' ને 'ફાટયાઆરા'માં —એકમાંથી વધીને પાંચ થયેલાં સરખેજનાં એ સ્મશાનોમાં મૃત્યુની અખંડ મહેફિલની દિલધડક ચેતના જ માત્ર હતી. પોતાની જ નજર સામે જુવાનજોધ દીકરાને કે કુટુંબના એકના એક આધારભૂત વડીલને જોતજોતામાં ચાલ્યા જતા જોવા એ તો હવે સામાન્ય બની ગયું હતું. ધાણી ફૂટે તેમ ફાટી પડતા સ્વજનોને લોકો

ફાટી આંખે જોઇ રહેતા હતા. 'પારકાંને પોતાનાં' કરનાર પણ ત્યારે 'પોતાનાંને પારકાં' થતાં લાચારીથી જોઈ રહ્યા હતા. વિયોગનું એ અણુધાર્યું દુ:ખ ખૂબ જ દુ:સહ્ય હતું.

છેલ્લા સપ્તાહમાં તો માસ્તરબાપાએ પણ સાતેક સાથીદારો ગુમાવ્યા હતા, છતાં મૃત્યુ સામે ઝઝૂમવાના વીર પ્રયત્નો એમણે ન જ મૂક્યા. પરંતુ એમના એ પ્રયત્નો ઉગ્ર સ્વરૂપ પકડે એ પહેલાં તો એમની ટુકડીઓ વિખરાઈ ગઇ. છેલ્લા સપ્તાહે સાતને ભરખી લીધા હતા. બીજા ત્રણને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાકીનામાંથી આઠેક જણ પ્લેગના ભયથી ઊગરવા બાવળા જતા રહ્યા હતા. માત્ર ચારેક સાથીદારો જ હવે માસ્તરબાપાને સાથ આપી શકે તેમ હતા.

માસ્તરબાપાની હિંમત હવે ઝાઝી જોર કરી શકે એમ રહી જ નહોતી. સાથીદારોની બેહાલી જ એમને જબ્બર આઘાત આપી રહી હતી, સાથીદારો તો એમના હાથપગ હતા. એમના વિના પોતે અપંગ હોય એવી માનસિક સ્થિતિ એ અનુભવી રહ્યા. સગાં ને સાથીદારોનો વિયોગ એમના અંતરને કોરી ખાતો હતો, ને આખા દિવસનો શ્રમ એમને નિર્બળ બનાવી રહ્યો હતો; ને છતાં બેહદ શારીરિક શ્રમ ને તીવ્ર માનસિક વેદના વચ્ચે પણ એમણે એમનું કાર્ય જારી રાખ્યું. મરવા તરફડતા ઉંદરને ઉકરડે નાંખી આવતાં એમને જરા યે કંપારી નહોતી છૂટતી. પ્લેગિયાના પ્લેગની ગાંઠ પર શેક કરતાં ચેપ લાગવાની સહેજ પણ બીક એમણે ન રાખી.

આ બાજુ કોચરબ પાસે વીસત્રીસ વિદ્યાર્થીઓથી ગાંધી—આશ્રમની સ્થાપનાની વાતો સંભળાતી હતી. યુરોપીય યુદ્ધની વાત જવા દઈએ તો પણ પણે ખેડાથાથી ગાંધીજીએ કરેલા સત્યાગ્રહની અને સરકારી દમનના દ્વંદ્વયુદ્ધની વાતો આવતી હતી ને અહીં પ્લેગનો વટોળ ફૂંકાતો હતો. રોજ-બ-રોજ પ્લેગનો વાવડ વધ્યે જતો હતો. નદી ને તળાવ વચ્ચે ગામ ઘેરાયેલું પડ્યું હતું. મુડદાં બાળવા

દૂર ન જવું પડે માટે પાંચપાંચ સ્મશાનો એક સામટાં ઊભા કરવા પડયાં હતાં અને છતાં ' તું જા ને હું આવું છું ' એવું કહેતાં ટપોટપ વહી જતાં મુડદાંઓને પૂરેપૂરાં બાળવા થોભાય એમ નહોતું. પહેલું મુડદું સ્મશાને પહોંચે એ પહેલાં તો બીજાં બે તૈયાર થતાં હતાં એટલે ઘણુંખરાં મુડદાંને અધૂરાં બાળીને નદીમાં વહેતાં કરવાની કપરી સ્થિતિ વારંવાર ઊભી થતી હતી. સ્મશાનમાં ને ગામમાં પાંસળીઓ ગણી શકાય એવાં સુક્કાં–લુખ્ખાં હાડખાયાં કૂતરાં મોંમાં હાડકાં લઈને આમતેમ ઘૂમતાં આખી રાત અને ક્વચિત્ દહાડે પણ ' હૂઅ... હૂઉઉઉ......હૂ ' ની ભયંકર શોકસૂચક ચીસો પાડી રહ્યાં હતાં. પ્લેગના ઉંદરનો ઢગ ઉકરડે જામતો હતો, ચાંચડનો ઉપદ્રવ વધ્યે જતો હતો ને હિમભર્યો પવન જોરથી ફૂંકાતો હતો. સરકારી મદદની આશા નિષ્ફળ નીવડી હતી ને પ્લેગથી બચવા ઇચ્છનારે રસી મૂકાવવા બાવળા જેટલે દૂર જવું પડતું. સરખેજ–અમદાવાદને સાંધતી નહોતી પાકી સડક કે નહોતો મોટર–વ્યવહાર. અકસ્માતને સમયે ' જમીન માપવાની ' જિગર કરી શકે અગર ગાડામાં બેસીને ' ઠચુક ઠચુક ' કરતાં ને ખાડાટેકરાથી કૂદતા ગાડામાં ચારચાર કલાક સુધી હાડકાં ભાંગી નાંખતી વેદના સહન કરી શકે એ જ અમદાવાદના સરકારી દવાખાનાની સારવાર મેળવી શકે એવો એ જમાનો હતો.

એટલે તબીબી સારવારને અભાવે ને વસ્તીના અણધાર્યા વધારાથી ફેલાયેલી અસ્વચ્છતાએ પ્લેગનો વેગ વધારી આપ્યો. રોજના બેએકને બદલે ત્રણચાર મુડદાં બાળવાનો ક્રમ હવે રોજિંદો બનતો હતો. જોતજોતામાં પ્લેગનો આંકડો ત્રણસો ઉપર પહોંચી ગયો. છેલ્લા બે માસનો એ વણનોંધ્યો આંકડો પ્લેગનું ચક્રવર્તિત્વ સાબિત કરતો હતો. પ્લેગની કૂચ અજેય ને અફર હતી.

દીપોત્સવીના સનાતન હર્ષના દિવસો પણ પ્લેગના શોકસભર વાતાવરણ વચ્ચે પસાર થઈ ગયા. ટેટા–ફેટાનો તો એ જમાનો જ

નહોતો એટલું આમજનતાનું એ કાળનું સદ્‌ભાગ્ય હતું. પરંતુ વાસણના ચકચકાટ ને અન્નપૂર્ણાના અનેકવિધ પકવાન્નભર્યા ભંડારના ઉત્સાહનું એકેય મટકું માર્યા વિના ને બારણાને ટોડલે ને બારસાખને ગોખલે, આંગણા ને ઓરડાને અજવાળતાં તેલભર્યા કોડિયાંની એકેય ઝગમગતી જ્યોત વિના પસાર થતી દિ વગરની દિવાળી જોતાં લોકોનું હૈયું દ્રવી ઊઠયું. બેસતું વર્ષ પણ મોતની ઘેરી છાયામાં પસાર થઈ ગયું અને ભાઈબીજનો દિવસ પણ માસ્તરબાપાને અને ગામસમસ્તને કતલનો દિવસ નીવડયો. એ એક જ દિવસે એક સાથે બાર બાર સ્નેહીઓને સ્મશાનમાં સુવાડતાં આખા ગામનું કાળજું કંપી ઊઠયું. સરખેજનાં પાંચે સ્મશાનો ભાઈબીજના એ ભયંકર દિવસે અખંડ ને અવિરત ભડભડ બળ્યે ગયાં.

ત્રીજ–ચોથના દિવસો કૈંક શાંતિથી પસાર થયા ને લાભપાંચમના દિવસે પ્લેગના જુવાળે વળી પાછો ઊથલો ખાધો.

તેમ છતાં એ દિવસનું સવાર માસ્તરબાપાને મન એક ધન્ય પ્રભાત હતું. એ સવારે માસ્તરબાપા પોતાના વીસ દિવસના કૂણા ફૂલફૂલ્યા વારસ–પુત્રને પહેલી જ વાર નીરખવાના હતા. નવથી સાડાદસના અમૃત ચોઘડિયામાં પત્ની અને પુત્રને તેડીને આવતાં રસ્તામાં જ એમને કૈંક વિચાર આવ્યો ને એ અટકયા. સાથે એમની બાર વર્ષની દીકરી નાના ભાઈને લઈને ધીરાં ડગલાં ભરી રહી હતી.

“ જો તો બહેન, આગળ જઈ ને ઘર ઉઘાડ તો ! ” વિચારમાં લથડતા પગે પુત્રીને ઉદ્દેશીને એ બોલ્યા.

પરંતુ વળી પાછા કૈં વિચારે એ રોકાયા ને એમણે બૂમ પાડી.

“ મંગુ, જરા ઊભી રહે તો. લે, ભાઈને લે, હું જ જાઉં છું.”

પચીસેક ડગલાં આગળ વધેલી મંગુ તરત જ બાપુજીના ફરમાને રોકાઈ ગઈ. બાપુજીના હાથમાં કૂંચીઓનું ઝુમખું મૂકતાં ને પોતાના

હાથમાં ભાઇને ઊંચકી લેતી બાની સાથે ફરી પાછી ધીરાં ડગલાં ભરતી મંજુ, બાળક—ભાઇને બચીઓ ભરતી ચાલવા લાગી.

ઝટપટ ઘેર આવીને એમણે બારણું ઉઘાડયું. ઉંબરમાં જ એ સ્તબ્ધ બની ઊભા રહ્યા. એમની શંકા સાચી ઠરી હતી. બરાબર ઓશરી વચ્ચે ધોળો તરફડતો પ્લેગનો ઉંદર પડયો હતો. ઘડીક ખમચાઇને એ ઊભા રહ્યા. તરત જ કપડાં બદલી પ્લેગનો ઉંદર નળિયા ઉપર ચઢાવી પંચિયાભેર પાસેના ઉકરડે એ નાંખી આવ્યા. આવીને સર્વ પ્રથમ ઉંદર પડ્યો હતો એ જગા પર ગ્લાસતેલ છાંટી ઉપર ઉપરનું લીંપણુ એમણે બાળી મૂક્યું. કદાચ છે ને પત્ની આવે ત્યારે ઉંદર પડેલો દેખે તો એને ધ્રાસકો લાગે એવા પૂર્વકલ્પિત વિચારે જ એમણે પુત્રી કે પત્નીને ન જવા દેતાં પોતે જ વહેલાં ઘેર જવું ઉચિત ધાર્યું હતું.

" એ આવત ને જોત તો એને ધ્રાસકો ન લાગત ?" માસ્તર બાપા વિચારે ચઢયા.

સારું થયું ને કે હું પહેલો આવ્યો ! મંજુ તો બિચારી ગાય. એનું બિચારીનું ગજું શું ? ઉંદર જોતાં જ એ તો બી મરે."

પુત્ર, પુત્રી ને પત્નીના પ્રવેશે એમની વિચારમાળા તૂટી. બળતા ગ્યાસતેલની ગંધ હજી ગઇ નહોતી. માસ્તરબાપાને પંચિયાભેર જોતાં જ પત્નીએ કારણ પૂછ્યું.

" આ જરા કળશ્યે ગ્યો'તો, " ભાલના વસવાટની અસર માસ્તર-બાપાના શબ્દોમાં તરી આવતી હતી.

" આ જરા ના'વાનું પાણી દેજે તો બહેન !" મંજુને ઉદ્દેશીને એમણે કહ્યું.

ગામડાગામમાં ખુલ્લી જમીનમાં ઉકરડે—જાજરૂ ગયા પછી પણ નાહ્યા વિના ઘરમાં ન અડવાનો એમનો નીમ હતો. પરંતુ અત્યારે તો એ માત્ર કારણુ જ હતું.

મંજુ અંદર પાણી લેવા ગઈ ને બળતા ગ્યાસતેલની ગંધ એનાથી છાની ન રહી.

" બાપુ, બાપુ, અહીં કાંઈક બળે છે. " મંજુથી બોલી જવાયું.

" કાંઈ નહિ બહેન, એ તો જરા ગ્યાસતેલ ઢોળાયું હતું તે બાળી મૂક્યું. ગંધાય નહિને, માટે. " માસ્તર બાપાએ વાત છુપાવી.

કોઈ દિવસ નહિ ને માસ્તરબાપા આજે જૂઠું બોલ્યા હતા.

" શા માટે ? ખરું કહ્યું હોત તો શો વાંધો હતો ? " પુત્રી અને પત્નીથી છુપાવેલ વાત માસ્તરબાપાના હૃદયમાં શિલાલેખની જેમ કોતરાઈ ગઈ.

" એમ કહો જ માત્ર પ્લેગ થોડો જ ચોંટી પડવાનો હતો ? તો પછી મને જ એ કેમ લાગુ ન પડે ? " માસ્તરબાપાના હૃદયમાં પ્લેગની ભયંકરતાની પહેલી જ વાર બીક લાગી.

એ આખી યે રાત માસ્તરબાપાને પ્લેગના જ વિચારો આવ્યા કર્યા. પોતાને જ હાથે પોતાની કાંધ પર ચઢાવીને સ્મશાને પહોંચાડેલાં બધાં મુડદા સજીવન થઈ ને આંખ સામે જાણે નાચી ઊઠયાં. સ્વપ્નની ભ્રમણાનીમાં જાણે કોઈ ને એ મરતી વખતે ચાંગળું પાણી ટોતા હતા તો કોઈનાં સ્વજનોને આશ્વાસન દઈ રહ્યા હતા. વરસતો વરસાદ, પવનનો સૂસવાટ, બળતી ચિતાઓનો ભડભડાટ, મરતા માણસનો વલવલાટ ને સ્નેહીઓના તલસાટ વચ્ચે ક્યાંક એ શબને મસાણિયા વાંસથી ખોરી ખોરીને બાળતા હતા. કોઈનાં 'ફૂલ' નદીમાં પધરાવતા હતા તો કોઈક શબ અધકચરું બાળીને નદીમાં ધકેલી દેતા હતા.

લાભપાંચમની આખી યે રાત માસ્તરબાપાએ સંપૂર્ણ અસ્વસ્થતાથી પસાર કરી. છઠનો દિવસ પણ એવો જ ગયો. ઝીણા તાવની દહેશતે એ દિવસે માસ્તરબાપા ગામમાં જઈ ન શક્યા. પ્લેગનો ભોગ થવાના ભણકારા આખો દિવસ એમને સંભળાઈ રહ્યા અને સાત-

મની સવારે બધાંના—અને ખુદ પોતાના આશ્ચર્ય વચ્ચે પ્લેગની ભયંકર ગાંઠ પોતાની બગલમાં ઊપસી આવેલી જોઈ માસ્તરબાપા ચોંકી ઊઠ્યા.

અનેક ઉપચારો કરવા છતાં પણ આઠમ–નોમના દિવસોમાં તાવ અને પ્લેગની ગાંઠ વધ્યે જ ગયાં. માસ્તરબાપાનો ભય વધારે દૃઢ થયો. અનિષ્ટ ભાવિનાં ચિહ્ન એમને જણાવા લાગ્યાં. સંપૂર્ણ માનસિક અને શારીરિક નિર્બળતામાં મૃત્યુનો ચોક્કસ પડકાર એમણે સાંભળ્યો. પોતે હવે નહિ જ બચે એવી દૃઢ ખાતરી એમને થઈ ચૂકી.

પુત્ર, પુત્રી ને પત્નીની સોંપણી કાકાના દીકરાને કરીને દશમની સવારે એ લવરીએ ચઢ્યા.

“એ આવત ને જોત તો એને ધ્રાસકો ન લાગત ? એ આવત ને જોત તો એને પ્લેગ ન લાગત ? એને પ્લેગ ન લાગત ? એને...એને...એને” સાંજના સાત સુધી એ લવરી ચાલુ જ રહી.

સાત–સાડાસાતે એમણે આંખ ઉઘાડી ને બાળક પુત્રને જોવા માગ્યો. રડતી રડતી મંગુ નાના ભાઈને ઊંચકી લાવીને માસ્તરબાપાની છાતી પર બેસાડી ગઈ. ત્રણચાર વર્ષનો બાબુ એટલામાં જ રમતો હતો, એને પણ બોલાવીને માસ્તરબાપાએ ખાટલા પર બેસાડવા કહ્યું. આંગણામાં રમતા બાબુને ઊંચકી લાવીને મંગુએ એને પણ નાના ભાઈ પાસે ખાટલામાં બેસાડ્યો.

બન્ને પુત્ર–પુત્રી ને પત્ની સામું છેલ્લી વાર એમણે ટીકી ટીકીને જોઈ લીધું, પછી ધારે રહીને બન્ને પુત્રોને એક એક ચૂમી અવાજ ન થાય તેમ લઈને બન્નેને નીચે મૂકવાનો પ્રયત્ન એમણે કર્યો. બાબુ તો પોતાની મેળે જ નીચે ઊતરી પડ્યો, પણ નાનાને ઉતારવા જતાં માસ્તરબાપાના હાથ છટકી થયા, બાળક નીચે પડી

ગયો. આંખો સ્થિર બની ગઈ ને હોઠ પર મૃત્યુનું સ્મિત ચમકી ઊઠ્યું.

માણસની અછતને લીધે રાત્રે મુડદું કાઢવું અશક્ય હતું. બીજે દિવસે સવારે સ્મશાનની બળતી ચેહમાં પણ અલ્પાલ્પ ગ્રામ-સેવાના સંતોષનું ઘેરું સ્મિત માસ્તરબાપાના મુખ પર ઝળકતું હતું.

દેવઊઠી એકાદશીના એ અમંગળ પર્વદિને ચેહની પ્રલયકારી જ્વાળાઓ વચ્ચે, બળતા શબના ઊંચાનીચા થતા હાથપગ વચ્ચે, રગેરગ ખેંચાઈ ને તતડી ઊઠતી ચામડી વચ્ચે, શબમાંથી ઘડીએ-પગલે છૂટતી પાણીની પીચકારીઓ વચ્ચે ને પ્લેગની ફાટી ઊઠતી ગાંઠના તડતડાટ વચ્ચે સરખેજનાં એ પાંચે સ્મશાનો, મરનારનાં રડતાં સ્વજનો અને જોરથી સૂસવતી શીત પવનલહરીઓ સાથે મૃત્યુનું ઘેરું ગીત અનેક સૂરે ગાઇ રહ્યાં હતાં.

નીતા

"મારી અંતીમ ઇચ્છા......આ પેટી......મારી ચિતા..." મરણ પથારી પાસે બેઠેલાં ગામ-જનોને સંબોધી પાસે પડેલી લાકડાની નાની પેટી તરફ ચક્ષુનિર્દેષ કરી નીતાએ પોતાની અંતીમ ઇચ્છા વ્યક્ત કરી.

પરંતુ ચોક્કે નાંખેલી નીતાને, તેને વીંટી બેઠેલા સ્નેહીસમા પડોશીઓ તેનું કહેવું સમજી તેનો મૂક સંમતિદર્શક ઉત્તર આપે તે પહેલાં જ એ સકળ સાર્વભૌમ શક્તિ આ પ્રિય-પુરાણુ જગતમાંથી તેને ઊઠાવી ગઇ.

અને આખાય મકાનમાં મૃત્યુની અઘોર શાંતિ ક્ષણભર પ્રસરી રહી.

સ્ત્રી-વર્ગની સંખ્યા અને જરૂરીઆત વધતાં ધીરે ધીરે પુરુષ-વર્ગ બહાર નિકળવા લાગ્યો. ન્હાનાં ન્હાનાં ટોળાં નીતાને આંગણે જમા થવા લાગ્યાં. નીતાની જીવન-સમીક્ષા કરતાં એ ટોળાં તેના મકાનની આજુબાજુ ગંભીર શાંતિથી છલકી રહ્યાં—જાણે પહેલાં કદી પણ એ મકાન જોયું ન હોય તેમ : અને ખરેખર નીતા વિહોણું સૂનું ઘર અદ્યાપિપર્યંત કોઈએ નહોતું જ જોયું.

બધાંનાં મન કુતૂહલ અને ખેદથી વ્યગ્ર હતાં. નીતાનું મૃત્યુ એ તેમને મન ન માની શકાય એવું સત્ય હતું. હજી યુવાન હોવા છતાં પણ ગામનાં વયોવૃદ્ધ સ્ત્રી–પુરુષોમાં નીતાનું સ્થાન મોખરે હતું. છેલ્લાં વીસ વર્ષ દરમિયાન એક પણ દિવસ નીતા ગામ બહાર ગઈ હોય તેવું કોઈને યાદ નહોતું. કદાચ પહાડના અતલ ઊંડાણમાંથી જેમ એક નજીવું ઝરણું પ્રગટે તેમ યૌવનવસંતમાં વિકસેલી નીતાની સૌરભે પણ લોકોની દૃષ્ટિ તેના પર કેન્દ્રિત બની હશે.

કદાચ આજ વિશાળ મકાનમાં તેની મા સાથે એકલી રહીને તેણે છાયાશું અસ્થિર બાળપણ વિતાવ્યું હશે અને લોકવાયકા મુજબ તેની માના મરણ પછી એ મકાન અને બીજી સ્થાવર જંગમ મિલ્કતની સંપૂર્ણ માલિકી પોતાને મળ્યા બાદ નીતા ગામના જાહેર જીવનમાં પ્રવેશ પામી હશે.

એક સમયે લોકો પણ કહેતા કે નીતા પાસે અઢળક ધન હતું. નીતાની એ જ સ્થિતિ હજી સુધી ટકી હતી શું? જૂનું, પુરાણું, કાળું પડી ગયેલું, જેલખાનાની બરાકો જેવી ઓરડીઓવાળું, સુકાઈ ગયેલા બગીચાના વેરાન ચોગાનથી ગરીબીની પ્રતીતિ કરાવતું ઘર જોતાં હજી પણ નીતા શ્રીમંત હતી એમ કોણ કહી શકે?

અને છતાંય નીતાને મળવા આવનાર કદી પણ તેની પાસેથી ખાલી હાથે પાછું ગયું હોય તેમ બન્યું નહોતું.

નીતા અને તેના મકાનની હાલની સ્થિતિ એ જગતની દૃષ્ટિએ તેના અસીમ ઔદાર્યનું પરિણામ હતું.

પરંતુ નીતાની સારવાર કરનાર બાઈ, અને થોડાક જાણકાર પુરુષો કહેતા કે, નીતાની માલમિલકત, ધનદોલત, ફરનીચર, બધું ભલે ચાલ્યું ગયું છતાં પૈસાથી ભરેલી એક પેટી તો હજીય તેની પાસે હતી; તાળું મારેલી દોરીથી બાંધેલી એક સીલબંધ પેટી હજી

બાકી રહી હતી—જેનો ઉલ્લેખ, અંતીમ ઘડીએ નીતાએ ભાંગ્યા-તૂટ્યા શબ્દોમાં કર્યો હતો તે.

: ૨ :

ઘડિયાળમાં બારના ટકોરા થયા તો ય નીતાનો ભત્રીજો આવ્યો નહિ. તેના આવ્યા પહેલાં તેના શબને કેમ લઈ જવાય? તેના આવ્યા પહેલાં તેનું વીલ પણ કેમ વંચાય? પાંચ કલાકથી તો નીતાનું શબ પડ્યું હતું. અને હજી તો કોણ જાણે ક્યારે ય તે આવશે. ત્યાં સુધી શું બધાંએ રોકાવું? ત્યારે શબને મેડીપર એકલું મૂકીને જવાય પણ ખરૂં? કદાચ સદ્‌ગતના પવિત્ર આત્માને કાગડા, કૂતરાં કે ઉંદર બિલાડી અભડાવે તો? ના, પણ શબ તો મેડી પર હતું ને? અને બારી બારણાં બંધ કર્યાં પછી કાગડા કૂતરાં કયાંથી આવવાનાં હતાં?

પણ ના, નીતાને આમ એકલી મૂકીને તો ન જ જવાય. એટલે આધેડ વયના, જમાનાને ખાધેલ, ભલભલી ભયંકર રાત્રીમાં પણ એકલા બેસી રહી શબની ચોકી કરનાર એક પુરુષે નીતાના શબને સાચવવાનું માથે લેતાં બાકીનાં નીચે ઉતરી આવ્યાં.

નીચે આવ્યાં ત્યારે બધાં મુખ પર કોઈ અકથ્ય મુંઝવણ હતી. નીતાની હયાતી એ રોજ સવારે શિવમંદિરમાં થતી આરતીના અચૂક ઘંટારવ, જેવી હતી. એ આરતીનો ઘંટારવ કદી પણ ન સંભળાયો હોય તેમ બન્યું નહોતું. એ ગામમાં કદી પણ નીતા દેખાઈ ન હોય તેમ બન્યું નહોતું. નીતાનું મૃત્યુ એ તેમની કલ્પના બહારનો પ્રસંગ હતો.

માંદી હોય ત્યારે ય પણ રોજ સાંજે ગાડી કરીને નીતા ગામ બહાર ફરવા જતી, અને કદી પણ બે દિવસથી વધુ મંદવાડ નીતાએ ભોગવ્યો ન હતો. અત્યારે પણ, લાંબી માંદગી ભોગવ્યા છતાં, લોકો

કહેતા કે, "એ તો સાજી સારી ગઈ". "એ તો બોલતી ચાલતી ગઈ."

મરવાની હતી તે છતાંય આજ બપોરે જ્યારે ગાડી કરીને નીતા બજારમાં ખરીદી કરવા ગઈ ત્યારે નાનાં નાનાં બાળકોનાં ટોળાં તેની ગાડીને કેવાં વીંટી વળ્યાં હતાં !

"નીતા બ્હેન ! અમારા માટે પેલું લાવશોને ?" કાલીકાલી ભાષામાં પૂછાયેલા પ્રશ્નનો "જરૂર લાવીશ" એમ બોલાયેલો ઉત્તર તેમને કેવો મીઠો, માધુર્યભર્યો લાગતો હતો !

અને હંમેશની ટેવ મુજબ આજે સાંજે સાત વાગે જ્યારે બધાં છોકરાંઓએ જાણ્યું કે હવે નીતાનું વ્હાલસોયું મોં અને સ્નેહ ભર્યું સ્મિત તે જોશે નહિ ત્યારે બધાં કેવાં નિરાશ થયાં હતાં ? કેવાં દિલગીર થયાં હતાં ! અને છતાંય ત્યાં ભેગી મળેલી સ્ત્રીઓને જાણે લાગતું હતું કે હંમેશની જેમ કાલ સવારે પણ તેઓ જીવનની આંટીઘુંટીના મહાન પ્રશ્નો ચર્ચવા અને તેની સલાહ લેવા નીતા પાસે જશે અને હંમેશની જેમ પ્રફુલ્લવદને અને પ્રશાંત મને નીતા તેમના સુખદુઃખની સાથી બની જશે.

પણ રે ! કાલ સવારે તો ભગવતી ભાગીરથીના પવિત્ર કિનારે નીતાના અંગેઅંગને મૃત્યુનો પવિત્ર અગ્નિ વીંટી વળશે, તેની ઝાળનું પ્રચંડ અંબર ઓઢતાં–ઓઢતાં જ તેનો પાર્થિવદેહ પણ આલોકમાંથી જોતજોતામાં અદૃશ્ય થશે, અને જતાં–જતાંય નીતાના મુખ પર તો આ જ મધુર સ્મિત ફરકતું હશે ને ? નિર્દોષ બાળક-સમું એ સ્મિત તેના કરચલીવાળા મુખપર પર કેવું ઓપતું હતું !

એ કરચલીઓ શાની હતી ? વૃદ્ધત્વનાં એ સૂચક ચિહ્નોથી અંકિત થયેલી નીતા શું એટલી બધી ઘરડી હતી ?–લાગતી હતી ? જરૂર નીતા ઘરડી જ હોવી જોઈએ; નહિ તો વળી યુવાનીમાં આ

પીળી ચામડી કેરી ? વદનમાં ફીકાશ શી ? ગાલનાં હાડકાનાં વળા દેખાવાં શાં ? આંખોમાં ઉંડાણુ ક્યાંથી ? વાણીમાં પ્રૌઢતા શી ? અવાજમાં નરમાશ શાથી ? તે યુવાન હતી તો તેનું ચાલવાનું જોમ ક્યાં ગયું હતું ? તે યુવાન હોય તો તેનું મુખતેજ કેમ વિલાઈ ગયું હતું ?

જરૂર નીતા યુવાન તો નહોતી જ. પણુ કદીય નીતા યુવાન હતી કે કેમ એ પણુ કોઈ કેમ કહી શકતું નહોતું ? ગામના એકે-એક ઘરનો સંપૂર્ણ ઈતિહાસ નીતા જાણુતી હોવા છતાંય નીતાના જીવનની માહિતી કોઇને ન હતી; શિવાય કે તે એક સ્રી હતી, વૃદ્ધા–કદાચ વૃદ્ધા–હતી, નીતા નામધારી, અપરિણિત, ઉદાર, માયાળુ અને માર્દવતાથી ભરેલી.

જેમ દરેક સ્રીના જીવનમાં એક વખત યૌવનવસંતની ક્યારી-ઓની સુવાસ મ્હેકી રહે છે તેમ માનો કે નીતાએ પણુ એ યૌવન-વસંતની મઘમઘતી ક્યારીઓમાં પગલાં માંડયાં હશે; તેની સુવાસ લીધી હશે, એને ખૂંદી પણુ હશે. ઘણીયે વાર ગામલોકો નીતાના બાળપણુમાં ડોકિયું કરવા મથતા. જો કદી પણુ નીતા એક ન્હાની નાદાન બાળકી હશે તો ? તો નીતા કેવી હશે એ વિચાર આવતાં તેમની સમક્ષ એક નિર્દોષ બાળાનું ચિત્ર ખડું થતું. તેની મોહક ચાલ, ઝાંઝરવિભૂષિત ન્હાના પાતળા પગ, ઓઢણીમાં ઢંકાએલી નાજુક કમર, ચતુરંગી કંકણોમાં શોભતા ન્હાના ગૌર હાથ, કુમળાં આંગળાં ને કુમળી હથેળી, પાતળી છાતી અને ગળું, હસતું મ્હોં, ઝીણા મોતી જેવા સફેદ દાંત, રાતા હોઠ અને લાલીભર્યા ગાલ, ન્હાનું અણીદાર નાક, ભૂરી–શ્યામ અક્ષુબ્ધ આંખો, ભવ્ય શ્વેત લલાટ, તેની વચ્ચે શોભતી ઝીણી રાતી ટીલડી, અને બારીક ઓઢ-ણીમાંથી દેખાતી લાંબા સુંદર વાળથી શોભતી આકર્ષક શ્યામ–વેણી, એ સઘળું તેમને નીતામાં જણાતું.

પણ સાચે જ નીતાને યુવાન કોઈએ જોઈ ન હતી. નીતાને તેના ભાવિ પતિ સાથે ફરતાં પણ કદી કોઈએ જોઈ ન હતી. અરે! નીતાના જીવનમાં પરિણિતાવસ્થા જ ક્યાં હતી? લોકો માનતા કે નીતા કદી પરણી જ નહોતી. કારણ? કારણ કે નીતા તો સમસ્ત પુરુષજાતને ધીક્કારતી હતી. ન્હાના તોફાની છોકરાઓને કે ઉગતા યુવકને એક પણ માયાળુ શબ્દ કહેતાં નીતાને કોઈએ સાંભળી ન હતી. પણ ન્હાની બાળકીઓને કેવા સ્નેહથી તે બોલાવતી? કેટલું વ્હાલ કરતી? ગામમાં ગમે તેને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે બચ્ચાં જોવા જનારાઓમાં સૌથી પ્રથમ એ હોય જ. જન્મેલું બાળક છોકરો હોય તો તેના કુંળા લાલીભર્યા મ્હોં પાસે પોતાનું મ્હોં લઈ જઈ જરા મોટી આંખો કરી ચીચીયારી પાડીને તે રડે નહિ ત્યાં સુધી તે તેની સામે તાકી રહેતી. પછી હાથમાંનો રૂપીઓ થોડી વાર તેને બતાવી–ટટળાવીને તેને આપી તે ચાલી જતી. પણ છોકરીનો જન્મ થયો હોય તો એવી વ્હાલભરી રીતે તેને પોતાના હાથમાં લેતી કે રોતું બાળક પણ તે વખતે શાંત પડી જતું. પછી તેના ગાલ પર એક આંસુ સારી, એક મીઠ્ઠી ચુમી ભરી, તેના કાનમાં કંઇક છાનુંછાનું બોલી, છેવટે, "ત્હારા દુ:ખી હૃદયને માટે" એમ કહી આસ્તેથી તેની હથેળીમાં એક રૂપીઓ તે મૂકતી.

પણ એના કરતાં ય તરછોડાયલી અને ભગ્નહૃદયી સ્રીઓને તે બહુ ચાહતી. સગી માને પણ કહેતાં ક્ષોભ આવે એવાં આશા-નિરાશાનાં ઘર્ષણો તેઓ નીતાને ખુલ્લે દિલે કહેતી. પ્રેમી દરકાર પણ ન કરતો હોય તેની પાછળ મરી ફીટતી કેટલી ય યુવતીઓ નીતાની સલાહ પ્રમાણે–પ્રેમી તરફ, પ્રેમીના જેટલી જ હદે બેદરકાર બનતાં પોતાનો પ્રેમી પાછો મેળવવામાં સફળ નિવડી હતી.

: ૩ :

ઘડિયાળમાં ત્રણના ટકોરા થયા અને એક યુવાન–બાળકે મકાનમાં પ્રવેશ કર્યો. મૂછનો દોરો પણ હજી પૂરેપૂરો સ્પષ્ટ ન

જણાતા એવા તેના કપાળપર વિચારની કરચલીઓ પણ ન હતી; તેની શ્યામલ આંખોમાં ઉદ્દેશ કે ઉત્સુકતાની છાપ નહોતી, તેનાં ન્હાનાં ન્હાનાં પગલામાં વેગ કે અધીરાઈનો ભાસ ન હતો. તેના હૃદયમાં લાગણી કે ભયનું નિશાન પણ નહોતું. ઉલટું ધીર ગંભીર હૃદયે તેણે મકાનમાં પ્રવેશ કર્યો. લોકો એકાદવાર જોયેલા નીતાના આ દૂરદૂરના વ્હાલા સંબંધીને જોઈ રહ્યા. તેની આંખોમાં સ્થિરતા હતી, મ્હોં પર કઠણાશ હતી, વાણીમાં કડવી–મીઠાશ હતી, હૃદયમાં ગુમાપ્પી હતી. તે માનતો કે દુનિયા એક પાગલખાનું છે, તે જાણતો કે સંસાર નશ્વર છે. જન્મ, મૃત્યુ અને જરાના શાશ્વત સંસારક્રમને સંપૂર્ણપણે જાણતો હોવા છતાંય યૌવનસુલભ ઉદ્ધતાઈથી તે બધાને હુકમ કરવા લાગ્યો. તેના હુકમમાં સમાયેલો ઠપકો સ્હામા પર એવો દાબ બેસાડવા મથતો હતો કે જાણે આખી યે જીંદગી નીતાની સાથે રહી મરણપર્યંત તેની ચાકરી કરનાર પોતે જ ન હોય?

"પણ ડૉકટરને તો બોલાવતો હતો?" એ સામાન્ય પ્રશ્નથી બધાંને સંબોધી નીતા પ્રત્યે પોતાની લાગણી અને નિકટતા તે વ્યક્ત કરવા લાગ્યો.

પરંતુ નીતા તો ક્યારનીએ માંદગીને બીછાને પોઢી હતી, તો તેના મૃત્યુ પહેલાં શા માટે તે પોતે જ તેની ખબર લેવા નહોતો આવ્યો? અને દાક્તરને ન બોલાવ્યા બદલ બધાંને ઠપકો આપતા પહેલાં શું તેને એ જાણવું જરૂરી નહોતું કે નીતા કોઈપણ ભોગે દાક્તરને મળવા સુદ્ધાં પણ નહોતી ઇચ્છતી? કોણજાણે કેમ પણ ગામના એકનાએક દાક્તરનું તો નામ સાભળતાં જ એ કંપી ઉઠતી. તેને જોવા સરખો વિચાર પણ તેના શરીરમાં ધ્રુજારી ઉપજાવતો. ગામમાં રહેવા આવ્યા બાદ લગભગ તેની જ ઉંમરના એ દાક્તર પાસે આજદિન સુધી કોઈ પણ કારણસર નીતા ગઇ ન હતી. તેને બે ત્રણ છોકરા અને એક પુત્રી હતી. બધાં ય ઠેકાણે પડયાં હતાં.

ભૂતકાળમાં કોઈ નિર્દોષ છોકરીને ભોળવીને તેને બહારગામ લઈ ગયા પછી લગ્નની આગલી રાતે જ તેને એકલી મૂકીને તે કેવો છટકી ગયો હતો ? અને ત્યાર પછી કેવી રીતે તે છોકરી ગુમ થઈ હતી તેની વાત કોઈ પડોશણે જ્યારે નીતાને કહેવા માંડી ત્યારે વાત સાંભળવી અધૂરી મૂકી જાણે એમાં કાંઈ મહત્વ ન હોય —કાંઈ વજુદ ન હોય—તેમ, નીતા કેવી સીતાર બજાવવા બેસી ગઈ હતી ! પણ એ વાત આ ગામમાં બની ન હોવાથી જેમ ગામનાં ઘણાં લોકો એ વાતમાં રસ લેતાં નહોતાં તેમ નીતા પણ એ વાતમાં રસ લેતી નહોતી. એમ ધારી પેલી પડોશણે તરત જ વાત બદલતાં દાક્તર અને તેની વહુ વચ્ચેના અણબનાવની વાત જ્યારે કરી ત્યારે નીતાએ ધીરા સાદે "હતભાગી !" "હતભાગી યુવાન !" એવા દયાના ઉદ્ગાર કાઢતાં તેને કેટલું આશ્ચર્ય થયું હતું ?

ભાનમાં હતી ત્યાં સુધી તો દાક્તરને બોલાવવાનું નીતાએ કહ્યું નહોતું. પરંતુ મરણ પહેલાં જે અર્ધા કલાકની બેભાની તેને આવી ત્યારે લોકો દાક્તરને બોલાવી લાવ્યા. તે આવ્યો—ધીરે પગલે, લથડતી ચાલે, ખિન્ન હૃદયે. દાક્તરના જીવનમાં સામાન્ય એવા મરણના વિષયમાં સ્થિર રહેવાને બદલે આજે આ દાક્તર અસ્થિર કેમ લાગતો હતો ? અને તેમ છતાંય જાણે બ્હીતો હોય તેમ બારણામાં જ તે ઘડીભર કેમ થંભી ગયો હતો ? પછી એકદમ અંદર ધસી આવી નીતાના શબ પાસે તે ઊભો ત્યારે તે કેવો શાંત અને ગંભીર લાગતો હતો ? તેના મુખમાંથી "નીતા" શબ્દનો ધીમો ઉચ્ચાર કોણે સાંભળ્યો ન હતો ? અને પછી જાણે નીતાને જ સંભળાવવા મથતો હોય તેવો બીજીવાર પણ જરા મોટેથી "નીતા !" "નીતા !" એવો ઉચ્ચાર પણ લોકોએ સાંભળ્યો જ હતો ને ?

ઘડીપણ વિસામો ન લેવા થોભતી ઘડિયાળ તો આગળ ને આગળ દોડવા જ કરતી હતીઃ ટન્ ટન્ ટન્ ટન્ ચાર ટકોરા થયા અને

નીતાનું વીલ વંચાયું. ઘર સિવાય બીજું કાંઈ જ ભત્રીજાને આપ્યું નહોતું. અને તેની પાસે બીજું હતું ય શું કે તેને તે આપી શકે ! ત્યારે પેલી પેટી ? એ પેટીમાં જ પૈસા હતા ને ? નહિ ? ત્યારે એમાં શું હતું ? એ પેટી કોને મળવાની હતી ? મેડીપર બેઠેલી બધી ય સ્ત્રીઓનાં આતુર નયન એ તાળું મારેલી, દોરીથી બાંધી સીલ કરેલી પેટી પર પડયાં. એમાં જ પૈસા હશે. આશાભર્યા હૃદયે ભત્રીજાએ શબ પાસે પડેલી એ પેટી પર હાથ મૂકયો—અને નીતાના વીલનું છેલ્લું વાકય વંચાયું,—" મ્હારી સાથે, મ્હારા જ શબની સાથે, મ્હારી જ ચિતામાં આ પેટીને પણ જલાવી દેજો."

કેવો વિચાર ! કેવું ગાંડપણ ! મૃત્યુ પછી મરનારને કઈ વસ્તુ કામે લાગવાની હતી ? પોતાની જ વસ્તુ પોતાની ચિતામાં બાળવાની તમન્ના આજદિન સુધી કહી, કોઈએ કયાંય, જાહેર કરી હતી ? કોઈ પણ વ્યક્તિને આવો બનાવ કયાંય જોયો કે સાંભળ્યો હોય તેવું યાદ હતું ? ત્યારે નીતાએ શા માટે એમ કહ્યું હશે ? અને નીતા આવું કહી જશે, નીતા આટલી બધી કંજુસ બનશે એમ કોણે ધાર્યું હશે ?

વીલ વંચાઇ રહ્યું. ઉજાગરાનું ઘેન બધાંની આંખોમાં સ્પષ્ટ જણાતું હોવાથી સવારમાં છ વાગે શબ લઇ જવાનું નક્કી કરી બધાં નીચે ગયાં અને જેને જ્યાં ફાવ્યું ત્યાં સૂતાં.

ખંડમાં મેડીપર માત્ર તેનો ભત્રીજો બેસી રહ્યો. પાસે જ નીતાનું શબ પડયું હતું. બાજુના ખંડમાં પેલી પેટી હતી. તેના હૃદયમાં ફક્ત એક જ વિચાર ચાલતો હતો: " શા માટે નીતા એ પેટી કોઈને સોંપી ન ગઈ ? એવું તે શું હશે એમાં કે જેને નીતાએ બાળી નાંખવાની ઇચ્છા રાખી ?"

: ૪ :

જિજ્ઞાસા પ્રતિપળે વધતી હતી. તે ઊઠયો—ધીરેથી ઊઠયો; અને ધીરે ડગલે બાજુના ખંડમાં ચાલ્યો ગયો. બહુ જ ચુપકીથી તેણે નીતાના ખંડનું બારણું બંધ કર્યું—જાણે નીતા તેને જોઇ ન જાય માટે. બસ! હવે નીતા નહિ જાણે કે એ પેટીનાં સીલ કોઇએ તોડયાં હતાં, એ પેટીનાં તાળાં કદી ખૂલ્યાં હતાં અને અંદર ભલેને લાખ્ખો રૂપીયા હોય પણ તેમાંથી એક પાઇ લેવી તેને હરામ હતી—તેને તો માત્ર જાણવું જ હતું કે પેટીમાં શું ભર્યું હતું?

એક પછી એક દોરીઓની ગાંઠ છૂટતી ગઇ, સીલ તૂટતું ગયું, તાળું ઉઘડતું ગયું.

એક ક્ષણભર તે થંભ્યો–ખેંચાયો, અને પછી ઘુંટણીએ બેસી તેણે પેટીનું ઢાંકણુ ઉઘાડયું. લાલ કપડાંની અંદર વીંટાએલું કંઇક તેની નજરે પડયું. ભારે હૃદયે અને અસ્થિર હાથે તેણે કપડું ખસેડયું—અને તેની આંખો સ્થિર બની ગઇ. આ શું? આ લગ્નનું પાનેતર ક્યાંથી? કોનું? કોણ...? ક્યારે? હળવે હાથે તેણે તે બાજુપર મૂક્યું. નીચે કાંચળી હતી. એ કાંચળી, એ મોજડીઓ, થોડાંક ગુલાબનાં ફુલ, તેની નીચે બે સુવર્ણ—કંકણ અને તેની વચ્ચે ગોઠવીને મૂકેલી એક નાની હીરાની વીંટી એ બધું શું સૂચવતું હતું? તે આ શું જોઈ રહ્યો હતો! શું એ નીતાનું જ હતું? એ વસ્ત્રો, એ આભૂષણો તો લગ્નનાં સૂચક ચિહ્નો હતાં. નીતાના લગ્નનાં તો નહિ હોય? કદાચ......કદાચ નીતાના જ લગ્નનાં એ વસ્ત્રાભૂષણોમાં વર્ષોની સુવાસ મઘમઘતી હતી. વર્ષોની યાદ એમાં ભરી હતી. વર્ષોને અંતે, સમયના વહનમાં એ બધાં કેવાં અવાઈ ગયેલાં જણાતાં હતાં? અને કેમ ભૂખી નીતાનું જીવન પણ એમ જ એકલું—અટૂલું ખવાઇ ગયું હતું ને?

પણ નીતાના જીવન વિષે તેને વધુ કાંઇ માહિતી ન હતી;

શિવાય કે તે જન્મથી જ પિતાવિહોણી હતી. વિધવા મા પાસે રહીને તેના જુના પુરાણા, જર્જરિત ઘરની ભૂરી દિવાલો અને નિશાળના નિર્દોષ વાતાવરણમાં તેનું એકલવાયું, અર્ધું મૂક જીવન તેણે શાંતિમાં વિતાવ્યું હતું. કાળના એક ફટકે તે માતાવિહોણી—અનાથ બની. નીતાને માટે બેન્કમાં અમુક થાપણ તે મૂકી ગઇ હતી. પણ તે પૈસાને શું કરે ? તે શોધતી હતી તેના જીવનસાથીને. તે ઝંખતી હતી તેની તૃષા છીપવનારને. લોકોની દૃષ્ટિએ તેનું જીવન શાંત અને છૂપું લાગતું—ક્યાં જાય છે અને શું કરે છે તેની સંભાળ લેનાર કોઈ નહોતું માટે તો નહિ ? પણ ના, ભૂલતો ન હોઉં તો નીતા જ્યારે છોકરીઓના ફાઈનલના ધોરણનો અભ્યાસ કરતી હતી ત્યારે કોઈ અજાણ્યા ડાક્તર અને નીતા વચ્ચેના છૂપા સંબંધની, એકમેકના પ્રેમપત્રોની, અને છૂપી રીતે તેમના મળવા સંબંધે કંઈક અફવાઓ તેણે સાંભળી હતી. પરંતુ જ્યારે નીતા લગ્નની તૈયારી કરવામાં રોકાઈ હતી ત્યારે પેલો ડાક્તર પોતાનું વચન ભૂલીને ગામ તજી દઈ કોઈ શ્રીમંતપુત્રી સાથે પરણી ગયો એમ કહેતાં કેટલાય મ્હોં તેણે સાંભળ્યાં હતાં. અને તેમ છતાં પણ તેની આશા રાખી કેટલાય દિવસ સુધી નીતા તેની રાહ જોતી બેઠી હતી. અને પછી તો નીતા પણ ગામ છોડી ગઈ હતી ને ? પણ એ તો ઘણાં દિવસની વાત હતી—અફવા હતી. એ ડાક્તરને અને નીતાને વળી સંબંધ કેવો ! નીતા તો પુરુષજાતને જ ધિક્કારતી હતી ને ? શું બાળપણથી જ પુરુષજાતને તે ધિક્કારતી હતી ? કોણ કહી શકે ? તે ઊઠયો. કોઈ તેને જોઈ તો નહિ ગયું હોય એમ ધારી ધીરેથી બારણા પાસે જઈ તડમાંથી નીતાના ખંડમાં નજર નાંખી તો નીતા શિવાય તે ખંડમાં બીજું કોઇ જ નહોતું.

બારણાને સાંકળ મારીને તે પાછો આવ્યો, અને પેટી પાસે બેઠો. અંદરની વસ્તુઓ તરફ જોઇ રહ્યો. શું પેટીમાં માત્ર આટલી જ ચીજો હતી ? ત્યારે રૂપીઆ ? લોકો કહેતા'તા કે એમાં જ રૂપીઆ હતા ? એ કયાં ગયા?

કોઈના પણ હાથ ન શોભાવનાર એ કમનસીબ ચૂડો, એ કંટકભર્યાં કરમાએલાં ગુલાબ, એ અપશુકનીયાળ કંકણ અને વિરહની ભાવનાને તીવ્ર બનાવતી વીંટી, એ બધાંની નીચે શું હતું ! ધડકતે હૃદયે તેણે એ બધું બહાર કાઢયું.

એ શું દેખાતું હતું ? થોકડા જેવું જ કંઈક હતું ને ? ઝડપથી એ થોકડી પર તેણે હાથ મૂકયો. નોટોની થોકડી તો ન હોય ! પણ ના, એમાં તો કાગળો હતા, પત્રો હતા. નીતાના પ્રેમપત્રો તો ન હોય ? તેમના પર પડેલા ટપાલના સિક્કા સ્પષ્ટ જણાતા હતા. પણ એ સરનામું કોનું હતું ? ઝાંખા પડી ગયેલા અક્ષરો બરાબર ન ઉકલવાથી એ થોકડીમાંથી એક બે પત્રો લેવા તેણે પાકીટમાં હાથ નાંખ્યો.

પણ રે ! આ કોના રડવાનો અવાજ આવતો હતો ? હેં ! આ કોની ચીસો સંભળાતી હતી ? એ કયાંથી આવતી હતી ? એ તો નીતાના ખંડમાંથી આવતી હતી. કોણ હશે એ ? નીતાનું કોઈ ઓળખીતું તો નહિ હોય ? એ ઘડીભર થંભ્યો.

એ ભયંકર રૂદન બંધ થાય તો કેવું સારૂં ? એ રૂદન તેને કબ્જે કરતું હતું. એ રૂદન તેનો ગભરાટ વધારતું હતું. તેણે પાકીટમાંથી હાથ ખેંચી લીધો; અને ફરી પાછો અંદર નાંખ્યો. શું મરનારના અંગત જીવનમાં ડોકીયું કરવાનો અધિકાર તેને હતો ? એમ કરવાની હિંમત શું તેનામાં હતી ? અને હોય તો યે એ ઇચ્છનીય ખરી ? પરંતુ જીજ્ઞાસા ઓછી પ્રબળ હતી ? એકદમ પત્રો તેણે બહાર ખેંચી કાઢયા. અને એ જ ઘડીયે એ ભયંકર રૂદનનો હૈયાફાટ ધ્વનિ-પ્રતિધ્વનિ આખા ઓરડામાં ગાજી રહ્યો.

તે ગભરાટમાં જ રહ્યો; અને ચોતરફ ભયની નજરે જોવા

લાગ્યો. પત્રો તેના હાથમાં જ હતા. ત્યાં તો કોઇ જ નહોતું હા, પણ એ અવાજ તો નીતાના ખંડમાંથી આવતો હતો—ડુસકાંથી અટકાતો, દીર્ઘ અને શોકભર્યો—કોઇ દુઃખિત સ્ત્રીના રૂદન જેવો.

ઝડપથી તેણે પત્રો ખીસામાં સેરવી દીધા અને આગલા ખંડમાં દોડી ગયો. નીસરણીમાં ઉભા રહી, નીચે સુતેલા બે-એક માણસોને બૂમ પાડી ઉઠાડી તેમને ધાબળા, કાંબળી કે શાલ-જે મળે તે-લાવવાનાં કહી અંદર નીતાના ખંડ તરફ તે દોડી ગયો. તે ધારતો હતો કે મૃત્યુને બદલે મૃત્યુ જેવી જ ગાઢ મૂર્છા નીતાને આવી હશે. અને એ મૂર્છા વળી જતાં પોતાને મરણ પથારી પર—ચોક નાંખેલી જોતાં જ હેબતાઈ જવાથી ભયથી વ્યાકુળ બનીને તેણે બૂમ પાડી હશે. હજી પણ એ ભયાનક ચીસ સંભળાતી હતી. નીતાના ખંડનું બારણું ઉઘાડતાં તે બોલ્યો, "ગભરાઇશ નહિ નીતા! હું આવું છું, ગભરાઇશ નહિ!" બોલતાં બોલતાં નીતાને તેણે પથારીમાં બેબાકળી બેઠેલી કલ્પી. પણ આ શું? બારણું ઉઘાડતાં જ એ અવાજ કેમ બંધ થઇ ગયો? ત્યારે એ અવાજ ક્યાંથી આવતો હતો? કોનો હતો?

તે ચોંક્યો. તેની આંખે અંધારાં ફરી વળ્યાં. પડતાં પડતાં બારણાની સાખ તેણે પકડી લીધી. નીતા તો તેના શયનમાં જે સ્થિતિમાં સૂતી હતી તે જ જડ—નિશ્ચેતન સ્થિતિમાં યથાવત્ પડી હતી. તેના હાથ પણ બન્ને પડખે એમના એમ હતા. મૃત્યુ સમયે તેના મુખ પર રમી રહેલું એ જ શાશ્વત સ્મિત અત્યારે પણ તેના મુખ પર હતું. આખા ઓરડામાં શબ વિના બીજું કોઈ જ—કંઈ જ ન હતું. તેના ખૂણેખૂણામાં મૃત્યુનો આભાસ હતો.

થોડીવાર તે બારણા પાસે જ અવાક બની ઊભો રહ્યો. પેલાં માણસોને આવતાં સાંભળી દાદર પાસે જઈ તેણે તેમને જણાવ્યું

કે તેણે જે કર્યું હતું ને માત્ર ભ્રમ હતો. તેની મૂર્ખતા પર હસતાં હસતાં એ બધાનિ નીચે પાછાં જતાં તે જોઈ રહ્યો; અને પછી દાદર બંધ કરી તે અંદર પાછો આવ્યો.

ખીસામાં નાંખેલા પત્રો બહાર કાઢી એક અક્ષર પણ જોયા વિના ઘણા જ પૂજ્યભાવ સાથે તેણે એ બધા ય પત્રો પાછા થેલીમાં મૂકી દીધા. ઘણા જ માનપૂર્વક એના ઉપર પેલાં લગ્નનાં વસ્ત્રાભૂષણ પણ પહેલાંની જેમ તેણે ગોઠવી દીધાં.

ધડકતે હૃદયે અને હળવે હાથે તેણે પેટીનું ઢાંકણુ બંધ કર્યું. નીચે બેઠેલા લોકો શબને દાહ માટે સ્મશાન લઈ જવાની તૈયારીઓ કરતા હતા ત્યારે નીતાનો ભત્રીજો પેટીને દોરી બાંધી સીલ મારી રહ્યો હતો.

નન્દી

તે દિવસ મને બરાબર યાદ છે જ્યારે પ્રયાગના પવિત્ર કિનારે સાધ્વીઓના ટોળામાં એ મદભર નૈનાંએ મારા હૃદયપટ પર કોઈ અનેરો ગભરાટ, કોઇ અકથ્ય મુંઝવણ ઉપજાવી હતી. કોઇ અજાણ્યા યાત્રિકને પ્રથમ દર્શને તો જરૂર એમ થાય કે વિલાસની પ્રતિમૂર્તિશી એ બાલ-યુવતી ગમે તેવા નિશ્ચલ પુરુષને પણ ક્ષણભર તો જરૂર ડગાવી શકે. લાલીભર્યા વદન પર નાચી રહેલું એ આંખોનું તેજ, શ્વેત દંતાવલી અને ઓષ્ઠદ્વયની વચ્ચે રમી રહેલું એ અમોલ સ્મિત, સુવર્ણકંકણને સ્થાને ગૌર હાથ પર શોભતાં એ રૂદ્રાક્ષકંકણ, ગળામાં ઓપતી એ તુલસીમાળ, કાનમાં ઝુલતાં એ ઝીણાં........ રૂદ્રાક્ષકુંડળ, નાનું પણ સુરેખ લલાટ, દીપ્તિભર્યો દેહ, આકર્ષક હાવભાવ, એ ભજન, એ ધૂન, તાલ, લય, શું કહું ? શું ન કહું ?

હા ! મને બરાબર યાદ છે કે એ વાતને તો આજ સાતસાત વર્ષ વીતી ગયાં; પણ એ કેમ ભૂલાય અનિલ ! ગંગા યમુનાના સનાતન સંગમસ્થાન પર જોયેલું એ ચિરંતન દૃશ્ય કેમ ભૂલાય ?

શું કહ્યું ? ઢોંગ ? ના, ના, અનિલ ! એ ઢોંગ ન હતો. દિવસોના પરિશ્રમને અંતે એ કહાણી મેં સાંભળી, એ વ્યથા મેં

અનુભવી. ભવરણમાં ભટકતી એકલ, અનાથ બાળાની એ જીવનયાત્રાને પગલે પગલે પથરાયેલી એ શૂળ પોતાને ભોંકાય તેની મને પરવા ન હતી. હું માનું છું કે આ આખી ય કહાણી જ્યારે તું સાંભળીશ ત્યારે મને ભોંકાતા એ કાંટા તને તો જરૂર ખૂંચશે.

પણ નથી સમજાતું અનિલ! કે સમાજને એ કાંટા કેમ ખૂંચતા નથી વારુ? હેં......! હા, તું બરાબર કહે છે. વારુ, ગમે તેટલી ચોકસાઈથી ચાલવા છતાં ય એ કાંટા તેને દેખાય તો ખરાને? પણ એમ ક્યાં બને છે?

ના, પણ એ બધું કહીને તારી જીજ્ઞાસા શા માટે વધારું? તારે તો એ કહાણી જ સાંભળવી છે; ખરુંને? ભલે.

જો, આઠેક વર્ષ પર ચાર પાંચ સંબંધીઓ સાથે અમે હિંદ–પર્યટને ગયેલા એ તો યાદ છે ને? વારુ, અલ્હાબાદમાં એક માસ રહેલા તે? એ એક માસ દરમિયાન જે અજોડ અનુભવગાથા મને પ્રાપ્ત થઇ તેની આ વાત છે.

સંધ્યાનો સમય હતો. વર્ષાના દિવસો છતાં ય આકાશ નિરભ્ર હતું. શ્રાવણી અમાસની ભયંકર રાત્રી જામવાને ફક્ત થોડીજ વાર હતી. કિડબંજના એ ધાંધલીયા વાતાવરણથી કંટાળી ઘડીભર શાંતિ મેળવવા એક ન્હાની બોટ ભાડે કરી યમુનાનાં લીલાં પાણી ડહોળવા અમે નિકળી પડયા. વિરામસ્થાન નક્કી કર્યું ન હોવાથી અમારૂં નાવ સડસડાટ પાણી કાપતું આગળ ધપ્યે જતું હતું. માતા જાહ્નવીનાં સનાતન જળપર દિવસનાં છેલ્લાં તેજકિરણો નચાવતો, ક્ષિતિજ-રેખાને ક્ષણભર ગુલાબી–રતાશની મોહક લાલી અર્પી થાપ દઈનાશી જવાનો પ્રયત્ન કરતો આદિત્ય બારબાર કલાકનું એ અનાદિકાળનું અજોડ તાંડવ રચતો હતો.

થોડીક મિનીટો બાદ ત્રિવેણીના પવિત્ર આરે અમે આવી

પહોંચ્યા. જોયું તો કિનારા પર મોટી માનવમેદની જામી હતી. વચ્ચે મંડપ જેવું કંઈક જણાતું હતું. માત્ર કુતૂહલવૃત્તિથી કિનારા તરફ બોટ હંકારાવી અમે પણ ત્યાં પહોંચ્યા. ટોળાની મધ્યમાં સુરીલા કંઠથી જોગીયાની અજબ ધૂન કોઈ જમાવી રહ્યું હતું.

“ મન હે મુસાફીર, તનકા સરા બીચ,
તું કીતા અનુરાગ રે,
રૈન બસેરા, કર લે ડેરા,
ઉઠ ચલના પરભાતરે.
ક્યોં સોયા ગફલતકા માતા ?
જાગરે નર જાગરે !
ક્યો સોયા...?”

હજી આજ પણ એ દિવ્ય સ્વર આ કર્ણદ્વારપર નાચી રહ્યા છે અનિલ !

લોકોને આમતેમ ધક્કા મારી કોણીનો ઉપયોગ કરતા, ઉંચાનીચા થઇ ટોળું વીંધી અંદર શું છે તે જોવા અમે પ્રયત્ન કર્યો. પણ જોનારમાંથી કોઈ મચક આપે તેમ ન હતું. છેવટે અમારામાંનો એક ‘ હમણાં આવું છું ’ એમ કહી અંદર તો ગયો, પણ અમે જોયું કે અંદર જનાર કરતાં બહાર આવનારની સ્થિતિ વધુ ભયંકર થતી એટલે અમે તેની રાહ જોતા આમતેમ આંટા મારવા લાગ્યા.

પાએક કલાક થયો ન થયો ત્યાં તો આખુંય ટોળું ‘ નન્હી દેવીકી જય !’ ‘ નન્હી દેવીકી જય ! ’ કહેતું એકદમ વિખરાવા લાગ્યું. જોતજોતામાં લોકોના બે ભાગ પડી ગયા; અમે જરા સ્વસ્થ બની બાજુપર ઉભા રહીએ તે પહેલાં તો......‘ બાજુ ખસો ! ’

અને ' હટજાવ ! ' ના ઉદ્ગાર વચ્ચે એક બગી—જો એ લોકોના શબ્દોમાં કહું તો એક ફેટનગાડી—અમારી આગળથીજ પસાર થઇ ગઈ.

ક્ષણુ. એ ક્ષણુનું એ અપૂર્વ દર્શન આજે ય નથી ભૂલાતું અનિલ ! પણુ તું નહિ માને. આજે આ શબ્દોનાં ખોખામાં એ બધું કદાચ અવાસ્તવિક લાગે, પણુ અનિલ ! એક દિવસનું એ સત્ય હતું—અમર સત્ય હતું એ મારાથી કેમ ભૂલાય ? શું કહ્યું ? આગળ કહું એમ ? માનશો ? વારૂ, વારૂ.

એ બગીમાં બેસીને પચીસેક વર્ષની કોઇ મુગ્ધા, કોઇ અજોડ તાપસી પસાર થતી મેં—અમે જોઇ. તેના લલાટપર કોઈ અપાર્થિવ તેજ ચમકતું મેં જોયું. હજી તો તેનાં દર્શન માત્ર કરૂં ન કરૂં ત્યાં તો એ બગી અદશ્ય થઈ ગઈ. અમે તો ઘડીભર સ્તબ્ધ બની ઉભા. અંદર અંદર પૂછવા લાગ્યા : " કોણુ હશે એ ? " કોઈ ને પૂછાય પણુ કેમ ? ફક્ત બગીની દિશા તરફ જોતાં અમે ઉભા રહ્યા. તેવામાં નાવિકે બૂમ મારી:

" અજી ! અબ તક ક્યા દેખ રહે હો ? અબ ચલોગે યા નહિ ?"

અને ધીરેધીરે કોઇ વિચિત્ર મુંઝવણુ અનુભવતા અમે હોડી તરફ વળ્યા. જીજ્ઞાસા એટલી પ્રબળ હતી કે મારા એક સાથીદારે તો જતાવેંત જ નાવિકને પ્રશ્ન કર્યો:

" તુમ જાનતા હય વો કૌન થી ? "

" અજી એસી તો બ્હોત હિ હય. અબ જાને દીજીયે ઉસકી બાતેં. " હોડી જરા કિનારાની વધુ પાસે લાવતાં તે બોલ્યો.

પેલા બિરાદરે હોડીમાં પગ મૂકતાં ફરી પ્રશ્ન કર્યો: " નહિ, નહિ; તુમ જાનતા નહિ વો કૌન થી ? "

" અજી જાનતા તો હું; મગર ઉસસે ક્યા ફાયદા ? " તે બોલ્યો.

"હય વો કેદારનાથ કી લડકી. મગર......હાં, આઓ આઓ. બેઠો. બોલો અબ કીસ તરફ ચલેંગે ?"

અને અનિલ ! તેને બિચારાને શું ખબર કે અમારા હૃદયમાં એ આતુરતા શાની હતી ! તેને તો કામથી કામ ! તેઓનું તે કાંઈ જીવન છે ? અરે ! પણ આ તો આપણે બીજી દિશાએ વળી ગયા.- હાં, અમે તો ટપોટપ હોડીમાં બેસી ગયા અને કઈ તરફ જવું તેના કરતાં તે ક્યાં રહે છે તે જાણવું જરૂરી લાગવાથી તેને વળી એક પ્રશ્ન કર્યો.

" કહાં રહેતી હય વો ? "

" વો ? અરે...બાબુજી ! આપ તો ઐસે પ્રશ્ન કર રહે હૈ જૈસે કી પુલીસ ભી નહિ કરતી. હાં; મગર વો તો રહતી હય...હે...હં દારાગંજ મેં. " તે બોલ્યો : અને સામે ગંગાના પૂલ પર વિજળીના દીવા થયા.

ચોમાસાનો દિવસ અને રાત્રીનો સમય હોવાથી બળપૂર્વક હૃદયના એ ઉન્માદને રોકી અમે ઘર તરફ વળવું ઉચિત ધાર્યું. અમારામાંના એકે નાવિકને આજ્ઞા કરી : " અચ્છા, હમ લોગ વાપિસ લૌટેંગે. " અને પૂછ્યું : " મગર અય ! વો કેદારનાથ કોન હય ? "

" ક્યોં ? આપ નહિ જાનતે ? યાને વો દસાસમેધ મહાદેવકા પૂજારી, જો અબ મર ગયા હય ! " હોડી પાછી વાળી સઢ ચઢાવતાં તે બોલ્યો.

સામે આકાશમાં બે ત્રણ વાદળ ધસી આવતાં જણાયાં અને નાવિકે સઢ પૂરેપૂરો ફેલાવી દીધો. પણ તેની પાસેથી બને તેટલી માહિતી મેળવવાની તમન્નાએ હોડીની વચ્ચે જતી ગતિનું આકર્ષણ અમને ભૂલાવી દીધું.

" અચ્છા તો યહ મંદિર મેં અબ કૌન રહેતા હય ? "

" યહી નન્હી, ઔર કૌન ? "

" હાં, માલુમ હોતા હય ગાનાબજાના ઠીક જાનતી હય ! " હું બોલી ઊઠયો.

" અજી જાને દો, અબ કામ કે બખ્તમેં. " એમ કહેતાં કહેતાં જરા ધીરા અવાજે એ બબડયો. " ન માલુમ કયા હોગા. ઉસીકે લીયે તો ઉનોંકો ભગા દીયા હય. હોગા. અપનેકુ કયા ! "

અમારી જીજ્ઞાસા વધે એ સ્વાભાવિક હતું. મ્હેં પૂછ્યું: " કયા કહા ? ભગા દીયા ? કીસકો ? કીસને ? "

પણ ખલાસી જેવો માણસ તે બિચારો કેટલા પ્રશ્નોના ઉત્તર આપે ? જાણે ડરતો હોય તેમ ધીરે અને સહજ કંટાળીને તેણે ઉત્તર આપ્યો.

એ પ્રશ્નોત્તરી એટલેથી જ પડતી મૂકી અમે હવે શું કરવું એ વિચારમાં ગુંથાયા. તેવામાં કિનારો આવ્યો અને હોડી થોભતાં અમે નીચે ઉતર્યાં. હોડીવાળાના પૈસા ચૂકવી ધર્મશાળા તરફ જતાં જતાં આવતી કાલે સવારે ગમે તે ભોગે તે સાધ્વીની મુલાકાત લેવી એમ અમે નક્કી કર્યું.

\+ \+ \+

સવારના દશેક થયા હતા. જમી પરવારી બે ટાંગા ભાડે કરી અમે દારાગંજમાં આવેલા દશાશ્વમેધ મંદિરમાં આવી પહોંચ્યા. મંદિરના મુખદ્વાર પર ' ભગિની સમાજ ' એમ લખેલું હતું. પણ નશીબ તો બે ડગલાં આગળ ને આગળ ! કોણ જાણે કોના શુકન થયા હશે. કોઈએ ખબર આપી કે નન્હી તો બે દિવસ માટે અયોધ્યાના શાકદ્વીપી બ્રાહ્મણ રાજાના રાજમહેલમાં આવેલા રાજેશ્વર નામના મહાદેવના વાર્ષિકોત્સવ પ્રસંગે મહારાજાના

આમંત્રણથી ભજન સપ્તાહમાં ભાગ લેવા ગઈ હતી. બસ થઇ રહ્યું. અમારે તો રૂપિયા ચારની ઘેર ઉડી. પણ ગયા તો એમ કાંઈ સાવ જોયા-જાણ્યા વિના પાછા આવીએ કે? અમે તો મંદિરના ચોગાનમાં ફરવા માંડ્યું. મંદિરની દિવાલને ઘસાઇને પાછળ ગંગાજીનો પ્રવાહ વહેતો હતો. સામે જ ગંગાનો પૂલ દેખાતો હતો. બાજુમાં ચારપાંચ નાની પણ સ્વચ્છ ઓરડીઓ હતી. સામે એક મોટા ખંડના દ્વાર પાસે ભીંતમાં એક પેટી જડેલી હતી. તેના પર કંઇક લખેલું જણાયું. અમે તરત જ ત્યાં ગયા અને એ લખાણ વાંચ્યું. ત્યાં પત્થરની એક તખ્તી પર આવા જ અર્થનું કંઇક લખેલું હતું.

"ભલા પથિક! જો તું હિંદુ હોય, હિંદુ ધર્મ પર તને સંપૂર્ણ શ્રદ્ધા હોય અને તેને સનાતન જોવા ઇચ્છતો હોય તો તારા ધર્મ અને સમાજને માટે અહીં કે બીજે ક્યાંય, ગમે ત્યારે, ગમે ત્યાં, શારીરિક, માનસિક કે આર્થિક ભોગ આપીને તારૂં ઋણ ચૂકવવાનું ભૂલતો નહિ."

ધર્મ અને સમાજના નામપર લોકોને સંબોધતી એ સાધ્વીના વિચારો કેવા હશે એ જાણવાનું તો અમને ન મળ્યું.

અને મારી ટેવ તો તું જાણે છે ને અનિલ! લીધી ટેક પૂરી કર્યા વિના હું કદી રહ્યો છું? અધુરામાં પૂરા સાથીઓ પણ મારા જેવા જ મળેલા. અમે બધા જ બેફિકર. બધી જ રીતે બેફિકર. પૈસા સામે અમારે જોવાનું ન હતું. કારણ તો તું ક્યાં નથી જાણતો? પેલા નવનીતના એ અમારા જ હતા ને? અને સમયનો વિચાર અમારે કરવાનો જ ન હતો. કારણ સમય ગાળવા તો અમે નિકળ્યા હતા. એટલે ગમે ત્યારે પણ એ સાધ્વીનાં દર્શન કરવાં જ એવો નિશ્ચય કરીને અમે પાછા વળ્યા.

\+ \+ \+

એ દિવસ પછી જ્યારે અમે ત્યાં ગયા ત્યારે નન્દી સમાધિમાં બેઠી હતી. તને કદાચ હસવું આવશે અનિલ! અરે! મેં પણ આ સમાધિ લે એ તો એ પહેલી જ વાર સાંભળ્યું અને મને તો એવું હસવું આવ્યું કે ન છુટકે હું તો ઘડીભર મંદિરની બહાર નીકળી નિરાંતે હસ્યો. ખૂબ હસ્યો. હજી તો મારૂં હસવું પૂરૂં થયું પણ ન હતું ત્યાં તો પાછળથી નવનીતે ઇસારો કરી જણાવ્યું કે નન્દીને બહાર આવવાનો સમય થઇ ગયો હતો. મહાપરાણે હસવું રોકતો ધીરે પગલે હું પાછો વળ્યો અને સામેથી કોઇ અવર્ણનીય તેજનો અંબાર આવતો મેં જોયો. પ્રભામંડળની વચ્ચે ઓપતું એ પ્રશાંત વદન, નયનમાંથી છૂટતી એ વિદ્યુતધારા, જાણે સોને મઢ્યો હોય એવો એ ભવ્ય દેહ એ બધું જોતાં મારૂં હાસ્ય કોણ જાણે ક્યાંય આલ્યું ગયું. તું ભલે ન માને અનિલ! પણ હું ચોક્કસ કહું છું કે એ તો હતી કલ્પનાથીયે પર એવી કોઇ સ્વર્ગીય દેવી; જાણે જગ-જ્જનની અંબિકા. તને તો હસવું આવે છે કેમ? આવે સ્તો, કેમ ન આવે? તારો નાસ્તિકવાદ ભલે એને દેવી તરીકે સ્વીકારવા તૈયાર ન હોય, પણ એક ઉત્તમ માનવરત્ન તરીકે તો જરૂર પૂજે.

ઘણી જ નમ્રતાથી એણે અમને આવકાર આપ્યો અને અંદર લઇ ગઇ. અમે તો ગયા—'જાણે પંથભૂલ્યા પથિક' ની જેમ. સામેના મોટા ખંડમાં એક સફેદ જાજમ પર અમને બેસવાનું સૂચન કરી સામે પડેલા એક દર્ભાસન પર બેસતાં ઘણા જ માર્દવભર્યાં સ્મિત સહ તેણે પૂછ્યું.

"મૈં જાન સકતી હું આપ મહાનુભાવ કે આવકાર રહસ્ય?"

આજે તો આ પ્રશ્ન કદાચ આશ્ચર્યકારક ન લાગે. પણ અનિલ! વર્ષો પહેલાં ઉચ્ચારાયેલા એ શબ્દોમાં એવું કોઇ સામર્થ્ય ભર્યું હતું કે જેણે ઘડીભર તો અમને અવાક્ કરી નાંખ્યા. થોડી વારે હું ફક્ત એટલું જ બોલી શક્યો.

"માત્ર કુતૂહલ."

"કુતૂહલ ભી તો કભી ઇષ્ટ હોતા હય. આપકા કુતૂહલ ભી ક્યોં ઇષ્ટ ન હો? બતાયેંગે?"

જરા વધુ સ્વસ્થ બની મેં આગળ ધપાવ્યું.

"કેવલ યહ તખ્તી મેં જો કુછ લીખા હય ઉનકા સચ્ચા રહસ્ય."

જરા થોભી, અમારાં વસ્ત્રો તરફ એક ઝડપી નજર ફેરવતાં તે બોલી:

"ક્યોં આપ હિંદી પઢ સકતે નહિ?" અને અમારા જવાબની રાહ જોયા વિના જ તે આગળ બોલી: "માલુમ હોતા હય આપ ગુજરાત કે રહેને વાલે હો."

મેં કહ્યું: "જી હાં, અહમદાબાદ કે." બીજા કોઇ તો બોલે કે ચાલે, જાણે તેલમાં માખ પડી.

તે જાણે અમને ઓળખતી હોય–ઓળખવા મથતી હોય તેમ ધારીધારીને અમારી સામે જોઇ રહી. છેવટે ભારે આશ્ચર્યની વચ્ચે નવનીત તરફ આંગળી કરીને તે બોલી:

"કંઇ વર્ષો પહેલે આપ કો મૈંને કહાં દેખા હય. વો...વો જગન્નાથજી..."

અને એકદમ હું બોલી ઊઠ્યો: "હાં, હાં, વહી તો ઉનકે પિતાજી..."

"ક્યા ઉનકે?" તે પણ એક આછી હાસ્યરેખા સાથે એટલા જ આશ્ચર્યથી બોલી ઊઠી.

હવે તો મારી–અમારા બધાની–જીજ્ઞાસા વચ્ચે એ સાવ સ્પષ્ટ હતું. તું જ કહેને અનિલ કે માઇલોને અંતરે રહેતી એ બાઇ

નવનીતના પિતાને કયાંથી ઓળખે? તેના પ્રશ્નનો જવાબ આપતાં મેં તેને સ્હામો પ્રશ્ન કર્યો.

"જી, હાં, આપ ઉનકો જાનતી હો?"

"કયોં નહિ? વો તો મેરે પિતા સમાન થે! મગર આજ યે બુઝી હુઈ આગકો ફીર કયોં જલાઉં?"

અને સ્વાભાવિક રીતે જ એ 'બુઝી હુઈ આગ' જાણવાનું અમને મન થયું. તરતજ મ્હેં પ્રશ્ન કર્યો; "ઇસકા મતલબ?"

"મતલબ? જાને દો બાબુજી! ભવરણકી યહ દુર્ઘટ ગિરામેં, ઔર સમાજ કી યહ ક્રૂર જાલમેં ઐસી મામુલી બાત તો હરરોજ બની જાતી હય."

એ 'મામુલી વાત' અમારે તો અમે તે ભોગે જાણવીજ હતી. મારા પહેલાં જ અમારો એક સાથીદાર બોલી ઉઠયો.

"પણ એ મામુલી વાત કહેવામાં તમને કંઈ વાંધો......"

તરતજ નન્દી બોલી: "અચ્છા તો સુન લીજીયે. મગર આપ કા ગુજરાતી મેં ઠીક રહેગા કયો? અચ્છા સુનો, આજ સાત—સાત બરસ થઈ ગયા એ બાતને, જીન કા રહસ્ય યહ તખ્તીપર લીખા હુવા હય. બસંત પંચમીના પવિત્ર દિન થા. અહમદાબાદના લાલજી મંદિર કા પુજારી લાલા રૂપનાથજીના પુત્ર શ્રીયુત રામચરણ કે સાથ મેરા સંબંધ હોનેવાલા થા. હો ગયા. કંઇ દિનોના બાદ માનવવિનાશ કી એ મોહક લગ્નઘટિકા ભી ચલી ગઈ. એ લગ્ન મેં હમ દોમાંથી કીસકી ભી સંમતિ લીધી ન થી. હમારા માનસ—નિરીક્ષણની એક પલ પણ હમને કભી મીલી ન થી. મેરા પિતાએ બચપનસે મુઝે નયા સંસ્કાર દીયા થા. ગાના—બજાના હું ઠીક જાનતી. તંતુવાદ્ય કા બજાના એ મેરે લીયે માત્ર ખેલ થા. શાલા સે કિંમતી ઇનામ ભી મુઝે મીલતા થા. ચિત્રકલાના શીખ તો

જબ્બર. મેરા જીવન ગુજરાત મેં વ્યતીત હોને કા ખ્યાલને મ્હાને ગુજરાતી પઢના લીખના શિખાયા થા. કભી કભી તો મંય અકેલી શહેરમેં ભી ચલી જતી. બાદમેં મંય નાસ્તિક ન થી. કિંતુ આસ્તિકતાના ભય મુઝે ઝરૂર ખૂંચતા. તુમે કંટાલો તો નથી આવતો ના? નહિ તો, બાત બંધ કરૂં."

અમને તો એ રહસ્યભેદ જાણવાની જબ્બર ઉત્કંઠા હતી.

અમે કહ્યું: "ના, ના, તમે તમારે વાત કહ્યે જાવ."

પગનાં આંગળાં સાથે રમત કરતાં તે બોલી: "લગ્નકે એક વર્ષ બાદ મેરા પિતાએ મુઝે મેરે પતિ કે ઘર ભેજ દી. કિંતુ કૌન જાને ઉસે તો ગાના બજાના સે જબ્બર વિરોધ થા. વો માનતા થા કી ગાનાબજાના માત્ર પુરૂષોં કે લીયે છે, સ્ત્રીયોં કે લીયે નહિ. મેરે લીયે ગાનાબજાનાની સખ્ત બંધી થઇ ગઈ. ઔર...ઘર બાહિર તો કદિ જાવાના જ નહિ. પતિદેવની એ પવિત્ર આગ્યાનુસાર એ પ્રિય કલાને હમેં જીવનસે દૂર કરી. ફરવા જવાનાય બંધ. ગાના બજાના તો મૈંને બંધ કર દીયા, કિંતુ ઘર બાહિર ન જાના યે મેરે લીયે નામુમકિન થા. કભી કભી ઉનકી માતા કે સાથ મંય ગાંવમેં ફીરને કો ચલી જતી. કિંતુ એ કમનશીબ દિન આયા; ઉસી દીનકો મંય અકેલી હી ગાંવ મેં ફીરનેકો ગઇ થી. ઔર શ્યામકો —જબ નક્ષતાગ઼ો આકાશગંગાના ઓવારે જીવનલીલાનાં અમોઘ નૃત્ય ખેલતા થા, જબ પૂર્ણચંદ્ર કી પાસ એક દો જલભીની બદરી બિરહોન્માદ મેં આમતેમ દોડતી થી, જબ નિઃસીમ આકાશ સેં જીવનામૃત ટપક રહા થા; તબ રાત્રી કે દસ બજે સિતાર કે કોમલ તાર પર ભૈરવીના ધીર-ગંભીર સૂર હમ છેડી રહી થી. મેરે જીવન કે પલટનમેં કોઇ ભી વસ્તુ કારણભૂત હો તો વો યેહ અભાગી પલ થી; યેહ સૃજન જુના સંગીત થા. મંય તો એ સંગીતમેં તન્મય થી. ગાના-બજાના મેં અંધ બનેલી મ્હાને ઉનકા આગમન કી ખબર ન રહી. ઔર જબ એ સિતાર કી તાર અચાનક તૂટ ગઈ તબ ભય ઔર

વિહ્વલતા સે હમેં પીછે મૂખ ફીરાયા. ઔર નયન કે સામને ઉનકો દેખા. ઉનકે નયનમેં પ્રલયાગ્નિકી પ્રચંડજ્વાલાકા નર્તન થા; વદન પર પ્રગાઢ ક્રૂરતા થી, જીવ્હા મેં સર્વનાશકા ઝહર થા. ઉનકે પદકમલમેં મારૂત કા વેગ થા. હાથોં મેં દુસાસન કા બલ થા. વે સબકા અનુભવ મ્હાને થયઈ ગયા. પાદપ્રહાર ઔર દુર્વચનસે ભરે હુવે વે પ્રચંડ બાદલકી એક અતૂટ વૃષ્ટિ કે બાદ નભોમંડળ નિરભ્ર હોને કી મુઝે આશા થી, કિંતુ મંયને તો બડા અનર્થ કીયા થા—અંતમેં ફીરના ઔર સિતારના બજાના. ઉનકે ખયાલમેં વે મહાપાતકના પ્રાયશ્ચિત કરના હમેં ઝરૂરી થા. તુમ લોગ બતલાયેંગે વે પ્રાયશ્ચિત્ત કીસ પ્રકારકા હો સકતા હય ?"

તેણે અમને પ્રશ્ન કર્યો, પણ અનિલ ! અમારી તો જાણે વાચા જ ઉડી ગઇ હતી. અમારે શું કહેવું એનો વિચાર કરીએ એ પહેલાં તો તે બોલીઃ

"અચ્છા તો હમ બતલાયેંગે." તે અટકી; અને એક ખૂણા તરફ ક્યારનીય ધ્યાનમગ્ન બની બેસી રહેલી, ઉંદર પર તરાપ મારવા જતી બિલાડીને મ્હોંની ધીમી સિસકારી કરી હાથ ઉગામી કંઇક મારવાનો ડોળ કર્યો.

"એ પ્રાયશ્ચિત્ત કુછ ભયંકર ન થા. માત્ર ગૃહત્યાગ. ચાંદની ભી તો ચમક રહી થી. રાત્રી ભી કુછ ભયંકર ન થી. ન અંધેરા થા. ન બાદલ થા, ન બીજલી થી, ન બારીશ થા. ઔર ગૃહત્યાગના બાદ યહ સૃષ્ટિ મેરી થી. મંય દિલ ચહાય વહાં જા સકતી થી. અનંત આકાશ, ઔર નિરવધિ પૃથ્વી વો સ...બ મેરા થા. પ્રશ્ન માત્ર યહ થા, કહાં જાઉં ? કૈસે જાઉં ?

"મગર સોચને કા સમય ન થા. ઉનકી આગ્યાના પાલન ઉનકે હી હાથોં સે ઉસીને હમકો કરા દીયા. ઘર બાહિર નિકાલ કર મકાનના મુખદ્વાર મેરે લીયે હમેશાન કે બંધ થયઇ ગયા. ઉસ દિન કા મેરા રોના યે કુચ ક્ષણ—દો—ક્ષણ કા રોના ન થા. જીવનભરકા

દુહન ઉસ દિન મંચને ઠલવાયા—માનો કી પીર કભી ન રોને કે લીયે. ઔર મ્હાને બરાબર યાદ છે કી ઉનકે બાદ મેરે માતા ઔર પિતા કે સ્વર્ગવાસ હોને પર ભી આંસુ કે એક બુંદ ભી હમને નહિ ગિરાયા.

" મગર વો થા. વો જગન્નાથજી, દયા કે સાગર, પ્રબુદ્ધ ઔર પ્રશાંત. ઉનકે હૃદય મેં પિતા દશરથ કા વાત્સલ્ય થા, માતા કુંતાકા પ્રેમ થા, રાજા કર્ણ કા ઔદાર્ય થા. મુઝે રોતી દેખકર વહ બહાર આયે, ઔર ઉનકો બુલાકર બહુત સમઝાયા, મગર મેરા સ્વિકાર કરના તો ઉન્હે નામુમકિન થા. આખીર જગન્નાથજી મુઝે અપને ઘર લે ગયા. હમારા ઘરસે ઉનકો અચ્છી પિછાન થી. મુઝે ભય વહ થા કી રામશરણ ઔર જગન્નાથજી કો અવશ્ય ઝગડા થાવાના, પર આશ્ચર્ય તો યહ થા કી રામશરણ હમેશાન જગન્નાથજી કે પાસ આકર બહુત બાતેં કરતે થે; કિંતુ મેરા સ્વિકારકી બાત ઉન્હે નામંઝુર થી. આખીર જગન્નાથજી કે કહેને સે મેરે પિતા અહમદાબાદ મેં આયે ઔર ઉન્હે ખૂબ સમઝાયા; કિંતુ હર બાત મેં પરાજીત હોને પર વહ મુઝે યહાં અપની સાથ લે આયે. મુઝે બરોબર યાદ હે કી ઉસ દિન જગન્નાથજી કી આંખો સે અશ્રુ ટપક રહા થા. દસ-ગ્યાર વર્ષકા ઉનકા પુત્ર ભી મેરે લીયે રો રહા થા. ઉન દોનોંકી તબીયત તો અબ ઠીક હૈ ? " તેણે અમારી સામે જોયું.

તરત જ નવનીતે જવાબ આપ્યો : " પિતાજીનો સ્વર્ગવાસ થયે તો આજ બે વર્ષ થઈ ગયાં. "

ઘડીભર તેના મુખ પર વિશાદની કાળી છાયા પથરાઇ ગઇ ! થોડીવારે તે બોલી : " તબ તો મેરે ધર્મકા પિતા ભી યહાંસે ચલ ગયે કયોં ? મગર ભાઈ નવનીત ! ભાવી સે કૌન પ્રબલ છે ?"

નવનીતે જવાબ ન આપ્યો અને તેણે આગળ ચલાવ્યું : "મેરા પિતા કી યહ અત્ત તીવ્ર તમન્ના થી કી નયા સંસ્કારના

આસન હમ પર કભી ન હો. આના બજાના મેં હમેશ એક દો ઘંટા ભજન ઔર ધૂન કી તાલીમ દેના વહ અપના ધર્મ સમઝતા થા. કંઇ દિનોના બાદ મેરે શૃંગાર સંગીત કા પ્રવાહ મેં સાત્વિકતા ઔર ધર્મના સંમિશ્રણ હોને લગા. મેરે પિતા પ્રતિદિન મેરી પાસ નયે નયે ધર્મચિત્ર રજૂ કરતે થે; ઔર મંય અજીબ આનંદ સે વે સબકી નકલ બનાતી થી. ઔર જબ કુછ કામ ન હો તબ મેરે પિતા કે દીયે હુવે ધર્મગ્રંથોકા પઠન યહ મેરા નિત્ય કર્મ થા. કૌન જાને કીતનાહી દિનોના અસ્તોદય યુંહી વ્યતીત ગયા; ઔર સમય જાને પર મેરે દેહ કે પ્રત્યેક અણું મેં આસ્તિકતા કા તેજ ચમકને લગા.

" યુંહી સમય જાતા થા—શાંતિ ઔર સંતોષ મેં, મગર વો કાલરાત્રી આઈ જો મેરી માતા કે ભવબંધ છુડાકર ઉનકો હમસે દૂર લે ગઈ. "

બહાર ધોધમાર વરસતા વરસાદ તરફ થોડીવાર જોયા બાદ હસવું આવે તેવી હિંદી–ગુજરાતીમાં નન્દીએ પોતાની કથની આગળ ચલાવી.

" ઉનકે બાદ મેરા એક ભયંકર ભૂલ થયઇ ગયા. રામશરણજીકો એક છૂપા પત્ર લીખ કર મૈને ઉનકી માફી માંગ લી. મેરે પિતાકો યહ માલુમ ન થા. મંયને બહુત રાહ દેખી મગર ઉનકા કુછ ઝવાબ ન આયા. તબ મંયને ભી એક દિન પ્રતિગ્યા કર લી કી અબ ઉનકે બુલાયે હુવે ભી ઉનકે વહાં કભી ન જાના. મેરે પિતાને જબ યહ માલુમ થયઇ ગયા તબ ઉનકે આઘાત સે માત્ર દો દિન મેં વહ ભી હમેં છોડ કર ઇસ દુનિયાં સે ચલે ગયે. કુદરતના યહ અટલ સંકટ પર રોના નિષ્ફળ સમઝને પર ભી આંસુકા બહાના મેરે લીયે તો કેવલ મુર્ખતાહી હો સકતી હય. યહ...મુર્ખતાના પ્રદર્શન ન તો મંયને માતા કે મૃત્યુ પર કીયા થા ઓર ન તો પિતા કે. ઔર મંય ભૂલ નહિ સકતી કી ઇસ બખ્ત ન તો જગનાથજી આયે થે ઔર ન તો લાલા રૂઘનાથ. ઔર શ્રીયુત રામશરણ કે આગમનકી

આશા જો વ્યર્થ નહિ હોતી તો ઔર ક્યા હોતા? મગર તુમ લોગ કહોગે, વે દોનો તો સુખચેનમેં છે ના?"

અને લાલજીમંદિરમાં આપણે કેટલી વાર દર્શન કરવા જઈએ છીએ એ તો તું જાણે છે ને અનિલ! નવનીતના પિતા સાથે ગાઢ સંબંધ ધરાવતી એ બાઈ અને તેના સંબંધીઓ વિષે અમે કંઈજ ન જાણતા હોવાથી અમે તો ખરેખર ખિસિયાણા પડી ગયા હોં! પણ કંઈ જવાબ તો આપવોજ જોઈએ ને? છેવટે હિંમત કરી નવનીત બોલ્યો: "દેખોના નન્દી બહેન! અમે જ્યારે પર્યટન કરવા નીકળ્યા ત્યારે તો તેઓ મઝામાં હતા, પરંતુ અત્યારે તો શું કહી શકાય? અને હું તો મંદિરમાં ભાગ્યેજ જતો."

નન્દી જરા હસી અને આગળ બોલી: "મેરે પિતાના મૃત્યુકે બાદ યહ મંદિર કી તમામ દૌલત મેરી થી. યહ મિલકતના સચ્ચા ઉપયોગ અપના ધર્મ ઔર સમાજકે લીયે કરના ઉચિત સમઝકર મંયને યહાં 'ભગિની સમાજ' કી સ્થાપના કી. ઔર ઈશ્વર ભી તો પરમ કૃપાળુ છે. મેરે 'ભગિની સમાજ' કો યહીં તહીંસે હરરોજ મદદ મીલી જાતી હય. કભી કભી તો મંય જાનતી બી નથી કી યહ મદદ કહાંસે આતી હય! આજ ચાર ચાર વર્ષસે મેરી 'સમાજ' અપના કાર્ય સિદ્ધ કરતી હુઈ આગે બઢ રહી હૈ. મગર આપ તો મેરે ભાઈ હો, ઔર ભાઈસે કુછ માંગના યહ બહેનના ધર્મ નથી; ક્યોં કી પ્રત્યેક ભાઈ અપના અપના બંધુધર્મ ઝરૂર પિછાને છે.

"અબ આપ સમઝોંગે કી યહ તખ્તી પે જો કુછ લીખા છે વહ મેરે જીવનના ધ્યેય છે. મેરી સમાજ કા રહસ્ય છે: આદર્શ છે." નન્દીએ પોતાની કથની પૂરી કરી.

આટઆટલા ખૂલા દિલથી પોતાની કથની કહેનાર એ બાઈની ધર્મપરાયણતા અને સમાજસેવાને માટે જો અમને જરા પણ માન ન ઉપજે તો અનિલ! એ તો અમારી જડતા—લાગણીહીનતા જ કહેવાય. પણ અનિલ! અમે એટલા જડ ન હતા, અને તેના

જીવન અને આદર્શને માટે પૂજ્યભાવ પ્રગટ્યા બાદ તેની ' સમાજ' ને કંઇ પણ મદદ કર્યા વિના અમારાથી પાછા પણ કેમ જવાય! પણ તું તો જાણે છે ને અનિલ ! કે ચમડી તૂટે તોયે અમારી દમડી છૂટે કે ? એટલે અમે તો નવનીતને ચઢાવ્યો. તેને તો અમે કહ્યું એટલી જ વાર. તરત જ તેણે ખિસ્સામાંથી પાકીટ કાઢી રૂપીઆ પચાસની નોટો ' ભગિની સમાજ' ની સેવા માટે નન્દીને અર્પણ કરી. અને પહોંચ તો લીધી તોય શું ને ન લીધી તોય શું? અમે તો એવા ક્યા મોટા દાનવીર હતા કે જેને તેને એ પાવતી બતાવી ' અમે દાન કર્યું', ' ' અમે દાન કર્યું' એવો ઢંઢેરો પીટાવીએ ? એટલે અમે તો પહોંચ લીધા વિના જ પાછા ફર્યા.

બબ્બે દિવસ થયાં વર્ષાની એ પ્રચંડ ધારા અને મેઘનું એ કરાલ સંગીત ચાલુ જ રહ્યું—સર્વત્ર સમાન જળ રેલી જાણે માનવ મહોદધિમાંથી ઉંચનીચનાં ભયંકર મોજાં દૂર કરવાનો આદેશ કરતું હોય કે પછી નન્દી જેવી કેટલીય...તિરસ્કૃત, દુઃખિત અને અસહાય સ્ત્રીઓનાં દુઃખમાં સહાનુભૂતિ દર્શાવતું ન હોય તેમ. ત્રીજે દિવસે સવારે સાડાદસ વાગે અમે કાનપુર જવા નીકળ્યા. ગંગાનો પૂલ આવતાં ગાડીની ગતિ ધીરી પડી. બબ્બે દિવસથી પડતા સખ્ત વરસાદને પરિણામે ગંગામાં ભયંકર પૂર આવ્યું હતું. હજી યે વરસાદ પડતો હતો અને ગંગાનાં પાણી વધુ ને વધુ ઉંચે ચઢયે જતાં હતાં. સામે દશાશ્વમેધ મહાદેવના મંદિરનો ઘુમ્મટ અને ચોગાન દેખાતાં હતાં. પણ હવે જે દૃષ્ય અમે જોયું એ તો કદીય નહિ ભૂલાય અનિલ!

મંદિરની પાછળ ખૂલ્લા ચોગાનમાં ગંગાના કિનારા પાસે નન્દી સમાધિમાં બેઠી હતી. ગંગાનાં પાણી અવિરત ગતિથી ઉંચે ચઢયે જતાં હતાં—આગળ ચઢયે જતાં હતાં. પાછળ લોકોનું જબ્બર ટોળું ઉભું ઉભું નન્દીને પાછી બોલાવવા ભયંકર પોકારો કરી રહ્યું હતું.

" ઉઠ જાઓ ! નન્દી ! ઉઠ જાઓ. ઉઠ જાઓ ! નન્દી ઉઠ જાઓ ! નન્દી ! નન્દી ! નન્દી !........"

પણ નન્દી તો નિશ્ચલ બેઠી હતી. ત્યાં તો એક પ્રચંડ મોજું આવ્યું અને અનંતકાળની સમાધિ અર્પતું એ મોજું નન્દીને લઇ માતા જાહ્નવીના વિશાળ ઉરમાં સમાઈ ગયું.

× × ×

અને અનિલ ! કાનપુર, અયોધ્યા, દિલ્હી, મથુરા ફર્યા બાદ વીસેક દિવસે જ્યારે અમે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અમને ખબર પડી કે બિચારા રામશરણનો સ્વર્ગવાસ થયે પણ આજ ત્રણેક અઠવાડિયાં થઈ ગયાં હતાં.

અને લોકો કહેતા કે તે બિચારો પણ નન્દીને તરછોડી કોઈ સુખી નહોતો થયો. છેલ્લા ૭ માસથી તો તેનો આત્મા તેના આ નિષ્ઠુર કૃત્ય માટે તેને ખૂબ ડંખતો હતો, એમ તે દિવસે નવનીતની બા પણ શું નહોતી કહેતી ? તેની બા તો એમ પણ કહેતી કે જતા આવતા લોકોને ઘણીયે વાર રામશરણ નન્દીના સમાચાર પૂછતો, પણ નન્દીને પાછી બોલાવવાની તેની હિંમત ચાલતી નહિ. કારણ ? કારણ કે એ તો ટેકની વાત હતી ને ? અને અનિલ ! વિશ્વના આરંભકાળથી તે પ્રલયકાળ સુધી જે જે માનવજીવન વેડફાઇ ગયાં છે અને વેડફાઈ જશે તેનું કારણ પણ આવો જ કોઈ ખોટો ટેક જ હશે ને ?

મહાશય

જો કે એમની ફોઈએ તો એમને ખાસ્સું મજાનું 'મદનલાલ' એવું નામ આપ્યું હતું, છતાં આપકમાઈના સિદ્ધાંતને અનુસરનારા ઘણાખરા સ્વાશ્રયી પુરુષોની જેમ પોતાનું નામ પોતાની જાતે જ કમાઈ લેવાની હોંશ તો એમને જન્મથી જ હતી. એટલે પોતાના એ નામાભિધાન પર અવનવાં અળવીતરાં કરીને મનગમતો અક્ષર-દેહ એ નામને મળે નહિ ત્યાંસુધી ઠરીને ઠામ ન જ બેસવું એવો નિશ્ચય તો એમણે કરેલો છેક નાનપણથી.

એમના પ્રયોગમાં પહેલવહેલી સફળતા જ્યારે એમને મળી ત્યારે, એમની ઉંમર આખી આઠ વર્ષની. ડાર્વિનના કહેવા પ્રમાણે માણસને વાનરમાંથી મનુષ્ય થતાં જેમ પૂછડું ગુમાવવું પડયું તેમ 'મદનલાલ'ને પણ ખરેખર, રતિદેવ, 'મદન'ની પદવી મેળવતાં પોતાના નામને છેડે આવેલું પૂંછડું—'લાલ'—ગુમાવવું પડયું હતું. પરંતુ એમાંથી વધીને ટૂંક સમયમાં જ એમના નામે 'મદનિયા'નું રૂપ ધારણ કર્યું ત્યારે ચરબીથી લદાયેલા શરીરને જેટલી ચરબી ખૂંચે એટલા જ પોતાના નામની વિકૃતિ એમને ખૂંચવા લાગી. એટલે એમના સંપર્કમાં આવનાર સહુ કોઈને રાજી રાખી, છૂટે હાથે પાનસોપારી વહેંચીને એ 'મદનભાઈ' બન્યા.

પછી તો અચાનક થયેલા ધરતીકંપને પરિણામે કોઈ મહાન

પાટનગર નામશેષ થઇ માત્ર રડ્યાખડ્યા અવશેષો રહે તેમ 'મદનભાઇ'માંથી 'મદન'ના પૂર્વાર્ધનો લોપ થતાં 'ભાઇના' ઉત્તરાર્ધથી જ ઓળખાવા લાગ્યા.

એ પછી તો એમના નામમાં 'બિરાદર' અને 'જનાબ' એવા કૈંક રસાયણો ભળેલાં. પરંતુ વીસ વરસના એ સંક્રાન્તિકાળ પછી આ અસાર સંસારમાં—એમના શબ્દોમાં કહું તો—'આ ફાની દુનિયામાં' 'મહાશય'ના ઉપનામથી એ ઓળખાવા લાગ્યા.

ત્યાર પછી તો એમણે દુનિયામાં ઝુકાવ્યું. પરંતુ એ પહેલાં એમના વિદ્યાર્થી જીવનની વાત કહી દઉં એટલે તમને યે સંતોષ ને મને યે સંતોષ. તમને એ માટે કે મહાશયના જીવનનો કોઇ સર્વોત્તમ પ્રસંગ તમારાથી છુપાવ્યો છે એવું ન લાગે, ને મને એ માટે કે મહાશયના જીવનમાં નજીવામાં નજીવા બનાવને પણ અન્યાય ન થઇ બેસે. એ જ્યારે મેટ્રીકના ધોરણમાં હતા ત્યારે, ફોર્મ ભરવાના ત્રણ દિવસ પહેલાં જ અક્ષરગણિતનો કોઈ નમાલો દાખલો ન આવડવાને કારણે, સ્હેજ ઠપકો મળતાં અક્ષરગણિતના પાનીયે-પાનીયાનાં ફનાફાતીયાં કરી માસ્તરના વ્યાસપીઠ પર છુટ્ટે હાથે ફેંકી દઈ ત્યાગવીર ગૌતમની જેમ-અલબત્ત રાજ્ય કે સંસારથી નહિ પરંતુ-મેટ્રીક જેવી મહાન પરીક્ષાથી નિર્લેપ રહેવાનો નિશ્ચય કરીને ઘેર નાસી આવેલા. અને બાપની કાંધીયા કમાણીમાંથી નહિ નહિ તો ય વીસ-પચીસ હજાર પોતાને ભાગે આવશે જ એ વિચારે જ એ નાસી આવેલા, એ તો માતાના મરણ પછી મિત્રો આગળ એમણે ખુલ્લે દિલે એકરાર કર્યો ત્યારે જ અમને ખબર પડી. એ એકરાર પણ સહશિક્ષણના ધોરણે ચાલતી શાળામાં ભણતા હોઈ લોકોની—અને ખાસ તો મિત્રોની-કલ્પનાવૃત્તિને નાહક બ્હેકતી અટકાવવા માટે જ થયો હતો એ પણ અમને ત્યારે જ સમજાયું. પોતાના એ શાળાત્યાગની ગંધ સુદ્ધાં પણ, ત્રણ ત્રણ દિવસ પર્યંત

મા અને ભાઈને એમણે ન્હોતી આવવા દીધી. એ તો ચોથે દિવસે નિશાળમાંથી મહાશયની પરાક્રમગાથા ગાતું એક લાંબું ફરફરિયું જ્યારે એમના મોટાભાઇ પર આવ્યું, ત્યારે પોતાની પેન ચોરીને છુપાવી રાખવા બદલ જવાહરલાલનાં હાડકાં મોતીલાલજીએ ખોખરાં કર્યાં હતાં તેમ મહાશયને પણ એમના મોટાભાઈએ મણના પાંત્રી ' શેર કરી નાંખેલા. છતાં શાળામાં જવાના ગમે તેવા દબાણની ઉપરવટ થઇને મૂંગે મ્હોંએ બધો માર એમણે સહન કરેલો. જ્યારે જ્યારે એ વાત નીકળે ત્યારે મહાશય કહેશે-" મારા જીવનમાં માર ખાધો હોય તો બસ એ જ, પરંતુ માર સહી લેવાના મારા વર્તનમાં સત્યાગ્રહીની નેમ હતી, જ્યારે જવાહરલાલજીના વર્તનમાં ગુન્હેગારની દીનતા હતી, સમજ્યા! "

જાતે જૈન હોવા છતાં નિશાળમાં બીજી ભાષા તરીકે એમણે ફારસી પસંદ કરેલી. પોતાની એ ભાષા-પસંદગીના સમર્થનમાં મહાશય ઘણીયે વાર કહેતાં કે-"-બાળબોધ તો બ્રાહ્મણોની ને ફ્રેન્ચ તો વિદેશીઓની. સંસ્કૃત જો શબ્દોની લવલાઇ આપે છે તો ફ્રેન્ચ હિન્દની ગુલામીને પોષે છે. ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ કે જનતા પ્રત્યે જેટલો તિરસ્કાર ગોરાઓને છે એટલો જ તિરસ્કાર એ સફેદ ચામડિયાઓ પ્રત્યે આપણને હોવો ઘટે. (ગોરાઓને એ સફેદ ચામડિયા કહેતા) અને વિદેશીઓએ જો હિન્દનું તો બ્રાહ્મણોએ આજદિન સુધી જૈનધર્મનું ભૂરૂં જ તાકયું છે એ વિચાર એમને અહોરાત્ર જળોની જેમ વળગી રહેતો. સંસ્કૃત પ્રત્યેની એમની સૂગ તો એવી કે ગમે તેવો સુંદર શ્લોક ગાનારને પણ ' લે બંધ કર એ લવારો ' એમ કહ્યા વિના એ ભાગ્યેજ રહી શકે. છતાં सविदुर्सिंधुसुस्खल-तरंग भंगरंजितं ॥ त्वदं बुलीनदीन मीनदी व्यसंप्रदायकम्। એવી એવી પંક્તિઓ કે ભર્તૃહરિના શૃંગારશતકમાંનો એકાદ રસિક શ્લોક કોઈ એમને સાર્થ સંભળાવતું ત્યારે એ જરાક-માત્ર જરાક-આ બાજુ ઢળી પડતા. પણ એ તો કયારેક જ.

અર્ધ-માગધી પ્રત્યે તો એમને ચોક્ખો અણગમો હતો. ' જીભે તોતડા બનવું હોય તો માગધી એ સર્વોત્તમ સાધન છે, " એમ તો એમણે ઘણીવાર કહેલું. એટલે 'क, ख, ग, ध, ग ની નરમાશને બદલે ' અલેફ, બે, સે, તે' ની ઝમક એમને વધારે આકર્ષતી.

તમે કદીએ એમની પોળ કનેથી રાતના નવ-દસને સુમારે નીકળો તો પાંચ પચીસ ઊછરતાં લોહીની વચ્ચે બેસીને મહાશય ન્યાતના વૃદ્ધમાં વૃદ્ધ પુરુષથી માંડીને, આજકાલના નવલોહિયા સુધીની એક ઊંડી ને રસમય ચર્ચા કરતા હોય એ સાંભળવાનું અપૂર્વ સદ્‌ભાગ્ય તમને મળે. તમે માનો કે ન માનો પણ પ્રત્યેક ન્યાતમાં બે ચાર-જણ તો એવા હોય છે જ, કે જેને પોતાની ન્યાતના પ્રત્યેક પુરુષની સૌથી-વિશેષ પડી હોય છે. એવા અનેક મહાશયો-માંના એક તે ' મહાશય. ' સાંજ પડયે કોઇ બેન્કનો ખજાનચી જમા ઉધારની પાઇએ પાઈ મેળવી જુએ તેમ પોતાના છૂપી પોલીસીઆ અભિપ્રાયનાં જમાઉધાર પાસાં ત્રણ ત્રણ વાર તપાસ્યા પછીજ મહાશય પોતાનો અહેવાલ પ્રગટ કરે છે. ખાતરી કર્યા વિના છાની વાત જાહેર કરે-કોઇની પણ-એવા એ કાચા તો નથી જ. અને શાના હોય ? ન્યાતને ખિસ્સામાં લઈને ફરનાર તે કાચો હોય ?

અને ' જ્ઞાતિપ્રકરણ ' પૂરું થયે વખત હોય તો કવચિત મહાશયની વાત રાજકારણનો માત્ર ઉપરછલો-રૂદનમાં કરેલા હાસ્ય જેવો કૃત્રિમ ને ઉપરછલો-ઉલ્લેખ કરીને જ અટકવાની.

ફારસી માટેનો એમનો શોખ તો અપ્રતિમ. તમને તો કયાંથી ખબર, પરંતુ એમનાં પોળવાળાંને પૂછશો તો જણાશે કે રોજ રાત્રે પોળમાં પેસતાં બારથી ત્રણની વચ્ચે કોઈ કવિની ફારસી કે ઉર્દુ બેત કે શાયરી, બુલંદ અવાજે મહાશય ગાતા હોય; દૂર દૂરના સરિયામ રસ્તા પરથી સંભળાતા એમના કંઠમાં અર્થ ને હલકનું એવું

માધુર્ય ભર્યું હોય છે કે જાણ્યે અજાણ્યે પણ એ શયેર તમે જો સાંભળી તો અર્ધા કલાક સુધી તો ભાગ્યેજ એની અસરમાંથી તમે છૂટી શકો. અને તેમાં ય વળી......

બિરહકે દિન અબહી ક્યોં સતાયે,
અપની ખુશીમેં ખુશી મનાયે.

કે—

પીના હરામ હય
ન પીલાના હરામ હય,
પીનેકે બાદ હોશમે
આના હરામ હય—

અથવા—

રૂસવાઈકી ગલિયોમેં
ફીરતા હે પડા હમ,
યેહ ઇશ્કકે હજરતકા
અંજામ નજર આયા......

એવું એવું જ્યારે એ ગાય ત્યારે તો એ હદ કરી નાંખે. તમને તો ઘડિક જીવન જાણે ધન્ય ધન્ય થઈ ગયું એમ લાગ્યા વિના રહે જ ન હ ને!

જાતે જૈન હોવા છતાં ય જૈનધર્મના સિદ્ધાંતો એમને જરાયે માન્ય નથી. અને છતાં બીજા ધર્મોની સરખામણી કરવા માટે અંગ, ઉપાંગ, છેદ મૂલ ને ચૂલિકા એ જૈન આગમનાં પીસતાલીસે પુસ્તકોનું ઘરગથ્થુ જ્ઞાન એમણે કંઈક જાતે વાંચીને ને કેટલુંક બીજાઓ પાસેથી મેળવી રાખ્યું છે.

એ તો હમણાંની વાત છે કે બાપના મરણ પછી આઠેક હજારનો એક જૈન ઉપાશ્રય પાલીતાણામાં બંધાવી આપ્યો છે. પરંતુ

જૈનધર્મ પ્રત્યેની એમની ખરી સૂઝ તો ત્યારે જ જણાઈ જ્યારે એક દિવસે એમની નાની બેન ભારતીએ પૂજા કરવા જવા માટે પોતાને ચાંદીની ડબ્બી અપાવવા એમની સામે સત્યાગ્રહ કરેલો ત્યારે એક ધીમો–હળવો લાઠીચાર્જ એમને કરવો પડેલો.

બાપના મરણ પછી ભાઈની નહિ–કારણ કે ભાઈને ને એમને બારમો ચંદ્રમા છે માટે–પરંતુ ભાઈબંધની ભાગીદારીમાં કેરોસીન ને ક્રૂડ ઓઇલનો વેપલો એમણે શરૂ કર્યો છે અને એમાં દરેક ભાઈ-બંધને તણખે તણખે તલ્લાક આપીને ભાગીદારીનો આસ્વાદ ચખા-ડયો છે. સમોવડિયો હોવા છતાં પણ ભાઇ સાથે તો બાપના જીવતાં જ મહાશય ઝાઝું બોલતા નહિ. અને બોલતા તે પણ રીત-સર ચિઠ્ઠી લખીને જ. અને એ દરેક ચિઠ્ઠીની નકલ કરીને પોલિ-સનાં કાયદેસરનાં કાગળિયાંની જેમ એ બધાંની એક ફાઇલ રાખતા. પરંતુ પોલિસનાં એ કાયદેસરનાં કાગળિયાંની જેમ એમનાં કાગળિયાંનો પણ શો અંજામ થતો એનો અંદાજ કોઇ કાઢી શકતું નહિ. એ તો લાભપાંચમ પછીના બુધવારે મહાશયના આંગણામાં અસંખ્ય ચબર-ખીઓનો એક મોટો ઢગલો–વૈષ્ણવ મંદિરોમાં થતા અન્નકૂટના ભાત જેવો–થતો ને તેમાંથી રમતાં રમતાં કોઇ છોકરાંએ ઉપાડી લીધેલી એકાદ ચિઠ્ઠીમાં 'કુબીસ ત્રણ શેર જોઈશે,' 'ભીંડા બે આને થઈ ગયા છે,' 'આજ રાત્રે મોડો આવીશ,' 'મણિલાલે મળવા કહાવ્યું છે!' એવું એવું જ્યારે અમે વાંચતા ત્યારે એ ચિઠ્ઠીઓના અર્થ-હીન–અર્થનું મહત્વ અમને સમજાતું. ઘરમાં કે બહાર બે ભાઇને સાથે ફરતા તો તમે ભાગ્યે જ જોઈ શકો. એ બાબતમાં મહા-શયને કોઈ ટકોર કરતું તો મહાશય કહેશે., 'જાને દો યાર! અપના જૂદા ઉસકા મંત્ર જૂદા, સમજે!"

અને એક રીતે તો ખરૂં પણ કહેવાય. ભાગ વહેંચ્યા પછી તો એવું જ ને?

આથી જ એક ઘરમાં રહેવા છતાં ભાઈને રસોડે એ જમતા નથી. લોજ તો એમની અન્નપૂર્ણા. લોજનું ભાણું જમતાં જમતાં એ કોઈ અનેરો ઉત્સાહ દર્શાવે છે. કારણ લોજના ભાણાની વિવિધતા એમને મતે—(કે એકવિધતા ?) ઘેર ન જ આવી શકે—ભલભલી પકવાનનિષ્ણાત ભાભીને હાથે—અરે કોઈ પણ સ્ત્રીને હાથે—એ એમની દૃઢ માન્યતા છે; કદાચ પરણે ને એમનું એ અર્ધાંગ એમને લોજજીવનને ય ભુલાવે એવું ભાણું બનાવી પીરસે તો કોણ જાણે. પણ એમને તો પરણવું જ નથી ત્યાં ? પહેરામણીની અનિષ્ટ પ્રથા—એમના કહેવા પ્રમાણે—એમની ન્યાતમાં પ્રચલિત હોવાથી જ્યાં સુધી એ પ્રથા નાબૂદ ન થાય ત્યાં સુધી 'જાતને વેચવાનું' કે 'પારકા થવાનું' સાહસ કરવા એ જરાએ તૈયાર નથી. અને વળી લગ્નજીવન કે એની પવિત્રતામાં તો એમને લગીરે યકીન નથી. એમને તો માન્ય છે માત્ર 'ખુશીના સોદા.'

આમ લગ્ન વિના પણ એમનું નાવ ખૂબ સરળતાથી રસ્તો કર્યે જાય છે. પરંતુ ક્વચિત ભયંકર એકલતાની અમુંઝવણનો નક્કર વંટોળ એમના જીવનમાં ફુંકાય છે ત્યારે જગતમાં વિજાતીય તત્વ ન હોય તો આવા વંટોળ ફૂંકાય જ નહિ એવું જે ભાન પોતાને થયું છે તે ઇશ્વરને થયું નથી એ માટે સર્વજ્ઞના આ ભયંકર અજ્ઞાન પર એક ઊંડો નિશ્વાસ મહાશય મૂકે છે. પરંતુ એ તો ઘડી—બે ઘડીનો ઊભરો હોય છે—ને તરત જ મહાશય વિચારે છે કે "ના, ના, જગતમાં વિજાતીય તત્વો છે એ જ ઠીક છે, ને ઇશ્વરનું અજ્ઞાન પણ—જો એ અજ્ઞાન હોય તો—છે એમને એમ કાયમ રહે એમાં જ શ્રેય છે."

જગતનો કોઈપણ ધર્મ મહાશયને માન્ય નથી, સિવાય એક સગવડીઓ ધર્મ. અને એટલેજ માના દેખતાં પોતાના ધર્મનું ભૂંડું મહાશય કદીએ બોલતા નથી. આખો દિવસ એમની દુકાન પર સોડાલેમનના અચૂક જલસા થાય છે છતાં જાતે તો એમને હોટલમાં પગ મૂકતાં કોઈએ જોયા નથી. અને માને રીઝવવા માટે બટાટાનું

શાક કે સુકી ભાજી મહાશય કદી ખાતા નથી, છતાં કાતરી જેવી ફરાળી વસ્તુઓનો ઉપયોગ રાત્રિના એકાંતમાં–મીઠી મધ જેવી ઊંઘને ભોગે પણ–પોતાના મકાનની ત્રીજા માળની અગાસીમાં બેસી જેને એ ' એકદંડિયો મહેલ ' કહે છે એમાં–અવારનવાર કરી લે છે.

એક વખતે મુસાફરી કરતા કરતા જ્યારે એ મથુરાં પહોંચ્યા ત્યારે વગર ભાડાએ પોતાનાજ ટાંગામાં મુસાફરી કરતા ચોબાઓના, ' કૌન માઈ ? ' ' કૌન બાઈ ? ' ' કૌન ગામ ?' ' કીયા નામ ? ' એવા એવા પ્રશ્નોથી મૂંઝાઈને રસ્તે આવેલી એક મુસલમાની પરબ પાસે ટાંગો ઊભો રખાવી રીતસરનો એક ચડવો મહાશય પી ગયેલા. ને મુસલમાની સબિલનું પાણી પીનાર એ દુષ્ટ પાપાત્મા પર નાસ્તિકતાનો છૂપો ફિટકાર વરસાવતા ગરીબ બિચારા ચોબાઓએ ચટ દઈને મહાશયનો કેડો મૂકી દીધેલો. એ વાતમાં પોતાનો બચાવ મહાશય આમ કરતા, ' ગંગાનું પાણી કે માત્ર નામ લેવાથી જ આપણે પવિત્ર થઈએ છીએ તો મુસલમાની ગોળીને ' ગંગા ગોળી' કહ્યા બાદ એનું પાણી પીવામાં...હમે કોઈ હર્જ નહિ, ન હય. ઔર ન હોની ચાહિયે.

નવરા હોય ત્યારે લોકોની વહુબેટીઓની વાતો કરવાને બદલે વાર્તા કે નવલકથાનું વાંચન એમને વધારે આકર્ષે છે. કવિઓ માટે તો એમને પહેલેથી જ રાગ નથી. ' કવિઓ એટલે હવામાં બાચકા ભરનાર, ને લેખકો એટલે જાદુઈ રાખોડીના ઉપાસક ' એવું તો એ ઘણી વાર કહે છે. ' બન્ને સાથે લઈએ તો એક જીવતું હાડપિંજર. એકમાં એ હાડકાંની સફેદી છે તો બીજામાં એ હાડકાંનું પોલાણ છે. ' આવું–આવું તો બધું કેટલુંક. ' જાદુઈ રાખોડીનો ' અર્થ એ ' ચાંદીના રૂપીઆ ' એવો કરે છે. એટલે જ્યારે જ્યારે એ જાદુઈ રાખોડીનો ઉલ્લેખ કરે ત્યારે એમના એ કથનમાં રૂપીઆનું અભિત સૂચન સમાયેલું છે એમ તમારે જાણી લેવું. આમ કવિઓ અને લેખકો પ્રત્યે તિરસ્કાર નહિ તો ય ઠીક ઠીક ઉદાસીનવૃત્તિ એમણે કેળવી છે.

ઘરમાં કે બહાર પોતાના સિવાય અન્ય કોઈનું વર્ચસ્વ એ સ્વીકારતા નથી. સાંભળનારને સમય હોય કે ન હોય તો પણ પોતે ભલે અર્ધો કલાક વાત કરે પરંતુ બીજું કોઈ માત્ર દસ મિનિટથી વધારે વાત લંબાવે તો તરતજ એ બોલી ઊઠશે–'હજીય તમારી રેકર્ડ પૂરી ન થઈ ? અહોહોહોહો ! કબસે ચલતી હય ! ' અને એમ કહ્યા બાદ પોતાનું વર્ચસ્વ જમાવવા જેને જેને નાહક લંબાણથી અર્થ વગરની વાતો કરવાની ટેવ હોય એને ઝાડી નાખવામાં પોતાના કીંમતી અર્ધા કલાકનો સદુઉપયોગ મહાશય કરી લે છે.

આમ છતાં મહાશય કદી અસત્ય બોલતા નથી. પોતાનું ચાલે ત્યાં સુધી કોઈને :બોલવા દેતા નથી, ને છતાં કોઈ બોલે તો એનું બોલવું સાંભળતા નથી. માત્ર કોઇ અસત્યભાષી માઝા મૂકે તો મહાશય ન છૂટકે માત્ર આટલું કહેશે–' બસ ભાઇ બસ ! ગઝલ ન માર. ખાલી ગઝલ લગાનેસે કયા ફાયદા ? '

આટઆટલું જાણ્યા પછી મહાશયને મળવાનું મન તમને થાય તો દર રવિવારે સાંજના પાંચેક વાગે કાંકરિયા તળાવ તરફ એક આંટો મારવાની તસ્દી તમારે લેવી જોઈએ. એ વખતે તદન નવી જણાતી ડોકચાટમાં પાઘડીપને વસેલા શહેર જેવી લાંબી, બરાબર પાંચ ફુટ ને સાડા અગિયાર ઇંચ લાંબી–ને માત્ર પંદર ઇંચ પહોળી એક જીવંત આકૃતિ ગળીની આછી આછી છાંટવાળી સફેદ ધોતી ને રેશમી ઝભ્ભામાં સજ્જ થયેલી જણાશે. જરા વધુ ધ્યાનથી જોશો તો એમના ઝભ્ભાનો ટેનીસ કોલર ને ડબલ કફ શોધી કહાડવો તમને મુશ્કેલ નહિ પડે. ધોતિયાની પાટલીનો છેડો પણ રીતસરનો છૂટો લબડતો રાખેલો હોઇ, કોઈ અધચકરા બંગાળીનો ખ્યાલ તમને આવ્યા વિના રહેશે નહિ. જેમ ભાષામાં તેમ પોષાકમાં પણ ભિન્ન ભિન્ન પ્રાંતોનો સમન્વય સાધવાની એમની વૃત્તિમાંથી જ એમના આવા ભૈયાશાહી–બંગાળી–ગુજરાતી પોશાકનો જન્મ થયો છે.

આટલું મળે પછી તમારે પાંથી વિનાનું ઊજું હોળેલ માથું, લાંબી પાતળી ભમર, ચપટું નાક ને ટમેટા જેવા ગાલની જ શોધ કરવાની રહેશે. આટઆટલી નિશાની આપ્યે પણ જો મહાશયને તમે ઓળખી ન શકો તો તો પછી માનવું કે દૈવ પ્રતિકૂળ છે–કાં તમારૂં, કાં એમનું.

પરંતુ બધી યે પંચાત જવા દઇને તમારે જો એમને ઘેર જ મળવું હોય તો એટલું ખાસ નોંધી રાખજો કે મહાશયની મુલાકાત માત્ર બારથી એકની વચ્ચેજ થઈ શકે છે–સવારે કે સાંજે તો નહિંજ નહિં. કારણ કે રાત્રે બાર–એક વાગે મહાશય ઘેર આવે તે વહેલું પડે સવાર. સવારે નવ વાગે તો એ ઊઠે ને પ્રાતર્વિધિ પરવારીને તરતજ દુકાને જાય તે આવે બપોરે બાર વાગે. ભોજનું ભાણું જમ્યા બાદ પાએક કલાક આરામ લેતાં તો સ્હેજે એક થઇ જાય. એ સમય દરમિયાન જો તમારો ભેટો થઈ ગયો તો ઠીક; નહિ તો પછી બીજે દિવસે બાર વાગે. દુકાન–બુકાન પર મળવાની તો વાત જ નહિ, કારણકે દુકાનની લપ કાંઈ ઓછી હોય છે? કેટલો માલ ખપ્યો, કેટલો નવો આવ્યો, કોને ઉધાર આપ્યો, રોકડે કેટલો બચો, ઉઘરાણી કેટલી પતી. ઇત્યાદિ જંજાળમાંથી માંડ છૂટે ત્યારે રાતના નવ–દસ થયા હોય. ત્યારબાદ ગમે તે સીનેમામાં ઘૂસી જાય તે આવે રાત્રે બાર–એક વાગે. આમ ઘેર તો જરાએ રહે જ નહિ એટલે મળે પણ શાના? એ બાબતમાં મહાશયને કોઈ ટકોર કરે કે, 'તમે ઘેર તો કંઇ રહેતા જ નથી, જાણે તમારૂં ઘર જ ન હોય!' તો હજાર હજાર અર્થનું એકજ વાક્ય મહાશય કહેવાના; 'ઘર? ઘર કયા પૂછતે હો? સારી જહાં અપના ઘર હય? અગર માનો અપના ઘર ભી એક મંઝીલ હય.'

છેલ્લામાં છેલ્લી માહિતી મુજબ સાંભળ્યું છે કે હમણાં હમણાંનો એક નવોજ તુક્કો એમના વૈચિત્ર્યપ્રિય માનસમાં ફૂટી નીકળ્યો છે અને તે છે આફ્રિકા જવાનો. આફ્રિકામાં એમના એક અત્યંત

નિકટના સગાની વેપારી પેઢી કેટલાંય વર્ષોથી ચાલે છે. અને એમના એ સ્નેહીના આગ્રહને વશ થઇ ત્યાં જઈ એમની દિલોજાન દોસ્તીનો સ્વાદ ચાખ્યો છે—જે હજીયે એમની દાઢમાં ભરાઈ રહ્યો છે. આમ બેએકવાર તો એ આફ્રિકા જઈ આવ્યા છે. પણ અત્યારે તો જે કારણસર મહાશય આફ્રિકા જવા તલપાપડ થઇ રહ્યા છે એ કારણ જ જૂદું છે. એ છે લીબીયા ઉપરના ઉપરા ઉપરી થતા બ્રિટીશ વિજયો પોતાની સગી નજરે નિહાળવાનું: અને તડી ઉપર તડી ખાતા, ઊભી પૂંછડીએ અઢળક શસ્ત્ર સરંજામ મૂકીને નાસતા ભાગતા ઈટાલિયન લશ્કરની 'મૃત્યુની મ્હેફીલ' માણવાનું. જો કે આ તો માત્ર એમના તરંગી માનસનો એક ટુકડો જ છે. પણ એ ટુકડો એમના જીવનમાં એક સત્ય ઘટના બની જવાનો પૂરેપૂરો સંભવ છે. સરકાર પાસપોર્ટ આપે કે તરત જ ઉપડી જવાની બધી તૈયારીઓ એમણે કરી લીધી છે ને જવા માટે તો આઠેઅંગે તૈયાર થઇને ચાતકની પિપાસા એ દાખવી રહ્યા છે. સરકારની રજા આવે છે કે નહિ એ જ માત્ર હવે જોવાનું છે.

કલ્પનાનું નર્ક

'રાજેન દાક્તાર'ની બૂમ પડી ને રાજેન નીચે દોડી ગયો.

"જગા મળશે, જલ્દી આવો' એમ જ્યારે તારના શબ્દો બોલી ઉઠયા ત્યારે એક ઘડીક માનભરી નજરે તારવાળાની તરફ એ તાકી રહ્યો. એ તાર એને મન ઈશ્વરી સંકેત હતો. તાર લાવનાર એને મન સ્વર્ગનો ફિરસ્તો હતો. ભવ્ય ભાવિનો ઉજ્જવળ સ્પર્શ એક ઘડીક તેનાં અંગાગમાં પુલકી રહ્યો. નાતમાં કોઈએ જે નથી કર્યું–ગામમાં કોઈએ જે નહોતું મેળવ્યું–એ–કરવા–મેળવવા રાજેન થનગની રહ્યો.

સડસડાટ કરતો એ દાદર ચઢયો ત્યારે પગથિયાંના 'ધમ' 'ધમ' અવાજમાં ભાવિ વિજયના સરોદ રાજેને સાંભળ્યા અને ફરી એકવાર એનું હૃદય થનગની રહ્યું.

કૉલેજ શરૂ થયે તો, દસ દહાડા થયા. આજે જૂનની ૨૦ મી થઈ. જરા પણ વિલંબ થતાં 'એડમીશન' 'કેન્સલ' થવાનો સંપૂર્ણ સંભવ. તરત જ એણે નિશ્ચય કરી લીધો. આજ રાતનો ગુજરાત મેલ. કાલ સવારે મુંબઈ. સવારના સવા આઠનો પૂના એક્સપ્રેસ. બાર વાગે પૂના ને એક વાગતા પહેલાં તો એગ્રીકલચર કૉલેજ ભામ્બુર્ડા.

તૈયારી માટે માત્ર દસ કલાક હતા. ઝપપટ કોટ ચઢાવી રાજેન ચામડાની બેગ અને બેડીંગ લેવા બજારમાં ચાલ્યો ગયો.

૭ વાગતા પહેલાં તો મિત્રોને મળવાનું, સગાંવહાલાંને કહેવાનું, ખરીદી કરવાનું ને દરજીને ત્યાંથી કપડાં લઇ આવવાનું કામ રાજેને આટોપી લીધું.

કોણ જાણે કેમ પણ ચોઘડિયામાં એને અપૂર્વ શ્રદ્ધા હતી. પંચાંગ ને શુકનમાં એ ખૂબ માનતો. પ્રસ્થાન માટે સાતથી સાડા-આઠનો સમય ઉત્તમ હતો એમ એણે પંચાંગની મદદથી ઘેર આવીને ખાત્રી કરી. કલાક સ્ટેશન પર બેસી રહેવું પડે તો ભલે પણ પ્રસ્થાનનું ચોઘડિયું ગુમાવાય નહિ. કાલે વળી ગુરુવાર હતો. કાલે તો એ કોલેજમાં પહોંચી જવાનો. વિદ્યારંભે તો ગુરુ જ શ્રેષ્ઠ. શી તમા છે? ઉત્સાહ અદમ્ય છે, નસીબ એને ઢૂંઢતું આવ્યું છે-એની કદમબોસી કરવા! જીવનની ધન્ય પળ નથી શું? ગઈ પળ કદી ય પાછી ન આવે. તક ગુમાવે તે મૂર્ખો. વિચારોના પૂરમાં રાજેનનો ઉત્સાહ વધતો જ ચાલ્યો.

જમતી વખતે કંસારને કોળીયે કોળીયે મહત્વાકાંક્ષાઓના ઢગ રાજેને એના ભાવિ માર્ગમાં ખડકી દીધા.

પ્લેટફોર્મ પર આવેલા એના વળાવીઆઓએ એના ઉત્સાહનો મીઠો આનંદ માણ્યો. ખડકી બહાર ડોકિયું કાઢીને વાતો કરતો રાજેન ખૂબ જ પ્રસન્ન લાગતો હતો. કોટપાટલુનમાં એ નાજુક ને સુંદર લાગતો. કપાળમાં ઝીણો કુંકુમનો ચાંલ્લો હતો જીભપર હજી ગોળધાણાનો આસ્વાદ હતો. વાણીમાં ચાંચલ્ય ને મિઠાશ હતાં. આંખોમાં ભાવિ વિજય ને મહત્તાનાં સૂચન હતાં. તેમાં અંગાંગમાં સ્ફૂર્તિ હતી. રાજેન શું કરશે ને શું નહિ કરે એ કહેવું મુશ્કેલ હતું. રાજેન કદી પાછો નહિ પડે એવી પ્રતીતિ એનાં વળાવીઆઓને

જાણે એ કરાવી રહ્યો. મોકળે મને બધાંએ ખૂબ ખૂબ વાતો કરી. પોતાનો ઉત્સાહ બધાંમાં સંક્રાન્ત થતો જોઈ રાજેન ખૂબ ખૂશ થયો. શિખામણો ને શુભાશિષોનું ભાથું લઈને આખરે એ ઉપડયો.

મણીનગર...વટવા...બારેજડી...કનીજ......ત્યાં સુધી એ બારી બહાર ઊભો ઊભો ચાલ્યા જતા વતનને તાકી રહ્યો. પછી અંદર આવી બેડીંગ પરથી ફુલહારનો ઢગલો એણે દૂર કર્યો. ડબ્બાની બાજુમાં આવેલા નાના કમ્પાર્ટમેન્ટમાં એક આખી બર્થ–રીઝર્વ્ડ જેવી જ–એને મળી ગઈ હતી. કોટ કાઢી બેગમાં મૂકી, પૈસા સમાલી, બેડીંગ પર એ સ્હેજ આડો થયો. સ્હામે સુતેલા એના એકના એક પાડોશી સાથે વાતો કરતાં કરતાં આણંદ આવતાં તો એ ઊંઘી ગયો. ઊંઘમાં પણ વારે વારે મલકાતું મોં જોઈને પૂનાનાં સુંદર સ્વપ્નો રાજેનને આવતાં હશે એમ ધારી એનો પાડોશી પણ આખરે સુતો.

પાલગઢ આવ્યું ને રાજેન ઊઠયો ત્યારે એનો ચહેરો ખૂબ ખુશનુમા લાગતો હતો. નાલાસોપારા, વસઈરોડ, ભાઈન્દર, બોરીવલી, કાંદીવલી, જોગેશ્વરી ને અંધેરી, વાંદરા, માહીમ, માટુંગા ને દાદર એ બધાં સ્ટેશનોમાં પૂનાનું જગત્ એને પ્રત્યક્ષ થતું લાગ્યું. પળે પળે પૂનાની ઝાંખી એને થતી ગઈ. પૂના જાણે આવું જ હશે એમ વારેવારે એનું દિલ એને કહ્યા કરતું.

મુંબઈમાં એ સ્હેજ પણ ન રોકાયો. એવું રોકાવું એને પાલવે એમ પણ નહોતું. દાદર આવ્યું ને રાજેન ઉતરી પડ્યો. સ્ટેશન પર એના એક નિકટના સગા હાજર હતા. કાલ બપોરે ઘેરથી નિકળતા પહેલાં જ રાજેને એમને તારથી ખબર આપી હતી. રાજેનને જોતાં જ એ બોલી ઊઠયા.

"રાજેન આવ્યા કે ?"

"હા, હા. તાર મળ્યો 'તો ને ?"

"હાઅ...પણ આમ એકાએક ?"

"બસ; એડમીશન આવ્યું ને નિશ્ચય કરી નાખ્યો."

"કે...?"

"કે શું ? પૂના જવાનો, એગ્રી. કૉલેજ. ભામ્બુર્ડા."

"બહુ જ સારું. સુખેથી જાવ ને સફળ થાવ."

"હુંઅ...!" જવાબમાં રાજેન માત્ર આટલું બોલ્યો. પછી આંખોમાં નવી ચમક લાવીને એ સ્હેજ હસ્યો પણ ખરો. એ હાસ્યથી પોતાના નિશ્ચય પર એ મુસ્તાક છે એમ જાણે રાજેન સૂચવી રહ્યો.

"હાઅ...ઠીક ! અંઅ...પૂના એક્સપ્રેસ આઠ વાગે ઉપડે ને ?" રાજેને પૂછ્યું.

"હાઅ...કેમ ?"

"આપણે એમાં જ જવાનું છે." પોતાને માટે રાજેન ઘણી-વાર 'આપણે' વાપરી જાણતો.

"અરે હોય ! રોકાયા વિના તે......!"

"ના, ના, ના, ના, રોકાવા-ડોકાવાની વાત નહિ. અત્યારે તો સીધા ત્યાંજ." રાજેન વચ્ચે જ બોલી ઊઠ્યો.

રાજેનના જીદ્દી સ્વભાવ સામે કોઈ નહોતું થઈ શકતું ને વળી અત્યારે તો એ જીદ એની જરૂરિયાત હતી. તરતજ બી. બી. સી. ના દાદર પરથી જી. આઈ. પી. ના દાદર પર બન્ને આવી પહોંચ્યા.

પૂના એક્સપ્રેસ આવ્યો ત્યાંસુધી રાજેને પૂનાની માહિતી-ઉપર-છલ્લી પણ આકર્ષક-મેળવી લીધી. એક્સપ્રેસ આવ્યો ને ભાવભીના હૃદયે બન્ને છૂટા પડયા. પોતે એકલો નથી. પોતાનું પણ મહત્વ છે, એ ભાન સાથે એણે મુંબઈ છોડયું. મુંબઈમાં પણ અંગત કહી

શકાય એવા સ્નેહીઓ એને મળવા–વળાવવા આવે ત્યારે પોતાનું પણ ચોક્કસ મહત્વ છે, પોતે જે છે એના લીધે નહિ પણ પોતે જે કરવા જાય છે–જે અસામાન્ય અભ્યાસની પસંદગી કરી છે–એના લીધે, એવું ભાન રાજેનને થવા લાગ્યું.

કલ્યાણ આવ્યું ને વરસાદની ઝરમર શરૂ થઇ. સાથે ખુશનુમા પવન પણ હતો. બબ્બે એન્જીનના બળથી ગાડીની વધતી જતી ઝડપમાં દોડી જતી ડુંગરમાળાઓ તરફ એકીટસે એ તાકી રહ્યો. ડુંગરોની એ શિખરમાળ વિરાટકાય સ્વરૂપમાં પણ સૌમ્ય લાગતા ધ્યાનસ્થ યોગીઓ હતા કે પ્રકૃતિના પ્રચંડ પ્રહારો સામે અનંત કાળથી અખંડ ને અડગ ઊભેલા અણનમ યોદ્ધાઓ હતા એ રાજેન ન કળી શક્યો. એવું વિચારવાની એને ફુરસદે નહોતી. નેરલ ને કરજત, ખંડાલા ને લોનાવલા, ડુંગર પાછળ ડુંગર, ભુગદા પછી ભુગદા, ઝરમરિયો વરસાદ, દૂર દૂરનું ધુમ્મસ, આછો ગુલાબી પવન, દોડી જતાં ઝરણાં, ધસી આવતા ધોધ, નદીઓના અંગમરોડ, ખીણમાંનાં ખેતરો, માથેરાનની ટેકરીઓ, નાનાં મોટા સરોવરો, વનવેલીની ફોરમ, પ્રકૃતિનો ઉન્માદ......પ્રકૃતિનું એ સૌંદર્ય માત્ર રાજેને બસ પીધાજ કર્યું–પીધા જ કર્યું. રાજેન નાચી ઊઠયો. લોકો કહેતા કે કાશ્મીર દુનિયાનું સ્વર્ગ છે! કાશ્મીર એણે જોયું નહોતું. સ્વર્ગ હશે કે કેમ એની એને ખબર નહોતી. પણ કાશ્મીર જો સ્વર્ગ કહેવાય તો એ સ્વર્ગ ને કાશ્મીર કૈંક આવાં જ હશે એમ રાજેને કલ્પના કરી.

ખીડકી આવ્યું ને એક ગોરી પલટણ ટ્રેનમાંથી ઉતરતી રાજેને જોઇ. ઝરમરિયો વરસાદ હવે મુશળધાર વરસવા લાગ્યો. બાજુમાં બેઠેલા કોઇક ખીડકીના લશ્કરી મહત્વની યાદ આપીને રાજેનને વિચાર કરતો કરી મૂકયો. ૧૮૯૭ ની સાલ. ખીડકીની લશ્કરી છાવણી. પ્લેગના ઉંદર, રેંડ સાહેબનું ખૂન. ચાપેકર બંધુઓને ફાંસી. સાવરકરનો આઘાત. દેશભક્તિનો જુવાળ. '૯૯ ની સાલ. સાવરકરની સ્વાતંત્ર પ્રતિજ્ઞા......

વિચારમાં ને વિચારમાં રાજેન આગળ દોડે તે પહેલાં ' પૂણે 'નો અવાજ તેના કાને અથડાયો ને ગાડી અટકી.

શ્રાવણ–ભાદરવાના વરસતા હાથ વચ્ચે એ પ્લેટફોર્મ બહાર નિકળ્યો ત્યારે ઘડિયાળમાં સાડાબારના ટકોરાની તૈયારી હતી. 'શેતચી કૉલેજ ' એ એગ્રીકલ્ચર કૉલેજનો વ્યવહારોપયોગી પર્યાય છે એ એણે ગાડી કરતાં જ શીખી લીધું.

સેશન્સ કોર્ટ ને એન્જીનીયરીંગ કૉલેજને રસ્તે થઇને ઉલ્લાસના ઉભરાતા પૂરમાં ' શેતચી કૉલેજ ' ની કુંજગલીમાં રાજેને પ્રવેશ કર્યો. ઘેરી મીઠી કુંજગલી. લાંબો વિશાળ પંથ. ઉપર ઘેરૂં આકાશ. મુશળધાર વરસાદ. ગુલમહોરનાં રાતાં ઘેરાં ફુલપાથર્યો પંથ. દૃષ્ટિસન્મુખ દેખાતું એ કૃષિવિજ્ઞાન મહાવિદ્યાલય. ચાંદીમઢ્યો ઘુમ્મટ. ખુલ્લાં વિશાળ ખેતરો. ધરતીની સુગંધ. ઉલ્લાસના ગગનહિલોળા રાજેન અનુભવી રહ્યો.

એકને ટકોરે હોસ્ટેલ પાસે ગાડી થોભી ને રાજેન નીચે ઉતર્યો. ઝડપથી બે કાબરી બિલાડી એની આગળ થઇને પસાર થઈ ગઈ. રાજેને એ જોયું ન જોયું કર્યું. સામાન ઉતરાવી, ગાડીવાળાને વિદાય કરી, ખીસામાંથી ગઈ કાલનો તાર એણે કાઢ્યો. તારને છેડે આપાભાઈની સહી હતી. એ તો શેઠકાકાનો કોઈ ઓળખીતો હતો. શેઠકાકાની પૂછપરછને પરિણામે એ તાર એમણે કર્યો હતો. કૉલેજ–એડમીશન બાબતનો એ ખાનગી તાર કૉલેજ–ઑફીસમાં તો ન લઇ જવાય. હવે ? ' આટલામાં જ એ ભાઈ હશે. ' એમ ધારી રાજેન આપાભાઈને ઢૂંઢવા લાગ્યો. પણ આમ કેમ ? આટલા મોટા વિદ્યાર્થી ભવનમાં કોઈ દેખાતું કેમ નથી ? રાજેન ઉપર–નીચે પ્રત્યેક ઓરડીનું તાળું જોઇ પાછો ફર્યો. કેટલું બેહૂદું ! ઉલ્લાસને સ્થાને સ્હેજ ક્રોધ ને સ્હેજ અણગમો એને ઉપજ્યાં. પોતાની ઓરડી કઈ એ જાણવા રાજેન ખૂબ આતુર હતો. એટલામાં તો એક ચકલુંય ફરકતું નહોતું. રાજેન પૂછે પણ કોને ? અને આપાભાઈ કેવા હશે

એની યે શી ખબર ? ઘડિયાળમાં એક ને દસ થતાં દૂરથી ઘંટના બે ટકોરા એણે સાંભળ્યા. કાર્ટના આવવાની આશાએ અવાજની દિશા તરફ મીટ માંડી એ ઊભો રહ્યો, પણ કોઈ જણાયું નહિ. પાંચ મિનિટ બાદ ફરીથી એ બે ટકોરા એણે સાંભળ્યા ! હવે તો કોઈ ચોક્કસ આવવું જોઈએ ! રાજેને વિચાર્યું ને છતાં કોઇ ન દેખાતાં રાજેન નિરાશ થયો. એની મૂંઝવણ વધી પડી. શું કરવું એ એને સૂઝયું નહિ. વખત વર્ષોની જેમ વીતવા લાગ્યો. પળેપળે એની આશા એને છેદાતી લાગી, આમતેમ આંટા મારતો મનમાં ને મનમાં એ સમસમી રહ્યો. એમાં પાંચ મિનિટે ફરી પાછા એ બે ટકોરા એણે સાંભળ્યા. ને એને આશા બંધાઇ. ને છતાં કોઇ આવ્યું નહિ એ એણે જોયું.

બરાબર બે વાગે ફરી પાછા એ બે ટકોરા એને કાને પડયા ને એ સ્હેજ ચિઢાયો. શા માટે એ ટકોરા નાહક એને સંભળાતા હતા ? દર વખતે થતા આ બબ્બે ટકોરાઓનો ભાવાર્થ એ સમજી ન શકયો. પણ થોડીવારમાં ખાખી ચડ્ડી ખમીસવાળા છોકરાઓનાં ટોળાં વિદ્યાર્થીભવન તરફ આવતાં એણે જોયાં. પાસેથી પસાર થતા એક વિદ્યાર્થીને એણે આપાભાઈને નામે પૂછપરછ કરી પણ આપાભાઈનું પૂરું નામ કે વર્ગ એ જાણતો નહોતો એટલે વધુ માહિતી એ મેળવી ન શકયો. એક ઘડીક તો તાર કરનારે એની શોધમાં આવવું જ જોઇએ એમ એને થઇ આવ્યું. તાર કરનાર પર એને ક્રોધ પણ થયો. પણ ક્રોધ દબાવીને એ ઊભો. ત્યાં તો એને કાને ગુજરાતી અવાજ પડયો ને એ ચમકયો. આપાભાઈની ભાળ એને મળી ખરી. બી. એસ. સી. એગ્રી.માં અભ્યાસ કરતા આપાભાઈ તે એ. પી. પટેલ. થોડીવાર પછી એ આવવાના હતા.

બે–ચાર મિનિટ બાદ આપાભાઇ આવ્યા ને રાજેનને ઉપર લઇ ગયા. એકાવન નંબરની ઓરડીમાં આપાભાઇના સહવાસી તરીકે એનું

સ્થાન નિમાઈ ચૂક્યું હતું. આપાભાઈની પાછળ એ ઓરડી સુધી આવ્યો, પણ આ શું ? ઓરડીમાં પેસતાં એને છીંક કેમ આવી ? હમણાં જ જોયેલી બે બિલાડી એને યાદ આવી: એ ચમક્યો. ઘડીક થંભ્યો. સ્હેજ મૂંઝાયો. પણ શકુનીના વચનનું પ્રમાણ લઇ પોતાની છીંક નડે નહિ એમ માની તરત જ એણે મન મનાવ્યું.

તેવામાં ફરીથી ઘંટનો અવાજ સાંભળાયો ને ઉઘડેલાં તાળાં ટપોટપ વસાવા માંડયાં. રાજેન હવે એકલો પડયો. બારીએ બેઠોબેઠો ખાખી ચડ્ડી ખમીસની કતારને ચોતરફનાં ખેતરોમાં ચાલી જતી એ જોઇ રહ્યો. 'કેવું બેહૂદું લાગે છે આ.' ખાખી રંગ પર રાજેન સ્હેજ બબડયો. '૩૦–૩૨ ના સત્યાગ્રહ પછી સીપાઇઓ ને પોલીસ અમલદારો પ્રત્યે એણે નફરત કેળવી ત્યારથી એમનાં ખાખી ચડ્ડી ખમીસ પણ એ નફરતનો ભોગ બન્યાં હતાં. ખાખી રંગ અને તેમાં ય એ રંગનાં ચડ્ડી–ખમીસ એને મન ગુલામીનાં સૂચક હતાં. 'યુનિફોર્મ' માં એ જરૂર માનતો. પણ એ 'યુનિફોર્મ' વાદળી ચડ્ડી ને સફેદ ખમીસનો જ—અને તે પણ ખાદીનો જ હોવો જોઇએ એમ પણ રાજેન એટલી જ દૃઢતાથી માનતો. એથી. કૉલેજના આ 'યુનિફોર્મ' તરફ ઘૃણાની નજરે એ જોઇ રહ્યો.

"અને છે કોઇને કોઈની તમા ?" રાજેન ફરીથી બબડયો. "ન મળે સૌજન્ય, ન મળે નૂર."

અડફટે ચઢેલાં પાંચ દસ મદ્રાસી વિદ્યાર્થીઓ એને યાદ આવ્યા. એને કોઈએ–ગુજરાતીઓએ પણ બોલાવ્યો નહિ એ એને લાગી આવ્યું. કદાચ મોડા પડવાની બ્હીકે એ લોકો ચપોચપ ચોપડીઓ લઈને નાઠા હશે ! રાજેને મન મનાવ્યું.

આગગાડીના ઘરઘરાટે એની વિચારમાળા તૂટી ને બારી બહાર એણે દૃષ્ટિ ઠેરવી. પોતે જે ટ્રેનમાં આવ્યો હતો એવી જ એક ટ્રેન ઝડપથી પસાર થતી એણે જોઈ. મુગ્ધ હૃદયે એ વિજળીક ટ્રેન તરફ રાજેન તાકી રહ્યો. ઉપરનાં વિજળીનાં દોરડાંને ઘસાઇને જતું એનું

એન્જીન કેવું સડસડાટ દોડી જતું હતું ! ક્યાં જતી હશે એ ? મુંબઈ તો નહિ ? કોણ જાણે ?

પાંચ વાગ્યા સુધી જતી આવતી આગગાડીના ઘરઘરાટ, ખેતરોના ઘોંઘાટ ને વરસતા વરસાદ તરફ રાજેન તાકી રહ્યો. આખરે એક પછી એક વિદ્યાર્થીઓ પાછા આવવા લાગ્યા ત્યારે રાજેનને કંઈક ટાઢક વળી.

આપાભાઈના આવ્યા પછી બન્ને કોલેજ–ઓફીસમાં ગયા. કોલેજના કલાર્ક જરા કામમાં હતા એટલે બન્નેને ઠીક ઠીક ઊભા રહેવું પડયું: આખરે એમનો વારો આવ્યો ખરો. પહેલા વર્ષના બધા જ વિદ્યાર્થીઓની ફી ૩૦ મી જૂને લેવાની હતી એટલે આપાભાઈએ રાજેનનું માત્ર નામ જ નોંધાવ્યું.

હોસ્ટેલ–ડીપોઝીટના પાંચ રૂપીઆ ભરીને રાજેન હવે હક્ક સહિત પોતાની ઓરડીએ આવ્યો. એકાવન નંબરની ઓરડી–કાયદાની દૃષ્ટિએ ફક્ત અર્ધી; એક ખુરશી ટેબલ–બાવા આદમના વખતનાં; એક લોખંડનો પણ પાટીવાળો ખાટલો, એક કાળા રંગનું–ડામર રંગેલું–બે ખાનાનું કબાટ; ને–કબૂતરખાનાના હાડપિંજર જેવો એક નાનો લાકડાનો ઘોડો–ચોપડીઓ મુકવા પૂરતો–આટલાનો એ કાયદેસર માલિક બન્યો–છ મહિના પૂરતો.

સાંજે બધાંની સાથે ‘ ગુજરાતી કલબ ’ માં એ જમવા ગયો. આજે ખીચડી–કઢીનો વારો હતો એટલે એને પણ એ જ ખાવા મળ્યું. જમતાં જમતાં બે–ચાર વિદ્યાર્થીઓની સજ્જનતાએ એને આકર્ષ્યો. એ આકર્ષણની અસરને ઘૂંટતો ઘૂંટતો પોતાની ઓરડીએ આવીને ગઈકાલનો થાક ઊતારવા એ ઊંઘ્યો.

× × ×

શુક્રવારે સવારે બધાની સાથે છ વાગે એ ઊઠયો ત્યારે કાચી ઊંઘની અસર એની આંખોમાં જણાતી હતી. ઊઠવાની અનિચ્છાએ પણ એ ઊઠયો ને આછા વરસાદના ફોરાં ને ધુમ્મસછાયું આકાશ એણે બારીમાંથી જોયું. દાતણપાણી કર્યા પછી નહાવા માટે ઉના

પાણીની એણે તપાસ કરી. કોકરવર્ણા પાણીએ નહાવાની એની રોજની ટેવ છતાં બધાની સાથે એ પણ ઠંડા પાણીએ નાહ્યો. અહીંની કલબમાં ઊનું પાણી મૂકવાની પ્રથા જ નહોતી. સાડાસાત પહેલાં ' પ્રેક્ટીકલ્સ ' માટે બધાએ ' ફીલ્ડ ' માં હાજર થવાનું એટલે આર્થિક દષ્ટિએ તેમજ સમયદષ્ટિએ કલબને એ પાલવે પણ નહિ.

સવાસાત થયા ને પહેલા વર્ષમાં ભણતા ત્રણ ચાર ગુજરાતી વિદ્યાર્થીઓ સાથે ' એગ્રીકલ્ચર પ્રેક્ટીકલ ' માં હાજરી આપવા એ ગયો.

મી. સાઠેની દેખરેખ નીચે ' એગ્રીકલ્ચર પ્રેક્ટીકલ ' ના આ વર્ગને તાલીમ મળતી. પાતળું-સુકલું શરીર, કાળી-કરચલીયાળી ચામડી, ઊંડી-નિસ્તેજ આંખો ને ચીબું-ચપટું નાક. લાંબા-દોરી-વાળા હોલ-બુટ, ખાખી મોજાં ને ખાખી ચડ્ડી-ખમીસ. કાળો એવડી-છાતીનો કોટ ને વર્ષોનો વરસાદ પી-પીને કાળી બની ગયેલી ખાખી હેટ એ એમનો હંમેશનો પોષાક હતો. બીજા લેક્ચરરો ને ડેમો-સ્ટ્રેટરોથી ઓછું જાણવા છતાં મિજાજમાં એ બધાને ટપી જતા. એમના આ ગુણને ધ્યાનમાં લઇને વિદ્યાથીઓએ એમને ' ડોક્ટર ' ની પદવી એનાયત કરી હતી. માત્ર એનો ઉપયોગ ભૂલે-ચૂકે પણ ડૉ. સાઠેની હાજરીમાં ન થાય એની એ લોકો ખાસ તકેદારી રાખતા એટલું જ.

સાડાસાતને ટકોરે હાજરી લેતાં લેતાં ઊંડી નિસ્તેજ આંખોમાંથી રાજેનનો બીન-ખાખી પોશાક એમણે પકડી પાડયો. ઉપરછલ્લી ભૂલો પકડવામાં તો એ અદ્વિતીય હતા.

" એ ન ચાલે. જરાય ન ચાલે. યુનિફોર્મ વિના એક ચકલું ય મારા વર્ગમાં ફરકવું ન જોઇએ. " ડૉ. સાઠે તાડૂકી ઊઠયા.

" તમારું નામ શું ? નંબર કયો ? "

રાજેન ગભરાયો. એનો નંબર હતો કે નહિ એની જ એને ખબર નહોતી. સાથેના ગુજરાતી વિદ્યાર્થીએ રાજેન કાલે દાખલ થયેલો નવો નિશાળીયો છે એમ જણાવ્યું.

" મોડા આવ્યા તે કંઈ મારે લીધે ? ગમે તે હોય. યુનિફોર્મ વિના વર્ગમાં ન જવાય—અને મારા વર્ગમાં તો કદી ય નહિ—એ એણે જાણવું જોઈએ. આ સાઠેનો વર્ગ છે—રેંજીપેંજીનો નથી. બેદરકારીનું આવું કલંક હું કદી ય ન સાંખુ. તમારે વર્ગ બહાર જવું જ જોઈએ. " સાઠેના મિજાજની એ પરાકાષ્ટા હતી.

રાજેનને પોતાનું સ્વમાન ઘવાતું લાગ્યું. એ જરા ઓશિયાળો બની ગયો. શું કહેવું એ એને સમજાયું નહિ. બીજા વિદ્યાર્થીઓના કહેવાથી ફરીથી યુનિફોર્મ વિના ન આવવાની શરતે આખરે એને વર્ગમાં દાખલ થવાની રજા મળી.

હવે પ્રેકટીકલ શરૂ થયું 'How to yoke bullocks ' બળદો કેમ જોતરવા '—એ આજના પ્રેકટીકલનો વિષય હતો. સૂચનાઓ અપાઈ રહ્યા બાદ વિદ્યાર્થીઓને બબ્બેમાં વહેંચી નાંખવામાં આવ્યા ને દરેકને એક એક બળદજોડી સોંપાઈ. પ્રત્યેક બળદજોડી જરમન–અંગ્રેજ, કાળિયો–તિકમો, ખાંડરો–પાંડરો એવાં એવાં અલાહેદાં નામથી ઓળખાતી હતી. રાજેનને નસીબે એક ગુજરાતી વિદ્યાર્થી ને જરમન–અંગ્રેજની જોડી મળી.

દરેક વિદ્યાર્થીએ બળદને જોતરતાં ને છોડતાં શિખવાનું હતું. ઉપરાંત સાઠે સાહેબની હાજરીમાં પોણો માઇલ દૂરના ખેતરમાં જઈ ત્યાં પડેલા દંતાળ (Harrow) સાથે એ બળદોને જોડી દરેક વિદ્યાર્થીએ વ્યક્તિગત અર્ધો કલાક કળપ ફેરવવાનો હતો. એમ કરતાં બળદ તોફાન ન કરે. કળપ–દંતાળ ઉથલી ન પડે ને ધૂસરૂં બરાબર રહે એ દરેક વિદ્યાર્થીઓને જોવાનું હતું. કળપ બરાબર ફેરવાય, વચ્ચે જગા રહી ન જાય ને આપેલો પ્લોટ નિયત સમયમાં પૂરો થાય એટલું ડૉ. સાઠેને જોવાનું. કામને અંતે આજના

'પ્રેક્ટીક્લ 'ની ટૂંકી નોંધમાં વ્હેલામાં વ્હેલા સાડા નવે ડૉ. સાઠેની સહી લીધા બાદ દરેક વિદ્યાર્થીએ Implement Shade—ઓજાર-શાળા-માં પહોંચી જવાનું.

આટલી સૂચના સાથે રાજેન 'શીલ્ડ 'માં ગયો. સાથીદારનું કામ એણે ઝીણવટપૂર્વક જોયા કર્યું. અર્ધા કલાકે એનો વારો આવ્યો ને એણે ધૂસરું ને ચાબુક પકડી 'શેતચી કૉલેજ ' ના અભ્યાસના શ્રીગણેશાય કર્યા. પાંચેક મિનિટ તો એ ઠીક ચાલ્યું. પણ એવામાં એકાએક જરમન બગડી બેઠો. ભલો બિચારો 'અંગ્રેજ ' ચાલવા જાય પણ 'જરમન ' એને ખેંચી રાખે. રાજેને હાથમાંની ચાબુકનો ઉપયોગ કર્યો ને થોડીવાર તો એ ચાલ્યો. પણ વળી પાછો લાગ જોઈ ને એ ગળીયો બની બેઠો. અધૂરામાં પૂરું 'જરમન 'ને મ્હોંએ બાંધેલી કાથીની મોઢડી છૂટી ગઈ એ બદલ દૂરથી ડૉ. સાઠે બરાડી ઊઠ્યા. રાજેન એ બાંધવા ગયો. 'જરમન 'ને પંપાળતો એ પાસે ગયો ત્યાં તો ત્રાંસી-કરડી આંખે એની સામે તાકી રહેલા 'જરમને ' જોરથી માથું વીંઝી રાજેનને ઠંડોજ કરી નાખ્યો. ઝડપથી સમયસૂચકતા વાપરી એ ખસી ગયો છતાં 'જરમન 'નાં શીંગડાંનો અણીવાળો અગ્રભાગ બંદુકની બેયોનેટની જેમ એના ખભાને ઝડપી ગયો. અજાણતાં જ એક આછો-તીણો, સિત્કાર કરી એ નીચે બેસી ગયો. ડૉ. સાઠેએ એ જોયું ને 'ઉતાવળીયો ' 'કમઅક્કલ ' 'અચપળ ' એવાં એવાં ઉપનામોથી એમણે રાજેનને નવાજ્યો. આશ્વાસને બદલે ઠપકો મળતાં રાજેન ખરેખર ચિઢાયો. પણ મનમાં જ એ સમસમી રહ્યો.

દસ વાગે જમતી વખતે રાજેનને બળદે માર્યાની વાત ક્લબમાં ફેલાઇ ગઈ. થોડીક મશ્કરીને ભોગે પણ રાજેનને સહાનુભૂતિ મળી ખરી.

૧૧ થી ૨ નાં બપોરનાં વર્ગ-વ્યાખ્યાનોમાં એને ઝાઝી ગમ ન પડી. વિષયને લગતા અમુક પારિભાષિક શબ્દો એને ન સમજાયા.

શરૂઆતથી આવ્યો હોત તે એ મુશ્કેલી એને નડત નહિ એ ભાન એને થતું ગયું.

સાંજનું પ્રેક્ટીકલ-અઢીથી સાડાચારનું-સૂથારી લુહારી કામના ટ્રેનીંગ ક્લાસનું હતું. રાજેન મોડો આવ્યો હતો એટલે એકજ પ્રેક્ટીકલમાં એને બે મૉડેલ-નમૂના-બનાવવાના હતા-એક સુથારી કામનો ને બીજો લુહારી કામનો. વર્કશૉપનો દેખાવ એને નાજુક ભવ્ય પણ વિચિત્ર લાગ્યો. સમારકામ માટે આવેલાં ખેતીનાં ભાગ્યાં-તૂટ્યાં ઓજારો, એકી સાથે ચાલતી હારબંધ પાંચ-પાંચ ભઠ્ઠીઓને એમાંથી ઊડતા અસંખ્ય તણખા, બળતા લોખંડનો તણતણાટ, ધમણોના ધમધમાટ ને ધુમાડાના ગોટા, હથોડાના ઘણઘણાટ ને એરણના અવાજ, રંધા ને ગીરમીટ, ફરસી ને આરી 'લેવલ' ને 'ટેપ' એ બધાંનો શંભુમેળો એને ન ગમ્યો. ને છતાં એ બધાંનો ઝડપી ઉપયોગ થતો એ જોઈ રહ્યો. બે નમૂના બનાવવાની ઉતાવળમાં દસ વાગ્યે પણ એકે નમૂનો એ પૂરો ન કરી શક્યો. બન્ને અધૂરાં લઈને જ એ ઓરડીએ આવ્યો.

જમી રહ્યા પછી બીજાઓ જ્યારે ફરવા ગયા ત્યારે શરૂઆતના બાર દિવસનાં વર્ગવ્યાખ્યાનો પાડોશીની નોટમાંથી મોડી રાત સુધી એણે ઉતાર્યાં કર્યાં. હથેળીમાં પડેલાં રંધાનાં પાઠાં ને છુટા છવાયા તણખાના ડામ તરફ જોતો જોતો આખરે એ ઊંઘ્યો.

સવારસાંજ 'પ્રેક્ટીકલ્સ' અને બપોરે વર્ગવ્યાખ્યાનો એ કૉલેજનો રોજીંદો વ્યવહાર હતો.

બીજે દિવસે સવારે-શનિવારની સવારે-ઉછીનો 'યુનિફૉર્મ' પહેરીને રાજેન 'ખેતીવાડીના પાક' (Agricultural Crops)ના પ્રેક્ટીકલમાં હાજર થયો. વરસતા વરસાદમાં ચોધરી સાહેબની સૂચના મુજબ બાજરી ને કુલથી, મટકી ને હાલીદ, ભોંપલા ને સુવા, મગ ને કાપુસ, ચૂકા ને ચાકવત. પોકલા ને પાલક, કરડી હરબરા, ચીનો ને બન્ટનબટ્ટા, ઘઘાઘા ને કુન્દા એવા એવા પરિચિત-અપરિચિત

પાકની એણે નોંધ લીધી. વરસાદ વરસતો જાય ને છોકરાઓ ચાલતા જાય. રસ્તે આવતા પાક પાસે થોભતા જાય ને પ્રોફેસરનાં સૂચનો કૉલેજની નોંધપોથીમાં નોંધતા જાય. કાદવના છાંટા ઊડતા જાય, બુટને તળીયે ચીકણી માટીના થર જામતા જાય, જોખીજોખીને ડગ ભરતા જાય ને છત્રી ઊડે એ સમાલતા જાય. ચાર પાંચ માઇલની રપેટી કરીને એ પાછા આવ્યા ત્યારે રેઇનકોટ છતાં રાજેન પૂરેપૂરો પલળ્યો હતો. નોંધપોથીનું સહીનું લખાણ ચેકાઇ ગયું હતું ને પેન્સીલનું લખાણ ઝાંખું બની લગભગ ભૂંસાઈ ગયું હતું. નવાં નવાં નામથી એ કંટાળ્યો, ચાલી ચાલીને એ થાકી ગયો ને ઠંડીથી ઠરી જતો એ દસ વાગે કલબમાં પાછો ફર્યો.

ઠંડા પાણીએ નહાવાની એની શક્તિયે નહોતી કે નહાવાનો સમયે નહોતો. પહેરેલે કપડે, રેઇનકોટ કાઢી, હાથપગ ધોઇ, લાશલુશ જમીને અગીયાર વાગે તો એને કૉલેજમાં જવું પડ્યું.

બપોરના એકના એક વ્યાખ્યાનમાં પણ કાલની જ વ્યથા એ અનુભવી રહ્યો. ન પડે સમજ ને ન મળે મેળ. "શા માટે એ મોડો આવ્યો ?" પોતાની જ જાત પર એ સ્હેજ ગુસ્સે થયો. અને એ પછી તરતજ શરૂ થતા–પ્રાણીશાસ્ત્ર–Zoology—ના પ્રેકટીકલે તો હદ કરી. કૂકડાનું હાડપિંજર. હાથ–પગના હાડકાં. કરોડના મણકા. નજર સામે કલોરોફોર્મ આપીને જીવતા કુકડાનો વિચ્છેદ. પ્રોફેસરે જે કર્યું તે પોતે કરવાનું. એ જઠર, એ બરોળ, એ આંતરડાં, એ હૃદય, એ ફેફસાં, એ કોલન, એ રેકટમ, એ ઇલિયમ, જેજૂનમ ને સીકમ. પરાણે પરાણે કરવી પડતી એ ચૂંથાચૂંથી રાજેન ત્રાસી ઊઠયો.

સાંજે જમવાનો ઘંટ વાગ્યો પણ એ જમવા ન ગયો. એના હાથમાં હજી આંતરડાની ગંધ હતી. કેટલીયેવાર સાબુથી ધોવા છતાં એ ન ગઈ. પોતાની નજર સામે પોતે જ કરેલી ચૂંથાચૂંથ એને છોડતી નહોતી. આ સ્થિતિમાં સારામાં સારૂં જમણ કે સ્વર્ગનું અમૃત પણ પીવા

એ તૈયાર નહોતો. એ ન જમ્યો. ફરવા પણ એ ન ગયો. વિચારોના વંટોળમાં એ ઘૂમી રહ્યો. મગજ તપી ગયું એનું ભાન એને ન રહ્યું. સવારની ઠંડી ને અત્યારની ભૂખથી એને શરદીનો ભય લાગ્યો. લાઈટ બંધ કરી શરીરને શાલમાં લપેટી પથારીમાં પડયો પડયો મોડીરાત સુધી એ જાગૃત-અભાન અનુભવી રહ્યો. રવિવારનો દિવસ ગયો ને રાત્રીએ એને વિચાર કરતો કરી મૂકયો.

પ્રિવિયસના પરિણામના દિવસો. બીજા વર્ગમાં ઉચ્ચ ક્રમે પાસ થવાનો ઉલ્લાસ. ત્રણ ત્રણ વર્ષની શેઠકાકાની ચઢવણી. એગ્રી. કોલેજનો મોહ. ઉંચી પાયરીની આશા. સાહેબ બનવાનાં સ્વપ્નાં. કિસાનસેવાનો આદર્શ, ગ્રામોદ્ધારની ધૂન. પરપ્રાંતનો પરિચય ને દૂરદૂરનો પ્રવાસ એ બધાએ એને પૂના જવા આકર્ષ્યો હતો. એગ્રી. કોલેજ એ રાજેનને મન એ વખતે કલ્પનાનું સ્વર્ગ હતું.

આમ છતાં સાહિત્ય તરફ મૂળથી જ એને પ્રેમ એટલે બી. એ. થવા તરફ એના માનસનો ઝોક વધારે. જેનું મુશ્કેલ 'એડમીશન' મેળવવા કેટલાયના પ્રયત્નો વ્યર્થ જતા એનું 'એડમીશન' એને મળ્યું હતું, ને છતાં 'જવું કે ન જવું!' એ વિચારમાં જ અટવાઈ જઈને સમયનો કેવો દુર્વ્યય એણે કર્યો હતો!

જૂનની ૧૦ મી સુધી એ વિચાર જ કરતો રહ્યો ને કોલેજ શરૂ થઈ ગઈ. બીજી કોલેજો જ્યારે જૂનની ૨૦ મીએ ઉઘડતી ત્યારે એગ્રી. કોલેજને તો દસ દહાડા થઈ જતા. ઈન્ટર—આર્ટસનું 'એડમીશન' પણ એણે મેળવી રાખ્યું હતું. પરંતુ ક્યાં જવું, શું પસંદ કરવું, એ જ માત્ર પ્રશ્ન હતો. પસંદગીના એ મહત્વના પ્રશ્ને એને કેટલો મૂંઝવ્યો હતો?

ને આખરે પૂના જવાનો નિર્ણય જ્યારે એણે કરી નાખ્યો ત્યારે એની જગા હજી ખાલી છે કે નહિ એની તપાસ શેઠકાકા મારફતે એણે કેટલી ઝડપથી ખાનગી રીતે કરાવેલી એ એને યાદ આવ્યું. ને એ પછી

તો કલ્પનાના એ સ્વર્ગને સુલભ બનાવતો આપાભાઈનો તાર આવ્યો. એના આનંદને અવધિ નહોતી ને થનગનાટનો પાર નહોતો. એ રાત્રે વતન છોડતાં એ સ્હેજ વ્યગ્ર બન્યો હતો, પણ એ ઉલ્લાસ, એ ઉત્સાહ, ભાવિ-વિજયની એ સુખદ કલ્પના, આવતા વિરહનું એ મીઠું દર્દ, એ કેટલાં મોહક, કેટલાં પ્રેરક, કેટલાં માદક હતાં!

મુંબઈ-પૂનાની મુસાફરીએ કાંઈ ઓછી કમ નહોતી, ને એગ્રી-કૉલેજની કુંજગલીએ ઓછી રમ્ય નહોતી.

પણ...પણ હૉસ્ટેલમાં આવતાં જ આડી ઉતરેલી બે કાબરી બિલાડી, બરાબર કલાક સુધી કૉલેજની કોઈપણ વ્યક્તિને મળવાને મારેલાં એનાં વ્યર્થ ફાંફાં, ઓરડોમાં પેસતાં જ આવેલી છીંક અપ-શુકનની એ પરંપરા તો નહોતી? અહીં રહેવામાં રહેલા કોઈ અજાણ ગેરલાભની એ ચેતવણી તો નહોતી?

રાજેનના વિચારો ઘડીક થંભ્યા. ઠંડી વધારે લાગતાં એણે શાલ ઉપર રગ ને રજાઈ પણ ઓઢ્યાં. વધતા જતા તાવની ભરતીમાં પણ વિચારોનાં પૂર એણે છુટથી ભળવા દીધાં.

'ઇમ્પ્લીમેન્ટસ, એગ્રીકલચર, ક્રોપ્સ, સોઇલ્સ, ફિઝિક્સ, કેમી-સ્ટ્રી, ગણીત, એન્જીનીયરીંગ, બોટાની, ઝુઓલોજી, વેટરીનરી, બ્રીડઝ-બ્રીડીંગ, ફીડઝ-ફીડીંગ, પોલ્ટ્રી, ડેરી, ઇકોનોમીક્સ, એન્ટો-મોલોજી, બેક્ટીરીયોલોજી, વાયુશાસ્ત્ર ને હોર્ટીકલચર એવા એવા હજાર વિષયો ને હજાર જાતના વિદ્યાર્થીઓનું વિચિત્ર ને પચરંગી આ વાતાવરણ! કાળા-ધોળા તો ઠીક પણ અટકો ય કેવી! ફુન્ડગુન્ડ ને ફુરકડલી, આરકેરી ને હલકેરી, ફુલકોરી, ને હિંગોરાણી, તારાચંદાની, ટેકચંદાની, મલકાણી ને નથવાની; મરકર, બેડેકર, તુલપુલે ને તલવલકર એવાં એવાં અદ્ભુત નામોનો શુંભમેળો વર્ગની હાજરી વખતે કેટલા આશ્ચર્યથી એ સાંભળી રહેતો!

અને અભ્યાક્રમ પણ કેવો! સવારના સાતથી સાંજના પાંચ સુધી 'હાશ' કરીને બેસવા આરો જ ન મળે. મોડી રાત સુધી

વાંચો તો સવારે વહેલા ઊઠાય નહિ; વહેલી સવારે ઊઠો તો મોડી રાત સુધી વંચાય નહિ.

અને પ્રેકટીકલનો ય પાર નહિ. સાહેબનો મિજાજ, યુનિફોર્મનો આગ્રહ, બળદોની તુમાખી, માખીનું જીવન; ધરતીનો સંગ, કાદવને ખૂંદતાં ને વરસાદમાં ભીંજતાં ચાલતાં ચાલતાં ભણવું ને ઊભે રસ્તે લખવું. બે કલાકના પ્રેકટીકલમાં ત્રણ કલાક ગોંધાઈ રહેવું ને બાગ-બગીચામાં જાવ ત્યાંય સાપ વીંછીથી ડરવું: ન કપડાંની સાચવણીઃ ન શરીરની સલામતી. વિચારમાં ને વિચારમાં રાજેન ઊંઘી ગયો.

સોમવારે સવારે રાજેન વહેલો ઊઠયો પણ પ્રેકટીકલમાં એ ન ગયો. શરદીના તાવથી એ થરથર ધ્રૂજતો હતો. બધા ગયા ને એ એકલો પડયો. વિચારોના પૂરમાં વળી પાછો એ તણાયો.

'આમ કંઈ ન ભણાય. ને ભણાય તો 'સાહેબ' તો ન જ થવાય. 'સાહેબ!' શાના સાહેબ? આ માટી ને કાદવના? જાર બાજરી ને મકાઈના? સુથારના, રંધાના, લુહારના, હથોડાના? કે એમાંથી પડતાં પાદાં ને ડામ ને ફોલ્લાના? બળદોનો માર ખાવાના કે વરસાદમાં ભીંજાવાના? હાડકાં સાથે રમવાના? સસલાં-મરઘાં ચીરવાના? સાહેબના મિજાજના? હડહડતા અપમાનના? ગુલામીનાં યુનિફોર્મના? શાના?'

રાજેનનું મગજ તપી ગયું. કયાંય સુધી એ સુનમૂન બેસી જ રહ્યો.

'જહન્નમમાં જાય એ સાહેબ થવું ને જહન્નમમાં જાય આ ભણવું' નિરાશા ને ક્રોધથી એ બોલી ઊઠયો.

અગીયાર વાગ્યા સુધી એ એમને એમ ખાટલામાં જ બેસી રહ્યો. તાવને લીધે એ જમવા ન ગયો. કૉલેજમાં પણ એ ન ગયો.

'સાહેબ જ થવું છે તો બીજું ભણીને પણ થવાશે. ને આનાથી જ જો થવાતું હોય તો ભલે હું સાહેબ ન બનું.'

એણે નિશ્ચય કરી લીધો. તાવ અને ક્રોધથી ધ્રૂજતે હાથે એણે બેડીંગ સમેટવા પ્રયત્ન કર્યો, પણ એને તમ્મર આવ્યાં. એ નીચે બેસી ગયો. કળ વળતાં એણે કબાટમાંના કપડાં ને પુસ્તકો બેગમાં ભરી લીધાં. પ્રયત્નપૂર્વક બળ કરીને એણે બેડીંગ પણ બાંધી લીધું. બીજાઓ જાણશે તો વાત ચેરાઈ જશે એમ માની, બીજાઓની રાહ જોવા એ ન રહ્યો. કલબના નોકર પાસે બેગ-બેડીંગ ઉપડાવી સામે જ દેખાતા પા માઈલ દૂરના ભાંભુર્ડા સ્ટેશન તરફ ધીરે પગલે એ ચાલી નિકળ્યો. સ્ટેશન પર આવ્યો ત્યારે બાર વાગ્યા હતા. 'પૂના પેસેન્જર-ફાસ્ટ' ને હજી અર્ધો કલાક હતો. નોકરને 'રાજી' કરીને વિદાય કર્યા બાદ સ્ટેશન પરથી જ એણે અમદાવાદ તાર કરી નાખ્યો.

"વાતાવરણ પ્રતિકૂળ. અહીંનો અભ્યાસ અશક્ય. કાલ સવારે આવું છું.

રાજેન."

ગાડી આવી ને રાજેન ઉપડયો. ૧૨-૩૦ની ગાડીમાંથી કલ્પનાના સ્વર્ગને કલ્પનાનું નર્ક બનતું રાજેન જોઈ રહ્યો.

હમ ભી અફસર થે

હતો તો એ પઠાણ; છતાં ઘણાને એ પઠાણ નહોતો લાગતો. પઠાણી પહેરવેશ, પુશ્તુ ભાષા, પડછંદ કાયા, ગૌર વર્ણ, વિશાળ લલાટ, તીખી જબાન ને તીણી આંખો. હીરભરી ટોપી ફરતો નાનો ખાખી ફેંટો, ઢીંચણ લાંબા કૂડતા ઉપર જરીભર્યું જાકીટ, લાંબા પઠાણી લેંઘા નીચે વારાફરતી ચમકતી મખમલની મોજડી કે પઠાણી ચંપલ, ગંદી ઘરવખરી, લાંબી નાળનો પઠાણી હુક્કો, સરહદી તંબાકુથી ભરીભરી ઝોરણી ને કાથીભરી ચોપાઈ ઉપર મેલી કંથાગોદડી; ખજુરીની સાદડી અને તાપડાના ટૂકડાઓથી કિલ્લેબંધ થયેલી, કબૂતર ને મરઘાં બકરીથી ઘેરાયેલી એકઢાળિયા ઓરડી આગળ હંમેશાં નજરે પડતા લીમડાનાં ડાળખાં ને હાડ-માંસના ટૂકડા અને એ બધાંની વચ્ચે ઊભો ઊભો ક્યારેક ખીસકોલી તો ક્યારેક કાગડા ઉરાડતો, ક્યારેક કોઈની સાથે ન છૂટકે લડી પડતો તો કેટલી યે વાર ભલા-ભલા દાદાઓની આંખમાંથી પાણી પડાવતો. ચાલી ભાડું ઉઘરાવ-નાર એક મસ્ત અને મનમોજી પઠાણને પઠાણ જ નથી એમ તો કેમ કહેવાય ?

પણ ના, આ બધું ય હોવા છતાં એ પઠાણ જ નથી એમ કહેનારાઓ પાસે એમ માનવાનાં સબળ અને પૂરતાં કારણો હતાં. હતું એમ કે, જોઈએ તો એ હતા જ—વયે અને વિચારે પણ.

છતાં એમનું વાન અને ક્યારેક વિચારો પણ અકસર જુવાન લાગતા. હજી થોડા જ દિવસ પર તેમની છપ્પનમી જન્મતિથિ પ્રસંગે તેમને ત્યાં તેમના પાંચ-પચીસ ‘ જાન-પીછાન ’ વાળા સ્નેહી-સંબંધીઓએ એક બીનસત્તાવાર મુશાયરો ગોઠવ્યો ત્યારે ખુદ ખાનસાહેબ યા ને ચાચા અથવા પોતાનું આવું ઉલટું નામ ‘ખાન-સાહેબ ખાનેઆલમ અમીરખાન ’ કે જે તેમને ખાસ ગમતું, એથી યે આગળ વધીને ઘણાક એમને જ્યારે ‘ ખાન-ખાને આવ-અમીરખાં ’ નામથી જ સંબોધતા ત્યારે ખાનસાહેબના મ્હોં પર એક એવું હાસ્ય, તરવરી ઊઠતું કે બસ, ‘ બાત પૂછો મત. ’—એ મુશાયરામાં ખાન-સાહેબે પોતાનાં ગત વર્ષોની જે રસિક અને રૂદ, માદક અને મુગ્ધ તેમજ કુતૂહલપ્રેરક અને વૈચિત્ર્યસભર વાતો કરી તે સર્વમાંથી ભારોભાર ભરેલા એમના સમુલ્લસિત યૌવનનો જ પડઘો મુખ્યત્વે ઊઠતો; પણ તે છતાં એ બધાંની વચ્ચે તરી આવતી ખાનસાહેબની નિરાસક્ત-નિર્મમ-નિરહંકાર વૃત્તિની શાંતિ અને તે બધાયને આવરી લેતી જીવન અને જગત પ્રત્યેની તેમની ફિરસ્તા જેવી મસ્ત-બેફિકર વાણી જ્યારે લોકોએ સાંભળી ત્યારે તો ખાનસાહેબ પઠાણ હોવા છતાં જાણે પઠાણ જ ન હોય એવો ખ્યાલ ઘણાના મનમાં દૃઢ થયો.

આમ તો ખાન સાહેબ મિતભાષી હતા, પરંતુ એ જ્યારે બોલવા માંડતા—અને તે ય ખાસ તો એમના અંતરના અવાજથી ઉશ્કેરાઈને—ત્યારે તેઓ, ‘ થોડબોલા ને થાંભલા ’ ની કહેવત સંપૂર્ણતઃ સાચી પાડતા. ગમે તેવા ભલા માણસના પણ હદબહારનાં વખાણ એ ભાગ્યે જ સાંખી લેતા. એવા પ્રસંગોએ કોઈ ને જો ‘ અલ્લાહની ગાય ’ જેવાનું બિરદ અપાતું તો ખાનસાહેબ તુરત જ કોક ફારસી કવિના શબ્દોમાં તાડુકી ઊઠતા કે:—

“ આદમકો ખુદા મત કહો,

આદમ ખુદા નહિ—એટલું કહી એ અટકી જતા. લેકીન હાં,

" લેકીન ખુદાઈ નૂરસે આદમ જુદા નહિ " એ બીજું ચરણ એ ભાગ્યે જ સંભળાવતા.

અને તેમ છતાં ક્યારેક કોઈની ખાઈખપૂચીને ખોદણી કોઈ કરતું હોય અને ખુદાની ખુદાઈનાં ગીતો ગવાતા હોય ત્યારે એમનું કવિ હૃદય તુરત જ એ કમભાગી માનવીના બચાવ માટે દોડી જતું. એવા પ્રસંગોએ ઘણીએ વાર ખાનસાહેબ આવું કહેતા સંભળાતા—

' ખુદા ક્યા ખુદા હય
જો હમ આદમી હય,
ખુદા હમ અગર જો
ખુદા આદમી હય.

મુશાયરાના જબરા શોખીન તો એ હતા જ. અને તેમાં યે તેમની પ્રત્યેક વર્ષગાંઠ ભાગ્યે જ એકાદ નાના મોટા મુશાયરાની મહેફિલ માણ્યા વિના પસાર થતી, એટલે એક એવા બીજા મુશાયરાનો એક દાખલો એમના માનસને સમજવા પૂરતો આપવો અહીં ઠીક પડશે.

એકવાર મુશાયરામાં મળેલા એમના મિત્રોની શાયરીમાં જ્યારે 'ખુદા' 'ખુદાઈ' અને 'ભલાઈ' 'બુરાઈ'નું બે ચાર જણાઓએ ઢોલ પીટ્યે જ રાખ્યું ત્યારે તો એમનાથી પણ ન રહેવાયું.

" અજી હમ પૂછતે હે—ઔર પૂછતે હે ખુદાસે " કહેતાં એમણે તો ચલાવ્યું.

" કી ?

હમારી ભલાઇ બુરાઇસે ક્યા વાસતા
અય ખુદા, હય તુમ્હે ?
યે હે હમને પુકારા—

न હમ ચાહતા કી બને હમ ખુદા,
ના બને જાલિમો, જુલ્મકા યા સહારા,
હમેશાં રહે આદમીકી હમી,
આરઝુ યે હમારી, ખુદા અય ખુદા,
હમને યે હૈ પુકારા......"

અને એમની વાણીની સચોટ અને વેગવાન અસર જ્યારે સામા પર થતી ત્યારે હંમેશાં એક પ્રકારનો ઉશ્કેરાટ ભર્યો જે સગર્વ–આવેગ તેમનામાં ઊમટતો, એવો જ ભાટાઇ ભર્યો ચારણી પાનો તેમને ચઢયો હોય તેમ બુલંદ અવાજે તેમણે આગળ ચલાવ્યું—

'જો હર શખ્સકી તું હૈ ઇન્સાનિયત
તો હર શખ્સકી હૈ તું હેવાનિયત
યે કરતૂત તેરે, હમારે નહિ,
આરઝુ યે હમારી ખુદા, અય ખુદા,
હમને યે હૈ પુકારા..............'

વળી એકવાર એમને જ ત્યાં રાજકવિની અદાથી અને તાનસેની શાહીગવૈયાની છટાથી એક બંદો,

'બેનમાઝી કુત્તેસે બદતર હય'—એવી એક દીની તાલીમની શાયરીના સૂરમાં વહેતો જતો હતો તેને સફાળા રોકીને ખાનસાહેબ વચ્ચે જ બોલી ઊઠયા.

"હમ યે કભી બરદાસ્ત નહિ કર સકતે. જો આદમી નમાઝી નહિ, ઉનકા દિલ પાક નહિ, યે બિલકુલ ગલત હૈ. સચ તો યે કી... ખુદાકી બંદગી વો કરતા હૈ જો દિખાતા નહિ ઔર વો બતાતા હૈ જો કરતા નહિ."

અને પોતાના એ કથનને પુષ્ટિ આપવા તરત જ નીચેની એક શાયરી તેમણે સુણાવી દીધી.

"ઝીંદગી' ગર જો ગઈ બેકાર તો ફીર ક્યા હુવા ?
દિલ–દિમાગે ખુદ ખુદા આયા નહિ તો ક્યા હુવા ?
દિલમેં મેરે આરઝૂ હરદમ રહે જલતી યહી,
ઇન્સાન હો ઇન્સા, ખુદા હોવે ન હોવે ક્યા હુવા ?"

આવું કવિહૃદય એમનામાં શી રીતે વિકસ્યું એની તો કોઇને ય ખબર નથી—ખૂદ ખાનસાહેબ પણ નહિ. અરે, મોટા ભાગના માણસોથી ઉલટું પોતાનું બચપણ તો એમને મુદ્દલે યાદ નથી. અને માટે જ ક્યારેક એમના બચપણની વાત કોઈ પૂછતું તો તેઓ કહેતા—

'લડકપન જો કુછ હોતા હે તો સીર્ફ પાગલપનાકી લેતા હે. અપને બચપનકી યાદમેં જો શખ્સ ગોર કરતા હે વો શાયદ અપને બચપનકાહી ગુન ગાતા હે. હાં, ઇસસે ન કીસીકો નુકસાન, હે, પર અપને આપકો ભી ન કોઇ ફાયદા હય."

જો કે એમ બોલતાં બોલતાં પણ એમની આંખો ઉંડી જતી, ભવાં જડી જતાં. અને વિચારની કરચલીઓ એમના કપાળ પર પડી જતી, ત્યારે 'ના' કહેવા છતાં ય પોતાના બાળપણાની વિસ્મૃતિના દુઃખે ખાનસાહેબ ખરેખર ઉદ્વિગ્ન થયેલા જણાઇ આવતા. કેંકવાર શ્રમ કરવા છતાં પણ પોતાના પ્રયત્નોની પાટી પર સ્મૃતિની એકાદ રેખા અંકિત થયેલી તેમને જણાતી નહિ. તેમને માત્ર એટલું જ યાદ આવતું—અને તે પણ પૂરા પરિશ્રમે—કે પોતાનો જન્મ-કોઇના કહેવા પ્રમાણે ' જીલ્લા મરદાન', પોષ્ટ માનકી', વિલેજ 'તાનો'માં થયેલો એટલું જ. અલબત્ત, સૃષ્ટિક્રમના શાશ્વત નિયમ પ્રમાણે એમનાં જન્મદાતા પણ કોઈ હોવાં જોઇએ. અને હતાં જ; પરંતુ તેઓ કોણ અને કેવાં હતાં, અરે ખુદ ખાનસાહેબને પોતાને ભાઇભાંડું પણ કોઇ હતાં કે નહિ એનીયે કંઇ જ ખબર નહોતી. કદાચ વિધિની એ કરામત હોય, કદાચ નાનપણથી જ તેમના સ્વભાવમાં ઘર કરી રહેલી સ્વયંસ્ફુરિત ઉચ્છૃંખલતા હોય, કદાચ કોઈ હિતશત્રુ પિત્રાઇની એ કુટિલતાયે હોય

કે પછી એ કેવળ અકસ્માત હોય. બાકી ખાનસાહેબ જ્યારે એમની જાતને ઓળખતાં શીખ્યા ત્યારે એમને એટલું તો ચોક્કસ લાગેલું કે એમ થવાનું કારણ સ્મૃતિભ્રંશ તો ન જ હોઈ શકે. અથાગ પ્રયત્નોને પરિણામે અથવા કહો કે લગારે પ્રયત્ન વિના એમની યાદદાસ્ત એમને ફક્ત એટલું જ બતાવી શકતી કે ખાનસાહેબ જ્યારે એમની જાતને ઓળખતાં શીખ્યા ત્યારે એક ચિત્ર વિચિત્ર કાર્નિવલમાં પચાસ ફૂટની ઉંચાઈએ બાંધેલ એક આડા દોરડા પર પાવો વગાડતાં એક છેડેથી બીજે છેડે દોડી જતા એક મશહૂર બાળનટના રૂપમાં પોતાની જીંદગીના શ્રીગણેશ જોયા.

તેમના આ ખેલને સર્વપ્રથમ લુધીયાણામાં ભારે આદર મળેલ અને પછી તો હિંમત, બહાદુરી કે બુદ્ધિના વાતવાતમાં થતા સ્હેજ પણ વખાણે ફૂલીને ફાળકો થઈ જવાના પોતાના જન્મજન્ય સદ્‌ગુણ કે દુર્ગુણની આછી અસર—જે પાછળથી ઘેરી બની હતી અને અત્યારે તો વજ્રલેપ બની બેઠી હતી—થી ફુલાઈને ખાનસાહેબે નવાનવા અંગમરોડ અને બુદ્ધિબળના કૈંક ખેલ એ સરકસમાં કરી બતાવેલા. ક્યારેક ત્રીસ ફૂટના એક ગોળ કુંડાળાના બે–સરખા ભાગ કરી બીજા એક નટની સામે ઉભા રહી પેલાએ ત્યજી દીધેલી ચાલુ સાઈકલ પર ગવર્નર પર હાથ પણ લગાડયા વિના, સાયકલની ગતિમાં લેશ માત્ર પણ ફેર ન પડે તેમ બેસતા ને ઉતરતા. ક્યારેક ચાલુ સાયકલને હાથથી પેડલ મારી ગવર્નર હાથને બદલે બન્ને પગ વડે સંભાળતા, તો ક્યારેક ચાલુ સાયકલે સાયકલની ડાબી બાજુ ઉતરી પડી ડાબો હાથ ને ડાબો પગ જમીનના સમાન્તરે હવામાં લાંબો કરી ઘડીક જમણા હાથે ડાબી બાજુનું ગવર્નર સંભાળીને ફક્ત જમણે પગે પેડલ ચલાવતા, તો ઘડીક એથી ઊલટું સાયકલની જમણી બાજુ ઉતરી જઈ જમણે હાથ ને જમણો પગ હવામાં અદ્ધર સમા-ન્તરે લાંબો રાખી, ડાબા હાથે જમણી બાજુનું ગવર્નર સંભાળી પગ જ માત્ર પેડલ ચલાવતાં. પૂર–ઝડપે ગોળ વર્તુળમાં જ ક્યારેક

પાછળ સાયકલ ચલાવતા. માત્ર લુધીયાણાના જ નહિ પરંતુ પાંચ-પંદર શહેરોના સાયકલપરસ્તોને ખાન સાહેબે ખરેખર ખસીયાણા પાડી દીધેલા.

પાંચ–સાત વર્ષના એ કાર્નિવલ શોખને–નોકરી નહિ, કારણ ખાન સાહેબ એને નોકરી ગણતા જ નહોતા–ખાનસાહેબ પોતાની અંગકસરતની આવડતને બદલે અંગકસરતની અવળચંડાઇ તરીકે જ ઓળખતા એમ કરતાં–કહેતાં એમને શરમ નહોતી ઉપજતી. એ કહેતા અને છાતી ઠોકીને કહેતા–કે, એમ કરવાથી એમનું શરીર અલબત્ત ખૂબ જ કસાયું હતું અને એમાં જ એ પૈસાની પ્રાપ્તિ ઉપરાંત કૈંક પ્રતિષ્ઠા મળેલી એ તો ઠીક, પરંતુ એ સાથે ગામ–પરગામની મુસાફરી અને અનુભવ મેળલાભ પણ કંઇ કમ નહોતો. છતાં આખરે તો એ એક પ્રકારનો બજાણીયા શાહી જુગાર હતો. જીંદગી ક્યારે જોખમમાં આવી પડશે તેનો ડર રાતદિન મનમાં રમતો હોય ને છતાં પચાસ ફૂટ ઉંચા દોરડા પર ખેલ કરવા કે પચાસ ફૂટ ઉંચેથી પાણીના હોજમાં ભૂસકા મારવા કે પંદર ફૂટ ઉંચી એક પૈડાની સાયકલ ચલાવવી એ બધું તો, અલબત્ત, એટલી નાની ઉંમરે જીંદગીની સલામતી સામેનો એક પ્રકારનો જુગાર જ હતો.

પરંતુ કદાચ એમના દિલની ખરી હિંમત અને નિડરતાનું ઉગમસ્થાન એ કાર્નિવલ જ હતું એમ પણ એ માનતા. એક વખતે કૈંક કારણસર કાર્નિવલના મેનેજર સાથે ખાનસાહેબને બોલચાલ થતાં પગારના બીજે દિવસે ચાલુ ખેલમાં જ મેનેજર પર સાયકલ સાથે તૂટી પડી ગડદા—પાટુ તમાચાઓનો સારો એવો વરસાદ વરસાવી, મેનેજર અને તેના મળતીઆઓ સજાગ બને તે પહેલાં તો, સરકસમાંથી બહાર દોડી જઇ, અગાઉથી જ તૈયાર રખાવેલી કોઇ ખાનગી મોટરમાં ખાનસાહેબ પોબારા ભણી ગયેલા—અને મેનેજર અને તેના મળતીઆઓ ધૂળ ફાકતા જ રહી ગયેલા.

તેમની ઉંમર તે વખતે હશે વીસેક વર્ષની, પરંતુ ચિંતારહિત મુક્ત વાતાવરણમાં ઉછરેલા ખાનસાહેબનું વાન ત્યારે સહેજ પચ્ચીસ –છવ્વીસ વર્ષના યુવાન જેવું લાગતું. કાર્નિવલમાંથી નાસી, સીધા સ્ટેશને હંકારી ગયા બાદ તરત જ છૂટતી ગાડીમાં ખાનસાહેબે લુધીઆણાથી લાહોરનો રસ્તો લીધો. અને લાહોરથી મુલતાન થઇ લોધરાન પહોંચી ત્યાંથી ખાનપુર, શાહેરી, નવાબશાહ થઈ સિંધ હૈદ્રાબાદ ફરીને ચાર–પાંચ મહિને લાહોર પાછા આવ્યા. આમ હિંમતબાજ હોવા છતાં એમને બીક એ હતી કે કદાચ કાર્નિવલ-વાળા તેમનો પીછો પકડે પરંતુ એમણે ન'તો કોઇ ચોરી કરી હતી કે ન'તો કોઈ ગુન્હો કર્યો હતો. એટલે આ બધી રખડપટ્ટીને અંતે લાહોરના એક સીનેમા સ્ટુડંયોમાં ચોકીયાત તરીકે તેમણે નોકરી મેળવી લીધી. દસ–બાર માસ તો પછી શાંતિથી પસાર થયા, પરંતુ હિન્દભરમાં પ્રખ્યાત એવા છેલછટાકીયા લાહોર શહેરની ફેશન અને રોનક અને સીનેમા સ્ટુડીયોના આછેરા આકર્ષણે એક વખત એમને ઘેરી લીધા. અને તે એવા ઘેર્યા કે–

ખાન સાહેબના જીવનની ખરી કસોટી ત્યારે જ શરૂ થઈ જ્યારે ચોકીદારની નોકરી મૂકીને બીજા એક સીનેમા સ્ટુડીયોમાં એક્સ્ટ્રા તરીકે કામ કરવાનું તેમણે શરૂ કર્યું.

પંદર રૂપિયાના ભારે પગારની ચેકોયાતની નોકરીમાં રહ્યે રહ્યે ખાન સાહેબે અવારનવાર સ્ટુડીયોના આંતરિક જીવનમાં ડોકીયું કર્યું તો જણાયું કે ચોકીયાત કરતાં તો સ્ટુડીયોમાં કામ કરતા એક્સ્ટ્રાનું સ્થાન વધારે સારું હતું. માન અને મોભાની વાત જવા દઇએ તો ય પૈસાની દૃષ્ટિએ તો એમાં લાભ હતો જ. રોજના દશ આનાની રોકડી આવક, ભાઇ પંદર રૂપીઆથી શું ભૂંડી હતી? વળી સ્ટુડીયોના માલીક, ડીરેક્ટર કેમેરામેન, સાઉન્ડ એન્જીનીયર, ઇલેક્ટ્રીશીયન એના જેવા બીજા કેટલાયે એક્સ્ટ્રા તથા નાના મોટા બધા જ અભિનેતા અને અને ક્યારેક મુખ્ય નટીને જોવા, ઓળખવા,

મળવાનો પ્રસંગ; ને એમાંથી જ આગળ વધી કંપનીના મુખ્ય નટ બની કંપનીની બે-ચાર બાળનટીઓમાંની એકાદ ફુલફુલી સબ્જપરી સાથે...કેટકેટલી શક્યતાઓ એમાં હતી! એ બધા લાભ કંઈ ઓર જ હતા. અને કાર્નિવલની ' કેરીયર ' કદાચ અહીં જ લેખે લાગવાની હતી. ખાનસાહેબને એ ગમી ગયું.

અને એ પણ કેવું મજાનું હતું કે એ મુગી ફીલ્મનો જમાનો હતો! નહિ તો ન-વારસોયા સંતાન જેવી સ્થિતિમાં ઉછરેલા ખાન-સાહેબ પૂરૂં ઉઠાં સુધીએ ભણ્યા નહોતા એટલે બોલતી ફીલ્મમાં તો એમનો ધડોએ ન થાત.

ફીલ્મજગતમાં ત્યારે સ્ટંટચિત્રો જ ટિકિટબારી પર સફળતા પામતાં એટલે સ્ટંટચિત્રમાં કામ કરી શકે તેવા માણુસને સહેલા-ઈથી—અલબત્ત એનામાં આવડત હોય, હિંમત હોય, ધગશ હોય, સુરૂપ ચહેરો અને સુંદર–કદાવર–કસાએલું શરીર હોય, વાણીમાં ચાતુર્ય–પછી તે મીઠાશ કે શેફ હોય, કાર્યમાં ચપળતા હોય; ને એ બધાંયને ટપી જાય એવા કોઈપણ ધાકધમકીને નમતું આપવાની તીવ્ર અનિચ્છા હોય ને નિશ્ચિત કે અકસ્માત થતી અવારનવારની મારામારી મારફાડ કે મુક્કાબાજીમાં મેદાન મારી લેવાનું જોમ હોય તો તેવા માણુસને સ્ટંટકીંગ બનવાના સંજોગો મળી રહેતા. આમાંની મોટાભાગની જરૂરીયાતો ને લાયકાતોનો સમન્વય કાર્નિવલ જીવનમાં-જ ખાનસાહેબમાં થયેલો હોઈ અત્યારે એ જીવન એમને આશીર્વાદ સમાન થઈ પડયું. અને એકાદ વર્ષની ખંતીલી જહેમતે ખાન સાહેબને એક સ્ટંટચિત્રના બહારવટિયા રાજકુમારની ભૂમિકા પર પહોંચાડી દીધા. એ ચિત્રમાં મળેલી સફળતાએ ખાનસાહેબ માટે 'ભાગ્યશાળીને ભૂત રળે' એવી પરિસ્થિતિ લાવી મૂકી, કારણ કે કંપનીના ડીરેકટરને એમનામાં કંઈક હીર દેખાયું અને ખાસ જહેમત લઈને એક અદનામાણુસને અભિનેતા બનાવવાના યશ ઉપરાંત કલાકુશળ ડીરેકટર તરીકે પોતાને પણ ચમકવાનો ' ચાન્સ ' તેમણે ઝડપી લીધો.

વરસ દોઢ વરસમાં તો પાંચ સાત ચિત્રોમાં ખાનસાહેબ ચમકી ઉઠયા—ક્યારેક કોઇ લુંટારૂ ટોળીના સરદાર તરીકે, તો ક્યારેક કોઈ બેદી શિકારી તરીકે, ક્યારેક કોઈ જાલીમ રાજ્યના બંડખોર તરીકે, તો ક્યારેક કોઈ દુશ્મન રાજ્યની રાજકુંવરીના અજાણ્યુ પ્રેમી તરીકે, ક્યારેક બાપનું વેર લેતા કોઇ ભીલસરદારના વેરતરસ્યા વારસ તરીકે, તો ક્યારેક કોઈ જાદુઈનગરીના રાજકુમાર તરીકે એમ કંઇક ચિત્રોમાં એ ચમક્યાઃ હવે તેમનો દરજ્જો કોઈ એક્સ્ટ્રાનો નહિ, કોઈ સિપાઈ—સપરાનો નહિ, કોઇ સામાન્ય નટનો ય નહિ, પરંતુ કંપનીના મુખ્ય નટ–'સ્ટંટકીંગ'નો થયો. કંપનીમાં હવે તો ખાનસાહેબનાં 'બડે જાઉં વારીમાં ' લેવાવાં લાગ્યાં. લાહોર શહેરના રાજમાર્ગ પર સાંજને ટાણે પહેલાંના દેહાતી પોશાકને બદલે ક્યારેક રજવાડી સુરવાલ ને શિકારી કોટમાં ઘોડા ઉપર, તો ક્યારેક નખશિખ સાહેબશાહી લેબાસમાં કંપનીની ખાનગી ટુરીંગકારમાં જાતે મોટર ચલાવતા, કૈંક સીનેમા શોખીનોની સલામો ઝીલતા એ અવારનવાર નજરે પડતા. એમનો દરજ્જો અને દમામ હવે વધ્યાં હતાં એની એ પ્રતીતિ હતી. આવે સમયે હંમેશાં એમની આંખોમાં મસ્તી, વાણીમાં ગૌરવ, ચહેરા પર મિજાજ અને ગતિમાં ચાપલ્ય રહેતાં. વગર બોલાવ્યા બોલવું નહિ, વણુનોંતર્યે ક્યાંય જવું નહિ, ખરચ સામે જોવું નહિ અને કોઈની શેહમાં તણાવું નહિ. એ પ્રકારના રજવાડી રોફમાં ખાનસાહેબનું જીવન જાણે આખા સ્ટુડીયો પર પોતાની હકુમત ચલાવી રહ્યું. કોની મજાલ હતી કે ખાનસાહેબની સામે કોઇ બોલી શકે ? કોની જીગર હતી કે ખાનસાહેબની આજ્ઞા કોઇ ઉથાપી શકે ? કોની તાકાત હતી કે ખાનસાહેબની હરીફાઇ કોઇ કરી શકે ? સામાન્ય નટ–નટી તો શું, ખુદ વાર્તાલેખક, ડીરેક્ટર ને ક્યારેક માલીક પણ ખાનસાહેબના એકાદ સૂચનને નકારવાની હિંમત કરતાં ખચકાતા. ખાનસાહેબનું સ્થાન—એ સ્ટુડીયો પુરતું તો–કોઈ રિયાસતી રાજ્યના સર્વસત્તાધીશ વડા અફસરનું જાણે બની રહ્યું.

સાથે સાથે એમની વધતી જતી કીર્તિ અને સત્તાનો જાણે પુરાવો હોય એમ એક નવો શોખ એમના જીવનમાં સંચાર પામી રહ્યો હતો. કંપનીમાં કામ કરતાં કરતાં સ્ટુડીયોના કેંક દિવસો ને ખાનસાહેબના ઘરની કંઇ રાતો મુશાયરાની મહેફિલમાં મસ્ત બની આજી ઉઠતી. એ હવે સામાન્ય બન્યું હતું. ખાનસાહેબને ઘેર, ખાનસાહેબના હિસાબે અને જોખમે થતા સંગીત ને સુરાના એ શોખમાં ખાણીપીણીની પણ કંઈ ખોટ નહોતી. પાંઉ, માખણ, ફળફળાદિ ને ચાહ–બીડીથી શરૂ થઈને સંગીતથી શરાબ ને શરાબથી સંગીત ને વળી સંગીતથી શરાબના ક્રમમાં રાતભર ચાલતી એ મહેફિલમાં પાંચપંદર નટ–નટીઓથી વીંટળાઇને બેઠેલા ખાનસાહેબ શાહી ગવૈયાઓની વચ્ચે શોભતા સાહિત્ય–સંગીત ને સુરાના શોખીન કોઇ ભરજોબન રાજકુમાર જેવા, કોઈ ઉચ્ચ ખાનદાનના નબીરા જેવા કે કોઈ લૂંટારૂ ટોળીના દિલેર ને પ્રતિભાશાળી નાયક જેવા દેખાતા. જાતે કવિ ન હોવા છતાં, પાટી પર એક હરફ પણ જિંદગીમાં પાડયો ન હોવા છતાં, યાદદાસ્તની એમની પાટી પર જાણ્યે–અજાણ્યે જ છાશવારે ને ઘેંશવારે થતા એ મુશાયરામાંની કેંક શાયરી એમને યાદ રહી જતી. પરંતુ એ બધાયમાં એમની વર્ષગાંઠને દિવસે જે મુશાયરો એમને ત્યાં ગોઠવાયો અને જે લિજ્જત બધાએ માણી ત્યારથી તો ખાનસાહેબની દર ‘સાલગિરા’ મુશાયરાની ખુશનુમા રાત્રિ વિના ભાગ્યેજ પસાર થતી, અને એવા પ્રત્યેક પ્રસંગે ખાનસાહેબ કોઈ રાજવીનાયે રાજવી, કોઈ દાનવીરનાયે દાનવીર કે કોઈ અફસરનાયે અફસર લાગતા.

અને એમના જીવનની ધન્યપળ એમને નજીક આવતી જણાઇ. ચિત્રપટમાં ચમકવા સાથે સાથે હવે તો એમનું અંગત જીવન પણ ચમકવા લાગ્યું. ફિલ્મ જગતના એ ફિતુરીને એક રોશનઆરાનો ભેટો થયો. એ હતી એક નવી–મુખ્ય નટી, એમની જ કંપનીમાં

કામ કરતી; પચ્ચીક મહીના પર ભરતી થયેલી, સ્વચ્છંદવિહારી, આઝા-દમિજાજી, રમ્યરૂપિણી, નટખટનારી. દૈવયોગે કંપનીમાં સાથે કામ કરતાં કરતાં બે-એક વરસના સહવાસને પરિણામે એને ખાનસાહેબનું, અને ખાનસાહેબને એનું ઘેલું લાગ્યું. પરિણામ એ આવ્યું કે એક રાત્રે સ્ટુડીયોના માલીક—ડીરેક્ટરને સૂતા મૂકીને બન્ને જણાં પહેલી જ ટ્રેનમાં લાંથી રફુચક્કર થઈ ગયાં.

લાહોરથી રાત્રે સવાનવે ફ્રન્ટીયર મેલમાં બેસીને ત્રીજે દિવસે સવારે બન્ને જણાં મુંબઈ પહોંચી ગયાં, અને પહોંચતાની સાથે જ મુંબઇના એક જાણીતા સ્ટુડીયોમાં તેઓએ નોકરી મેળવી લીધી. પરંતુ મુંબઇનાં માઠાં પરિણામનું ફળ ચખાડવા ફ્રન્ટીયર મેલથી યે વધુ ઝડપે તેમનું નસીબ “બે ડગલાં આગળ” આવેલું જણાયું. મુંબઈ આવ્યે માંડ વરસેક થતાં થતાં તો તેમણે જોયું કે રોશનમાં કોઈ નવી જ રોનક, નવી જ ચમક આવી હતી. તેનો રોફ વધતો હતો, રૂઆબ બદલાતો હતો, મન પલટાતું હતું ને લાગણી ઓસ-રતી હતી. મુંબઈના નવા સ્ટુડીયો ડીરેક્ટર સાથે તે નવા દાવ અજમાવતી હતી. હવે તે પહેલાંની જેમ સ્ટુડીયોનું પોતાનું કામ પત્યે ખાનસાહેબની રાહ જોવા થોભતી નહિ. ક્યારેક વળી કામમાંથી પરવાર્યાં છતાં તેમની સાથે ન નીકળતાં જાણીબુજીને-ખાનસાહેબને અજાણ્યા એવા કોઇ કારણસર—સ્ટુડીયોમાં જ બે-ચાર-પાંચ-સાત કલાક રોકાઇ રહેતી: ને ક્યારેક તો મધરાતે-ખાનસાહેબ જ્યારે પાછલી પહોરની મીઠી નિંદર લેતા હોય ત્યારે જ-ઘેર પહોંચતી. ડીરેક્ટર સાથેના તેના છૂપા સંબંધથી ખાનસાહેબ સાવ અજાણ તો નહોતા જ; અને ‘રોશન’ પણ આમ તો તેમની પરણેતર ઓરત નહોતી તેમ જાણવા સમજવા છતાં ય વાત જ્યારે અતિશય આગળ વધી અને ખાનપાનની યે શાંતિ જ્યારે ન રહી ત્યારે તો ખાનસાહે-બની સહનશીલતાની હદ આવી ગઇ. રોશન હવે પહેલાંની રોશન રહી નહોતી. અલબત એ હતી તો રોશન—માત્ર નામધારી જ, પરંતુ

ખાનસાહેબના જીગરને અજવાળતી રોશની એમાંથી પૂર ઝડપે ઓસરતી હતી.

પરંતુ આકળા કે ઉતાવળા ન બનતાં એમણે ગમ ખાધી. કૈંકવાર એ વસ્તુ એમણે રોશનને સંભળાવી–સમજાવી, કૈંકવાર જાતે સમજવાનો પ્રયત્ન કર્યો ને છતાં દિનપ્રતિદિન એમની મુંઝવણ વધતી આવી. એમના અંતરમાં એક દારૂણ ઉલ્કાપાત, એક ભયંકર આંધી, એક ઘેરો વંટોળ ફૂંકાવા લાગ્યો. શાંતિ મેળવવા એમણે ઘણાં યે ફાંફાં માર્યાં ને છતાં પ્રતિપળે એમના મનની વ્યાધિ વધ્યે જ ગઇ.

ને એક સાંજે એ વ્યાધિએ વધીને મહારોગનું રૂપ ધારણ કર્યું ત્યારે ખાનસાહેબના આશ્ચર્ય ને આઘાતનો પાર ન રહ્યો. તે સાંજે સ્ટુડીયોનું કામ પુરું થયા બાદ ડીરેક્ટરે તેમને બોલાવીને કહ્યું કે–

" દેખિયે! રોશનકો ભગા લેજાનેકા ઈન્જામ તુમ્હારે સર બાહોરવાલોંને લગાયા હય. ઇસી લીયે ઉન્હોંને તુમ્હે પકડવાનેકા વારંટ નિકલવાયા હય. જો અગર મેરી માનો તો બચ જાનેકા સીર્ફ એકહી તરીકા હય–યહાંસે ભાગ નિકલનેકા–હાં, અગર જી બચાના ચાહો તો. ઓર દેખો! રોશનકો ભી યે વારંટકી ખબર મીલી હય, પર વો નહિ ભાગેગી. વો ચાહતી હય કી તુમ્હે યહાંસે ભાગકર બચ જાના ચાહિયે."

અને પછી ઝડપથી ઘરભણી જવા વળતાં ખાનસાહેબને રોકીને તેણે આગળ ચલાવ્યું, "ઓર સુનો તો! રોશનકે ફંદેમેં ફસકર તુમ અગર ઉન્હે છોડ ન સકે તો ભાઇ, પકડ જાઓગે. ભલા રોશનમેં ક્યા! રખ્ખા હય? ઓર વો તુમ્હારી હોતી ભી કૌન હય? એક અદના એકસ્ટ્રેસ હૈ વો તો. ઉન્હે મહોબ્બત નહિ, કલદારસે મતલબ હોતી હય. કોઇ એકટ્રેસ કભી કીસકી નહિ હોતી ભલા! હો સકતી હે કીસકી? યે મેરી રાય હય. હાં, ઉન્હેં માનો યા ન માનો ભાઇ, તુમ જાનો ઓર તુમ્હારા કામ."

આંધીના ઘેરા વંટોળમાં, દરિયાના પ્રચંડ ઝંઝાવાતમાં, ધરતીકંપના ભયંકર પ્રલયમાં કે અસહાય પર થતી કોઈ નિર્દય બોમ્બ-વર્ષામાં ફસાઈ પડેલા માણસની જેમ અસહાયતા અને ક્રોધની પરાકાષ્ટા પર પહોંચેલા ખાનસાહેબે ઘેર પહોંચતા જ રોશનને પૂછ્યુઃ "ક્યા યે સચ હય?" ત્યારે કંઈ જ ન જાણતી હોય તેમ સંપૂર્ણ શાંતિથી રોશને જવાબ વાળ્યો.

"બિલકુલ ગલત.' ત્યારે ખાનસાહેબને એ જવાબથી ઠંડક થાતા વળી. પરંતુ અવિશ્વાસનું ઘેરૂં વાદળ એ બે શબ્દો ફેડી શકે એમ નહોતું જ. રોશન એ સમજી ગઈ અને ખાનસાહેબ પાસે જઈ તેમના માથાના વાળમાં હાથનાં આંગળાં રમાડતી આગળ બોલી.

"ન જાને યે કીસીકી કરતૂત જરૂર હય. ઐસી કોઈ બાત નહિ, ઔર હમે કુછ માલુમ ભી નહિ. ઓર અગર ઐસા હુવા ભી, તો ક્યા મજાલ હય કીસીકી કી હમે પકડ સકે યા અલગ કર સકે! મુઝે કીસીને ભગાઈ નહિ ઓર મંય કીસીકે સાથ ભાગી નહિ."

ખાનસાહેબને શ્રદ્ધા બેસાડવા એટલું બસ હતું.

બીજે દિવસે સવારે સ્ટુડીયોમાં જઈને ખાનસાહેબે સૌથી પહેલાં ડીરેક્ટરને મજાક ભર્યા—ક્રોધમાં એ સંભળાવી દીધું કે–

"દેખિયે ડીરેક્ટર સા'બ! વારંટ ભલા, અભી ક્યોં ન આયા, હમે ભાગનેકી કોઈ જરૂરત નહિ, હાં અગર આપ ચાહે તો ભાગ સકતે હો."

ખાનસાહેબને મન એ મજાક હોય યા ક્રોધ પરંતુ ડીરેક્ટરનો પાસો સવળો પડયો હતો. રોશને તેની પાસેથી જેવી આશા રાખી હતી, અને જેવું તેને ભણાવી રાખ્યું હતું, તેવો જ પાઠ ભજવ્યો હતો. એટલે હવે સમય ગુમાવ્યા વિના ઝડપથી વાત આગળ વધારવામાં જ એને ફાયદો હતો.

એના ત્રીજે દિવસે સાંજના સાત વાગ્યે શુટીંગ ન હોવા છતાં ઘેર એકલા ગમતું ન હોવાથી અકસ્માત જ તેઓ સ્ટુડીયો પર

આવ્યા. ખાનસાહેબનો દોર, દમામ અને દાબ ઘણીવાર ડીરેકટરથી પે વધી જતો એટલે દરવાનના રોકયા રોકાય તેમ નહોતા. તેથી સીધા ડીરેકટરની કેબીન તરત જ તે વળ્યા. પરંતુ ડીરેકટરની કેબીનમાં તેમણે નજરોનજર જે જોયું ને કાનોકાન જે સાંભળ્યું એથી એમની આંખોનાં પડળ ખુલી ગયાં:

તેમણે સાંભળ્યું:—

'આલમ ! (ડાયરેકટરનું નામ આલમશાહ હતું) મેરે આલમ ! મૈં તેરી હૂં, તું મેરા હો જા, ફીર હમે કોઈ જુદા નહિ કર સકેગા. ખાન તો સચમુચ પાગલ હય, બુધ્ધુ હય, વો મેરેપે જાં—નિસાર કરતા હય, મગર મૈં ઉનપે થૂંકતી ભી નહિ. જબસે વારંટકી ગપ ઘુમતે લગાઈ હય......

તેમણે સાંભળ્યો આલમ:—

'રોશન, આજ તેરી રોશની મેરી આલમકો ઝગમગાયગી. આજ તું મેરી હોગી, ઓર આજસે હમેશાં મેરી રહેગી. આઓ મેરી ઓર આઓ, આજ હમ......'

તેમણે જોઈ રોશન:—

વિચિત્ર વેશમાં, વિચિત્ર ઢંગમાં ડીરેકટરના ખોળામાં બેસીને...

તેમણે જોયો આલમ:-

રોશન પર શીર ઝૂકાવીને, રોશનની દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવીને, રોશનની કમર અને ગળાને પોતાના બાહુપાશમાં જકડીને......

સહનશીલતાની પરાકાષ્ટાએ પહોંચેલા ખાનસાહેબ એથી આગળ કંઈ ન જોઈ શકયા ન સાંભળી શકયા. તત્કાળ શું કરવું એનો વિચાર પણ તે કરી ન શકયા. અજાણ્યા જંગલમાં આવી ફસેલો કોઈ એક મુસાફર અચાનક ૭ સાત રસ્તાના સંગમસ્થાન પર આવી પહોંચતાં કયે રસ્તે આગળ વધવું એ વિચારમાં અટકી પડે, તેમ અસંખ્ય વિચારોનાં વમળ, ભયંકર ભૂતાવળની જેમ, એકી સાથે એમના મનને ઘેરી વળ્યાં. સ્વસ્થ ચિત્તે એ કાંઈપણ

વિચારે એ પહેલાં તેમનું સરહદી લોહી ઉકળી આવ્યું. ડીરેક્ટરની કેબીનનું મુખ્યદ્વાર અંદરથી બંધ હતું. એક પળનો ય વિલંબ કર્યા વિના બાજુની બારીમાંથી છલંગ મારીને ડીરેક્ટરની કેબીનમાં એ કૂદી પડ્યા ને શેનો ધડાકો થયો એનો વિચાર આવે એ પહેલાં તો બીજી છલંગ મારી ડાબા હાથના એક જ આંચકે રોશનને દૂર હડસેલી મૂકી, એક લાત ભેગો જ ડીરેક્ટરને ભોંય પાડી નાંખી, ઉપર ચઢી બેસી જોરથી બન્ને હાથે ખાનસાહેબે એનું ગળું દબાવી દીધું. ડીરેક્ટરથી એક શબ્દોનો ય ઉચ્ચાર થઈ શકે એમ હતું જ નહિ. ખાનસાહેબના હાથની, બન્ને હાથની પોલાદી પકડમાં એનો ટોટો પીસાઈ જવા આડે એક ક્ષણુનીયે વાર નહોતી, ત્યાં બાજુના ટેબલ પર ટેબતાઈને અવાક બની પડી રહેલી રોશન તરફ તેમણે જોયું ને સુધબુધ ગુમાવી બેઠેલા ખાનસાહેબના હાથ અચાનક થંભી ગયા.

વિચારોનાં પૂર ફરી પાછાં તેમના મને ઘેરી વળ્યાં. શું થઈ ગયું ને શું થાય છે એ વિચારતાં એમને લાગ્યું કે એમને હાથે એ કોઈ ઘોર અન્યાય ઘોર પાપ–તો નહોતા કરી રહ્યા ? ડીરેક્ટરને મારીને એ કદાચ પોતાની જાતને તો અન્યાય નહોતા કરતા ? રોશનને પોતાની સમજવામાં એ તેમની જાતને તો નહોતા છેતરી રહ્યા ? જે દુનિયા એમની ક્યારે ય નહોતી છતાં જેને એ પોતાની માની બેઠા હતા તે દુનિયા આજે ઝડપથી પોત પ્રકાશી રહી હતી. અને ઝળાંઝળાં થયેલી દુનિયાની આંખો આંજી નાંખતા એ પ્રકાશમાં પોતાના જીવનને ઘેરી વળેલ અંધકારનું ઘોર વાદળ શું એમને નહોતું દેખાતું ? તેમ રોશન પણ, જેને એ પોતાની માની બેઠા હતા છતાં ક્યારે ય જે એમની નહોતી તે પણ, ક્રમેક્રમે પોતાના અસલ સ્વરૂપમાં આવતી હતીને ? અને આખરે એ એમની કોણ હતી ? પરણેતર તો નહોતી જ. આશ્રિત પણ અલબત્ત નહિ જ. અને

આભારવશ તો મુદ્દલે શાની ? અચાનક આવી મળેલાં, અધરસ્તે અથડાઈ પડેલાં, થોડો સમય સાથે ચાલી અનુકૂળ રસ્તો મળ્યે વળી પાછાં ફંટાવા સર્જાયેલાં બે પ્રવાસી સમાં એ બન્ને એકમેકનાં પૂરક તો નહોતાં જ. છતાં એક જ યાત્રી હતાં. જીવન કઈ રીતે જીવવું, કેમ ટકાવવું ને જિંદગીમાં સ્થિરતા કેમ લાવવી એ એક જ વિચારથી પ્રેરાયેલાં ને એક જ ચિંતાથી ઘેરાયેલાં એ બન્ને અકસ્માત જ એકબીજાને આવી મળ્યાં હતાં ને અજાણ્યે જ અન્યોન્યનાં પૂરક બની ગયાં હતાં. સાથે રહેવા છતાં ને સાથીદાર લાગવા છતાં તેઓ બન્ને મનફાવે તેમ વર્તવા સ્વતંત્ર હતાં. ધારે તો ભાઈબેન, પતિપત્ની કે મૈત્રિનો સંબંધ વિકસાવવાની એમને કેટલી તક હતી ને તેમ છતાં એવો કોઈ જ સંબંધ તેઓ કેળવી શક્યાં નહોતાં. પરંતુ સહજીવી—સહવાસી તો તેઓ હતાં જ. અને કદાચ એ હકીકતને આધારે જ મુંબઈ આવ્યા બાદ ધડકતે હૃદયે પણ લગ્નનો પ્રસ્તાવ રોશન આગળ ખાનસાહેબે બે—ત્રણ વાર મૂકેલો ત્યારે અલબત્ત એનો જવાબ 'અનિશ્ચિત હકાર'માં મળતો ને ખાનસાહેબની મુંઝવણ ત્યારે વધી પડતી. પરંતુ 'તાણી ઝાલ્યે તૂટી જવા'ના ભયે એ વાતને એ વધુ પડતી વિસ્તારતા નહિ: એ આશાએ કે કદાચ બીજી વખતનો એનો જવાબ ચોક્કસ 'હા'નોજ આવશે. પરંતુ આજે જ્યારે રોશનને મુખે પોતાનાથી અલગ થવાનો અને સાથેસાથે પોતાને મૂર્ખ સમજી વારંટ વગેરેની વાતો કરી મૂર્ખ બનાવવાનો જે પેંતરો રચાયો હતો તેથી એમનું દીલ તપી ઊઠ્યું: પ્રપંચની જાળે તે બળુંબળું થઈ રહ્યા ને મારવા કે મરી ફીટવાના ઝનૂને ચઢેલા મને એક જબ્બર ઉથલો ખાધો. ઝપાટાબંધ આવેલા પુરનાં પાણી ઝડપથી ઓસરી જાય છે તેમ એમના મનમાં ઉભરેલા વિચારો પણ એટલી જ ઝડપથી ઓસરી ગયા. તેમની વિચારશક્તિ ચાલી ગઈ, આંખે અંધારા આવી ગયાં, મન શૂન્ય બની ગયું ને ક્રોધ થંભી ગયો. ક્ષણ—બેક્ષણમાં વિજળિક ઝડપે પસાર

થયેલા આ વિચારો બાદ ખાલી પડેલા મગજમાં એકદમ એકાએક માનવસહજ દયાનો સંચાર થયો ને ખાનસાહેબને ખબરે ન પડે તેમ કુદરતી રીતે જ આલમના ગળા ફરતી એમની પકડ ઢીલી બની ગઈ. ખાનસાહેબની વૈરવૃત્તિને અંતરની માનવતાએ જાણે પડકાર ફેંક્યો.

રોશન પર તેનો શો અધિકાર હતો? ક્યો હક્ક હતો? ક્યો ઉપકાર હતો? એના મતે 'આલમ' જે સજાને પાત્ર હતો એ જ સજાને પાત્ર એ પોતે પણ શું નહોતો? એના સિવાય બીજા કોઈની સાથે બોલવા, ચાલવા, હરવા, ફરવા, અરે! મન ફાવે તેવો સંબંધ રાખવાની છૂટ રોશનને કેમ ન હોઈ શકે? રોશન આલમની બની રહે કે આલમ રોશનને ઝુંટવી લે એમ થતું અટકાવવા કરતાં પોતે જ રોશનને યોગ્ય થવાનો પુરૂષાર્થ કરવો એમાં જ શું સાચી સજ્જનતા નહોતી?

અને આલમના ગળા ફરતી બન્ને હાથની ભીંસ ફરી એકવાર મજબૂત કરીને મક્કમ અને શાંત, પરંતુ સત્તાવાહી અવાજે ખાનસાહેબ બોલી ઊઠ્યા.—અને શું બોલ્યા તે એમના જ શબ્દોમાં સાંભળીયે:—

"દેખો આલમ! આજતક તુમ યે સ્ટુડીયોકા અફસર થા લેકિન આજ મંય તુમ્હારા ભી અફસર હું. આજ યે સ્ટુડીયોકી 'આલમ' ઔર "આલમકી જાન" દોનોં મેરે હાથોમેં હય. મંય અગર ચાહું તો એક મીનટકી અંદર ઈસે મીટા સકતા હું; ઔર દેખતા હૂં તુમ્હે કૌન બચાતા હય. યકીનન, મેરે સિવા તુમ્હે કોઈ નહિ બચા સકતા—ઈસ સ્ટુડીયોકે દેઢસો ઈન્સાનમેં સે એક ભી નહિ—ક્યોંકી વો ખૂબ જાનતા હય કી સચ્ચા અફસર તુમ નહિ, મંય હું. ઈસલિયે મંય તુમ્હે ખતમ કર સકતા હું. લેકિન મંય તુમ્હારી જાન લેને નહિ આયા: ક્યોંકી મંય ઈનકો-ઈસ નાપાક રોશનકો—બરબાદ કરના નહિ ચાહતા. ઈસ દુનિયામેં રોશનને જો

નામ પાયા હમ ઔર એ સ્ટુડીયોકે અંદર આજતક જો ઈજ્જત તુમ્હે હાસિલ હય, મંય ઉસે બરબાદ કરના નહિ ચહાતા."

આલમના ગળા પરની પકડ ઢીલી થવા દેતાં ઘડીક ખમ-ચાઈને તેઓ આગળ બોલ્યા.

"મેરે લીયે કોઈ કુછ ભી ક્યોં ન સમઝે, પર એક મીનટકે લીયે ભી હમ અબ યહાં ઠહરના નહિ ચાહતા, ઈસલિયે, કી આજ રોશન વો રોશન નહિ જો મહોબ્બતકી ચિરાગ લીયે હરદમ મેરે નજર આયા કરતી થી, ઔર તુમ—બદબખ્ત યે નાપાક આલમ તુમ, તુમ ભી વો ડીરેકટર નહિ જો હમેશાં નિગાહે પાક મેરી નજર આયા કરતા થા. યાદદાસ્તકી મેરી દુનિયામે તુમ દોનો નિગાહે કબ્રમેં દફના હુવે શબ હો. મેરે લીયે તુમ મર ચૂકે હો—ઔર તુમ્હારે લીયે મંય ભી આજસે રોશનકી 'આલમ' મેં ખાનઆલમ નહિ ઔર ખાનકી દુનિયાં મે રોશન નહિ. મગર મંય તુમ્હે બદ-નામ યા બેઈજ્જત કરના ભી નહિં ચાહતા ઇસલિયે કયામતકા ઇન્સાફ પર તુમ્હે જીન્દા છોડકર મંય જાતા હું—ઇતના દૂર—ઇતના દૂર, કી જહાં, તુમ્હારી નાપાક સુરતકી બદબૂ ભી કભી ન આ સકે."

એમ કહેતાં તિરસ્કાર ભરી એક તીક્ષ્ણ તીવ્ર ને ત્વરિત દૃષ્ટિ રોશન પર ફેંકી આંખને ઇશારે બન્નેને ચૂપ રહેવાનું કહીને ખાન-સાહેબ આલમની કેબીનનું અંદરથી બંધ કરેલું બારણું ખોલીને સડસડાટ કરતા સ્ટુડીયોની બહાર ચાલ્યા ગયા.

એ પછી શું થયું તે કથની ખુદ ખાનસાહેબને મુખે સાંભ-ળવી હોય તો આ રહીઃ—

"મયં નહિ જાનતા, મેરી પીછે કયા હુવા, પર મંય જબ બહાર નીકલા તબ ભી રોશન વોહી ટેબલપે ગમગીનીસી કુછ મુરઝાઈ હુઇ નજર આતી થી. ઔર આલમ ભી ઉસ જમીન પર વેસોહી તરાહ ગીરા હુવા થા—જૈસા કી કોઇ જીંદા શબ—મંય અગર ચાહતા તો ઉસે જાનસે મારતા, સબ સ્ટુડીયોવાલોંકે સામને મારતા, ઔર

કોઈ મુઝે નહિ રોક સકતા. ક્યોંકી ઉનલોગોમેં મેરી ઈજ્જત રહુડીયોં કે કીસીભી અફસરસે જયાદા થા. ઉસ દિન મેરી ઉમ્ર કુછ તીસ-ઉનતીસ સાલકી થી ઔર આજ પચીસ સાલ હુઈ ઈસ બાતકો, પર ઇસકા મુઝે કોઇ ખોફ નહિ, કોઇ ઈતરાજ નહિ, ઈત-નાસા ભી દુ:ખ નહિ. ઈનકે બજાય વો દિન જબ મુઝે યાદ આતા હય તો મુઝે ખુશી હોતી હય—બડી ખુશી હોતી હય—ક્યોંકી ઉસ દિન મંયને દો દિલે-મહોબ્બતકો જીસકો મેં બરબાદ કર સકતા થા—ઉજાડા નહિ લેકિન સરાહા થા. હાં, મંયે એ નહિ જાતના કી આજ ઉન દોનોંકી કયા હાલત હય. વે દોનો સાથમેં હય, શાદી કી હુવે હય, યા સુખચેનમેં હય, વો કુછ મંય નહિ જાનતા, ઔર જાનના ભી નહિ ચાહતા. સીર્ફ ઈતનાહી જાનતા કી ઉસ દિનકે બાદ કોઈ પાંચ-સાત સાલ ઈધર-ઉધર ગુમાતે હુવે, વો મહોબ્બતકો ભૂલતે, જીંદગીકે દિન ગુજારતે, યહાં આકર ઈસ ચાલીકા કિરાયા વસૂલ કરનેકા કામમેં લગા હું ઓર ઈસસે હમ બહોત ખુશ હય. ક્યોંકી મંય કીસીસે કુછ નહિ ચહાતા ઔર હમે કીસેસે કોઇ ઉમ્મીદભી નહિ. ઇસ ચાલીમેં પીછલે પચીસ સાલકી નહિ, પર મેરી ઉમ્રભરકી યાદદાસ્ત ભરી હુઈ હય. કિરાયા વસૂલ કરનેવાલા નોકર હોતે હુવે ભી આજ યે ચાલીકા મંય ખુદમુખ્તાર માલિક હું. જીંદગી કે ખેલમેં નોકરસે અફસર ઓર અફસરસે નોકર બને હુવે આજ ભલા હમ નોકરહી ક્યોં ન હો, લેકિન યાદ રહે કી એક જમાના થા જબ હમ ભી અફસર થે.'

એક અનુભવ

મને તો હજીયે એ બરાબર ખટકે છે. તે દિવસે એક ભાઇ આવેલા, ને નજીવી વાતમાં પણ એવા બનાવી ગયેલા: ગજબ માણસ હતો કોઇ! પણ કંઇ નહિ. મારી સાથે બેઠેલા બીજાઓને પણ એ બનાવી ગયેલો એટલું જ આશ્વાસન બસ છે.

વાત એમ બની કે......

દિવાળીની રજાઓ હતી. આ રજાઓમાં તો બહુ જ વાંચવાનો નિર્ણય કરેલો પણ 'જવા દે ને જીવ! સુખના દા'ડા તે શું કરવા દુ:ખે માગી લેવા?' એ વિચારે અમને બધાયને ગપાટા હાંકતા કરી મૂકેલા: જમી પરવારીને બપોરે વિનુને ત્યાં અમે કેરમ રમવા બેઠા તો ન મળે 'સ્ટ્રાઇકર' કે ન મળે 'ક્વીન.' હવે? વાત નીકળી દિવાળીની. આ વખતે દિવાળી કેમ ઊજવવી. એના પરથી દર વર્ષે દિવાળી કેમ ઊજવાય છે તેની વાત નીકળી. પછી તો જુદે જુદે સ્થળે લોકો દિવાળી કેમ ઊજવે છે એ વાત ચાલી. એમાંથી જુદા જુદા પ્રાંતના લોકો દિવાળીમાં શું શું બનાવે છે ને શું ખાય છે એની ચર્ચા ચાલતાં ભિન્ન ભિન્ન પ્રાંતના લોકો મહેમાનોને કેવી રીતે સત્કારે છે એ વાત પર શી રીતે ઉતરી પડ્યા એની કોઇને ય ખબર ન રહી.

અને પછી તો સ્વભાવની પરંપરા શરૂ થઈ. કોઇ કહે કે અમદાવાદી સારા ને કોઈ કહે કે મુંબઇગરા સારા. કોઇ કહે ગુજરાતીઓ સારા તો કોઇ કહે દક્ષિણી સારા. જો કે એમાં મતભેદો ખાસ્સુ જ ઉત્પન્ન થયા—અને મતભેદો ક્યાં નથી હોતા ? મનુષ્ય પોતાના જ વિચારો સાથે તો જો હંમેશાં સુસંગત નથી હોતો તો ? તો બીજાઓના વિચારો સાથે તો શી રીતે હોય ?—છતાં એ વાત જ એવી રસમય હતી કે સૌ એના પ્રવાહમાં તણાયે જતા હતા. ' અમદાવાદી ' ને ' નડીઆદી ' થી માંડીને ' સુરતી ' ' ભરૂચી ' ' દક્ષિણી ' ને ' મારવાડી ' સુધી વાત પહોંચી.

લગભગ બધા જ આ વાતમાં પોતપોતાનો ફાળો આપ્યે જતા હતાઃ પરંતુ એક નવા ભાઇ આવેલા તે કંઇ બોલે જ નહિ, બધાયની વાતો ઉદાસીન વૃત્તિથી સાંભળ્યા કરે. આરાથી તો ભાઇ ન રહેવાયું. છેવટે મેં એમને ચર્ચામાં ભાગ લેવાનો ખાસ ખાસ આગ્રહ કર્યો ત્યારે નછૂટકે તેમણે કહ્યું.

" મને ય મહેમાનગીરીનો એક વિચિત્ર અનુભવ થયો તો છે પણ...તે એવો વિચિત્ર, એવો વિચિત્રઃ તમે એ માનો જ નહિ ને!"

" ના, ના, પણ કહો તો ખરા ! " એના મનનું અતડાપણું ટાળતો ને નૈતિક હિંમત પ્રેરતો હોઉં એમ મેં કહ્યુંઃ

" આપણે તો ભાઇ ! કોઇની નાહક બદનામી આપણને પસંદ નથી. પણ ઠીક, તમારે આગ્રહ છે તો કહું વળી... "

" હા, હા, કહોને ! તમે ય યાર ! આવા શરમિંદા ક્યાંથી ? " અમે લાગે પડતું બોલ્યા.

અને તેમણે એ વાત શરૂ કરી.

' કેટલાય વર્ષોથી પાલીતાણા જવાની મને ખૂબ હોંશ હતી.

એ જુમજુની હોંશ આજે ફળવાની હતી. નાનુનું લગ્ન ક્યારે પતે અને ઝટ પાલીતાણા જવાય એ વિચારે અમે તલપાપડ થઈ રહ્યા હતા.

થોડીવાર કંઈક વિચાર કરતો હોય તેમ વચલી આંગળીનો નખ બે જડબાં વચ્ચે ભરાવી બન્ને હોઠ વચ્ચે રમાડતો રમાડતો એ થંભી ગયો. પછી ધીરેથી–જાણે વાત કરતાં ડરતો હોય તેમ એ બોલવા લાગ્યો,

‘ સૂર્યાસ્તનો સમય હતો. હજી હમણાં જ ગાડીએ સ્ટેશનનું પ્લેટફોર્મ વટાવ્યું હતું. દૂર ક્ષિતિજ પર ઊભેલો સૂર્ય સાગરજળમાં એકલો—અટુલો ડૂબતો હતો. આકાશમાં છૂટું છવાયું ધુમ્મસ પથરાયું હતું. કિનારા તરફ આવતી બે નાની સ્ટીમલોન્ચ અને કાદવકીચડથી વિભૂષિત થયેલો સાગરકિનારો એ બધું ધીરેધીરે સ્વપ્નસૃષ્ટિની જેમ દૃષ્ટિમર્યાદામાંથી સરી જતું હતું.

‘ જાણે સારાયે શહેરની સમીક્ષા કરવા બેઠા હોઈએ તેમ હું અને મારો મિત્ર રાઠોડ બોરતળાવ, નવરાબાગ, બંદર, કૉલેજ, તખ્તસિંહજી હૉસ્પીટલ એ બધી જોવાલાયક સ્થળોની રસભરી ચર્ચા કરતા કરતા અઢી કલાકની પહાડી મુસાફરીની શુષ્કતામાં રસ લાવવા પ્રયત્ન કરતા હતા.

‘ એકાએક ગાડી અટકી અને પાલીતાણા પહોંચ્યાનો રોમાંચ અમે રોમેરોમે અનુભવ્યો. બાપુની ગાડીએ નિયત સમય કરતાં પોણો કલાક વધારે લીધો હતો એ તો સ્ટેશનની ઘડીયાળનો કાંટો સાડાદશ પર ઊભેલો જોયો ત્યારે જ અમે જાણ્યું. ઉતાવળે ટીકીટ આપી સ્ટેશન બહાર નીકળ્યા ત્યાં જ એક મીઠો–કર્કશ અવાજ કાને પડયો,

“ હાલો શેઠ ! હાલવું છે ના ! ”

“ હા ભાઈલા ! હાલવું તો છે. ”

" ક્યાં જાવું ? કઈ ધર્મશાળામાં ? " ગાડીવાને બીજો પ્રશ્ન કર્યો.

" રમણુલાલ વૈદ્યને ત્યાં. "

" ઈ તો ઘણું દૂર છે. "

' નાનુના પિતાએ વૈદ્યરાજ પર ચીઠ્ઠી લખી આપીને એમના ઘરની ભૌગોલિક પરિસ્થિતિથી અમને ઠીક ઠીક વાકેફ કર્યા હતા, એટલે પાલીતાણાથી પરિચિત હોઈએ તેમ અમે જવાબ આપ્યો.'

" શાનું દૂર ? ઈલેકટ્રીકના કારખાના પાસે એ કાંઈ દૂર કહેવાય ?"

" આટલું આટલું તોય દોઢ માઇલ છે. આઠ આના લેશ. "

" ભાઈ વાહ ! દર વખતે અમે ચાર આના આપીએ ને આજે આઠ આના ? આ તો બીજું કોઇ નથી એનો તું લાભ લેતો હોઇશ ! " મેં કહ્યું.

" તો ૭ આનો આપજો. "

' મેં રાઠોડ સામે જોયું. પાલીતાણા સ્ટેશન જેણે સ્વપ્ને ય ન દીઠું હોય, તેણે શહેર તો ક્યાંથી જોયું હોય ? અપરિચિત દેશ અજાણ્યુ માર્ગ, જવાનું દૂર ને રાત્રીના દસ : ઓળખીતું પારખીતું કોઈ નહિ ને અંધારી રાત.

ઉંડા વિચારને અંતે હું બોલ્યો—" ઠીક ૭ આના લેજે, પણ યાદ રાખજે કે વૈદ્યરાજ ગમે તે દવામાં તેનું સાટું વાળી નાખવાના. "

રમણુલાલ ઉજ્જડ ગામમાં એરંડા જેવા હતા. પાલીતાણામાં તે એકલા જ ડૉકટર કે વૈદ્ય–જે કહો તે–કદાચ બન્ને હતા, એટલે દવા કરાવનારને એમની પાસે જ જવું પડતું.

' રસ્તાની પાંપણ પર નાચતી હોય એમ અંધારામાં ગાડી આગળ વધતી હતી. અમે ચોતરફ ભયત્રસ્ત નજરે જોતા હતા. સ્ટેટ તરફથી રસ્તાઓ પર વિજળીના દીવાની એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે......અમાસનું અંધારૂંયે એથી સારૂં હોય.

'નાના નાના રસ્તા અને ગલીકુંચીઓમાં અભિમન્યુના ચક્રાવાની જેમ ક્યાંય સુધી ગાડીએ ગોળગોળ ફર્યા કર્યું. આખરે એક અંધારી ખડકી પાસે ગાડી અટકી અને અમે નીચે ઉતર્યા.

' ખડકી પાસે જઈ બારણાંની સાંકળ ખખડાવતાં મેં બૂમ મારી–" વૈશરા...જ! '

અંદરથી એક ઝીણો તીખો અવાજ આવ્યો..." કો...ણ?'

' અને અર્ધ ઉઘડેલાં બે બારણાંની વચ્ચે ત્રીસેક વર્ષની એક રૂપગર્વિતાનું કંઈક ઉત્સુક, ક્ષુબ્ધ, કંઈક ઉદાસ–એવી મિશ્ર લાગણીભર્યું મોં બેટરીના અજવાળે અમે જોઈ લીધું.

અને ' કોણ છો ? ' ક્યાંથી આવ્યા છો ? ' ' કોનું કામ છે ? ' એવું એવું કંઈપણ એ યુવતી અમને પૂછે તે પહેલાં જ નાનુના પિતાએ લખી આપેલી ચીઠ્ઠી મેં એના હાથમાં મૂકી. ચીઠ્ઠી લઈને એ બાઈ અંદર ચાલી ગઈ અને ફટાફટ બંધ થતાં બારણાંના અવાજ વચ્ચે અમે અંધારામાં એકલા–અટુલા–અમુંઝાતા ઊભા રહ્યા. અંદર નિસરણીનાં બે–ત્રણ પગથીયાં સહેજ ખખડયાં અને અટકી પડયાં. અમે જરા બારણાં પાસે આવ્યાં. અંદર એ યુવતી ધીમે અવાજે કંઈક ગણગણતી હતી. રાઠોડે જરા ધ્યાન દઈને જોયું તો ચીઠ્ઠીના શબ્દો ઉકેલાતા એણે સાંભળ્યા અને તરત જ કોઈ પગલાં—કદાચ એના જ–ખરેખરા એનાં–બારણા નજીક આવતાં અમે પહેલાંની જેમ સ્હેજ દૂર ગોઠવાઈ ગયા, પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે બારણું ઉઘાડયા વિનાજ " એ......ઊભા રે'જો હોં !" એટલું કહીને એ પગલાં પાછાં સોપાન તરફ વળી ગયાં.

' અને ઘડીભર આશ્ચર્યમુગ્ધ બની અમે મૂઢ જેવા ઊભા રહ્યા.'

એ ભાઈ વાત કરતાં સહેજ થંભ્યા અને થોડીવાર સુધી અમારા બધા સામું જોયા બાદ જરા વધુ સ્વસ્થ બની આગળ કહેવા લાગ્યા.

'દસેક મીનીટ પછી એ યુવતી અમને અંદર લઈ ગઇ. મેડા ઉપર ગયા ત્યારે વૈદ્ય મહાશય મેજ પર ચોપડો મૂકી નીચી ડોક રાખીને વીજળીના દિવાના પ્રકાશે કંઇક વાંચતા હતા. અત્યંત મુશ્કેલીથી તેમણે અમારી સામે જોયું–અને પાછા વાંચવામાં ગુંથાઇ ગયા. નાનુના પિતાએ આપેલી ચીઠ્ઠી તેમના મેજ ઉપર પડી હતી. થોડીવાર પછી ચોતરફ ઘોર મૌન ફેલાયું. રાઠોડને ને મને તરસ તો એવી લાગી હતી, પણ પાણીબાણીનું તો કોઇ પૂછે તો ને ? ન છૂટકે રાઠોડે પાણી માગ્યું, ત્યારે એક નોકર પાણી આપી ગયો. પાણી પાવા પછી પાએક કલાકે તેમની જીભે સરસ્વતી સળવળ્યાં.

"ચાલો ! મારા નોકરને મોકલું છું તે મારે મોટે ઘેર તમારા સુવાની સગવડ કરી આપશે. શું સમજ્યા ? અહીં તો જગા સારી નથી; શું ? અને વધુ સગવડ પણ નથી, અને તે ઘર પણ મારું જ છે, શું સમજ્યા ? હાં...!'

નિર્જીવ રેકર્ડ પર પીન મૂકતાં અવાજ નીકળે તેમ હું બોલ્યો–"સારૂં."

પછી નોકરને ઉદ્દેશીને કહ્યું: "જો મગન ! ભાઇને ગોદડાં,પાણી, લાઇટની વ્યવસ્થા કરી દેજે હાં......? અને...ભા...ઇ, ભા ઈ... બાબુભાઈ ! તમે બન્ને કાલ દસ વાગે બારોબાર આપણે દવાખાને જ આવજો. શું? જમવાનું સાંજ–આપણે ત્યાં જ. દસ–ગ્યાર વાગે થઈ જાશે, શું સમજ્યા ? !'

'જવાબમાં ટૂંકું હલાવી નોકર સાથે ડાક્તરના મોટે ઘેર જવા રાત્રે સાડા અગીયાર વાગે અમે કૂચ શરૂ કરી. રસ્તામાં નોકર પાસેથી રમણલાલ વિષે જે માહિતી અમે મેળવી તેમાં એક વાત તો એ હતી કે ડાક્તરના ઘરમાં બાર વાગ્યા પહેલાં તો કોઇ ઊંઘતું જ નહિ.

'બરાબર બારને ટકોરે એક મોટા પત્થરની બાંધણીવાળા આલીશાન મકાનમાં અમે આવી પહોંચ્યા.

" જેલખાનાના પ્રવેશદ્વાર જેવા એક મોટા દરવાજામાં થઈ અમે અંદર પેઠા. અંદરથી મકાન ઘણું જ વિશાળ અને ઉંડું હતું. આગળ જતાં રાત્રિના ઘેરા અંધકારનો અર્થ સામનો કરવા મથતા જુના જમાનાના ફાનસના આછા પ્રકાશમાં દેવળ જેવું કંઇક અમારી દૃષ્ટિએ પડયું. વસ્તુતઃ એ હતું પણ દેવળ જ.

" દેવળની નજીક મોટા ઓટલા પર બેઠેલા ચાલીસેક વર્ષના એક બોખલા ડોસાને ' વૈદ્યરાજ તરફથી આ મહેમાનો માટે બધી સવડ કરી આપવા કહ્યું છે.' એમ અમને જણાવતાં અમને મેડા ઉપરની પંદરેક ફુટ લાંબી પહોળી ઓરડી સોંપવામાં આવી.

' પછી એક વીસેક વર્ષનો ટૂંકો પોતડી અને બંડીમાં સજ્જ થયેલો નોકર જેવો જણાતો છોકરો અમારી ઓરડીમાં ચારેક ગોદડાં, બે ઓશીકાં, એક પાણીનો કૂજો ને એક ચૌદમી સદીનું ફાનસ મૂકી ગયો. સરસામાન મૂક્યા બાદ ચોતરફ જોતાં જણાયું કે અમારી ઓરડીની આજુબાજુ એવી જ પચીસેક ઓરડીઓ અને એ દરેકને સ્પર્શતી એક લાંબી સળંગ અગાશી હતી. જેમાં ચાલીસેક માણસો સૂતાં હતાં. નીચે મંદિર પાસે ચોગાનમાં કૂવો હતો અને ત્યાંથી ત્રીસેક વાર દૂર પાયખાનું હતું. આમ અમારી ઓરડીનું સ્થાન બરાબર તપાસી તાળું મારી અમે અગાશીમાં સૂવાની તૈયારી કરી ત્યારે ઘડીયાળ બિચારી દોઢમાં દસ કમ બતાવી રહી હતી.'

× × ×

' આ રહ્યો,' ' આ રહ્યો,' એમ માની દૂર દૂરથી શેત્રુંજા પર દૃષ્ટિ ઠેરવી અમે તળેટીમાં આવ્યા ત્યારે સાડાપાંચ થયા હતા. થોડીવાર આરામ લઈને અમે ચડવા માંડયું.

' પહાડ ચડવાનું શરૂ થાય છે ત્યાં આગળ પત્થરનાં પહોળાં ચણેલાં પગથીઆં છે. બારમા પગથીયે આદીશ્વરનાં પગલાં ને સુડતાળીસમા પગથીયે ધન્નેશનું દેવળ જોતાં જોતાં અમે ઉપર ચડવા

લાગ્યા. પુરાતન સ્થાપત્યના તાદૃશ નમુનારૂપ આલીશાન ઘુમ્મટ, હૃદયંગમ બાંધણી, ઝુમ્મર, તખ્તીઓ, અમૂલ્ય મૂર્તિઓ એ બધું માત્ર અમને જ નહિ પરંતુ કોઈપણ પ્રવાસીને આકર્ષવા માટે બસ છે.

'પ્રભાતનો સમય હોવાથી ધુમ્મસ અને ઝાકળ બન્ને એકબીજા સાથે સ્પર્ધા કરતાં હતાં. દૂર દૂર શેત્રુંજીનાં નીર અજબ ત્વરાથી પહાડ ઉપરથી નીચે દોડી જતાં હતાં. ધુમ્મસને લીધે ઘડી ઘડી દૃષ્ટિમર્યાદા લોપ થતાં જાણે સ્વર્ગમાંથી ગંગા ઉતરતી હોય તેમ ગિરિશિખર અને વાદળાંઓ વચ્ચે શેત્રુંજીનો આછો ઘેરો પટ દેખાતો હતો; અને ઘડી ઘડી પલક પલક થતો શેત્રુંજીનો લીસો–ચળકતો–સફેદ પટ મધ્યાકાશમાં સ્થિર થયેલ વીજળી જેવો જણાતો હતો.'

થોડીવાર થંભીને પાણી પીધા બાદ એણે વાત આગળ કહેવા માંડી. શરૂઆતના સંકોચને બદલે હવે એની વાણીમાં હિંમત અને સચોટતા આવતાં અમને જણાયાં.

'કુદરતનું એ ચિરંતન દૃશ્ય જોતાં જોતાં અમે દહેરાનાં મુખ્ય પ્રવેશદ્વાર 'રામપોળ' માં થઈને અંદર પેઠા. થોડેક દૂર જતાં 'મોટી ટૂંક' આવી. અને પછી તો શારદા, નિર્વાણી, લક્ષ્મી, પદ્માવતી વગેરે દેવીઓની કેટલીયે મૂર્તિઓ નજરે પડવા લાગી.

'આગળ વધતાં 'કેશવનાથજીની ટૂંક' અને 'હાથી પોળ' આવ્યાં. આમ કેટલીયે પોળ વટાવીને અને ટૂંક જોઈને પાલીતાણાના સર્વશ્રેષ્ઠ દેવળ 'આદીશ્વર' ના રંગમંડપમાં અમે આવી ઊભા. સૌથી છેલ્લે અમે જમણી બાજુ તરફની પહાડની ટોચ પર ગયા.

'કુસંપ અને કુટુંબકલહથી નિર્બળ બનેલા, કીર્તિ અને પ્રમાદના ઘેનમાં નિદ્રાધીન થયેલા અને ઇર્ષારૂપી ઝેરની પ્રબળ જ્વાળામાં બળીને ખાખ થઈ ગયેલા ભારતમાં મુસલમાન સલ્તનતનો વિજયધ્વજ ફરકયો ત્યારબાદ પ્રત્યેક જાણીતાં હિન્દુ દેવસ્થાનો પાસે

જેમ મસ્જીદો ચણાઇ, તેમ અહીં પણ અંગારશા પીર નામના કોઇ ફકીરની દરગાહ ચણાઇ ચૂકી છે. એ જોતાં જ અમને ક્રોધનો ઝમકમાં ને શરમની કંપારી છૂટી. નાની સરખી એ કબરમાં આકર્ષણનું એક બિંદુ પણ ન હોવાથી એને જોઇ ન જોઇ અમે તરત જ પાછા ફર્યા.

પહાડ ચઢવા કરતાં ઉતરવામાં ઓછી મહેનત અને ઓછો સમય જાય છે એ વાત સર્વને સુવિદિત છે. એક કલાકમાં અમે પાછા તળેટીમાં આવી પહોંચ્યા. ગાડી કરી સીધા વૈદ્યરાજના દવાખાને આવ્યા ત્યારે પોણાબાર થયા હતા.

" કાં, આવી પહોંચ્યા ?" વૈદ્યરાજ બોલ્યા.

'જાણે ડોકું ધુણાવવાનો નિયમ જ હોય તેમ આ પ્રસંગે પણ મેં ગાડવો હલાવી પ્રત્યુત્તર વાળ્યો. ત્યાં તો અમારી અજાયબી વચ્ચે વૈદ્યરાજની ઘડીયાળમાં દસ કમ છતાં બારના ટકોરા થયા. અને ઘડીયાળ તરફ જોતાં તેમણે કહ્યું.

"ઓહો બાર વાગ્યા ? બહુ મોડું કર્યું ! ઘેર તો બધાંએ જમી લીધું હશે."

"કંઇ નહિ, તેમાં શું ? ખાધું એટલાનો ખાવું મટયું." આમંત્રણ આપીને આપણા પહેલાં કોઇ જમી લે તો બા ઘણીવાર આવું જ કહેતી એ બરાબર યાદ હોવાથી મેં પણ એવું કહેવાનો વિવેક કર્યો; પરંતુ અગમ્ય ભાવથી બોલાતાં તેમનાં વાક્યોએ અમને મગન સાથેની વાતચીત, ગત રાત્રિનાં સ્મરણ અને ધર્મશાળાનો અનુભવ યાદ કરાવ્યો.

'અને દુકાન બંધ કરીને જ્યારે એ ચાલવા લાગ્યા ત્યારે પાછળ ચાલતાં ચાલતાં ઘેટાંનું એક ટોળું મને યાદ આવ્યું. થોડેક દૂર ગયા બાદ એક ઘર પાસે આવીને તેમણે બૂમ પાડી—

" મનુભા...ઈ!"

"આવો આવો વૈદરાજ !" અંદરથી કોઈ સુમુખીનો અવાજ આવ્યો.

"આ આપણું જ ઘર છે હાં......! મહેમાનો માટે રસોઈની ખાસ સવડ કરવાનું ઘાં જ રાખીએ છીએ; શું સમજ્યા ?" એવું બોલતાં બોલતાં રમણલાલ મકાનમાં પગથિયાં ચઢ્યા. અમારે તો માત્ર એમનું અનુકરણ જ કરવાનું હતું. કપડાં બદલવાનું સૂચન થતાં ધોયેલાં પંચીયાં પહેરી સામેના પાટલા પર અમે ગોઠવાઇ ગયા.

વાત સાંભળવાની અમારી આતુરતા કેવીક છે એનું માપ કાઢતો હોય એમ એક ટૂંકી-ઉડતી નજર અમારા તરફ ફેરવીને એણે વાત જરા જુસ્સાથી આગળ ચલાવી.

'જે ઓરડામાં અમે જમવા બેઠા હતા તે ઓરડો આશરે ૫૦×૩૦ ફુટ લાગતો હતો. ડાબી તરફ લોખંડની જાળીથી છૂટી પાડેલી પાંચેક ફુટની જગા હતી—જેમાં ત્રણ ચાર માટલાં, બેએક લોખંડના નળા, બે ડોલ, વીસેક પવાલાં ને દસબાર લોટા પડેલા હોઈ પાણીયારાનો ખ્યાલ આવતો હતો. સામેની ભીંત પાસે ત્રણ ચાર અનાજના કોથળા ને નાનો સરખો બટાટાનો ઢગલો પડ્યો હતો. બાજુમાં વીસેક થાળી વાટકા અને પંદરેક પાટલા એક ઉપર એક ગોઠવાઇને પડ્યા હતા. બાજુમાં જ ચૂલા પાસે એક બાઈ રોટલીઓ વણતી હતી અને તેની પાસે બેઠેલો ત્રીસેક વર્ષનો એક ભાઇ ચુલા પર ચઢાવીને તૈયાર કરતો હતો. ધુંમટો તાણવાથી બાઈનું મોં અમારાથી જોવાય તેમ નહોતું. જો કે અમારી ઉત્સુકતા તો ખૂબ જ હતી.

'ને દાળ—ભાત-રોટલી—શાકનાં બે ભાણાં અમારી આગળ આવી ગયાં.

"પાણી ?" રાઠોડે મને કાનમાં પૂછ્યું.

"તમે શરૂ તો કરો ! હમણાં લાવી" ચકોર કાનવાળી એ બાઈનો ગગનભેદી—ના, ના, ઘુંઘટભેદી અવાજ આવ્યો.

'અને તરત જ હાથ ધોઈને અમારી પાસે એ લોટાપત્રાવલી મૂકવા આવી ત્યારે ન કળાય એવી ત્રાંસી નજરે જોતાં હું તો એવો કંઘાઇ ગયો ! એવો નિરાશ થયો ! ઓ રામ ! અમાસમાં ને એમાં કાંઈ ફેર હશે ?

'અને મારા અંતરમાં એક પ્રશ્ન ઊઠ્યો—" સૌંદર્યનો રંગ માત્ર સફેદ જ હોય તો ગરીબ બિચારી હબસી સ્ત્રીઓની શી દશા? "

'છેવટે અમે જમવા બેઠા. ધાન અને દાંતનો એ વિગ્રહ પુરો પાંચ મીનીટ ચાલ્યો ન ચાલ્યો ત્યાં જ એક યુરોપી પોશાકમાં સજ્જ થયેલા પુરુષે અંદર પ્રવેશતાં જ બૂમ પાડી.

" એક શીખંડપુરીની થાળી આવે. "

" હેં ! " મેં રાઠોડ સામે જોયું, ને પછી ધીરેથી આવનાર ગૃહસ્થને પ્રશ્ન કર્યો. " ઈઝ ધીસ એ લૉજ ? " (શું આ લૉજ છે?)

" વૉટ એલ્સ ઇફ નોટ ?" (લૉજ નહિ તો બીજું શું ?) પ્રત્યુત્તર વાળ્યો.

" જોયું ? " મેં રાઠોડને ઉદ્દેશીને કહ્યું.

" કારણ કે મહેમાનો માટે રસોઈની ખાસ સવડ કરવાનું આાં જ અનુકૂળ પડે છે માટે; શું સમજ્યા ? ' ગંભીર-ડાહ્યું મુખ રાખીને રાઠોડ બોલ્યો.

'તરતજ ખાધું ન ખાધું ને અમે હાથ ધોઈ નાખ્યા. લૉજવાળાએ વૈદ્યરાજને બોલાવ્યા.

"કેટલા પૈસા આપવાના છે ? " જરા કરડી આંખ કરીને રાઠોડે વૈદ્યરાજને પૂછ્યું.

પ્રશ્ન સાંભળતાં તો વૈદ્યરાજ ખરેખરા ચમક્યા—જાણે કોઈ ભયંકર વ્યવસ્થિત કાવત્રું પકડાઈ ગયું હોય તેમ. પરંતુ એમ કાંઇ એ સ્વસ્થતા ગૂમાવે એવા તો નહોતા જ. આંખ સહજ ઝીણી કરી બે જડબાં વચ્ચે હોઠ દબાવી એમણે કહ્યું: "આપવાની કંઈજ જરૂર નથી."

" ના, ના, એમ તે હોય ? " મેં વિવેક કર્યો.

અને વધુ 'હા' 'ના' ન કરતાં, "હા બોલો ભાઈ! શું પૈસા લેવાના છે?" એમ જ્યારે વૈદ્યરાજે લોજવાળાને પૂછ્યું ત્યારે અમે છક થઈ ગયા.

"બાર આના."

'અમે ખીસ્સામાં હાથ નાખ્યો; પરંતુ વૈદ્યરાજ ચૂકવશે એ આશાએ જાણી જોઈએ પૈસા આપવામાં ઢીલ કરી; પરંતુ ભગવાન બુદ્ધની જેમ શાંત–નિશ્ચલ–નિષ્ક્રિય ચહેરે જરાયે શરમ કે સંકોચ વિના વૈદ્યરાજ ઉભા રહ્યા. પૈસા અમારે જ આપવા પડયા.

'અને ઘર તરફ પાછા ફરતાં વૈદ્યરાજના અને ધર્મશાળા તરફ જવાના ફંટાતા રસ્તે અમે થોભ્યા અને પૂછ્યું.

"હવે કેટલા વાગે ટ્રેઈન મળશે?" વૈદ્યરાજને મેં પ્રશ્ન કર્યો.

"સાંજે ચાર વાગે, કેમ?"

"ત્યારે આપણે સાંજે જ જઈશું." મેં રાઠોડને કહ્યું ને એણે 'હા ભણી.

"આજનો દિ' તો રહી જાવ! કાલે જજો!" વૈદ્યરાજે વિવેક–કદાચ દંભી વિવેક, લાગણીહીન શિષ્ટાચારમાંથી ઉત્પન્ન થતો દંભી લુખ્ખો વિવેક કર્યો.

"ના, ના, હવે તે શું રહે!" રાઠોડ બોલ્યો.

'એ વાક્ય સાંભળતાં જ અમારા મનની પશ્ચાતભૂ જાણે સમજી ગયા હોય તેમ વૈદ્યરાજે વધુ બોલવું ઉચિત ન ધાર્યું. તોય થોડીવારે એક પ્રશ્ન પૂછવાની હિંમત એમણે કરી,

"જતાં ભેળા તો થાશોને? કંઈ અગવડ......

"અરે, અરે, એવું કાં બોલો? પૈસા આપતાં ય ધર્મશાળામાં ઉતારો કરાવનાર અને વીશીમાં ખવાડનાર કોણ છે?" વૈદ્યરાજ સમજી શકે એવા વ્યંગમાં રાઠોડે જવાબ આપ્યો. અને એ જવાબ આપતાં જ અમે ધર્મશાળાનો રસ્તો લીધો ત્યારે પાછળથી વૈદ્યરાજનું નફ્ફટ હાસ્ય–ગમે તેવા વિજયને પણ પરાજયમાં ફેરવી નાખે એવું નફ્ફટ

હાસ્ય—જે હાસ્યના આનંદથી હૃદય અને મન બન્ને ખુશી ઉઠે છે એવું નફ્ફટ હાસ્ય—અમને સંભળાયું.

'અને બાજુની ગલીમાંથી ટહેલ માટે ફરતા એક લૈયાનો સૂર નજીક આવતો સંભળાયો—

"આવ નહિ, આદર નહિ, નહિ નૈનનમેં નેહ,
વો ઘર કબહુ ન જાઇએ, ભલે બરસે કંચન મેહ."

'સમય થતાં જ ૩–૪૫ વાગે અમે સ્ટેશન પર આવ્યા અને ગાડીમાં બેઠા. લોકલની ઝડપે ચાલતી—પણ કહેવાતી મેઇલ ટ્રેન—સાત વાગે શીહોર પહોંચી. બરાબર સાડાસાતે અમદાવાદની ગાડી આવી. ડબ્બાની છેડેનો નાનો કમ્પાર્ટમેન્ટ ખાલી હોવાથી તેમાં બેસી વધુ ઘેટાં ન ભરાય માટે તાળું મારીને અમે નિરાંતે સૂતાં. નિયત સમયે ગાડી ઉપડી. રાત્રીના ઘેરા અંધકારમાં ભય, થાક કે ક્ષોભ પામ્યા વિના કર્તવ્યપરાયણ ગાડી આગળ ને આગળ ધપે ગઇ અને ઉંઘમાં પણ વૈદરાજની મહેમાનગતીનો આસ્વાદ અમે લઇ રહ્યા.

અને અમે બધા બોલી ઉઠ્યા:

"ભઈ વાહ! તમારા એ વૈદરાજ પણ ખરા નીકળ્યા તો."

"ત્યારે ભાઇ! કાઠિયાવાડી મહેમાનગતી તો એવીયે હોય!" એણે કહ્યું. અને ઘડીક થોભી તે બોલ્યો: "પણ હજી તો આ વાત અધુરી છે હો! આમાં ખરી વસ્તુ કહેવાની તો હું ભૂલી જ ગયો.

હાં, જુઓ! આને માટે બે વસ્તુ તમારે ખાસ યાદ રાખવાની છે."

"એ શી વાત?"

"કહું છું ભાઇ, કહું છું! આમ ઉતાવળા શું થાવ છો? હજી વાત તો પુરી થવા દો!" આંખમાં કોઇ નવા તેજ સાથે તેણે ઘડીક વિચાર કરી વાત આગળ ચલાવી.

' પણ ત્યાં તો અમદાવાદ આવ્યું સ્તો, અને જ્યારે સ્ટેશનના સ્ટોલબોયઝના 'ચા...ય ગરમ ! ' સીંગ ચોકલેટ, ' ' પા...ન બીડી સીગ્રેટ. ' અવાજોથી ઝબકીને ઉડતાં બીસ્ત્રો સમેટવા હાથ લંબાવ્યો ત્યારે અગાશીના કઠેરા જોડે એવો તો ભટકાયો ! એવો તો ભટકાયો ! હજીય એ ચચરાટ યાદ છે. હું તો ત્યારે ત્રીજા માળની અગાશી પર નિરાંતે ઉંઘતો હતો. બેઠો થઈને જોયું કે એ તો માત્ર સ્વપ્ન હતું. '

" બસ કે ? આ તો તમે સપનાની વાત કરી. અનુભવની થોડી જ છે કાંઇ ? " મેં કહ્યું.

" પણ ભલા માણસ ! સ્વપ્ન એ પણ એક જાતનો અનુભવ જ છે ના ? " તેણે કહ્યું. અને...અને બધા એકદમ હસી પડયા, ને હું તો એવો ડઘાઈ ગયો કે કાપ્યો હોઇ તો લોહી ન નીકળે. મનને થયું કે 'રે જીવ ! વચ્ચે બોલ્યો ન હોત તો ? આમ હાંસી કરીને હલકો થાત ?'

હું તો એ વિચારમાં ગૂંથાઈ ગયો હતો ત્યાં તો બધા ઊઠયા; એટલે હું પણ ઘર તરફ જવા ઊઠયો.

છેવટે પોળને નાકે જ્યારે બધા આવ્યા ત્યારે પેલા બિરાદરથી છુટા પડતા પહેલાં જ્યારે બીજાઓએ તેને પૂછ્યું કેઃ " ભાઈ ધ્યાનમાં રાખવા જેવી વાત તો તમે ન કહી હોં ! " ત્યારે એણે જતાં જતાં કહ્યું કે " હાં, હાં, એ તો હું ભૂલી જ ગયો. બીજી ધ્યાનમાં રાખવા જેવી વાત તો એ છે કેઃ આ સ્વપ્ન તો ખરૂં પરંતુ એય કલ્પનાનું સ્વપ્ન ! સાચું નહિ ! "

અને એમ કહેતાં કહેતાં જ્યારે એણે ઘરનો રસ્તો લીધો ત્યારે તો બધા જ બાઘાની જેમ કંઈક ક્રોધ ને કંઇક આશ્ચર્યથી એની સામે તાકી રહેલા અને મારી જેમ આ બીજાઓને પણ એ બનાવી ગયો એ વિચારે કંઈક આશ્વાસન લેતો હું પણ જમીન માપવા લાગ્યો.

મીસ બાનાજી

હવે તો એ બેહદ કંટાળી છે. 'મીસ બાનાજી!' 'મીસ બાનાજી!' 'મીસ બાનાજી!' પોતાના નામનાં હદ–બેહદનાં અને ક્યારેક ભારપૂર્વક થતાં સભાન સંબોધનોથી એ ખરેખર કંટાળી છે. એ નામ સાંભળે છે અને બાનાજીને અંગે અગન વ્યાપે છે, રૂંવાડાં ઉભા થાય છે, આંખો ચમકે છે, હૃદય કંપી ઉઠે છે, ને મુખ પર દર્દભરી કઠોરતા છાઈ રહે છે.

છેલ્લા કેટલાક દિવસથી એના મિત્રો અને સ્નેહીઓનો સમુદાય બાનાજીમાં આવેલા આ ઝનુની પલટાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી રહ્યો છે; ને છતાં બાનાજીના અંતરનું ઉંડાણ હજી કોઈથી કળાયું નથી. પ્રયત્નો તો હજીયે ચાલુ છે ને છતાં એનું રહસ્ય એમને લાધ્યું નથી.

હજી થોડા જ વખત પરની આ વાત છે. મોહમયી મુંબઈની એક માધ્યમિક શાળાની એ શિક્ષિકા હતી. મૂળ તો એ નવસારીની અને જાતે પારસી; છતાં ભળતા નામથી ભોળવાઈને એને દક્ષિણી માનનાર માનવીઓનો આજેય કંઈ આરો નથી. નેતાજી પાલકર કે તાનાજી માલસુરની સાથે પોતાને પણ દક્ષિણી માની લેનારની ભૂલ સુધારવાનો શ્રમ કરવામાં મીસ બાનાજીએ કંઈ જ કમીના

રાખી નથી. ને તોય એને દક્ષિણી માનનારની સંખ્યા ઘટી છે કે નહિ એની તો એને આજેય ખબર નહિ હોય.

કુટુંબ પર આર્થિક સંકડામણનો કાયમી ભય ઝઝુમતા છતાં, એ ભય સામે ઝઝુમીને ઓગણીસ વર્ષની ઉંમરે એ બી. એ. થઈ. પારસીની ન્યાત અને સંસ્કારી કુટુંબ એટલે ભણવાની છૂટ ને વળી પૈસેટકે સુખી એવી પારસીની ન્યાતમાં વિદ્યોત્તેજક ફંડોનાં તો જાણે કિડિયારાં; એટલે આર્થિક સંકડામણનો સપાટો એને નડ્યો નહિ. તીવ્ર સ્મરણશક્તિ અને મહેનતુ સ્વભાવને લીધે અભ્યાસમાં પણ એને મુશ્કેલી નડી નહિ.

મેટ્રીકના વર્ષ દરમિયાન મુંબઈના સ્વપ્નો સેવવામાં એણે કંઈ મણા ન રાખી. મેટ્રીક પાસ થતાં જ એ સ્વપ્નોનાં સત્ય જોવાની તાલાવેલી એને લાગી અને એ મુંબઈ ઉપડી. મુંબઈ કાંઈ નવસારીથી દૂર નહોતું—અલબત્ત સુરત કરતાં તો ખરૂં જ, છતાં કોલેજનો અભ્યાસ તો મુંબઈ જ કરવાનું ઠર્યું. કોલેજ—અભ્યાસના ચાર વર્ષ દરમિયાન બે ત્રણ પારસી કોલેજીયનો મીસ બાનાજી તરફ આકર્ષાયા. અને એ સ્વાભાવિક હતું. અભ્યાસમાં હોંશિયાર, રમતોમાં આગળ પડતી ને બોલાવે ચપળ એવી બાનાજીમાં રૂપની છાંટ પણ કંઈ ઓર હતી. ન પફ, ન પાઉડર, ન લીપસ્ટીક છતાં પ્રભાતના કિરણ જેવી ગુલાબી સુરખીછલ્યું વદન ને બંગાળી ઢબે પહેરેલી સાદી છતાં આકર્ષક આછી—ગુલાબી સાડી ને સોનેરી કોર. ત્રણેક યુવાનો સાથે એને ઠીકઠીક પરિચય થયો; ને વત્તે ઓછે અંશે એ પણ યુવાનો તરફ આકર્ષાઈ. છતાં કોણજાણે નસીબે એને યારી ન આપી. અગર કહો, નસીબને એણે યારી ન આપી. એક 'બોચિયો', બીજો મેંઢો, ત્રીજો વધુ પડતો ચબરાક એને માટે એ ત્રણે નકામા નિવડયા. અને કોણજાણે કેમ ત્યારથી પુરુષો માટે એને નફરત પેદા થઈ.

ત્યારપછી તો એ બી.એ. થઈને મુંબઈની જ એક માધ્યમિક શાળાની શિક્ષિકા બની. અને એ જ શાળાના છાત્રગૃહનું ગૃહપતિપણું એને મળ્યું. આમ એ છાત્રગૃહ જ મુંબઈ ખાતેનું એનું કાયમી નિવાસસ્થાન બની રહ્યું.

બે-ત્રણ વર્ષમાં તો વિદ્યાર્થીનીઓમાં માનભર્યું સ્થાન એણે મેળવી લીધું ને 'મીસ બાનાજી' એ એક માનવાચક સંબોધન થઈ પડ્યું. ક્યારેક ક્યારેક એનાં માતાપિતા તરફથી એના લગ્ન બાબત પૂછપરછ કરવામાં આવતી અને સૂચનો થતાં ત્યારે, 'થાય છે, શું વહી જાય છે?' એવા એવા ઉત્તરોથી માતાપિતાને જરાક ખમી જવાનું એ જણાવતી. પણ વિદ્યાર્થીનીઓમાં માનભર્યું સ્થાન પામ્યા પછી તો એને લાગ્યું કે લગ્ન કરવામાં પોતે જરાપણ ઉતાવળ કરવી ન જોઈએ. 'મારાં લગ્ન માટે તમારે જરાયે ચિંતા ન કરવી જોઈએ' એ મતલબનો એક પત્ર પણ એણે માતાપિતાને પાઠવી દીધો.

ગદ્ધાપચ્ચીસીનાં એ વર્ષોમાં જે જે યુવાન મીસ બાનાજીને મળ્યો એ લગ્ન માટે નાલાયક ઠર્યો. પુરુષોને માટે–લગ્નને માટે–હવે મસ્ત બેફિકરાઈ અને ઉત્કટ અભાન એણે કેળવ્યાં. 'લગ્ન...! લગ્ન...! લગ્નને લાયક કોઈ મળે છેજ ક્યાં?' આમ તો એ ઘણીવાર બોલી ઊઠતી.

અને પછી તો સંપૂર્ણ છૂટથી ફરનારી, કૉલેજ કેળવણીના સંસ્કારો પી–પીને સભાન–સગર્વ–સાનંદ તિરસ્કાર અને નફરતભરી ઉચ્છૃંખલતા કેટલીક યુવતીઓમાં ક્યારેક દેખા દે છે એવી જ કોઈ ઉચ્છૃંખલતા મીસ બાનાજીના મનમાં પણ ઘર કરી રહી.

એક–બે–ત્રણ–પાંચ–સાત. સાતેક વર્ષો એમને એમ પસાર થયાં. શાળા, વિદ્યાર્થીનીઓ, છાત્રાલય, શિક્ષણ એ બધાંમાં એટલી

તન્મયતા એણે સાધી હતી કે પરણવાનું એક સ્વપ્ન પણ મીસ બાનાજીને ક્યારેય ન આવ્યું. શાળાનાં એ સાત વર્ષ દરમિયાન એના હાથ નીચે ભણી ભણીને પસાર થયેલી કોઈ કોઈ વિદ્યાર્થીની ક્યારેક રજાના અને તહેવારના દિવસોમાં એને મળવા આવતી. એ બધાંની સાથે હળવા-ગંભીર વિનોદમાં મીસ બાનાજીનો સમય એટલા આનંદમાં પસાર થતો કે લગ્નનો ખ્યાલ સરખો પણ એને ન આવતો. અપૂર્વ આનંદના એ દિવસો હતા. સંપૂર્ણ આનંદ, સંપૂર્ણ સંતોષ ન સંપૂર્ણ બેફિકરાઈના એ દિવસો જીવનના અંત સુધી પહોંચશે જ એવી દૃઢ શ્રદ્ધા બાનાજીના અંતરને ઝુલાવી રહી.

એ ધૂનમાં ને ધૂનમાં જેને લાયક ગણી શકાય એવા ચારેક ઉમેદવારોને પણ એણે છાત્રાલયમાં અને શાળામાં જાણીતો થયેલો એનો 'લગ્નનો નન્નો' સંભળાવી દીધો. નિરાશ હૃદયે અને બાનાજીના જેવા જ કોઈ તિરસ્કારથી પેલાઓ આશાભંગ બની પોતપોતાને રસ્તે ચાલ્યા ગયા.

આંધીનાં આવાં દસેક વર્ષો મીસ બાનાજીએ મસ્ત બેફિકરાઈમાં પસાર કર્યાં. એક દિવસે બાનાજીને માતાના મૃત્યુના સમાચાર મળ્યા. એથી બાનાજીને જબ્બર આઘાત થયો. દસ-પંદર દિવસ એ નવસારી જઈ આવી અને ભાઈ-ભાંડુ વિનાની મીસ બાનાજી વળી પાછી બાપને એકલો વતનમાં મૂકી મુંબઈ પાછી ફરી. બાપને એકલો મૂકીને આવતાં એનું દિલ તો ન ચાલ્યું, પણ નોકરીને લીધે એને આવવું પડ્યું. મુંબઈની ઘરેડમાં વળી પાછી એ પ્રથમવત્ પરોવાઈ ગઈ.

પરંતુ બાનાજીના આનંદમાં હવે ઓટ આવવા માંડી. ક્યારેક માતાના મૃત્યુ સમયની પોતાની ગેરહાજરી એને સાલતી, તો ક્યારેક પિતાની એકાકી દશાનું દુઃખદ ભાન એને થઈ આવતું અને એમાંયે રજાના અને તહેવારના દિવસોમાં એને મળવા આવતી વિદ્યાર્થીની-

ઓ એની માતાના મૃત્યુમાં આશ્વાસન પાઠવી માતાનું મૃત્યુ અને વૃદ્ધ પિતાની એકાકી દશાનું ભાન-અલબત્ત અજાણેજ—એને કરાવતી ત્યારે બાનાજીનું મન પિતાને મળવા તલસી રહેતું. પરંતુ ત્યાંથી યે વધીને જીવનમાં ઠરી ઠામ બેઠેલી થાળે પડી ગએલી, એના જ હાથ નીચે ભણી ગયેલી કાલ સવારની ‘ બાળકીઓ ’ હાથમાં બાળક તેડી તેડીને એને મળવા આવતી અને પોતાના પ્રણયજીવનની સુખ-કહાની મીસ બાનાજીને સંભળાવતી ત્યારે છો તો મીસ બાનાજીને પણ ઝટ્ટ નિશાળથી નોકરી મૂકી દેવાનું, યોગ્ય જગાએ પરણી જવાનું ને નવસારી જઈ—રહી બાપનું મરણ સુધારવાનું મન થઈ જતું. ‘ મીસ બાનાજી ’ ના સંબોધનથી હવે એ સુગાવા લાગી.

કલ્પનામાં ને કલ્પનામાં પિતાજીની માંદગીનું ચિત્ર એ જોયા કરતી. નવસારીની એક ગલી ને ગલીના ખૂણાનું એક જરીપુરાણું ઘર: બીજા માળનો અંધારિયો ઓરડો: લાકડાનો પલંગ ને પલંગ ઉપર પિતાજી: લાંગી સફેદ દાઢી, સફેદ ચોરણો ને લાંબો મલમલનો ડગલો: પલંગ નીચે એક થૂંકદાની, દવાની શીશી ને પાણીનો કૂંજો: સામે જ લટકતી, બાનાજીએ હમણાં જ મોટી મઢાવીને મોકલેલી ગત માની છબી: ઉંબરામાં ઊભેલો નોકર: વેદનાથી પડાઈ જતી પિતાજીની ચીસો ને નીચે બારણામાં જ બાંધેલું ઓટલા પર ઉભું ઉભું ‘ વાઉ વાઉ ’ કરતું પાળેલું કુતરૂં: કલ્પનાના ચિત્રપટમાં બધું દેખાતું એટલું સરળ હતું—એટલું સહજ હતું—કે બાનાજીને ઘણીવાર નવસારી જઈ પિતાજીની ખબર કાઢી આવવાનું મન થઈ જતું પણ નોકરી મૂકીને એ જઈ શકતી ન હોતી.

એને મળવા આવનારાંઓનો પ્રવાહ જેમ વધતો ગયો તેમ એના હૃદયની વ્યથા પણ વધતી ગઈ. અને બાનાજીના અંતરની એક અસ્પષ્ટ ઝંખના એ દિવસથી સતેજ બની. પોતાના જીવનમાં એને ઉણપ લાગવા માંડી. હાથ નીચે ભણી ગયેલી ક્યારેક સજોડે ને ક્યારેક બાળકો સહિત

મળવા આવતી છોકરીઓના જીવનમાં એણે ડોકીયું કરવા પ્રયત્ન કર્યો. એમનું ભણતર, એમનો પ્રણય, એમનો સંસાર, એમનું જીવન એ બધાંયનું પૃથક્કરણ નવરાશના સમયે જાણ્યે-અજાણ્યે પણ એનાથી થઈ જતું. પૃથક્કરણને અંતે કોઈક સુખી, કોઈક મસ્ત, કોઈક અદ્વિષ્ટ, પણ બધીયે સંતોષી-બધી યે સંપૂર્ણ એને લાગતી. એના જેવી અપૂર્ણતા, એના જેવો અસંતોષ એને કોઈનામાં જણાતો નહિ; છોકરીઓ અને પોતાની વચ્ચેનો સ્થિતિભેદ એને સમજાતો નહિ.

અને અજાણે જ સાથીની શોધમાં એ નીકળી પડી. ઘણીવાર એ વિચારે ચઢતી: ' શું પોતે ભૂલ કરી હતી ? ક્યાં ? કોલેજમાં ? ના, ના, એક તો મૂર્ખ હતો; બીજો મૂઢ હતો, ત્રીજો...મારે માટે તો એ લાયક ન હોતો જ. અને પેલા ચાર...! એ પણ એવા બધા જ મૂર્ખ, બધા જ ઢોંગી, બધા જ લાલચુ. શુદ્ધસ્નેહનો તો છાંટો યે કોઈનામાં હતો જ ક્યાં ? અને 'સમાન હક્ક' 'સમાન હક્ક ' એતો માત્ર શબ્દો જ. હક્ક છોડવા કોણ તૈયાર હતો ?'

ભૂલ ક્યાં હતી એ એને જણાતી નહિ. ક્યારેક આછી ઝાંખી થતી તો પણ ખરેખર એ ભૂલ હતી કે કેમ એ એને સમજાતું નહિ. વિચારોના વમળમાં કલાકોના કલાકો છાત્રગૃહના પોતાના ખંડના એક ખૂણે આરામ ખુરશી પર અડી પડી, સામેની ખુરશી પર પગ લંબાવી એ પડી રહેતી. પહેલાના આનંદને સ્થાને ઘેરો વિષાદ એના મુખ પર હવે તો સ્પષ્ટ જણાવા લાગ્યો. બાનાજીમાં થતા આ ફેરફારને આખું છાત્રગૃહ કુતૂહલદૃષ્ટિથી નિહાળી રહ્યું.

દિવસ પર દિવસ ગયા તો ય સાથીની શોધમાં બાનાજીને કંઈ સફળતા ન મળી. ધીરે ધીરે મનની સ્થિરતા ઘટતી હતી, શરીર કૃશ થતું હતું, લાલી સુકાતી હતી ને વિષાદ વધતો હતો. બાનાજીનાં આ ઓગળતાં હાડને આખુયે છાત્રગૃહ ભય ને શંકાથી જોઈ રહ્યું.

ત્રીસ—બત્રીસની ઉંમર ને ફીક્કું, સુક્કું શરીર. બાનાજીની

આશા ઢળી પડી. પોતાની પસંદગીની વાત છો બાજુએ રહી, પણ હવે એને સ્વીકારે એવું પણ એને કોઇ ન મળ્યું. બાનાજીનું અંતર ઉકેલવા છાત્રગૃહે ઘણા ય પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. બાનાજીને કૈંક જોઇતું હતું—બાનાજી કૈંક શોધી રહ્યાં હતાં એ નક્કી, પણ શું ? કોઇને એ સમજ ન પડતી. બધાને માટે એ એક ગુઢ કોયડો હતો. હજી સુધી એ કુંવારી છે એ એક કારણ હોય, એમ એક વર્ગ માનતો; પણ એના કૌમાર્યની વાહવાહ કરનારો પણ એક બીજો વર્ગ હતો; એટલે ખરેખર એ જ કારણ હતું કે નહિ, એ કોઇથી કળાય એમ ન હતું.

બાનાજીના સ્વભાવમાં પણ હવે તો ઝડપી પરિવર્તન જણાવા લાગ્યું. મળવા આવનારાઓને એણે ખુલ્લંખુલ્લા ને ભારપૂર્વક મળવા ન આવવાને આગ્રહ કર્યો. છાત્રગૃહની છોકરીઓને પણ કામ વિના પાસે ન આવવાનું એણે જણાવી દીધું.

તેવામાં જ પિતાની માંદગીનો એક પત્ર એના પર આવી પડયો. પિતાજીની માંદગીના કલ્પનાચિત્રો પણ સાથે જ સતેજ થયાં. હજી તો જવું ન જવું એવા વિચારમાં હતી ત્યાં બે—એક દિવસ બાદ બીજો એક પત્ર એના પર આવી પડ્યો. બાનાજીના પિતા બેહદ બિમાર હતા. બાનાજીનું ચિત્ત ખળભળી ઉઠ્યું. માતાનું મૃત્યુ એને સાંભરી આવ્યું. મોનો મેળો નહોતો થયો એ એને ખરેખર લાગી આવ્યું, ' કદાચ...કદાચ પિતાનો પણ મો-મેળો...'વિચારતાં જ એ કમકમી ઉઠી. ' જહન્નમમાં જાય લગન ! લગન નહિ થાય તો કંઇ નહિ. બાપનું મરણ સુધારીશ—એની સેવા કરીશ તોયે ઘણું છે. " એણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે સવારે એણે છાત્રપતિપદનું ને શિક્ષિકાની નોકરીનું રાજીનામું બધાંના આશ્ચર્ય વચ્ચે નિશાળમાં પેશ કરી દીધું; સાંજે

છાત્રગૃહમાં આવીને પોતાનો સરસામાન બંધાવી, તૈયાર કરી, સવારના પોણા નવની કાઠિયાવાડ એક્સપ્રેસમાં જવાનું એણે નક્કી કર્યું. એ રાત્રે એણે વિદ્યાર્થિનીઓ સાથે ખૂબ ખૂબ વાતો કરી. પણ સવાર પડતાં એ વળી પાછી ગંભીર બની ગઈ. પિતાના મૃત્યુના ભણકારા પળે પળે વધુને વધુ ઘેરા બનતા હતા. સવાઆઠે છાત્રગૃહને દરવાજે ગાડી આવી ઊભી ને પ્રત્યેક વિદ્યાર્થિની જાણે પોતપોતાના કોઈ નિકટતમ સ્નેહીને ગુમાવી રહી હોય એવું ભાન અનુભવી રહી.

દયાર્દ્રભાવે વિદ્યાર્થિનીઓ પૂછી રહી હતી. 'મીસ બાનાજી ! ઓ...મીસ બાનાજી ! બસ જશો જ ?'

અને પછી થોડીવાર પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થિની તરફ તાકી રહ્યા બાદ એકદમ મીસ બાનાજી બોલી ઉઠી: ' બાનાજી ! મીસ બાનાજી ! જહન્નમમાં ગયાં મીસ બાનાજી ! '

અને પછી તરત જ ' ધબ, ધબ, ' અવાજે મક્કમતાથી દાદરનાં પગથીઆં એ ઉતરી ત્યારે નૈરાશ્યસૂચક ખીન્નતા ને આવેશમય ક્રોધથી એનું અંગેઅંગ થરથર ધ્રૂજતું હતું. પિતાનો મૃત્યુઘંટ ઘેરા નિનાદે બાનાજીના કાનમાં ધાક પાડી રહ્યો હતો. છાત્રાલયની બધી જ વિદ્યાર્થિનીઓ કૈંક વિચિત્રતા કૈંક દયાથી ને સમજી ન શકાય એવા શોકથી મીસ બાનાજીની ચાલી જતી આકૃતિને દુ:ખભર નયને નિરખી રહી.

દૂરના રસ્તા પર વળાંક લઈને બાનાજીની ગાડી અદૃશ્ય થઈ ત્યાં સુધી તેઓએ બાનાજીની પાછળ જોયા જ કર્યું. એ પછી પણ ક્યાં ય સુધી તેઓ ત્યાંજ ઊભી રહી. પછી ખીન્નહૃદયે બધાં પોતપોતાની ઓરડી તરફ વળતાં હતાં. તેવામાં એક સાયકલ ઝડપથી છાત્રગૃહમાં દાખલ થઈ. બાનાજીનો એ તાર હતો. બાનાજી તો

નહોતાં, પણ તાર લઈ લીધો. ખોલીને બધા યે વાંચ્યો તો બાનાજી ના પિતાના મૃત્યુ-સમાચાર એમાં હતા. વિજળી પડી હોય એવી સ્તબ્ધતાથી બધાં એકબીજા સામું ટગરટગર જોઈ રહ્યાં. એ જ વખતે સામેના ટાવરમાં દશના ટકોરા થયા ને નીચે રસોડામાં જમણનો ઘંટનાદ ધમધમી ઊઠ્યો; પિતાજી હજી જીવતા છે એ ભાન સાથે બાનાજીએ મુંબઈ છોડ્યું, એજ એક આશ્વાસન અપાર શોકમાં પણ રસોડા તરફ જતાં જતાં વિદ્યાર્થીનીઓ અનુભવી રહી.

દુર્વાસના

આજે આખા હરદ્વારમાં હાહાકાર મચી રહ્યો હતો. દરેક વ્યક્તિના મુખેથી ‘ પૂર્ણાનંદ ’ અને ‘ પંચનાથ ’ એ બે શબ્દો જ સંભળાતા હતા. ઘરમાં, આંગણામાં, શેરીમાં, રસ્તાઓ પર, બજારમાં તેમજ રેલ્વે સ્ટેશન પર બધે જ એ બે શબ્દો મહત્વની ચર્ચાનો વિષય થઈ ચૂક્યા હતા. એ બે શબ્દો સિવાય લોકો જાણે આખી ભાષા જ ભૂલી ગયા હતા, જાણે ‘ પૂર્ણાનંદ ’ ‘ પંચનાથ ’ નો જાપ જપતા હતા.

“ અરર...બિચારા પૂર્ણાનંદ પર ત્રીસહજારનો આક્ષેપ ! કેટલું અધમ ! ” રસ્તે જતાં એક માણસ પોતાના સાથીદારને કહેતો કહેતો દિલગીરીભર્યું મુખ કરી ચાલ્યો ગયો.

‘ કેવો નીચ ? બીજા કોઇના નહિ ને મહાદેવના રૂપીઆ વાપરી નાખ્યા !’...‘ આ તે સાધુ કે શયતાન, જેણે પંચનાથને પણ ન છોડયા ? ’ ‘ અરે જવાદોને યાર આજના સાધુઓનું નામ. કોણ જાણે શાએ ભોગવિલાસમાં ઉડાવ્યા હશે ! ‘ના ના ના ના, પૂર્ણાનંદ જેવો પવિત્રાત્મા આવું કાર્ય જ ન કરે. ખોટી વાત છે, ઢંગધગ લાગે છે.’

‘ અરે ભાઈ, ટ્રસ્ટીઓજ ખાઈ ગયા હશે અને બિચારા બાવાને માથે ઢોળા પાડતા હશે તે પણ કોને ખબર ?’ ‘ હું નહોતી કહેતી

કે આ બાવો ગમે ત્યારે પણ પંચનાથદાદા પર કાળીટીલી ચોંટાડશે! એ તો પેલી જાનકી અને સવિતા અને પેલી રામપ્યારી જ્યારથી મંદિરમાં વધુ જાઆવ કરવા લાગી, ત્યારથી જ હું તો બાવાનું રૂપ વર્તી ગઇ હતી. '' આવું હશે માટે જ આપઘાત કર્યો,' ' અરે બા, આપણે શું ? નકામાં પાપે પેટ ભરવું. '

આમ રસ્તે જતાં આવતાં અને ઘર આંગણે બેઠેલાં સ્ત્રી પુરુષો પોતપોતાની તર્કશક્તિ દોડાવી રહ્યાં હતાં. સૌ પોતપોતાનો કક્કો ખરો કરાવવા મથતાં હતાં.

આ મહાન ચળવળનું મૂળ એ હતું કે પંચાયતી ધર્મશાળા પાછળ આવેલા બિલ્વ-પર્વત પંચનાથ મહાદેવનું રમણીય શિવાલય હતું. એ શિવાલયમાં પૂજારી પૂર્ણાનંદ પંદર વર્ષથી રહેતો હતો. એ પંદર વર્ષ દરમિયાન સમાજમાં અને શહેરમાં તે સારી પ્રતિષ્ઠા પામ્યો હતોઃ સવારસાંજ મહાદેવની આરતી સમયે હજારો લોકો ત્યાં હાજર રહેતા. કેટલાક ભાવિક ભક્તો મંદિરની અંદર ઉભા રહેતા, બાકીના શિવાલયના ચોતરાપર, કોઈ પાસેની ગુફા આગળ, કોઈ બીલીના વૃક્ષ નીચે, તો કોઈ ગૌરીકુંડની આજુબાજુ ટોળે મળી બેસતા અને પ્રસાદ લીધા બાદ સૌ વિખરાઈ જતા. પૂર્ણાનંદના આટલાજ જીવનથી લોકો જાણીતા હતા. એકંદરે પૂર્ણાનંદનું બાહ્યજીવન જગતની દૃષ્ટિએ ઘણુંજ પવિત્ર લેખાતું. તેના આંતરજીવનથી લોકો અજ્ઞાત હતા.

ખૂબી એ હતી કે આખા મંદિરમાં બાવો એકલો જ રહેતો. મંદિરની સ્વચ્છતા જળવાય માટે એક નોકર તેને આપવામાં આવ્યો હતો, પરંતુ તે બિચારો વૃદ્ધ અને આંખે કંઇક ઓછું દેખતો હતો. પોતાના કર્તવ્ય સિવાય આજુબાજુની કશી ગતાગમ તેને ન હતી.

એ પૂર્ણાનંદને મરી ગયે આજ એક માસ વીતી ગયો હતો.

કેટલાક લોક એમ કહેતા કે:—એ નદીમાં વહેણને લીધે તણાઈ ગયો છે. જ્યારે કેટલાક 'તેણે તો આપઘાત કર્યો, અમે હાજર હતા ને ?' એમ જણાવતા. પરંતુ સત્ય શું તેનું રહસ્ય કંઇ જણાયું ન હતું. તેના મરણ પછી મંદિર ટ્રસ્ટને સોંપાયું. ટ્રસ્ટીઓએ મંદિરનો હિસાબ તપાસતાં છેલ્લાં ત્રણ વર્ષમાં મંદિરને પચાસ હજાર રૂપીઆ ભેટ મળ્યા હતા એમ જણાવ્યું. તદુપરાંત કોઈ શ્રીમંત ભાટીયા તરફથી દર વર્ષે પાંચ હજાર રૂપીઆ મંદિરના વાર્ષિક ખર્ચ તરીકે આપવામાં આવતા હતા તે છતાં, અત્યારે મંદિરની મિલ્કત ફક્ત ત્રીસ હજારનીજ નીકળવાથી પૂર્ણાનંદે બાકીના વીસ હજાર ક્યાં વાપર્યાં એનો હિસાબ ઘણી તપાસ કરતાં પણ ટ્રસ્ટ ન મેળવી શક્યું.

આજે એ વાત બહાર પડી હોવાથી લોકો પોતપોતાના અભિપ્રાયો અને દંતકથાઓ—સાચી અને બનાવટી—એક બીજાને કહી રહ્યા હતા.

આ વાતને બીજો એક માસ પણ વીતી ગયો, અને આસો મહિનો આવ્યો. મહાદેવ અપૂજ્ય ન રહે માટે ટ્રસ્ટ તરફથી પગાર આપીને એક પૂજારી રાખવામાં આવ્યો, અને એક પાઇ પણ ગેરવલ્લે ન જાય માટે મંદિરના આવક–ખર્ચનો પખવાડિક હિસાબ ટ્રસ્ટ લેવા માંડ્યું.

* * *

આજે કાળી ચૌદશ હતી. હંમેશની જેમ આકાશ અસ્વચ્છ હતું. નિશાના આવકાર પ્રત્યે પ્રતિરોધ દર્શાવવા માટે દિશાઓ અંધકારના સ્વાંગ સજવા લાગી. લીલા ભૂરા નિઃસીમ આકાશમાં અસંખ્ય વાદળાંનો મેળો ભરાયો હતો. પરંતુ એ મેળામાં ન હતી ધમાલ કે દોડાદોડી, ન હતાં અધીરાઈ કે ટંટાફિસાદ, ન હતાં યાંત્રિક ચગડોળ કે રમકડાં, ન હતા ફેરીઆ કે મિઠાઈવાળા. આપણા મેળામાં હોય છે એવું કંઈજ ન હતું. એ તો સ્વર્ગીય મેળો હતો. ત્યાં હતાં ફક્ત

વાદળાં, નાનાં મોટાં આબાલવૃદ્ધ સર્વે. બધાં શાંત અને નિષ્ક્રિય ઉભાં હતાં. એકમેકની પાછળ ચૂપકીદીથી ગોઠવાઈને બધાંય પૃથ્વી પર ટગરટગર મીટ માંડીને કંઈક જોવામાં તલ્લીન બન્યાં હતાં. પવન પણ કર્તવ્યહીન થઈને થંભી ગયો હતો. બધાં જાણે કંઈ શોધતાં હતાં, કંઈ નવીન નિરખતાં હતાં.

દૂરદૂર ગિરિમાળાનાં ગગનચુંબી શિખરની પેલી પાર સૂર્યદેવ કોઈ અગમ્ય વસ્તુના આકર્ષણે કે આખા દિવસના સતત પરિશ્રમને પરિણામે, ક્રોધભરી આંખનો લાલચોળ ધગધગતા અગ્નિ શો ડોળો બતાવતો કે આનંદનો ગુલાલ વેરતો વેગથી દોડી રહ્યો હતો. અંધકારના પાલવોમાં પૃથ્વી અને આકાશ લપાતાં હતાં.

તે સમયે સંધ્યાના આછા પ્રકાશમાં નીચી કાઠીની ઘોડી પર બેસીને એક યુવાન પૂરજોસથી લક્ષ્મણઝૂલા તરફ વેગથી ચાલ્યો જતો હતો. સ્વારના એક હાથમાં લગામ અને બીજા હાથમાં ચાલુ બેટરી હતી. યુવાનનું શરીર સ્નાયુબદ્ધ અને ઘાટિલું જણાતું હતું. ચોદિશ અંધકાર હોવા છતાં પણ તેના ચહેરા પર તેજ ચમકતું હતું. પરંતુ તેનામાં ઉત્સાહ હતો કે વ્યગ્રતા તે કળી શકાતું નહતું.

એવામાં ઘોડીના પગ થંભી ગયા, અને સ્વાર ઉછળીને તેની ડોક તરફ નમી પડયો. પાછો સ્વસ્થ થઈને તેણે ઘોડાને કેટલીય એડી મારી પણ ઘોડી એક ડગલુંય આગળ ન વધી. યુવાનને લાગ્યું કે ઘોડીને પાછળથી કોઈ ખેંચતું હતું.

" કોણ છે અલ્યા ? " તેણે પાછું જોતાં પ્રશ્ન કર્યો.

" હી હી હી હી હી હી..." ઘેરા અંધકાર ને સુસવાટ કરતા સમીરમાંથી કોઇના હાસ્યનો ધ્વનિ તેના કર્ણદ્વાર પર અથડાઈને વાતાવરણ ગજાવતો દૂરદૂર ચાલ્યો ગયો.

તે જરા ટટાર થયો. પોતાનાં વસ્ત્રો તરફ નજર નાંખી પગનાં મોજાં ઉપર ખેંચ્યાં, બૂટની દોરી મજબૂત કરી ઓવરકોટ ખસેડી,

કમરપટો સહજ તંગ કરી તમંચો બરાબર સંભાળી જોયો: અને પાછાં ઓવરકોટનાં બટન ભીડી દીધાં. પછી ઘોડી પરથી નીચે ઉતરી અવાજની દિશા તરફ બેટરી ધરીને ઝીણી આંખે તેણે પાછળ જોયું. ત્રીસેક કદમ દૂર હવામાં એક અસ્પષ્ટ આકૃતિ તેને દેખાઇ, પરંતુ તે કોણ હતું તેની તેને સુજ પડી નહિ.

"કેમ અલ્યા કોણ છે, કેમ બોલતું નથી ?" તેણે ફરી પ્રશ્ન કર્યો.

જવાબમાં બેવડા હાસ્યનો પડઘો તેણે સાંભળ્યો. ધીરે પગલે તે જ્યાંથી અવાજ આવતો હતો તે જગા પાસે ગયો અને ફરીવાર પ્રશ્ન કર્યો.

"બોલ, જવાબ દે છે કે નહિ ?" બોલતાં બોલતાં કમરમાંથી તમંચો બહાર કાઢીને અવાજ કરનાર વસ્તુ તરફ ધર્યો.

અને કોઈ નો ભયંકર પંજો તેના મુખ તરફ ધસ્યો. કંઇપણ વિચાર્યા વગર તેણે તમંચાનો ઘોડો દાબ્યો અને એક તીણી ચીસ પાડીને મસ્તક વિહોણી માનવઆકૃતિ તેણે હવામાં અદ્ધર ઉછળતી જોઇ.

"ઉભો રહે બદમાસ, કયાં જઈશ હવે ?" યુવાને તે આકૃતિને પડકાર કરતાં બીજી વાર તમંચામાંથી ગોળી છોડી.

અને તત્કાળ ધુમાડાના ગોટેગોટ હવામાં ભેગા થવા લાગ્યા. પેલી આકૃતિ પણ વંટોળરૂપે તેમાં ભળી ગઈ. બધા ગોટામાંથી કાનના પડદા ચીરી નાખે એવા, આકાશ અને પૃથ્વીને ગજાવી મૂકે એવા હજારો મનુષ્યો સાથે હોવા છતાં પણ છળી મરે એવા કર્કશ અવાજો હવામાં ફેલાવા લાગ્યા.

યુવાન આંખો મીંચી સ્થિર ઉભો રહ્યો. પાંચ મીનીટ પછી જ્યારે તેણે આંખો ઉઘાડી ત્યારે અવાજ અને ધુમાડો બધું અદૃશ્ય થઇ ગયું હતું. વાતાવરણ પૂર્વવત્ શાંત અને મનોહર બન્યું હતું.

ઘોડી પર સ્વાર થઈને યુવાને આગળ પ્રયાણ શરૂ કર્યું. અહીંથી રસ્તો ગંગાના કિનારેકિનારે જતો હતો. યુવાનને આ માર્ગ ઘણોજ સુગમ પડયો. જે બાજુથી યુવાન આવ્યો હતો તે તરફ માતા જાહ્નવી અવિરત ગતિથી ચાલી જતી હતી, અને જે બાજુથી ગંગાનાં નીર દોડી દોડીને આવતાં હતાં તે માર્ગે યુવાન ત્વરાથી આગળ ધપ્યે જતો હતો. બન્ને વિચારવિનિમયમાં ગરક બન્યાં હતાં. બન્નેની ન કળી શકાય, ન માપી શકાય, તેવા હૃદયના અગમ્ય ઉત્સાહથી આગે કૂચ કરી રહ્યાં હતાં—જાણે કોઈ અપાર્થિવ લક્ષ્યને ભેટવા.

ક્યારેક પૃથ્વી પણ આભૂષણો સજે છે.

એવી જગા તે આર્યાવર્તના અડગવીર સમો પ્રૌઢ, કાળ અને કર્તવ્યના સતત ઘસારાથી સફેદ બની ગયેલી જટાને હિમરૂપી શ્વેત શાલમાં સનાતન કાળથી છૂપાવી રાખનાર હિમાચળ એ ભગવતી વસુંધરાનું એક પરમ સૌંદર્યસ્થાન છે. તેના દરેકે દરેક શિખરમાં કોઈ નવીજ સુંદરતા—પાર્થિવ હોવા છતાં કોઈ અપાર્થિવ ભવ્યતા ભરેલી જણાય છે.

તેમનો એક ભાગ તે હરદ્વાર અને લક્ષ્મણઝૂલા વચ્ચેનો વીસ માઈલનો પ્રદેશ. એક તરફ ગંભીર પણ મધુર, ઘોર ઘુઘવતો પરંતુ વેગવાળો, ક્યાંક મંદમંદ હાસ્ય કરતો, તો ક્યાંક ઉંડા ખડકમાં ભરાઈને નિઃશબ્દ વહી જતો, ગિરિશિખરોની શ્વેત શિલાઓની સાથે અથડાતો, ઘડીમાં ઉંચે ચઢીને આકાશ તરફ ઉછાળા મારતો, ને ઘડીમાં ઉંડે પાતાળમાં પેસી જવાનો પ્રયત્ન કરતો, લાંબી મુસાફરીને લીધે મ્હોંમાંથી ફીણના ફગર ઉરાડતો કે ક્ષુલ્લક માનવની કલ્પનામાં પણ ન આવે તેવો કોઈ જીવન-રહસ્યનો પુરાણો મંત્ર પાઠવતો મસ્ત પણ અવિરત વહેતો માતા જાહ્નવીનો પ્રવાહ છે. ચોતરફ જીંદગીમાં પણ ન જોઈ હોય તેવી વનસ્પતિથી મહેક મહેક થતું, જાતજાતનાં ફુલોથી લચી રહેલું સુવાસિત વન શોભી રહ્યું છે.

આટઆટલું હોવા છતાં પણ જ્યાં ભગવતી ગંગાનો ઘોષ પડે છે, જ્યાં અસંખ્ય ઋષિઓની પર્ણકુટિઓ ઉભી છે, અને જ્યાં કાળી કમળીવાળા મહંત તરફથી હજારો સાધુઓને નિત્ય ભોજન અપાય છે, ત્યાં સ્વર્ગાશ્રમ પાસે પર્વતોની મધ્યમાં લક્ષ્મણઝુલાનો દેખાવ જોનાર પર કોઈ અનોખી ભાત પાડે છે-કોઈ અજબ મોહિની ઢાળે છે.

બે કલાક પછી યુવાન લક્ષ્મણઝુલા પાસે આવી પહોંચ્યો. રાત્રીના દસ–સવાદસ થયા હતા. સામે કિનારે સ્વર્ગાશ્રમ પર ઝાંખા દીવા બળી રહ્યા હતા. આજુબાજુની ઋષિકુટિરમાં ભજન–ધૂન જામી હતી ને ક્યાંક ક્યાંકથી મંત્રોચ્ચાર સંભળાતા હતા.

યુવાન કિનારા પાસેની માછીની ઝુંપડીમાં ગયો; અને તેને ઉઠાડયો.

" અત્યારે મધરાતે કોણ ગંગા ઉતરનારો મૂઓ છે!" માછી અર્ધ ઉંઘમાં બબડયો.

" ચાલ, આવે છે કે નહિ ? " યુવાને તેની ઉંઘ ઉરાડી મૂકે તેવા અવાજે બૂમ મારી.

માછી આંખો ચોળતો ઉઠયો; યુવાનનો આવો વેશ જોઈને તે ચમકયો. અચાનક તેનાથી પૂછાઈ જવાયું. " કોણ છો તમે ? "

" ન ઓળખ્યો ? જો હું કોણ છું તે ! " મોંપરનો પડદો ખસેડતાં યુવાને બેટરી મોં પાસે ધરી.

" કોણ પ્રફુલ્લરાય ! અત્યારે કેમ ? "

" સામે પાર જવાનું છે. "

" પણ–આજ તો કાળી ચૌદશ છે. અને...અત્યારે મધરાતના સમયે ? વળી આજ તો ગંગાજી ગાંડા હોય. "

" ગમે તેમ કર. અત્યારે આવવું જ પડશે. તું ઉતાવળ કર. મારે મોડું થાય છે. " એમ કહેતાં પ્રફુલ્લે માછીના હાથમાં દસ રૂપીઆની નોટ મૂકી.

માછી એક ટુંકી પોતડી પહેરીને ઝુંપડી બહાર આવ્યો. તેની ઝુંપડીની પાસેની ઢોરો બાંધવાની ગમાણમાં ઘોડી બાંધી, પ્રફુલ્લ અને માછી કિનારે આવ્યા.

પણ આ શું ? ન મળે હોડી કે હલેસાં. અરે, ન મળે કિનારા પરનો વહાણ બાંધવાનો ખીલડો. માછીએ આશ્ચર્યથી પ્રફુલ્લ તરફ મોં ફેરવ્યું. પ્રફુલ્લે ઝીણી આંખે, ચારે તરફ જોયું પણ કંઈ ન જણાયું. છેવટે પાંચેક મીનીટ નેત્ર મીંચી તે ઉભો રહ્યો. જ્યારે આંખો ઉઘાડી ત્યારે દૂર દૂર ગંગાના જળની મધ્યમાં હોડી ઉભેલી જણાઈ.

" જો એ રહી. " તેણે માછીને કહ્યું.

" ક્યાં છે ? હું તો કંઈ દેખતો નથી ? "

" નથી દેખાતી ? આ જો આપણી તરફ આવે તે. "

માછીએ આંખો ચોળી કપાળે હાથ મુકી, ચુંચળી આંખો કરીને જરા ડાચું ફાડી પગ પર ઉંચા થઇ નદીમાં જોયું તો પણ તેને કંઈજ ન દેખાયું.

" અરે સરકાર, આમ મજાક શું કરો છો ? "

" ઠીક, તો જો થોડીવાર આંખો મીંચી દે. પછી દેખાશે."

બન્ને અમુક સમય સુધી મૌન ઉભા રહ્યા. એટલામાં માછીના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયા: " હેં ? "

" કેમ શું થયું ! "

" જુઓ તો ખરા, હોડીમાં કોઇ ન હોવા છતાં વચ્ચે ઉભી છે. "

" હજુ બરાબર નથી જોયું. ધ્યાન રાખીને જો. "

બારીકાઈથી જોતાં હોડીમાં ત્રણચાર માણસો બેઠેલાં જણાયાં. તેઓ બધા જ દિગંબર હતા.

" શું આ સત્ય છે ? " માછીનાં ભય અને જિજ્ઞાસા વધતાં હતાં.

પ્રફુલ્લે શો જવાબ આપવો એ એક પળમાં નક્કી કરી લીધું. " અરે ગાંડો થયો, એ તો મનના તરંગ. બીક રાખે તેને બીક

લાગે. આપણુને કાંઈ ન થાય. " માછી એટલો બધો બીધો કે પ્રફુલ્લે જો હકારમાં જવાબ આપ્યો હોત તો ત્યાં જ મરણ પામત.

હોડી કિનારા તરફ વળી. માછી એકી ટસે જોઈ રહ્યો. કિનારે હોડી થોભી: અને પેલા માણસો તેમાંથી ઉતરીને તેમની તરફ આવ્યા. પાસે આવીને એક પછી એક ભડકારૂપે અદ્રશ્ય થઈ ગયા.

" શું આશ્રમ જેવા પવિત્ર સ્થાન પાસે પણ આ લોકો આવી શકે છે ? " પ્રફુલ્લથી સહેજ બોલી જવાયું.

" મને પણ આજેજ ખબર પડી. " માછીએ વગર પૂછે જવાબ વાળ્યો.

થોડીવાર બન્ને સ્તબ્ધ ઉભા રહ્યા. માછીને તો શું કરવું એજ ન સમજાયું. ન તો તેનાથી પાછું જવાયું; કે ન તેની આગળ જવા હિંમત ચાલી.

" ગભરાય છે શું ? ચાલ મારી સાથે. " પ્રફુલ્લે માછીને હોડી તરફ ખેંચ્યો.

છેવટે બન્ને હોડી પાસે આવ્યા અને અંદર બેઠા. થોડીવારે સ્વસ્થ થઈ ને માછીએ હોડી હંકારવી શરૂ કરી.

પા કલાકે તેઓ સામે કાંઠે ઉતર્યાં, અને વાંકાચુંકા રસ્તે ચાલતાં ચાલતાં એક મઠી પાસે આવ્યા. આવીને દ્વાર પાસે થોભ્યા. અંદરથી દીવાનો ઝાંખો પ્રકાશ આવતો હતો.

" શ્રદ્ધાનંદ ! " પ્રફુલ્લે બહારથી બૂમ પાડી.

" કોણ પ્રફુલ્લરાય ? " એમ બોલીને કોઈ પુરુષે મઠીના દ્વારનો અંદરથી આગળો ઉઘાડયો.

" તમારી જ વાટ જોતો હતો." દ્વાર ઉઘાડનારે કહ્યું.

" કોની ? મારી ? " પ્રફુલ્લે આશ્ચર્યથી પૂછ્યું.

" ત્યારે બીજા કોની ? "

" તમને શી ખબર કે હું આજે અહિં આવવાનો છું. ? "

" આ રહી તમારી ચીઠ્ઠી."

"મારી ? મેં લખીજ નથી." પ્રફુલ્લની આતુરતા વધતી હતી. "જોઉં લાવો તો ?" "આ રહી." એમ કહેતાં શ્રદ્ધાનંદે તેમને દર્ભાસન પર બેસાડયા અને ચીઠ્ઠી આપી. પ્રફુલ્લે તે વાંચવા માંડી. અંદર લખ્યું હતું;

"સ્વામીશ્રી શ્રદ્ધાનંદ,

"આજે રાત્રે દસ વાગે હું આપની મઢીએ આવીશ. ઈચ્છું છું કે આપ હાજર રહેો.

પ્રફુલ્લરાય."

"તમને આ કોણ આપી ગયું હતું ?" પ્રફુલ્લે પ્રશ્ન કર્યો.

"હું નદી પર સ્નાન કરવા ગયો, ત્યારે મઢીના દ્વારની તડમાં કોઇ મૂકી ગયું હતું."

"અને મારે ત્યાં વળી કોઈ અજબ ચીઠ્ઠી આવી છે. તેમાં તમે મને આજે રાત્રે દસ વાગે આપને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું હતું, કારણકે આપણે લક્ષ્મણઝૂલાથી ઉત્તરે જવાનું છે, એમ તમે લખ્યું હતું. નીચે સહી પણ તમારીજ હતી. હું જમવા બેઠો હતો ત્યારે 'પ્રફુલ્લરાય' એમ બૂમ મારીને આ ચીઠ્ઠી કોઇ નાંખી ગયું હતું." પ્રફુલ્લે ઓવરકોટના ખીસામાંથી ચીઠ્ઠી કાઢીને શ્રદ્ધાનંદને આપી.

શ્રદ્ધાનંદે વાંચીને કહ્યું: "આ ચીઠ્ઠી મારી હોઈ શકે જ નહિ."

"ન હોય કે હોય, પણ જૂઓને, અક્ષર સહી બધું સરખું જ છે."

"સમજાતું નથી, આ કોનું કાર્ય હશે ?"

"અને એ પણ સમજાતું નથી કે આમાં લખનારાનો શો હેતુ હશે ?"

તેવામાં માછી બોલ્યો, "સરકાર ! બહાર કોઈ વાત કરતા લાગે છે."

"લે બેસ છાનોમાનો. માછી જેવો માછી છે ને આવો ફરેપોક ક્યાંથી ?"

"સરકાર, અમારી હિંમત પાણીમાં ચાલે પણ......"

"વાહ, હું ન'તો ધારતો કે તું આવો બહીવે ઉસ્તાદ હોઈશ." તેવામાં બહારથી કોઈનું મૃદુ હાસ્ય સંભળાયું.

"જુઓ જુઓ, કોઈ હસે છે." માછી એકદમ બોલી ઉઠ્યો.

પ્રફુલ્લ અને શ્રદ્ધાનંદે પણ એ હાસ્યધ્વનિ સાંભળ્યો, અને ગજવામાંથી પિસ્તોલ કાઢી પ્રફુલ્લ બહાર આવ્યો. ત્રણેએ કુટિરની ચારે તરફ ફરીને જોયું પણ કોઈ દેખાયું નહિ.

"આજની વિચિત્રતા જ કંઈ ઓર છે!" શ્રદ્ધાનંદથી બોલી જવાયું.

"ચાલો, આપણે ઉત્તર તરફ જઈએ.' મારા પર આવેલી ચીઠ્ઠીમાં 'આપણે ઉત્તર તરફ જવાનું છે.' એવું લખ્યું હતું. જોઈએ કે તેમાં લખનારનો શો આશય છે !"

"હા સરકાર, ત્યાં જવાથી ખબર પડશે." માછી બોલ્યો.

"પણ તને બીક નહિ લાગે ?"

"સરકાર બીક તો લાગે, પણ... જોવાનું મન ઘણું છે."

છેવટે ત્રણેએ કિનારે ચાલવું શરૂ કર્યું. માછી બન્નેની વચ્ચે ચાલવા લાગ્યો. બેટરીના પ્રકાશમાં પ્રફુલ્લ આગળ ને આગળ ચાલતો હતો; અને પેલા બન્ને મુંગા મુંગા—યાંત્રિક માનવની જેમ તેની પાછળ દોરાવા લાગ્યા.

કલાકેક ચાલ્યા બાદ નજીકની ઝાડીમાંથી કોઈનો ગાવાનો અવાજ સંભળાયો. ત્રણે જણ ચૂપકીદીથી આગળ વધવા લાગ્યા. પ્રફુલ્લે બેટરી બંધ કરી દીધી. પાસે જતાં એકબે ઝાંખા દીવા બળતા દેખાયા. વધુ નજીક જતાં દસબાર માણસોનું ટોળું જામેલું જણાયું. વચ્ચે બેત્રણ સ્ત્રીઓ નાચ કરતી હતી. ત્રણે જણ વધુ નજીક ગયા, અને લગોલગ ઉગેલાં બે ઝાડનાં થડની ઓથે ઉભા રહીને શાંતિથી નિરીક્ષણ કરવા લાગ્યા.

કુંડાળાની વચ્ચે એક આળીસેક વર્ષનો માણસ બેઠો બેઠો વારેઘડીએ તેની બન્ને બાજુએ બેઠેલી બે સ્ત્રીઓના ગળા પર હાથ નાંખી ડોકું હલાવતો હતો, તો વળી આસ્તેથી થપ્પડ લગાવતો ને ક્વચિત્ ક્વચિત્ કુંડાળા તરફ નજર ફેરવી કઠોર હાસ્ય કરતો હતો. ગાયન કઇ ભાષામાં ગવાતું હતું તે સમજાય તેમ નહતું; ફક્ત અપ્રમાણસર અને તાલરહીત આરોહઅવરોહના સૂર, ગાનારીઓના ગળામાંથી નિકળતા સંભળાતા હતા. વચ્ચે વચ્ચે આ ત્રણેય અપરિચિત એવા એ સંગીતથી મુગ્ધ થઈ—વા તલ્લીન બની—ગમે ત્યારે ગમે તે વ્યક્તિ—કુંડાળામાંથી ઉભી થઈને પેલી નાચનારીઓની સાથે નાચવાનું શરૂ કરતી. કુંડાળામાં બેઠેલી દરેક આકૃતિની મુખાકૃતિ વિચિત્ર અને ભયંકર હતી. કોઇનું નાક એકદમ લાંબુ હતું તો કોઈને સમુળગું હતું. કોઈની આંખો ઉંડી ઉતરી ગઇ હતી; અને ગાલ જોઈએ તે કરતાં પણ વધુ ભરાવદાર હતો; તો કોઇની આંખો એટલી બધી ઉપસી આવેલી ને ગાલનાં હાડકાં એવા બહાર ધસી આવ્યાં હતાં કે તેની સામે જોવું એ જ મુશ્કેલીભર્યું હતું. કોઇનો બરડો લગભગ બેવડો વળી ગયો હતો, કોઈના દાંત બહાર નિકળેલા હતા કે છેક પગની પાની સુધી લટકતા હતા; જ્યારે કોઈને આખે માથે ટાલ હતી ને કપાળ આખું વાળથી જ ભરેલું હતું. કોઈના હાથ લાંબા અને પગ જાણે સમૂળગા ન હતા. તો કોઇના હાથ ટૂંકા અને પગ જોઇએ તે કરતાં ત્રણગણા લાંબા હતા. માનવની કલ્પનામાં પણ ન આવે એવાં વિકૃત દેહધારીઓ ત્યાં બેઠાં હતાં. એ બધાંમાં એક સ્ત્રી એવી હતી કે જેને બિલકુલ માથું જ ન હતું; ફક્ત ગળાની જગાએ બે આંખો જ ટમરટમર ફરતી દેખાતી હતી!

તેવામાં એક વિચિત્ર આકૃતિ એક નાના દસેક મહિનાના બાળકને લઇને ત્યાં આવી પહોંચી, અને કુંડાળું આખું ઉભું થયું. પછી તો જાણે ફુટબોલની રમત રમતાં હોય તેમ બધાં એને પગવડે લાતો મારીને હવામાં અદ્ધર ઉછાળવા લાગ્યાં.

એક તીણી ચીસ પાડીને બાળક એજ મીનીટમાં મરણ પામ્યું, અને તરતજ જે આકૃતિ બાળકને લઈને જ્યાંથી આવી હતી તે દિશા તરફ ચાલી ગઈ. બાકીની આકૃતિઓ અને દિવાઓ બધું અદૃશ્ય થઇ ગયું.

આ વખતે માછી એટલો બધો બીધો હતો કે જો પ્રફુલ્લે તેની સામે ન જોયું હોત તો તે જમીનપર ઢળી પડત. પ્રફુલ્લે તેને હિંમત આપી, પરન્તુ બન્નેના આગ્રહથી પ્રફુલ્લ પાછો વળ્યો. થોડેક દૂર ગયા, ત્યારે એક સ્ત્રી અને પુરુષ નદીકિનારે કેડ સુધીના પાણીમાં ઉભાં રહીને સામસામે છાલક ઉરાડતાં હસતાં હતાં. આ લોકોને જતા દેખીને તેઓ તેમના માર્ગમાં આવીને ઉભાં રહ્યાં. બન્ને લગભગ નવસ્રાં હતાં.

"કેમ પ્રફુલ્લ, ક્યાં જઇ આવ્યો?" પેલા નવસ્રાએ સામેથી પ્રશ્ન કર્યો.

"કોણ પેલો?" તેની નજીક જતાં પેલા કુંડાળામાં જે ચાલીસેક વર્ષનો માણસ જોયો હતો તેના જેવોજ આ માણસ હોવાથી તે બોલ્યો.

"હા, એજ હું, પૂર્ણાનંદનું 'ભૂત' જોઈ લે."

"અરેરે, ગુરૂજી! તમારી આ દશા?" નાનપણમાં શ્રદ્ધાનંદ પૂર્ણાનંદ પાસે ભણવા જતો હોવાથી પૂર્ણાનંદને હજી પણ ગુરૂ તરીકે માનતો હતો. અત્યારે તેને પૂર્ણાનંદની આ દશા જોતાં આશ્ચર્ય થયું.

"કેમ, કેવી દશા છે? શ્રદ્ધાનંદમાં મન ચાહે ત્યાં મહાલવાની અને ક્ષણવારમાં હજારો યોજન જવાની અમારામાં શક્તિ છે. શું એ ખરાબ દશા છે?"

"તમે? તમે કેટલા જણ છો?"

"અમે? અમારી તો સંખ્યા અજબ છે. અમારી સૃષ્ટિ પણ અજબ છે. અમે હરકોઇના શરીરમાં પ્રવેશ કરી શકીએ છીએ.

અમે તેને હેરાન કરી શકીએ. નથી અમને કાયદા રોકનાર ? નથી સમાજનાં બંધન અમારી આડે આવનાર."

"તમે અમને ઓળખી શકો છો ખરા ? અહીં તમને ગમે છે ખરૂં ?" આસ્તેથી પ્રફુલ્લે પ્રશ્ન કર્યો.

"કેમ ન ઓળખીએ ? ગયા જન્મમાં અમે કોણ હતા, કઈ જ્ઞાતિમાં જન્મ થયો હતો, અને કેવા સંજોગોમાં અમે જીંદગી વિતાવી તે અમને યાદ હોય છે. અને તેથી અમારાં સગાંવહાલાં, કુટુંબી, સ્નેહી, પાડોશી, મિત્ર કે દુશ્મનને ઓળખી શકવા અમે શક્તિમાન છીએ." તે થોડીવાર ચૂપ ઉભો રહ્યો. પછી આગળ બોલ્યો, "અને બીજું શું પૂછ્યું ? અમને અહીં ગમે છે કે નહિ એમ? ન કેમ ગમે ? હા, જ્યારે પ્રકાશ હોય ત્યારે નહિ, પરંતુ રાત્રિ હોય અને તેમાંય વળી જ્યારે અંધારી રાત હોય ત્યારે તો અમને બહુજ ગમે. વધુ તો એ ગમે છે કે અમે ગમે તે પ્રાણીનો—માણસ વા પશુનો વેશ લઇ શકીએ છીએ,"

"પરંતુ તમને તમારી બેડોળ મુખાકૃતિઓ અરૂચિકર નથી લાગતી ?"

"અમને કોઈપણ પ્રાણીનું રૂપ ધરવાની શક્તિ મળી છે—તે એજ શરતે કે અમારે, અમારી મુખાકૃતિ બેડોળજ રાખવી. પરંતુ એ શરતથી અમને કંઈપણ ગેરલાભ નથી. કારણકે જ્યાં બધાય બેડોળ હોય ત્યાં સૌંદર્યવાન અને સૌંદર્યહીનની ચડસાચડસી—કે સ્પર્ધા હોતીજ નથી."

"એ તો ઠીક, પરંતુ તમે લોકોને બીવડાવો છો શા માટે ?" પ્રફુલ્લની પાછળ ઉભા રહીને હિંમત કરી માછીએ પ્રશ્ન કર્યો.

"કોણ જાણે શાથી પણ અમને એવીજ આદત પડી છે કે ગમે તે માણસને બીવરાવવામાં અમે મોટાઈ માનીએ છીએ. અમારાથી બ્હીએ તે અમારો શિકાર—અમને બ્હીવરાવે તેના અમે ગુલામ."

"પણ મહારાજ, આપ તો સાધુ હતા છતાં આ યોનિમાં ?"

" હં...પ્રફુલ્લ ! તું કહે છે કે હું સાધુ હતો. અરે, જાણી લે કે હું તો સાધુના વેશમાં ભરાઈ બેઠેલો શયતાન હતો શયતાન. તું શું સમજે એ સાધુજીવનની મોજ ને ? સાધુજીવનમાં જેટલી પાશવતા અને વિકારોત્તેજક વૈભવવિલાસ મ્હેં માણ્યા છે, એટલા તો ભલભલા ધનિકોએ પણ નહિ ભોગવ્યા હોય. મ્હેં દરેકે દરેક કાર્ય કર્યાં છે. ચોરી અને ખૂન કર્યાં છે, અરે, તેથી પણ અધમ કૃત્યો કર્યાં છે, અને ઈશ્વરને પણ પૂજ્યો છે, પરંતુ પવિત્રતાનો એક અંશ માત્ર પણ મારામાં ન હતો. અને જો હોય તો પણ એ પાપમિશ્રિત-પવિત્રતા હતી. કારણ કે ભજન પૂજનના દંભ નીચે મેં પાપાચાર પોષ્યો હતો. અરે પોષ્યો શા માટે ? સેવ્યો હતો. મારા હૃદયમાં સત્કર્મને તો સ્થાન જ ન હતું. તેને તો મેં દેશવટો દીધો હતો. ટુંકાણમાં એટલુંજ કહીશ કે કુકર્મ એજ મારે મન કર્તવ્ય હતું."

" એ તો ઠીક, પરંતુ તમે જ્યારે કુંડાળું કરી બેઠા હતા ત્યારે કોઇ વિચિત્ર માણસ કાંઈ બોલક લાગ્યો અને તેને તમે બધાએ ફુટબોલની જેમ ઉછાળીને મારી નાખ્યો, તેમાં તમને શો આનંદ મળ્યો ?"

" જો સાંભળ, હરદ્વારમાં બ્રહ્મકુંડ પાસે હરિપદિઘાટ પર સવિતા નામે એક અયોધ્યાની બાઈ રહે છે. પ્રફુલ્લ, સ્વર્ગોદ્યાનમાં વિચરતી કોઈ સૌન્દર્યમૂર્તિ સમું તેનું ગૌર વદન, મધુર વાણી, તેના હૃદયસ્પર્શી હાવભાવ અને તેના લાવણ્યભર્યાં અંગની સ્મૃતિ હજી પણ જ્યારે મારા હૃદયપટ પર પડે છે, ત્યારે મને એમ થાય છે કે તેને અહીંજ ઉપાડી લાવું. એ સૌંદર્યમૂર્તિજ માત્ર નહિ, પરંતુ સૌંદર્યશાસ્ત્રી હતી. પરંતુ તે બડી કમજાત નીકળી. અમે બન્નેએ મંદિરના રૂપીઆ લઇને નાસી જવાનો નિશ્ચય કર્યો અને મેં તેને વીસ હજાર રૂપિયા આપ્યા, પરંતુ બીજે દિવસે તેણે મારી સાથે આવવા ના પાડી. તે ઉપરાંત એ વાત બહાર પાડવાની મને ધમકી આપી.

આશ માટે એક પણ માર્ગ ન રહ્યો. છેવટે મારી વાત બહાર પડવાના પરિણામે મેં આપઘાત કર્યો. એ બાળક તે એ કમભખ્ત વિશ્વઘાતિની સવિતાનો જ હતો. તેને હું હવે સુખી નથી થવા દેવાનો, એ દગાખોરને તો હું જીંદગી સુધી હેરાન કરીશ.”

‘ આપઘાત ’ શબ્દ સાંભળીને પ્રફુલ્લ અને શ્રદ્ધાનંદે એક બીજા સામે જોયું.

‘ પૂર્ણાનંદ, તમારી આવી મનોદશા જોઈને મને ખેદ થાય છે કે હજીપણ તમારી વાસના પૂરી નથી થઈ ?”

“ પ્રફુલ્લ, તું ટ્રસ્ટનો આગેવાન છે એટલે મોટો ધર્માત્મા થઈ ગયો એમ માનતો હોઈશ; પણ ખબરદાર ! આ વાત બહાર કહીને મારી પ્રતિજ્ઞા ભંગ કરીશ તો પરિણામ બહુજ ભયંકર આવશે. તમને ત્રણેયને હું ચેતાવી દઉં છું કે, ભલે અંદરખાનેથી હું ગમે તેવો હતો, પરંતુ મારી બહારની આબરૂ પર જે કોઈ કાલીમા લગાવશે તે બીજા દિવસની ઉષા નહીં દેખે. કોઈની પ્રતિષ્ઠાનો ભંગ કરવો એ મોટામાં મોટું પાપ છે—અધમમાં અધમ કૃત્ય છે મારે. ”

“ અને સાધુતાના ઓથે અતિશ્રદ્ધાળુ અંધશ્રદ્ધાળુ—લોકોને ભોળવી—ફસાવી—સ્વર્ગની સીડીના પહેલા પગથીએ ચઢાવી દેવાની આશા આપી પાપાચાર આદરી તેના પર ઢાંકપીછોડો કરી સ્વત્વ, સ્વધર્મ અને સમાજનું નિકંદન કરવું એ જ શું મહદ્‌પુણ્ય છે ? ” પ્રફુલ્લે હિંમત મેળવી સામો પ્રશ્ન કર્યો.

પરંતુ હજી પ્રફુલ્લ વાક્ય પૂરું કરે તે પહેલાંજ એક જબ્બર કડાકા સાથે આકાશમાં વિજળીનો ચમકાર થયો. ગંગાના ઘોધના વધુ ભયંકર બનતા અવાજમાં સૂર પૂરાવતાં હોય તેમ આજુબાજુનાં વૃક્ષમાંથી કઠોર હાસ્યધ્વનિ ફેલાવા લાગ્યો, અને ક્ષણમાં હજારો યોજન ફરી વળતો પવન વેગથી ફુંકાવા લાગ્યો. વિશ્વની વિભૂતિ સમા એ વંટોળમાં પેલાં બન્ને વંટોળ રૂપે મળી ગયાં.

પ્રફુલ્લનો પ્રશ્ન અનુત્તર રહ્યો. ભય, આશ્ચર્ય અને ક્રોધથી તેનું હૃદય ભરાઈ આવ્યું. તેના પગ ત્યાંજ થંભી ગયા. તે ન બોલ્યો કે ન ચાલ્યો. શ્રદ્ધાનંદે તેની સામે જોયું. બન્ને કાંઇ ન બોલી શક્યા. છતાં બન્નેના હૃદયમાં એકજ વિચારની મૂક આપલે શરૂ થઇ. બન્ને જાણે એકબીજાને પૂછી રહ્યા હતા. “ આ તે વાસના કે ભૂત !”

“ આ તે ભૂત કે વાસના ? ”

પાસે ઊભેલો માછી ધ્રુજતો ધ્રુજતો બન્ને તરફ ટગરટગર નજર નાંખતો બન્નેના વિચારો જાણવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યારે દૂર દૂર આકાશમાં રાત્રિના અંધકારની ઊણપ પૂરતાં હોય તેમ બે વાદળાં ચન્દ્રની આસપાસ ઘેરાવા લાગ્યાં.

[illegible] मंदिर